# મળ્યો બોધ સુખસાજ


**શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર**

વિષે ચાર ભક્તરત્નોના પ્રતિભાવ ઉપર વિવેચન

પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ

## શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર રચનાભૂમિ

શ્રીમદ્ રાજચંદ્રજીકૃત સુપ્રસિદ્ધ ગ્રંથ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની શ્રી નડિયાદ ક્ષેત્રે જ્યાં રચના થઈ હતી, એ પવિત્ર સ્થળે એક સુંદર સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. રચના ભૂમિના પુનરુદ્ધારમાં પવિત્ર સ્પંદનોની જાળવણી અર્થે મૂળ દરવાજા, દીવાલો પરના ડટ્ટા વગેરે પ્રયુક્ત કર્યા છે. શ્રીમદ્ રાજચંદ્રજી અને પૂજ્ય શ્રી અંબાલાલભાઈની પ્રતિકૃતિઓની સ્થાપના દ્વારા શાસ્ત્રની રચનાકાળના પ્રસંગને જીવંત કરવામાં આવ્યો છે. ખંડની અંદર ઊભો કરેલો સંધ્યાકાળનો માહોલ એવો ભાસ કરાવે છે, જાણે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું અવતરણ હમણાં જ થઈ રહ્યું છે. શ્રીમદ્જીના મૂળ હસ્તાક્ષર રૂપે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રને ટંકોત્કીર્ણ કરતી તકતીઓની હારમાળા અત્રેની સુંદરતા અને ભવ્યતામાં વૃદ્ધિ કરે છે.



# મળ્યો બોધ સુખસાજ

**શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર**
વિષે ચાર ભક્તરત્નોના પ્રતિભાવ ઉપર વિવેચન

**પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ**

શ્રીમદ્ રાજચંદ્ર મિશન
ધરમપુર

પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, મોહનગઢ, ધરમપુર-૩૯૬૦૫૦,
જિલ્લો વલસાડ, ગુજરાત, ભારત. ✆+૯૧ ૨૬૩૩ ૨૪૧૬૦૦

મુંબઈ કેન્દ્ર : બોમ્બે માર્કેટ એપાર્ટમેન્ટ, તારદેવ,
મુંબઈ-૪૦૦૦૩૪, ભારત. ✆+૯૧ ૨૨ ૨૩૫૧૧૩૫૨

Website: www.shrimadrajchandramission.org
Email: divineshop@shrimadrajchandramission.org


પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

કિંમત : ₹

મુદ્રક : કોનમ પ્રીન્ટર્સ, મુંબઈ



શ્રી મહાવીરસ્વામી ભગવાન



શ્રીમદ્ રાજચંદ્રજી

# અનુક્રમણિકા


| | |
|---|---|
| શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર | ૧ |
| શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર - પરિચય | ૧૯ |
| પ્રકરણ ૧<br>પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ | ૪૩ |
| પ્રકરણ ૨<br>પૂજ્ય શ્રી લલ્લુજી મુનિ | ૯૧ |
| પ્રકરણ ૩<br>પૂજ્ય શ્રી અંબાલાલભાઈ | ૧૫૧ |
| પ્રકરણ ૪<br>શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી | ૧૯૧ |
| *મિશનનો સંક્ષિપ્ત પરિચય* | ૨૨૭ |

# પ્રસ્તાવના

**પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;**
**જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.**

વિરલ પ્રજ્ઞાતિશય, પ્રતિભાશીલ સર્જનશક્તિ અને ઉત્કૃષ્ટ આત્મદશાના ફળસ્વરૂપે સર્જાયેલું પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનું સમસ્ત સાહિત્ય આત્માર્થી જીવોને સ્વોન્નતિના પથ ઉપર અતિશય અવલંબનભૂત છે અને તેમાં પણ મૂર્ધન્યસ્થાને બિરાજે છે તેમની અમર કૃતિ - શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર. સકળ મોક્ષમાર્ગનું માત્ર ૧૪૨ ગાથાઓમાં નિદર્શન કરાવનાર આ શાસ્ત્ર ષડ્દર્શનનો સાર છે, દ્રવ્યાનુયોગનો નિષ્કર્ષ છે, સમસ્ત તત્ત્વજ્ઞાનનો નિચોડ છે. વિ.સં. ૧૯૫૨માં નડિયાદ ક્ષેત્રે આ શાસ્ત્રની રચના પછી, શ્રીમદ્જીએ એના અભ્યાસ અર્થે માત્ર ચાર જીવોને જ અધિકારી જાણ્યા હતા - શ્રી સૌભાગ્યભાઈ, શ્રી લલ્લુજી મુનિ, શ્રી અંબાલાલભાઈ તથા શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી. તેમણે સૌએ શ્રીમદ્જીની આજ્ઞા અનુસાર આ શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. આ શાસ્ત્રનો તેમના ઉપર ખૂબ પ્રભાવ પડ્યો હતો, જે તેમણે જુદી જુદી રીતે વ્યક્ત કર્યો હતો. આ ચાર સુપાત્ર મહાભાગ્યવંત ભવ્યાત્માઓ પર પડેલ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો પ્રભાવ તથા તેમણે વ્યક્ત કરેલ પ્રતિભાવ આ શાસ્ત્રનું માહાત્મય સમજવા ખૂબ

મહત્ત્વપૂર્ણ છે. તેથી જેમના પોતાના પર શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો અગાધ પ્રભાવ છે, જેમના આ શાસ્ત્ર પરના વિસ્તૃત વિવેચનાત્મક શોધપ્રબંધ અર્થે મુંબઈ યુનિવર્સિટી તરફથી પીએચ.ડી.ની ઉપાધિ એનાયત થઈ છે, એ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ દ્વારા તે ચાર ભવ્યાત્માઓના ઉપરોક્ત પ્રભાવ-પ્રતિભાવ પર વિશદ, વિશ્લેષણાત્મક, મર્મસ્પર્શી પ્રવચનો અપાયાં છે. આ પ્રવચનોના અમે અનુભવેલ દિવ્ય પ્રભાવનો લાભ સર્વ સાધકોને મળે એ ઉદાત્ત ભાવનાપૂર્વક પ્રસ્તુત સંકલન 'મળ્યો બોધ સુખસાજ' તૈયાર કરવામાં આવ્યું છે. પ્રસ્તુત પુસ્તકનાં અંગ્રેજી તથા હિંદી ભાષાંતર પણ આ સાથે પ્રકાશિત થઈ રહ્યાં છે.

'મળ્યો બોધ સુખસાજ' દ્વારા પૂજ્યશ્રી ગુરુદેવે દર્શાવ્યું છે કે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં એવી ચમત્કૃતિ છે કે પાત્ર જીવ એના અવલંબને આત્મવિકાસનાં ઉચ્ચ સોપાન સર કરી શકે છે. વળી, એ દ્વારા તેઓશ્રીએ સાંપ્રત કાળના જિજ્ઞાસુ-મુમુક્ષુ જીવોને પણ આધ્યાત્મિક ઉન્નતિ અર્થેની સુંદર સરળ ચાવીઓ દર્શાવી છે.

ચરમ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર ભગવાનના બોધબળે, નિષ્કારણ કરુણાસાગર શ્રીમદ્ રાજચંદ્રજીના આશિષબળે તથા શ્રીમદ્જીના પરમ ભક્ત એવા પૂજ્યશ્રી ગુરુદેવના સમર્થ પ્રેરણાબળે અમે, શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના મુમુક્ષુઓ અમારા આત્મલક્ષ તરફ આગળ ધપી રહ્યા છીએ. જ્ઞાનના આ પરમ નિધાનને સર્વજનહિતાય ખૂલ્લું મૂકતાં અમે પ્રસન્નતા અનુભવીએ છીએ. પ્રસ્તુત સંકલન પ્રગટ

કરવાના સત્કાર્યમાં ભક્તિસભર યોગદાન અર્પનાર સર્વ મુમુક્ષુઓને હાર્દિક ધન્યવાદ પાઠવીએ છીએ.

મુમુક્ષુઓની અધ્યાત્મપિપાસા બુઝાવવામાં આ પુસ્તક સહાયભૂત બને; એનું ભાવપૂર્વક અધ્યયન તથા તજ્જન્ય બોધ સૌને આત્મશુદ્ધિ એવમ્ આત્મસિદ્ધિના પુરુષાર્થમાં પ્રેરણારૂપ થાય એ જ અભ્યર્થના.

**'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'**

આસો વદ ૧,
વિ.સં. ૨૦૬૭
તા.૧૩-૧૦-૨૦૧૧

વિનીત
ટ્રસ્ટીગણ,
શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર

# શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

# શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન. ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહી. ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

## મતાર્થી-લક્ષણ

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪

જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય. ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મત વેષનો, આગ્રહ મુક્તિનિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮

અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવ માંહી. ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;
પામે નહિ પરમાર્થને, અન્-અધિકારીમાં જ. ૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ. ૩૩

### આત્માર્થી-લક્ષણ

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧

ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્યસંવાદથી, ભાખું ષટ્પદ આંહી. ૪૨

### ષટ્પદનામકથન

'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ';
'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'. ૪૩

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

### (૧) શંકા - શિષ્ય ઉવાચ

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઇન્દ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ. ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

### (૧) સમાધાન - સદ્ગુરુ ઉવાચ

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧

છે ઇન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇન્દ્રીના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઇન્દ્રી પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન? ૫૫

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

(૨) શંકા – શિષ્ય ઉવાચ

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

(૨) સમાધાન – સદ્‌ગુરુ ઉવાચ

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય? ૬૨

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫

કોઈ સંયોગોથી નહિ, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

### (૩) શંકા - શિષ્ય ઉવાચ

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

### (૩) સમાધાન - સદ્ગુરુ ઉવાચ

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમ જ નહિ જીવધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ. ૭૬

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. ૭૭

ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ. ૭૮

### (૪) શંકા – શિષ્ય ઉવાચ

જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય? ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧

### (૪) સમાધાન – સદ્‌ગુરુ ઉવાચ

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય. ૮૪

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

### (૫) શંકા – શિષ્ય ઉવાચ

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

(૫) સમાધાન - સદ્‌ગુરુ ઉવાચ

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ. ૯૧

(૬) શંકા - શિષ્ય ઉવાચ

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય. ૯૬

## (૬) સમાધાન - સદ્‌ગુરુ ઉવાચ

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. ૯૯

રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

ષટ્‌પદનાં ષટ્‌પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ. ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ. ૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજસમાધિ માંય. ૧૧૮

શિષ્યબોધબીજપ્રાપ્તિકથન

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

## ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર. ૧૩૩

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯

સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

* * *

# શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર - પરિચય

# શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર - પરિચય

## ભૂમિકા

અનાદિ કાળથી જીવ આ જગતમાં ચતુર્ગતિપરિભ્રમણ કરી રહ્યો છે, જે દરમ્યાન જન્મ-મરણના મહાદુઃખદાયી પથ ઉપર તે અનંત નિષ્ફળ ફેરા ફરતો રહ્યો છે; પરંતુ જ્યારે એ નિષ્ફળતાથી ત્રાસી તે જાગૃત થાય છે, ત્યારે એકાદ જન્મારો તે એવો જીવી જાય છે કે તેનો જન્મ સાર્થક થઈ જાય છે, તેનું પરિભ્રમણ સાંત થાય છે અને ત્યારે તેનું જીવન અન્યને માટે પણ દીવાદાંડીરૂપ બને છે. સ્વપરકલ્યાણશિલ્પના આવા અનેરા ઘડવૈયાઓમાં - પરમ મંગળકારી વિરલ દિવ્યાત્માઓમાં સમર્થ જ્ઞાનાવતાર અને અધ્યાત્મયુગસ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીનું સ્થાન વિશિષ્ટ ગરિમાયુક્ત અને ચિરંતન છે.

શ્રીમદ્નું જીવન અધ્યાત્મની અખંડ સાધનારૂપ હતું. તેમનું વ્યક્તિત્વ અપૂર્વ આત્મપરાક્રમના દર્પણરૂપ હતું. તેમની વિલક્ષણ અભ્યંતર દશાનો નિચોડ તેમનાં પ્રેરક લખાણોમાં મૂર્તસ્વરૂપ પામ્યો છે. તેમનાં પ્રત્યેક વાક્ય, પ્રત્યેક શબ્દ અધ્યાત્મના રંગથી રંગાયેલાં જોવા મળે છે. તેમનાં વચનામૃતોનો વિપુલ વારસો અનેક જીવોને આત્મજાગૃતિ તથા આત્મકલ્યાણ સાધવામાં અત્યંત ઉપકારક બન્યો છે, બની રહ્યો છે અને બનશે.

શ્રીમદ્‌નું સમસ્ત સાહિત્ય આત્માર્થી જીવોને સ્વ-અન્વેષણ અને સ્વનિરીક્ષણ માટે અતિશય લાભદાયક છે; અને તેમાં પણ તેમના સાહિત્યની સૌથી મહત્ત્વની કૃતિ, ઓગણત્રીસ વર્ષની ઉંમરે તેમણે લખેલ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર', પરમ કલ્યાણકારી છે. શ્રીમદ્‌ની ઉચ્ચ આત્મદશા અને પ્રબળ સર્જનશક્તિનો પુરાવો આપતી તથા શાસ્ત્રીય વિષય ઉપર સુવ્યવસ્થિત રીતે લખાયેલી આ ઉત્તમોત્તમ કૃતિ તેમના સમગ્ર સાહિત્યમાં અનોખી ભાત પાડે છે.

## ગ્રંથસર્જનનું નિમિત્ત

**શ્રીમદ્‌ના હૃદયપ્રતિબિંબરૂપ ઉત્તમોત્તમ પત્રોના ઉદ્‌ભવ માટેના પ્રબળ નિમિત્ત એવા સૌરાષ્ટ્રના સાયલા ગામના નિવાસી શ્રી સૌભાગ્યભાઈ શ્રીમદ્‌ની આ કીર્તિકળશરૂપ ચિરંજીવ કૃતિના પ્રેરક નિમિત્ત હતા. શ્રીમદે તેમના હૃદયજ્ઞ પરમાર્થપ્રેમી શ્રી સૌભાગ્યભાઈની વિનંતી સ્વીકારીને સર્વ મુંમુક્ષુઓનાં કલ્યાણ અર્થે આ ગ્રંથની રચના કરી હતી.**

શાસ્ત્રકારે શાસ્ત્રરચના કોઈ અન્ય પાત્રની વિનંતીના ફળ-રૂપે કરી હોય એવા અનેક પ્રસંગ ભૂતકાળમાં બન્યા છે. ઉદાહરણ તરીકે - ગોમ્મટરાજા(ચામુંડરાય)ના પ્રશ્નથી સિદ્ધાંત-ચક્રવર્તીશ્રી નેમિચંદ્રજીએ 'ગોમ્મટસાર' તથા 'લબ્ધિસાર'નું નિર્માણ કર્યું હતું. કુમારપાળ રાજાની વિજ્ઞપ્તિથી કલિકાલ-સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજીએ 'વીતરાગસ્તવ' અને 'યોગશાસ્ત્ર'ની રચના કરી હતી. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી

મહારાજ તથા ગણિશ્રી દેવચંદ્રજી મહારાજના પણ અનેક ગ્રંથો આ પ્રકારની વિનંતીના પરિણામે રચાયા હતા. શ્રીમદે પણ સોળ વર્ષની ઉંમરે, બાળકથી માંડીને વૃદ્ધ સુધીના સૌ જિજ્ઞાસુ જીવો સરળતાથી સમજે એવો ગ્રંથ લખવાની શ્રી પોપટભાઈ દફતરીની વિનંતી સ્વીકારીને 'મોક્ષમાળા' લખી હતી. તેવી જ રીતે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની રચના શ્રી સૌભાગ્યભાઈની વિનંતીથી કરવામાં આવી હતી. હવે આ અનુપમ કૃતિના સર્જનના ઇતિહાસ તરફ વળીએ.

વિ.સં. ૧૯૫૧માં સુરતમાં શ્રી લલ્લુજી મુનિ ૧૦-૧૨ માસથી તાવની બીમારીથી ગ્રસ્ત હતા. તેમને કોઈ દવાથી ફાયદો ન થયો અને મંદવાડ વધી ગયો. તે અરસામાં સુરતના એક લલ્લુભાઈ ઝવેરી ૧૦-૧૨ માસની માંદગી ભોગવીને મરી ગયા. શ્રી લલ્લુજી મુનિને ચિંતા થવા લાગી કે તેમનો દેહ પણ છૂટી જશે. તેથી તેમણે શ્રીમદ્‌ને ઉપરાઉપરી પત્રો લખીને વિનંતી કરી કે તેમનો દેહ બચે તેમ લાગતું નથી અને સમકિત વિના દેહ છૂટી જશે તો તેમનો મનુષ્યભવ વ્યર્થ જશે. તેમણે શ્રીમદ્‌ને સમકિત આપવાની વિનંતી કરી. શ્રીમદે અનંત કૃપા કરી તે પત્રોના ઉત્તરમાં આત્માનાં છ પદને સમ્યક્‌પણે પ્રરૂપતો અને સમ્યગ્જ્ઞાનના હેતુભૂત 'છ પદનો પત્ર' (પત્રાંક-૪૯૩) વિ.સં. ૧૯૫૧ના વૈશાખ માસમાં લખ્યો. શ્રીમદ્ સુરત પધાર્યા ત્યારે તેમણે તે પત્રનું વિશેષ વિવેચન કરી શ્રી લલ્લુજી મુનિને તેનો પરમાર્થ સમજાવ્યો અને તે પત્ર મુખપાઠે કરી, તેને વારંવાર વિચારવાની ભલામણ કરી.

વિ.સં. ૧૯૫૧માં આ પત્ર શ્રીમદ્દ્ના પરમાર્થસખા શ્રી સૌભાગ્યભાઈને મોકલવામાં આવ્યો હતો અને તે મુખપાઠ કરી, વારંવાર વિચારવા આજ્ઞા થઈ હતી. વયોવૃદ્ધ શ્રી સૌભાગ્યભાઈને આ ગદ્યપત્ર મુખપાઠ કરતાં મુશ્કેલી પડી અને અન્ય મુમુક્ષુભાઈઓને પણ આ પત્ર મુખપાઠ કરતાં મુશ્કેલી પડશે એમ તેમને લાગ્યું. વિ.સં. ૧૯૫૨માં તેમને શ્રીમદ્દ્નો સમાગમ ખંભાતમાં થયો ત્યારે પોતાની મુશ્કેલી રજૂ કરતાં તેમણે કહ્યું કે છ પદનો પત્ર ગદ્યમાં હોવાથી મુખપાઠ કરવો દુષ્કર છે, સ્મરણમાં રહેતો નથી. આત્મ-પ્રતીતિ કરાવતા, ગદ્યમાં લખાયેલા આ છ પદના પત્ર જેવો કોઈ પદ્યગ્રંથ લખાય તો સર્વ મુમુક્ષુઓ ઉપર ઘણો ઉપકાર થાય અને મુખપાઠ કરવામાં સરળ પડે. આમ, શ્રી સૌભાગ્યભાઈની વિનંતીના ફળરૂપે શ્રીમદ્દ્ની અંતરંગ પરમ વિશુદ્ધિમાંથી ઉપરોક્ત છ પદને કાવ્યબદ્ધ કરતું 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'રૂપ અમૂલ્ય ગ્રંથરત્ન પ્રગટ થયું.

## ગ્રંથરચનાનો પ્રસંગ

વિ.સં. ૧૯૫૨ના શ્રાવણ માસમાં શ્રીમદે નિવૃત્તિ અર્થે કાવિઠા, રાળજ આદિ ક્ષેત્રે સ્થિતિ કરી હતી અને પછી ગુજરાતનાં જંગલોમાં આત્મધ્યાનનિમગ્નપણે વિચરી, આણંદ થઈને આસો માસમાં તેઓ નડિયાદ પધાર્યા હતા. મહા-મુમુક્ષુ શ્રી અંબાલાલભાઈ તેમની સેવામાં રહેતા હતા. શરદપૂર્ણિમાના બીજા દિવસે, અર્થાત્ આસો વદ ૧ના દિવસે શ્રીમદ્ બહાર ફરીને મુકામે પધાર્યા ત્યારે સાંજ પડી

ગઈ હતી. શ્રીમદે શ્રી અંબાલાલભાઈ પાસે ફાનસ મંગાવ્યું અને તેઓ લખવા બેઠા. શ્રી અંબાલાલભાઈ વિનયભક્તિ સહિત વિનમ્ર ભાવે પોતાના હાથમાં ફાનસ ધરીને દીવીની જેમ ઊભા રહ્યા. શ્રીમદ્‌ની કલમ એકધારાએ ચાલી અને તેમણે એક જ બેઠકે, માત્ર દોઢ-બે કલાકમાં ષડ્‌દર્શનના સારરૂપ, સૂત્રરત્નાવલિ સમાન 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની ૧૪૨ ગાથા એકી કલમે લખી. આગમસિંધુના નવનીત જેવો આ અપૂર્વ ગ્રંથ શ્રીમદ્‌ જેવા કોઈ અલૌકિક પુરુષ જ આટલા અલ્પ સમયમાં રચી શકે. આ ઘટના તેમની કવિત્વપ્રતિભાની અને લેખનસિદ્ધિની પણ ઉત્તમ પ્રતીતિ કરાવે છે. માત્ર દોઢ-બે કલાકમાં જ સર્જન પામેલ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' શ્રીમદ્‌નું નામ સર્વ કાળને માટે અમર કરવાને પર્યાપ્ત છે.

શ્રીમદ્‌ જેવા આત્મસિદ્ધપુરુષના હૃદયમાંથી અસ્ખલિત પ્રવાહે નીકળેલી જગતપાવની શ્રુતગંગા અવનિ ઉપર અવતરી. અનાદિના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી, આત્મપ્રતીતિરૂપ અધ્યાત્મપ્રકાશથી સહજ આનંદ પ્રગટાવવા સમર્થ એવા 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના અવતારનાં શ્રી અંબાલાલભાઈ પરમ ભક્તિથી દર્શન કરી રહ્યા હતા અને તે સંપૂર્ણ લખાઈ રહ્યું ત્યાં સુધી તેઓ ફાનસ લઈને ઊભા રહ્યા હતા. આ રીતે શ્રીમદ્‌ની આ અદ્‌ભુત કૃતિના પ્રથમ સાક્ષી થવાનું પરમ સૌભાગ્ય શ્રી અંબાલાલભાઈને પ્રાપ્ત થયું હતું.

આમ, શ્રીમદે ચરોતર જિલ્લાના નડિયાદ ગામના નાના કુંભનાથ મહાદેવના મંદિરના એક ઓરડામાં વિ.સં.

૧૯૫૨ના આસો વદ ૧, ગુરુવાર, તા. ૨૨-૧૦-૧૮૯૬ના શુભ મંગલ દિવસે આત્માનુભવપૂર્વક સ્ફુરાયમાન થયેલ ગહન તત્ત્વોને 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'રૂપે સાદી, સરળ, ભાવવાહી વાણીમાં ગૂંથ્યાં. સ્વાતિ નક્ષત્રમાં છીપમાં પડેલું મેઘબિંદુ જેમ સુંદર મોતીમાં પરિણમે છે, તેમ શ્રી સૌભાગ્યભાઈ જેવા સુપાત્ર જીવ દ્વારા કોઈ ભાગ્યશાળી ક્ષણે થયેલી વિનંતીના પરિપાકરૂપે શ્રીમદ્‌ના અંતરમાં ૧૪ પૂર્વના સારરૂપ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'રૂપી અમૂલ્ય મોતી ઉત્પન્ન થયું. આ બદલ જગત શ્રી સૌભાંગ્યભાઈનું ૠણી છે. શ્રીમદે પણ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં ત્રણ સ્થળે તેમનો ઉલ્લેખ કરી તેમને અમર કર્યા છે - **'મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય'** (ગાથા-૨૦) અને **'ઉદય ઉદય સદ્‌ભાગ્ય'** (ગાથા-૯૬), આ બે ગાથામાં ગર્ભિતપણે ઉલ્લેખ કર્યો છે અને **'શ્રી સુભાગ્ય ને શ્રી અચળ, આદિ મુમુક્ષુ કાજ; તથા ભવ્યહિત કારણે, કહ્યો બોધ સુખસાજ.'** એ ૧૨૭મી ગાથા પછીની રદ કરેલી ગાથામાં 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' શ્રી સૌભાગ્યભાઈ આદિ માટે રચ્યું હતું તે પ્રગટપણે જણાવ્યું છે.

## ગ્રંથશીર્ષકની યથાર્થતા

'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' નામથી પ્રખ્યાતિ પામેલી શ્રીમદ્‌ની આ પરમાર્થગંભીર પદ્યરચના અદ્‌ભુત તત્ત્વકળાથી ગૂંથાયેલી છે. સેંકડો પંડિતો સાથે મળીને ગમે તેટલું મથે તોપણ પોતાની રચેલી તર્કપ્રધાન કૃતિઓ દ્વારા જે તત્ત્વનિષ્કર્ષ ન

આણી શકે, તેના કરતાં પણ ઊંચો તત્ત્વનિષ્કર્ષ માત્ર ૧૪૨ ગાથાના આ શાસ્ત્રમાં સચોટપણે તેમજ સરળ ભાષામાં પ્રકાશિત થવા પામ્યો છે. 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની વિશિષ્ટતા એ છે કે તે માત્ર તાર્કિક ઉપપત્તિ નથી, પણ તેની રચના આત્માનુભવપૂર્વક થઈ છે. પોતે અનુભવેલા અધ્યાત્મને શ્રીમદે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં વહેતો મૂક્યો હોય એમ સ્પષ્ટ નિહાળી શકાય છે.

પોતપોતાનાં પક્ષની અને મંતવ્યની સિદ્ધિ અર્થે અનેક 'સિદ્ધિ' ગ્રંથો સેંકડો વર્ષોથી જૈન અને જૈનેતર સંપ્રદાયોમાં લખાતા રહ્યા છે. 'બ્રહ્મસિદ્ધિ', 'અદ્વૈતસિદ્ધિ' આદિ વેદાંત-વિષયક ગ્રંથો સુવિદિત છે. 'સર્વાર્થસિદ્ધિ', 'અનેકાંતસિદ્ધિ', 'સિદ્ધિવિનિશ્ચય', 'સર્વજ્ઞસિદ્ધિ' વગેરે ગ્રંથો જૈનપરંપરામાં લખાયેલા છે. એ જ પ્રમાણે શ્રીમદે પણ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં આત્માનાં અસ્તિત્વાદિ છ પદના નિરૂપણ દ્વારા તર્ક અને યુક્તિના બળે આત્મતત્ત્વની સિદ્ધિ કરી, તેની પ્રાપ્તિનો દિવ્ય માર્ગ અદ્‌ભુત શૈલીથી અનુભવસિદ્ધ કરી પ્રકાશ્યો છે. જે કોઈ સાચો મુમુક્ષુ આ કૃતિનું યથાર્થ ભાવન કરી તથારૂપ પરિણમન કરશે, તે અવશ્ય આત્મસિદ્ધિ - આત્મપ્રાપ્તિ કરશે. આમ, જેની ગાથાએ ગાથાએ આત્મ-સિદ્ધિસંપન્ન પુરુષે આત્માની પ્રકૃષ્ટ સિદ્ધિ કરી છે એવા આ શાસ્ત્રના અદ્‌ભુત ગુણોને પ્રતિબિંબિત કરતું એનું નામ - 'આત્મસિદ્ધિ' ખરેખર સાર્થક જ છે!

'શ્રી આત્મસિદ્ધિ'ને શાસ્ત્ર તરીકે કેમ સંબોધવામાં આવે છે તે હવે જોઈએ. 'શાસ્ત્ર' શબ્દ સંસ્કૃતમાં બે રીતે વ્યુત્પન્ન

થાય છે –

(૧) **शासनात् शास्त्रम्** – શાસન કરે તે શાસ્ત્ર. વ્યક્તિને કાં તો કોઈ પ્રવૃત્તિમાં જોડાવાની પ્રેરણા કરે અથવા તો કોઈ ક્રિયાથી અટકવાનું કહે, અર્થાત્ વિધિ-નિષેધ દર્શાવે તે શાસ્ત્ર.

(૨) **शंसनात् शास्त्रम्** – શંસન (કથન) કરે તે શાસ્ત્ર. કોઈ અગોચર તત્ત્વનું કથન કરે તે શાસ્ત્ર.

'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' જીવને આત્મહિતમાં જોડાવાની પ્રેરણા કરે છે તથા તેમાં ન્યાયયુક્ત દલીલો દ્વારા આત્માનાં અસ્તિત્વાદિને સિદ્ધ કરી આપ્યાં છે. આમ, બન્ને અર્થમાં શ્રીમદ્દની આ કૃતિને શાસ્ત્ર કહેવું યોગ્ય છે. આ શાસ્ત્ર શ્રી મહાવીર પ્રભુપ્રણીત પવિત્ર મોક્ષમાર્ગનું ભાન કરાવનાર, દિશા દેખાડનાર પરમ શાસ્ત્ર છે. વાંચનારને અનુભવ થાય છે કે તે કોઈ પણ વ્યાવહારિક ધર્મને વળગી રહેતું નથી. આત્મકલ્યાણના માર્ગે ચાલવાની જેની જિજ્ઞાસા છે તેવા મુમુક્ષુઓ માટે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' પરમ હિતકારી, અધ્યાત્મવિકાસમાં માર્ગદર્શક, પ્રેરક અને ઉદ્દબોધક છે.

## ગ્રંથવિષય

શ્રીમદ્દની સ્વાનુભૂતિયુક્ત સહજ આત્મદશાના સુંદર પરિ-પાકરૂપે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું પ્રાગટ્ય થયું. અત્યંત

પરમાર્થગંભીર, પરમ ભાવદશાપ્રેરક આ દિવ્ય સર્જનમાં શ્રીમદે છ પદનો મૂળ વિષય સમજાવીને, આત્માની સિદ્ધિનો માર્ગ સર્વ મુમુક્ષુ જીવો માટે અનાવરિત કર્યો છે. 'આત્મા છે', 'તે નિત્ય છે', 'તે કર્મનો કર્તા છે', 'તે કર્મનો ભોક્તા છે', 'મોક્ષ છે' અને 'મોક્ષનો ઉપાય છે' - આ છ પદની જ્ઞાનીપુરુષના અભિપ્રાય અનુસાર અવિરુદ્ધ શ્રદ્ધા થાય તો જીવ સમ્યગ્દર્શન પામી, સર્વ દુઃખથી મુક્ત થાય એવા ઉત્તમ અંતર-આશયથી આ મહાન શાસ્ત્રની રચના થવા પામી છે. જૈન ધર્મના સિદ્ધાંતરૂપ આ છ પદનું તત્ત્વજ્ઞાન જૈન શાસ્ત્રોમાં વારંવાર ચર્ચાયું જ છે. અનંત તીર્થંકરો જે તત્ત્વનો બોધ કરી ગયા છે, તે જ તત્ત્વને શ્રીમદે આ શાસ્ત્રમાં સરળતાથી સમજાવ્યું છે અને એ રીતે તીર્થંકરોના માર્ગની પ્રભાવના કરી છે.

૧૪૨ ગાથાના 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં છ પદના મૂળ વિષયને સમજાવતાં પહેલાં શ્રીમદે પીઠિકારૂપે પ્રથમ ૪૨ ગાથાઓમાં અનેક પ્રયોજનભૂત બાબતો સ્પષ્ટ કરી છે. મંગળાચરણથી શરૂ કરી સ્વચ્છંદત્યાગપૂર્વક વિનયમાર્ગની અનિવાર્યતા સમજાવી, 'આત્મસિદ્ધિ'રૂપ કલ્પવૃક્ષનું બીજ વાવતાં પહેલાં મતાર્થીપણાનું નિકંદન કાઢવા શ્રીમદે આત્મ-લક્ષવિહોણા મતાર્થી જીવનાં લક્ષણો સુવ્યવસ્થિતપણે પ્રકાશ્યાં છે. ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની એમ બન્ને પ્રકારના મતાર્થી જીવોનાં સમુચ્ચય લક્ષણો વર્ણવી, તે જીવોને મતાર્થીપણું ત્યજવાનો અને આત્માર્થીપણું ભજવાનો ઉપદેશ કરી, તેમણે આત્માર્થી જીવનાં લક્ષણોનું માર્મિક કથન કર્યું છે. સુવિચારણા

ઊપજે અને મોક્ષમાર્ગ સમજાય તે અર્થે ગુરુશિષ્યસંવાદથી આ શાસ્ત્રના હૃદયરૂપ ષટ્પદ પ્રકાશવાનો નિર્દેશ તેમણે ૪૨મી ગાથામાં કર્યો છે.

ગાથા ૪૩ થી ૧૧૮માં આત્માના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ થવા માટે શ્રીમદે આત્માનાં છ પદનું અનુભવસિદ્ધ વાણીમાં વર્ણન કર્યું છે. આ છ પદ અંગેની યથાર્થ સમજણથી વિપરીત દૃષ્ટિ ટળી, સવળી દૃષ્ટિ થાય છે. ગાથા ૪૩-૪૪માં શ્રીમદે છ પદનો નામનિર્દેશ કરી, તે છ પદ જ છ દર્શન છે એમ જણાવ્યું છે. ગાથા ૪૫થી તે છ પદમાંના પ્રત્યેક પદ અંગેની પોતાની શંકાઓ યોગ્યતાવાન શિષ્ય શ્રીગુરુસન્મુખ સરળતાથી અને વિનયપૂર્વક પ્રદર્શિત કરે છે અને શ્રીગુરુ પોતાની દિવ્ય મધુર વાણીથી તે સર્વનું ધીરજ-પૂર્વક સમાધાન આપી, તત્ત્વરહસ્ય પ્રગટ કરી, શિષ્યના હૃદયની ગ્રંથિઓ ઉકેલી તેને નિઃશંક કરે છે. શ્રીમદે અનન્ય ભાવપૂર્ણ ગુરુશિષ્યસંવાદ દ્વારા આત્માનાં છ પદની તલસ્પર્શી મીમાંસા કરી, તે છ પદની અપૂર્વ શ્રદ્ધા કરાવી છે. છ દર્શનોના મતભેદની ભાંજગડમાં પડ્યા વિના, આત્માર્થી જીવનું લક્ષ સ્વ તરફ દોરાય અને તેને શુદ્ધાત્મતત્ત્વનો યથાર્થ બોધ થાય તે અર્થે દર્શનોનો નામોલ્લેખ કર્યા વિના, ષડ્દર્શન અંતર્ગત આત્મા સંબંધી વિચારણાની સમ્યક્ રજૂઆત કરી છે.

ગાથા ૧૧૯ થી ૧૪૨માં શિષ્યને થયેલ બોધબીજની પ્રાપ્તિનું વર્ણન અને ગ્રંથનો ઉપસંહાર છે. ષટ્પદનું ભવ્ય ઉદ્‌બોધન કરતા સદ્‌ગુરુના ઉપદેશામૃતના યથાર્થ અનુસરણથી

સુશિષ્યને બોધબીજની પ્રાપ્તિ થાય છે અને પરમ આત્મોલ્લાસથી તે પોતાના હૃદયમાં પ્રગટેલો ષટ્પદનો બોધ સંક્ષેપમાં વ્યક્ત કરે છે. કૃતજ્ઞપણે તે પોતાનો અહોભાવ દર્શાવે છે અને સદ્ગુરુની આજ્ઞામાં વર્તવાનો દૃઢ સંકલ્પ કરી સદ્ગુરુચરણે સર્વાર્પણ કરે છે. અંતમાં શ્રીમદે આ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'રૂપ મંદિરના કળશરૂપ સર્વ મુમુક્ષુઓને માર્ગદર્શક થઈ પડે એવો ૧૫ ગાથાનો અત્યંત મનનીય ઉપસંહાર રચ્યો છે. તેમાં મુમુક્ષુ જીવોના હિતાર્થે ભૂલોનાં સંભવિત સ્થાનકો સ્પષ્ટતાથી દર્શાવી શ્રીમદે પરમ ઉપકાર કર્યો છે. અંતિમ ગાથામાં તેમણે દેહધારી કિંતુ વિદેહી દશાવાન એવા જ્ઞાનીપુરુષનાં ચરણકમળમાં વંદન કરી, અંત્ય મંગલ કરી, આત્મોત્થાનમાં પરમ અવલંબનભૂત એવા આ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની પૂર્ણાહુતિ કરી છે.

આમ, મોક્ષમાર્ગના પ્રણેતા શ્રીમદે માત્ર ૧૪૨ ગાથાઓમાં સર્વ શાસ્ત્રોનો સાર સમાવ્યો છે. આવા પરમોચ્ચ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'નો એકાગ્રતાપૂર્વક અભ્યાસ કરતાં જીવ પાવન થાય છે, પાત્ર થાય છે અને પરમ વિશુદ્ધિને પામે છે. તેથી આ શાસ્ત્ર સૌ કોઈ કલ્યાણવાંછુ મુમુક્ષુ જીવે નિત્ય અવગાહન કરી અંતરમાં સુસ્થિત કરવા યોગ્ય છે.

## ગ્રંથશૈલી

'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' એ શ્રીમદ્ના આત્માના અનુભવમાંથી પ્રાપ્ત થયેલ આત્મનિધિમાંથી સ્ફુરેલી, અસંખ્ય

ભવ્યોને પ્રેરણા આપી સન્માર્ગે વાળનારી, સહેલાઈથી કંઠસ્થ કરી શકાય એવી અને સૂત્રાત્મક છતાં સરળ અને સુબોધ શૈલીએ લખાયેલી તેમની સર્વોત્તમ કૃતિ છે.

સાહિત્યના આદિ કાળથી સદ્ગ્રંથના સર્જકો, વિવિધ ભૂમિકાના ભવ્ય જીવો કઈ રીતે સરળતાથી બોધ પામી શકે અને ઇષ્ટની પૂર્તિ સાધી શકે તે લક્ષમાં રાખી, વિવિધ પ્રકારનાં ભાષાપ્રયોગ, રજૂઆતપદ્ધતિ તથા કથનશૈલી અપનાવતા આવ્યા છે. ઉત્તમ અને અમૂલ્ય સત્કૃતિઓના નિધાનમાં 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' પોતાની વિશિષ્ટ પ્રકારની નિરૂપણશૈલીથી એક અનોખી ભાત પાડે છે. તેની રચના પ્રશ્નોત્તરરૂપે થયેલી છે. આ શૈલીના અનેક લાભ છે. ગ્રંથકર્તાને વાચક સમક્ષ જે તત્ત્વરહસ્ય પ્રગટ કરવું હોય તે તેઓ પ્રશ્નોત્તરશૈલી દ્વારા સરળતાથી પ્રગટ કરી શકે છે, પોતાની ઇષ્ટ પદ્ધતિ અનુસાર તેને જેવો આકાર આપવો હોય તે સુગમતાથી આપી શકે છે. પ્રારંભિક કક્ષાના વાચકોને સળંગ ગ્રંથના અભ્યાસ દરમ્યાન સ્વયં વિચાર-સ્ફુરણાનો અવકાશ ઓછો રહે છે, જ્યારે પ્રશ્નોત્તરશૈલી વાચકના ચિત્તમાં જિજ્ઞાસા જગાડે છે. એક પ્રશ્નની રજૂઆત થતાં તે અંગેની વિચારણા ઓછાવત્તા અંશે અવશ્ય જાગે છે. આ સ્વયંસ્ફુરિત સુવિચારણા સાધકને એકાગ્ર થવામાં ઉત્તમ નિમિત્ત બને છે. વળી, આ શૈલીમાં ગ્રંથકર્તા પોતાના મંતવ્યને તો રજૂ કરે જ છે, પરંતુ સાથે તે મંતવ્યથી વિરુદ્ધ પ્રકારની જે દલીલો ઊઠવાનો સંભવ હોય તે દલીલોનો પણ પોતે જ પ્રતિવાદી વતી ઉલ્લેખ કરી, તે દલીલોનું તાર્કિક

નિરસન આપી શકે છે.

આમ, વિષયની રજૂઆતમાં પ્રશ્નોત્તરશૈલીનું આગવું સ્થાન હોવાથી ભૂતકાળમાં પણ અનેક ગ્રંથકર્તાઓએ સંવાદશૈલીનો આશ્રય લીધો છે. દ્વાદશાંગીમાં મૂર્ધન્ય પદ ધરાવતા પંચમ અંગ 'શ્રી ભગવતી સૂત્ર'ની રચના પ્રશ્નોત્તરરૂપે જ થઈ છે, જેમાં શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમે શ્રી મહાવીરસ્વામી ભગવાનને પૂછેલા ૩૬,૦૦૦ પ્રશ્નોનું સંકલન છે. 'જ્ઞાતાધર્મકથા', 'અનુત્તરોપપાદિકદશા', 'વિપાકસૂત્ર', 'નિર્યાવલિકા' આદિ કેટલાક આગમો એવા છે કે જેની પ્રરૂપણા શ્રી સુધર્માસ્વામીએ શ્રી જંબૂસ્વામીના પ્રશ્નોના આધારે, ભગવાન શ્રી મહાવીર પાસેથી તે વિષેનું જ્ઞાન મેળવીને કરી છે. આચાર્યશ્રી જિનભદ્રજીકૃત 'વિશેષાવશ્યકભાષ્ય', ગણિશ્રી દેવચંદ્રજી મહારાજકૃત 'વિચારરત્નસાર' આદિ અનેક ગ્રંથોમાં આ જ શૈલીનો આધાર લેવામાં આવ્યો છે.

પ્રશ્નોત્તરશૈલીનો સુંદર ઉપયોગ જૈનેતર ગ્રંથોમાં પણ અવારનવાર થતો રહ્યો છે. બૌદ્ધ 'ત્રિપિટક'માં અનેક સ્થળે વિવિધ સંવાદોની રચના કરવામાં આવી છે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં શ્રી વ્યાસ મુનિએ અર્જુનના મુખે પ્રશ્ન મૂકી, શ્રીકૃષ્ણના મુખેથી ઉત્તર અપાવ્યા છે. વિવિધ ઉપનિષદો ઉપરાંત શ્રી શંકરાચાર્ય, કવિ અખો, દાસી જીવણદાસ, કવિ દયારામ વગેરેનાં અનેક ગ્રંથો તેમજ કાવ્યોમાં પણ આ પ્રકારની સંવાદાત્મક શૈલી પ્રયુક્ત થઈ છે.

'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં શ્રીમદે પણ છ પદની તલસ્પર્શી

મીમાંસા ગુરુશિષ્યસંવાદની વિશિષ્ટ લાક્ષણિક શૈલીથી પ્રકાશી છે. સાધકગણ સમક્ષ આત્માનાં છ પદનું સ્વરૂપ પ્રતિપાદન કરવા શ્રીમદે શિષ્યમુખે ક્રમશઃ એક પછી એક પદ વિષેની શંકા રજૂ કરાવી, તત્પશ્ચાત્ શ્રીગુરુના મુખે તે તે શંકાઓનું સમાધાન દર્શાવ્યું છે. પ્રત્યેક પ્રશ્નોત્તર સાધનાપથ ઉપર પ્રગતિ કરાવવામાં સહાયક બને તેવા છે. જેમને તે પ્રકારની શંકા હોય છે, તેમને તેનું સમાધાન થાય છે અને આત્મ-વિકાસની દિશા તથા પ્રેરણા પ્રાપ્ત થાય છે. વળી, કેટલાક જીવોને તથારૂપ ચિંતન-મનનનો પ્રાદુર્ભાવ ન થયો હોય અને તેથી તત્પ્રકારના પ્રશ્નો ઉદ્ભવતા જ ન હોય, તેઓ માટે પણ શ્રીમદે પ્રયોજેલ આ ગુરુ-શિષ્ય વચ્ચેનો સંવાદ અધ્યાત્મમાં પ્રવેશ કરવાને એક ઉત્તમ સોપાન બને તેમ છે.

શ્રીમદે છ પદની ચર્ચા શ્રદ્ધાપ્રધાન નહીં પણ તર્કપ્રધાન બનાવી છે. સમગ્ર ચર્ચા આગમમૂલક હોવા છતાં એની સિદ્ધિ તર્કથી કરવામાં આવી છે. જેમ ભગવાન મહાવીરે તર્કપુરઃસર દલીલો આપીને ગણધરોની શંકાઓનું નિવારણ કર્યું હતું, તેમ જિજ્ઞાસુના મનમાં રહેલી ષટ્પદવિષયક શંકાઓનું સમાધાન પ્રથમ તર્કના બળે કરી, બુદ્ધિના સ્તરે તેને સુગ્રાહ્ય બનાવ્યા પછી જ તે પદોને સ્વીકારવાની પ્રેરણા શ્રીમદે કરી છે. તર્કશક્તિના દોરને બુદ્ધિના તલ સુધી પહોંચાડી શ્રીમદે આ શાસ્ત્રની પ્રરૂપણા વિસંગતિમુક્ત અને ન્યાયયુક્ત બનાવી છે.

શ્રીમદે વીતરાગશાસનનાં મૂળભૂત તત્ત્વોનાં ગંભીર રહસ્યોને

'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં વણી લઈ વસ્તુસ્વરૂપનું યથાર્થ દર્શન કરાવ્યું છે. શ્રીમદે તે તત્ત્વો આગમ, યુક્તિ અને સ્વાનુભવથી સિદ્ધ કર્યાં છે અને તે પ્રમાણિત કરવાની તેમની શૈલી મર્મવેધક છે, ભાવયુક્ત છે, આકર્ષક અને પ્રભાવશાળી છે. ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવનાર પણ સરળતાથી અભ્યાસ કરી શકે તેવી સુગમ ગુજરાતી ભાષાનો અને સરળ દોહા છંદનો શ્રીમદે આ ગ્રંથમાં સુંદર ઉપયોગ કર્યો છે.

આબાલગોપાલ સર્વને સ્વયોગ્યતા પ્રમાણે પરમ ઉપકારી થઈ શકે એવી ચમત્કૃતિ તથા આત્માને સ્પર્શતા સર્વ મુદ્દાઓનું ક્રમબદ્ધ, તર્કસંગત નિરૂપણ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ને જૈન તેમજ જૈનેતર આત્મવિષયક ગ્રંથોમાં અત્યંત મહત્ત્વનો અને ઉચ્ચ કોટિનો દરજ્જો અપાવે છે. મત, દર્શન, સંપ્રદાય, વાડા, જાતિ આદિના આગ્રહથી ઉપર ઊઠીને સર્વગ્રાહી શૈલીથી લખાયેલો આ ઉત્તમોત્તમ ગ્રંથ આધ્યાત્મિક સાહિત્યમાં અમર સ્થાન લેવા સર્જાયેલો છે. ડૉ. ભગવાનદાસ મહેતા લખે છે કે –

**'ગુરુચરણને 'ઉપ' - સમીપે 'નિષદ્' - બેસી તત્ત્વનું શ્રવણ કરતા શિષ્યને પ્રાપ્ત થતી ઉપનિષદોનું સ્મરણ કરાવે એવી, આ ગુરુશિષ્યસંવાદથી આત્મસિદ્ધિ પ્રકાશતી આત્મસિદ્ધિ ખરેખર! આત્માની અનુપમ ઉપનિષદ્ - 'આત્મોપનિષદ્' છે; સર્વ દર્શનને સન્માન્ય એવી આત્માની અનન્ય ગીતા છે. પરમ બ્રહ્મવિદ્યાના પારને પામેલા પરબ્રહ્મનિષ્ઠ શ્રીમદ્**

**જેવા આર્ષદ્રષ્ટા મહાકવિ - બ્રહ્માએ સર્જેલી આ આત્મસિદ્ધિ બ્રહ્મવિદ્યાનો અર્ક (essence) છે; બ્રહ્મવિદ્યાના શબ્દ-બ્રહ્મનો છેલ્લો શબ્દ એવી આ આત્મસિદ્ધિ મુમુક્ષુઓને આત્માની અમૃતાનુભૂતિનો અમૃતકુંભ છે.'**

## ગ્રંથનો અધિકારી વર્ગ

'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' દ્રવ્યાનુયોગનો ગ્રંથ હોવાથી વિશેષ અધિકારીપણું માંગે છે. જેમ યોગ્યતા વિના પ્રવીણ વૈદ્ય હીરાની ભસ્મ જેવી અમૂલ્ય વસ્તુ ગમે તેને આપતા નથી, તેમ શ્રીમદે માત્ર ચાર જીવોને જ અધિકારી જાણી, 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની શ્રી અંબાલાલભાઈએ નકલ કરેલી ચાર પ્રત ફક્ત તે ચાર જીવોના જ ઉપયોગ માટે આપી હતી. એક શ્રી સૌભાગ્યભાઈને સાયલા, એક શ્રી લલ્લુજી મુનિને ખંભાત, એક શ્રીમદ્ના ભાગીદાર શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીને રંગુન અને એક શ્રી અંબાલાલભાઈને - એમ ચાર જીવોને તેની નકલ વાંચન-મનન અર્થે આપવામાં આવી હતી અને સાથે સાથે તત્ત્વજ્ઞાનની ગૂઢ વાતો અનધિકારી વ્યક્તિ પાસે ન જાય એ હેતુથી શ્રીમદે તેમને 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' વિષે જાહેરમાં નિર્દેશ ન કરવાનો આદેશ કર્યો હતો. અનધિકારી જીવને તે ઉપકારક નહીં નીવડે એમ જાણી તેમણે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' બીજા કોઈના હાથમાં ન જાય કે કશે પણ પ્રસિદ્ધ ન થાય તે માટે સ્પષ્ટ ભલામણ કરી હતી. શ્રીમદ્ના અન્ય પરિચિત મુમુક્ષુઓને પણ આ ગ્રંથના અધ્યયનની પરવાનગી મળી ન હતી. શ્રીમદ્ના જીવનકાળ

દરમ્યાન આ ગ્રંથ પ્રકાશિત થયો ન હતો અને તેથી ખૂબ ઓછા લોકોને તે વિષેની જાણ હતી.

શ્રી લલ્લુજી મુનિ સાથેના શ્રી દેવકરણજી મુનિ બહુ પ્રજ્ઞાવાળા ગણાતા હતા. જો શ્રી દેવકરણજી મુનિને 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' વાંચવાની વિશેષ આકાંક્ષા હોય તો તેમણે આ શાસ્ત્ર કઈ રીતે અવગાહવું, તેનું માર્ગદર્શન આપતાં શ્રીમદ્ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' સાથે મોકલેલા વિ.સં. ૧૯૫૨ના આસો વદ ૧૦ના પત્રમાં શ્રી લલ્લુજી મુનિને લખે છે –

**'એકાંતમાં અવગાહવાને અર્થે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' આ જોડે મોકલ્યું છે. તે હાલ શ્રી લલ્લુજીએ અવગાહવા યોગ્ય છે. .....**

**'આત્મસિદ્ધિશાસ્ત્ર' શ્રી દેવકરણજીએ આગળ પર અવગાહવું વધારે હિતકારી જાણી હાલ શ્રી લલ્લુજીને માત્ર અવગાહવાનું લખ્યું છે; તોપણ જો શ્રી દેવકરણજીની વિશેષ આકાંક્ષા હાલ રહે તો પ્રત્યક્ષ સત્પુરુષ જેવો મારા પ્રત્યે કોઈએ પરમોપકાર કર્યો નથી એવો અખંડ નિશ્ચય આત્મામાં લાવી, અને આ દેહના ભવિષ્ય જીવનમાં પણ તે અખંડ નિશ્ચય છોડું તો મેં આત્માર્થ જ ત્યાગ્યો અને ખરા ઉપકારીના ઉપકારને ઓળવવાનો દોષ કર્યો એમ જ જાણીશ, અને આત્માને સત્પુરુષનો નિત્ય આજ્ઞાંકિત રહેવામાં જ કલ્યાણ છે એવો, ભિન્નભાવરહિત, લોકસંબંધી બીજા પ્રકારની સર્વ કલ્પના છોડીને, નિશ્ચય વર્તાવીને, શ્રી**

**લલ્લુજી મુનિના સહચારીપણામાં એ ગ્રંથ અવગાહવામાં હાલ પણ અડચણ નથી. ઘણી શંકાઓનું સમાધાન થવા યોગ્ય છે.'**

શ્રી ડુંગરશીભાઈને 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' મોઢે કરવાની ઇચ્છા થઈ હોવાથી તેની નકલ કરવા અંગે શ્રી સૌભાગ્યભાઈ દ્વારા શ્રીમદ્‌ને પુછાવતાં શ્રીમદે મુખપાઠ કરવા તો અનુમતિ આપી હતી, પણ બીજી પ્રત ઉતારવાની રજા આપી ન હતી. વિ.સં. ૧૯૫૩ના જેઠ માસમાં શ્રી સૌભાગ્યભાઈનો દેહવિલય થયા પછી તેમના પુત્રો - શ્રી ત્રંબકલાલે અને શ્રી મણિલાલે, ખેદના સમયે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' પોતાને આશ્રયરૂપ લાગવાથી તે ગ્રંથ વિચારવા માટે શ્રીમદ્‌ની રજા માંગી હતી. પરંતુ તેમને શ્રીમદ્ તરફથી 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' વાંચવાની આજ્ઞા મળી ન હતી.

શ્રી અંબાલાલભાઈ પણ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' અંગે ખૂબ સાવચેત રહેતા. શ્રીમદે કેટલાક મુમુક્ષુઓને 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' આપ્યું છે તેની જાણ થવાથી અન્ય મુમુક્ષુઓ પણ શ્રીમદ્‌ને 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' આપવા માટે વિનંતી કરતા. શ્રીમદ્‌ની આજ્ઞા મળે તો જ શ્રી અંબાલાલભાઈ બીજા મુમુક્ષુઓને 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની નકલ તથા અમુક ગાથાઓ ઉપર શ્રીમદ્‌ના લખેલા પત્રો મોકલી આપતા અને તે સિવાય બીજા કોઈની પાસે ન જાય એની પૂર્ણ તકેદારી રાખતા.

આના ઉપરથી 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના અધિકારી વર્ગ

સંબંધી શ્રીમદ્‌ની ચોકસાઈનો ખ્યાલ આવે છે. આટલી બધી ચોકસાઈ રાખવાનું એકમાત્ર કારણ એ જ હતું કે કોઈ અયોગ્ય જીવના હાથમાં જાય અને અસદ્‌વાસનાના કારણે જો તે જ્ઞાનીપુરુષની નિંદા કરે કે આશાતના કરે તો તેને ખૂબ નુકસાન થાય. શ્રીમદ્ ગૃહસ્થવેષમાં હતા અને આત્મજ્ઞાનની ગૂઢ વાતો પોતાની અંતરંગ દશાના બળે જણાવતા હતા, પરંતુ તે સમજવા-સ્વીકારવા જેવી પાત્રતા સર્વ જીવોમાં ન હતી. કોઈ અપાત્ર જીવના હાથમાં આ ગ્રંથ જાય તો તે કુતર્ક કરે કે 'પોતે તો ત્યાગ-વૈરાગ્ય ગ્રહણ કરતા નથી અને બીજાને તેનો ઉપદેશ આપે છે.' આવા કુતર્કોના કારણે થતા આશાતના આદિ દોષોના નુકસાનથી બચાવવા શ્રીમદે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના અધિકારી વર્ગ બાબત આટલી ચોકસાઈ રાખી હતી. આમ, અનધિકારી જીવના હાથમાં આ શાસ્ત્ર ન જાય તે સંબંધી શ્રીમદ્‌ની સાવચેતી પાછળ તેમની નિષ્કારણ કરુણાનું જ દર્શન થાય છે.

## સમાપન

અનાદિ કાળની ભ્રમણાનું કારણ મિથ્યાત્વ છે. તેના કારણે દેહમાં આત્મબુદ્ધિરૂપ વિભ્રમ ઊભો થાય છે અને પોતાના શુદ્ધચૈતન્યસ્વરૂપનું વિસ્મરણ થાય છે. જે સ્વરૂપ સમજ્યા વિના જીવ અનંત કાળથી સંસારભ્રમણનું દુઃખ ભોગવ્યા કરે છે, તે સ્વરૂપ સમજાય એવી આત્મશ્રેણી પ્રાપ્ત કરવાનો માર્ગ દર્શાવતું આ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' આ કાળની અનોખી ઉપલબ્ધિ છે.

શ્રીમદે ભગવાન મહાવીરના અલૌકિક આધ્યાત્મિક માર્ગનો દિવ્ય પ્રકાશ ઝીલી 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના માધ્યમથી તેને વિશ્વમાં રેલાવવાનું અત્યંત પ્રશંસનીય કાર્ય કર્યું છે. પક્ષપાત કે ખંડન-મંડનની શૈલી ગ્રહણ કર્યા વિના માત્ર સત્ય વસ્તુને સુગમપણે ગ્રહણ કરાય તે રૂપે સુંદર પદ્યમાં સર્વ શાસ્ત્રોનો સાર શ્રીમદે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની ૧૪૨ ગાથાઓમાં ભરી દીધો છે. શ્રી લઘુરાજસ્વામી લખે છે –

**'શ્રી આત્મસિદ્ધિમાં આત્મા ગાયો છે. તેમાં કોઈ ધર્મની નિંદા નથી. સર્વ ધર્મ માનનારને વિચારવા યોગ્ય છે. આપણે પણ આત્મા ઓળખવો હોય તો તેનો વારંવાર વિચાર કરવા યોગ્ય છે. ચૌદ પૂર્વનો સાર તેમાં છે. આપણને આપણી યોગ્યતા પ્રમાણે વિચારવાથી ઘણો લાભ થાય તેવું છે. એમાં જે ગહન મર્મ ભર્યો છે તે તો જ્ઞાનીગમ્ય છે, કોઈ સત્પુરુષના સમાગમે સાંભળીને માન્ય કરવા યોગ્ય છે. પણ જેટલો અર્થ આપણને સમજાય તેટલો સમજવા પુરુષાર્થ કર્તવ્ય છે. ..... બીજી વાતોમાં ખોટી ન થતાં ઘેર, બહાર, કામ ઉપર કે નવરાશમાં જ્યાં હોઈએ ત્યાં આત્મસિદ્ધિની કોઈ કોઈ ગાથા બોલતા રહેવાની ટેવ રાખી હોય તો તેનો વિચાર કરવાનો પ્રસંગ આવે અને વિશેષ સમજાતું જાય તથા આત્માનું માહાત્મ્ય પ્રગટ થાય.'**

જે કલ્યાણકામી જીવો 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું અધ્યયન, પરિશીલન, ચિંતન, મનન, ભાવન કરશે તેઓ અવશ્ય સન્માર્ગ પામી કલ્યાણ સાધી શકશે. તેનું ઊંડું અવગાહન

કરવાથી આત્મજાગૃતિ થયા વિના રહેશે નહીં. 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' દ્વારા શ્રીમદે આપેલ દિવ્ય સંદેશ, નિર્મળ ઉપદેશ નિરંતર વિચારવા યોગ્ય છે. કલ્પવૃક્ષસમ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની એકનિષ્ઠાએ ઉપાસના કરવામાં આવે તો ઇચ્છિત ફળની પ્રાપ્તિ - આત્માની સિદ્ધિ અવશ્ય થાય એમ છે.

શ્રીમદ્ જેવા પરમાર્થ ગિરિરાજ હિમાલયમાંથી પતિતજન-પાવની, અધમોદ્ધારિણી, શિવસુખકારિણી 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'રૂપ પવિત્ર ભાગીરથી શીતળ, શાંત અમૃતરસ રેલાવતી પ્રવહી રહી છે અને અનેકાનેક સત્સાધકોનાં સંસારતાપ, પાપ અને અશુદ્ધિને ટાળી; તેમને નિષ્પાપ, નિર્મળ, શાંત અને શીતળ કરી; સનાતન સુખનિધાનરૂપ મોક્ષની પ્રાપ્તિના માર્ગમાં પ્રગતિ કરાવવા પરમ ઉપકાર-ભૂત બની રહી છે. શ્રીમદ્ના આ પરમ ઉપકારને શત શત વંદન.

* * *

# પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ

# પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની રચનાના પ્રેરક નિમિત્ત એવા પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ ઉપર આ અનુપમ કૃતિનો શું પ્રભાવ પડ્યો હતો તથા તેમનો આ આત્મહિતકારી શાસ્ત્ર સંબંધી શું પ્રતિભાવ હતો એ જોઈ-સમજી, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની વિશેષ વિચારણાથી પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈને શું લાભ થયો તેની તથા આપણે પણ તેમનું અનુસરણ કરી કઈ રીતે લાભાન્વિત થઈ શકીએ તેની વિચારણા આજના પવિત્ર દિને કરીશું.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર જિજ્ઞાસુ આત્માઓ માટે આત્મહિત-પોષક, સત્પથદર્શક, જ્ઞાનભક્તિવર્ધક, પ્રેરણાદાયક ગ્રંથ છે; જેમાં પરમકૃપાળુદેવે શ્રી જિનેશ્વરદેવની સકલજગ-હિતકારિણી, મોહહારિણી, ભવાબ્ધિતારિણી, મોક્ષચારિણી દેશનાના રહસ્યનું ઉદ્‌ઘાટન કર્યું છે. પરમકૃપાળુદેવે આત્માનો અનુભવ કરી, આ ઉત્તમ કૃતિમાં અન્ય જીવોને સ્વાનુભૂતિનો રાહ બતાવતાં માર્મિક વાતો આલેખી છે, જે આત્માના શુદ્ધ સ્વરૂપના પ્રગટીકરણમાં કારણભૂત બની શકે એમ છે.

આ અંધકારવ્યાપ્ત ગહન સંસાર-અરણ્યમાં ભટકતા જીવોનું ભવભ્રમણનું દુઃખ જોઈ જેમને કરુણા ઊપજી છે એવા પરમકૃપાળુદેવે અજ્ઞાની જીવોનું પરિભ્રમણ અટકાવવા,

તેમને ચતુર્ગતિમાંથી છોડાવવા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પવિત્ર, આત્મહિતકારી વાણી પ્રકાશી છે. મોક્ષપ્રાપ્તિનો મહાન હેતુ સાધી શકાય એવી બોધપ્રદ શૈલીથી આ ગ્રંથ લખાયો છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના કરીને પ્રભુએ આત્મશાંતિનું ઔષધ પિવડાવ્યું છે.

## શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો મહિમા

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરતો અભૂતપૂર્વ શિક્ષાગ્રંથ. આત્માનું સાચું સ્વરૂપ શું છે એનું પ્રતીતિજનક નિરૂપણ તથા ષડ્દર્શનનું વિહંગાવલોકન તેમાં સાંપડે છે. સિદ્ધાંતની સમજૂતી આપતો ગ્રંથ હોવા છતાં તેમાં સૈદ્ધાંતિક ગ્રંથો જેવી કઠિનતા નથી. વળી, તેમાં સંવાદશૈલી પ્રયુક્ત થઈ હોવાના કારણે તે સુગ્રાહ્ય, સુબોધક અને સુરુચિપોષક બન્યો છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં સુદૃઢ ન્યાય, ઊંડું તત્ત્વ-રહસ્ય અને વિરલ અર્થગાંભીર્ય સરળ ભાષામાં સંમિલિત થયાં છે અને પરિણામે તેની એકેક ગાથા એવા વિસ્મય-કારક સામર્થ્યથી પરિપૂર્ણ બની છે કે સુવિચારવાન જીવને આત્મજ્ઞાન પ્રગટાવવામાં તે પરમ નિમિત્ત બની શકે છે. પરમકૃપાળુદેવની આ અદ્ભુત અધ્યાત્મ ઉદ્ઘોષણા વર્તમાન કાળના જીવોની આત્મોપયોગધારાને ભૌતિક વિલાસમાં નિમગ્ન થતી અટકાવે છે, દીર્ઘકાળની ગાઢ અજ્ઞાનનિદ્રાને નિવારે છે અને જીવનમાં અપૂર્વ આત્મજાગૃતિ લાવી પરમાર્થ પ્રભાત પ્રગટાવે છે.

## શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો પ્રભાવ

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર જેવો ઉચ્ચ કોટિનો આત્મોદ્ધારક ગ્રંથ ઉચ્ચ કોટિના અધિકારી વર્ગની અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. પરમકૃપાળુદેવે શ્રી સૌભાગ્યભાઈ, શ્રી લલ્લુજી મુનિ, શ્રી અંબાલાલભાઈ અને શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના યોગ્ય અધિકારી ગણી, તેની નકલ તેમને વાંચન-મનન અર્થે આપી હતી. તેમણે પરમકૃપાળુદેવની આજ્ઞા અનુસાર આ શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. આ શાસ્ત્રનો તેમના ઉપર ખૂબ પ્રભાવ પડ્યો હતો અને એનાથી તેમને ખૂબ લાભ પણ થયો હતો.

પરમકૃપાળુદેવે પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર વિશેષપણે વિચારવાની આજ્ઞા આપી હતી. તેના અભ્યાસથી તેમની દશા બહુ ઉચ્ચ થઈ હતી. તેનાં દર્શન-સ્વાધ્યાયથી તેમનો આત્મા એટલો આનંદિત થઈ ગયો હતો કે પરમકૃપાળુદેવ ઉપરના પત્રોમાં તેની મુક્ત કંઠે સ્તુતિ કરતાં તેઓ થાકતા ન હતા. તેમણે વિ.સં. ૧૯૫૩ના કારતક સુદ ૭ ના પત્રમાં પ્રભુને લખ્યું હતું –

**'આત્મસિદ્ધિ ગ્રંથ ચૌદ પૂર્વનો સાર હોય તેવો જણાય છે. હું તથા ગોસળિયા નિત્ય વાંચીએ છીએ. ઘણો આનંદ આવે છે. ફરી બીજા ગ્રંથની માંગણી કરીએ એવું રહ્યું નથી.'**

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની પોતાના ઉપર કેવી પ્રબળ અસર થઈ હતી તે વર્ણવતાં વિ.સં. ૧૯૫૩ના પોષ સુદ ૩ ના

પત્રમાં તેમણે પ્રભુને લખ્યું હતું –

**'ગોશળીયા તથા હું હાલમાં આત્મસિદ્ધિ ગ્રંથ વાંચીએ છીએ. ઘણો આનંદ આવે છે. ગોશળીએ મુખપાઠ કરી દીધો છે. મારે પણ દોહા ૧૦૧ મુખપાઠે થયા છે. બાકીના થોડે થોડે કરું છું, રોજ રાત ને દિવસ તેમાં જ ઉપયોગ રહે છે. આ ગ્રંથ વાંચ્યા પછી બીજું વાંચવા મન થતું નથી. પણ આની ટીકા અર્થ જે આપે કરેલ તે ટીકા અર્થ મહેરબાની કરી જ્યાં હોય ત્યાંથી મોકલવા કૃપા કરશો.'**

વળી, વિ.સં. ૧૯૫૩ના પોષ વદ ૧૦ ના પત્રમાં તેઓ પરમકૃપાળુદેવને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર વિષે લખે છે –

**'દુહા ૧૩૪ મુખપાઠે કર્યા છે, અને વિચારતાં ઘણો આનંદ આવે છે. વળી પાંચ મહિના થયાં તાવ આવે છે. તે જો આત્મસિદ્ધિ ગ્રંથ આપે મોકલાવ્યો ન હોત તો આજ સુધી દેહ રહેવો મુશ્કેલ હતો. ગ્રંથ વાંચી આનંદ આવે છે. તેથી જીવું છું, પણ હવે આપ કૃપા કરી ટીકા અર્થ મોકલવા લખો, તે જો હવે તરતમાં આવે તો આનંદ લેવાય, નહીંતર પછી આંખે સૂઝે નહિ ત્યાં વાંચી શકાય નહિ. અને જ્યારે પોતાથી વંચાય નહિ ત્યારે બીજાના વાંચવાથી તેવો આનંદ આવે નહિ. માટે કૃપા કરી મોકલશો. ઘણું શું લખું. આત્મસિદ્ધિ ગ્રંથ વાંચવાથી કાંઈ પ્રશ્ન પૂછવું રહેતું નથી. સર્વ ખુલાસો એટલામાં થાય છે.**

**કોઈ પૂછે કે તમે કયા ધર્મમાં અને તમારો માર્ગ કયો? તેને**

**જવાબ દેવો એમ ધારું છું કે અમારો માર્ગ આત્મસિદ્ધિ મારગ છે.'**

પરમકૃપાળુદેવે શ્રી સૌભાગ્યભાઈને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ઉપદેશેલા ત્રણ પ્રકારના સમકિત સમજાવતો પત્ર પણ લખ્યો છે. વળી, વિ.સં. ૧૯૫૩ની જેઠ સુદ ૮ ના દિવસે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના સંક્ષિપ્ત અર્થનું પુસ્તક તથા કેટલાક ઉપદેશપત્રોની પ્રત પણ તેમને મોકલી હતી. અહોરાત્ર પોતાના ઉપયોગને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં રમાડનાર, તેના બોધને ઘૂંટડે ઘૂંટડે પી જનાર અને તેના અક્ષરે અક્ષરને પચાવી લેનાર પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈએ અપૂર્વ આત્મ-પરાક્રમથી 'આત્મસિદ્ધિ'ના માર્ગે ડગ ભર્યા, જેથી ભવાંત પૂર્વે આત્મા અને દેહને બેફાટ પ્રગટ જુદા સાક્ષાત્ અનુભવી તેઓ સાચા અર્થમાં 'સુભાગ્ય' બન્યા.

## દુઃખ

**'અમારો માર્ગ આત્મસિદ્ધિ મારગ છે.'** આત્મસિદ્ધિનો માર્ગ એટલે જિનનો માર્ગ, મૂળ માર્ગ, સાચો માર્ગ, સનાતન માર્ગ. એ માર્ગ યથાર્થપણે સમજાય તો પૂજ્ય શ્રી સૌભાગ્ય-ભાઈની જેમ એ માર્ગ ઉપર ડગ ભરી શકાય, 'સુભાગ્ય' બની શકાય. જિનનો - નિજનો માર્ગ પ્રકાશતી વેળા પરમકૃપાળુદેવે શરૂઆત જીવ જ્યાં છે ત્યાંથી કરી છે. પોતે જ્યાં હોઈએ ત્યાંથી જો માર્ગદર્શન શરૂ ન થાય તો એમાં રસ ન પડે, સમજ પણ ન પડે એ સ્વાભાવિક વાત છે.

જીવમાત્ર દુઃખથી પરિચિત છે અને તેથી જ પરમકૃપાળુદેવે આત્મસિદ્ધિની યાત્રા 'દુઃખ'થી શરૂ કરાવી - **'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત.....'** (શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, ગાથા-૧)

## દુઃખ દૂર કરવાના પ્રયત્ન

દરેક મનુષ્ય દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરે છે. તે જે કંઈ કરે છે તે દુઃખથી મુક્ત થવા માટે કરે છે. મનુષ્ય જેને દુઃખ માને છે, જેને પીડા માને છે, જેને કષ્ટ માને છે તેને દૂર કરવાનો તે પ્રયત્ન કરે છે. દરેક મનુષ્ય પોતાના કષ્ટને, પોતાની પીડાને, પોતાના દુઃખને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. દરેક મનુષ્ય આ જ કરી રહ્યો છે - ચાહે તે ધન શોધતો હોય, યશ શોધતો હોય, પદ શોધતો હોય કે પ્રતિષ્ઠા શોધતો હોય.....તે પોતાના દુઃખને દૂર કરવાનો ઉપાય જ આદરી રહ્યો છે.

જ્ઞાનીઓ કહે છે કે જે દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરે છે - એ જાણ્યા વિના કે દુઃખ શું છે અને દુઃખનું યથાર્થ કારણ શું છે, તે મૂઢ છે અને તે તેના પ્રયત્નોમાં ક્યારેય સફળ થઈ શકશે નહીં અર્થાત્ દુઃખ દૂર કરી શકશે નહીં. તે એક દુઃખ દૂર કરશે તો તેને બીજું દુઃખ ઘેરી વળશે, કારણ કે મૂળ કારણ મોજૂદ રહ્યું છે. પીડાનું કારણ બદલાશે, દુઃખ રૂપાંતરિત થશે એટલું જ; બાકી એક દુઃખને દૂર કરશે તો બીજું આવી પડશે, કારણ કે મૂળ કારણ હજુ વિલીન થયું નથી.

## મૂળ કારણ છેદો

જો મનુષ્ય તેના દુ:ખનું મૂળ કારણ છેદે, તેને દૂર કરે તો પછી તેને એક એક દુ:ખ દૂર કરવાની જરૂર રહેતી નથી. આ વાત બરાબર સમજવાની જરૂર છે કે દુ:ખ શું છે અને તેનું મૂળ કારણ શું છે. એ જાણવાની જરૂર છે કે દુ:ખ અને પીડા શું છે અને કેમ છે. ઘણાં દુ:ખ છે. એક દુ:ખને દૂર કરે ત્યાં બીજું દુ:ખ ઘેરી લે છે અને બીજું દુ:ખ દૂર કરે ત્યાં ત્રીજું ઘેરી લે છે. જે એક એક દુ:ખને દૂર કરવામાં લાગેલો છે તે સંસારી છે અને જે સમસ્ત દુ:ખને દૂર કરવામાં લાગેલો છે અર્થાત્ દુ:ખના મૂળ કારણને જ છેદવા જે તત્પર થયો છે તે સાધક છે. જે એક એક બીમારીને દૂર કરવામાં લાગેલો છે તે સંસારી છે અને જે બીમારીમાત્રને, બીમારીના કારણને જ છેદવામાં તત્પર છે તે સાધક છે, સંન્યાસી છે.

દુ:ખ પડે ત્યારે એ ખોજ કરવાની જરૂર છે કે દુ:ખ ખરેખર શું છે અને કેમ છે? કોઈ ઘટના બને છે તો આપણે દુ:ખી કેમ થઈએ છીએ? દુ:ખ ખરેખર છે કે દુ:ખનો ભ્રમ છે? શું દુ:ખ ખરેખર ઘટે છે કે પછી આજુબાજુ કાંઈક બને છે અને આપણે એમ સમજી લઈએ છીએ કે આપણને દુ:ખ ઘટી રહ્યું છે? વાસ્તવમાં દુ:ખની ઘટના-પ્રક્રિયા શું છે?

જ્યારે સિકંદર વિજયયાત્રા પર નીકળ્યો હતો ત્યારે એના ગુરુએ એને ભેટરૂપે ભારતથી એક સાધુ લાવવાનું કહ્યું હતું. સિકંદર ભારત જીતીને યુનાન પાછો ફરતો હતો ત્યારે એને આ વાત યાદ આવી. એના સેનાપતિએ કહ્યું કે

'ભારતના સાધુને લઈ જવા મુશ્કેલ છે.' સિકંદરે ગર્વથી કહ્યું કે 'સિકંદરમાં એવી તાકાત છે કે એ ચાહે તો આખા પર્વતને બાંધીને યુનાન લઈ જાય, ઇચ્છે તો આખો દેશ બાંધીને લઈ જાય! એક સાધુને નહીં લઈ જઈ શકે તો એની તલવાર શું કામની?' સેનાપતિએ કહ્યું કે 'જેની સામે તલવાર પણ નકામી ઠરે, નીચે પડી જાય એ જ તો છે સાધુ!' સિકંદરને આશ્ચર્ય થયું, છતાં એણે સાધુની શોધ શરૂ કરાવી. થોડા વખતમાં ખબર મળી કે એક સાધુ નદીના કિનારે રહેતા હતા. સિકંદરે સૈનિકોને એ સંદેશા સાથે સાધુ પાસે મોકલ્યા કે સિકંદરની આજ્ઞા છે કે એમની સાથે યુનાન ચાલો. સન્માન મળશે, પ્રતિષ્ઠા મળશે. સાધુએ કોઈ પ્રતિભાવ ન આપ્યો. સિકંદર અપમાનિત થયો. એ તો ધસી ગયો ખુલ્લી તલવાર સાથે. સાધુને તલવારના બળ પર લઈ જવા એણે ઇચ્છ્યું. પણ સાધુ તો નિશ્ચળ રહી બોલ્યા, 'જેને તમે તલવારના બળ પર લઈ જવા ઇચ્છો છો તે તો ઘણા કાળ પહેલાં અમે છોડી દીધું છે. ઘણા સમયથી તેનો અને અમારો સંબંધ તૂટી ગયો છે. ચલાવો તલવાર. જેને તમે સમાપ્ત કરવા ઇચ્છો છો તેને - આ દેહને તો અમે ક્યારનોય પોતાથી છૂટો કરી દીધો છે. હવે તો તમે અને અમે બન્ને એને નષ્ટ થતાં દેખીશું. હું પણ દ્રષ્ટા અને તમે પણ દ્રષ્ટા! બન્ને આ દૃશ્યને જોઈશું. જેને તમે નષ્ટ કરશો તે હું નથી. હું તો એ છું, જે એને નષ્ટ થતાં જોશે. જે કાપી શકાય છે, નષ્ટ કરી શકાય છે તે તો મારાથી ભિન્ન છે. હું તો એનાથી સાવ ભિન્ન છું. એની પાછળ દૂર, ખૂબ દૂર ઊભો છું. એનો માત્ર જાણનાર છું.'

## દુઃખનું કારણ તાદાત્મ્ય

જેના ઉપર ઘા થાય છે તેની પાછળ આપણું હોવું છે. જેને પીડા થાય છે, કષ્ટ પડે છે તેનાથી આપણું અસ્તિત્વ ઘણું દૂર-જુદું-પાછળ છે. જે શરીરની મુખ્યતા કરીને બધાં દુઃખ - કષ્ટ દૂર કરવામાં આપણે લાગેલા છીએ તે તો આપણાથી ભિન્ન છે. આ શરીર સાથેનું તાદાત્મ્ય એ જ આપણાં સમસ્ત દુઃખનું મૂળ કારણ છે. 'હું શરીર છું' એવી માન્યતા એ જ બધાં દુઃખનું મૂળ કારણ છે તો બધા આનંદનું મૂળ કારણ છે 'હું શરીર નથી' એવું જાણી લેવું!

જ્યાં સુધી 'હું શરીર છું' એ સમજણ છે, મિથ્યા બોધ છે ત્યાં સુધી સંસારમાં છીએ અને 'હું શરીર નથી પણ તેનાથી ભિન્ન છું' એ જાણી લેતાં મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય છે. ધર્મ એટલે એ બોધ કે 'હું શરીર નથી'. અધર્મ એટલે એ બોધ કે 'હું શરીર છું'. જો જીવને એવો બોધ હોય કે 'હું શરીર છું' તો તે સાધુ હોય તોપણ સંસારી છે, ભક્તિ કરતો હોય તોપણ અધર્મી છે. 'હું શરીર છું' એવા મિથ્યા બોધની સાથે જે કંઈ પણ કરવામાં આવે એની ગણતરી જ્ઞાની ભગવંતો સંસારમાર્ગમાં કરે છે. 'હું શરીર નથી' એવી જાગૃતિપૂર્વક કંઈ પણ કરવું એ છે મોક્ષમાર્ગ.

અન્યના વસ્ત્રનો સ્પર્શ થઈ જાય અને વ્રતાદિભંગની જે અરેરાટી થાય છે એવી અરેરાટી દેહભાવનો સ્પર્શ થતાં ઊઠે છે ખરી? ક્યાં સુધી ધર્મનો સંબંધ માત્ર આવી ઉપરની, બહારની ઘટના સાથે જોડી રાખીશું? સાધક તો તે

કહેવાય કે જે શરીરને પણ દશ્ય જ ગણે, પોતાનો એક ભાગ નહીં!

## શરીર વસ્ત્ર છે

ધર્મ એટલે શરીર સાથે તાદાત્મ્ય થયેલ ચેતનાનું મુક્ત થવું, છૂટા થઈ જવું. પરંતુ ધર્મને સમજ્યા વિના લાખો લોકો શરીર, વસ્ત્રાદિ સાથે એવી પ્રગાઢતાથી બંધાઈ ગયા છે કે તેનાથી તેઓ મુક્ત થઈ શકતા નથી. જ્ઞાનીઓ કહે છે કે ધર્મ એટલે તમારી અંતઃચેતનામાં એ બોધ દૃઢ થઈ જવો કે કાયા એ તો કપડાંની પેઠે માત્ર એક ખોળ છે કે જેને તમે ઓઢી છે, પહેરી છે. ભલે સાથે છે પણ અલગ છે, સાથે હોવા છતાં ભિન્ન છે અને આ ભિન્નતાનો બોધ તમારામાં એવો દૃઢ થઈ જવો જોઈએ કે તેના દુઃખે દુઃખી કે સુખે સુખી રહેવાની અનાદિની ટેવ નષ્ટ થઈ જાય.

શરીરરૂપ વસ્ત્રને જે પહેરે છે તે શરીરથી ભિન્ન છે. જે જન્મ સમયે આ શરીરમાં પ્રવિષ્ટ થાય છે તે આ શરીરથી અલગ છે, જે મૃત્યુ સમયે આ શરીરને છોડે છે તે આ શરીરથી અલગ છે અને જે જીવનભર આ શરીરમાં રહે છે તે પણ આ શરીરથી અલગ જ છે! જે દિવસે આ બોધ થઈ જાય તે દિવસથી યથાર્થ ધર્મની આરાધના શરૂ થઈ કહેવાય.

## શરીર ઘર છે

જ્ઞાની ભગવંતો કહે છે કે તમને એવો બોધ થઈ ગયો છે કે 'હું શરીર છું'. જે ઘરમાં રહો છો તે ઘરમાં અહંબુદ્ધિ (મમબુદ્ધિ નહીં પણ હુંબુદ્ધિ) થઈ ગઈ છે. 'હું ઘર છું' એમ માનવાથી તમારા દુઃખનો કોઈ પાર રહેતો નથી. છાપરું રંગાય તો હું રંગાયો, છાપરું તૂટે તો હું તૂટ્યો, મકાનની દીવાલ ઉપર લગાડેલ પ્લાસ્ટર ઊખડવા લાગે તો હું જીર્ણ થઈ રહ્યો છું, મકાનને આગ લાગે તો હું બળી રહ્યો છું - પણ ન તો તમે રંગાઈ રહ્યા છો, ન તૂટી રહ્યા છો, ન જીર્ણ થઈ રહ્યા છો, ન બળી રહ્યા છો. તમે તો માત્ર એ મકાનમાં થોડો સમય રહેવાવાળા છો. જે કંઈ બની રહ્યું છે તે મકાન સાથે બની રહ્યું છે, તમને કંઈ જ થઈ રહ્યું નથી. આ સંસારમાં અનેક ઘટનાઓ ઘટે છે પણ એ બધી મકાન સાથે ઘટી રહી છે, મકાનની અંદર રહેનારા સાથે ઘટી રહી નથી.

•

આમ, દુઃખનું કારણ એ નથી કે સંસારમાં ઘટનાઓ ઘટી રહી છે પણ દુઃખનું કારણ છે એવી ભ્રાંતિ કે એ ઘટનાઓ પોતાની સાથે ઘટી રહી છે. જગતની કોઈ શક્તિ તમારા આત્માને સ્પર્શી શકતી નથી, તમને કંઈ જ કરી શકતી નથી. હા, તમારામાં શક્તિ છે આત્માને દુર્ગતિમાં લઈ જવાની! તમારું અનંતું અહિત અને અનંતું હિત કરવાની શક્તિ માત્ર તમારામાં જ છે. જે પણ થાય છે તે બહાર થાય છે, ઘરની બહાર થાય છે પરંતુ 'હું શરીર છું' એવી ભ્રાંતિના કારણે બધી પીડા ઘરવાળાને થાય છે. શરીર

સાથેનું આ તાદાત્મ્ય - ઐક્યબુદ્ધિ એ જ દુઃખનું કારણ છે.

જ્ઞાનીપુરુષો કહે છે કે ધર્મની મૂળ શિક્ષા એક વાતમાં સમાઈ જાય છે અને તે એ કે વ્યક્તિ એમ જાણી લે કે પોતે શરીર નથી. પ્રતિઘડી, દુઃખમાં-સુખમાં, પીડામાં-અપીડામાં નિરંતર એ બોધથી પ્રભાવિત રહેવું કે તમે શરીર નથી. ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં, ભોજન કરતાં-ઉપવાસ કરતાં એ બોધથી પ્રભાવિત રહેવું કે તમે શરીર નથી. આત્મ-સિદ્ધિનો માર્ગ આ છે.

## રૂપીનો જ સ્વીકાર

સંસારી જીવની તકલીફ એ છે કે તેનું જ્ઞાન ઇન્દ્રિયોના માધ્યમથી પ્રવર્તી રહ્યું હોવાના કારણે તે માત્ર રૂપી પદાર્થોનો જ સ્વીકાર કરે છે. જે પણ તેને ઇન્દ્રિયો દ્વારા અનુભવમાં આવે છે, એનો જ તે સ્વીકાર કરે છે.

જે આપણને દેખાય છે તે રૂપ છે, આકાર છે. જે આપણને નથી દેખાતું તેનું પણ અસ્તિત્વ છે. તમે મને જુઓ છો ત્યારે તમે હાથ જુઓ છો, પગ જુઓ છો, ચામડી જુઓ છો, આંખ-કાન જુઓ છો. તમે ઇન્દ્રિયોની પકડમાં આવે તે જુઓ છો, પરંતુ હું જાણું છું કે હું તમે જુઓ છો કે છો તેના કરતાં કંઈક વિશેષ છું, કંઈક વધારે છું. એની પ્રતીતિ મને છે. હું જાણનાર છું, વિચારનાર છું, ક્રોધાદિ ભાવ મારામાં છે જે તમારી ઇન્દ્રિયોની પકડમાં આવતા નથી.

તેથી અનુમાન થઈ શકે છે કે હું ઇન્દ્રિયોથી જે જે પકડું છું એના કરતાં કંઈક વિશેષ સામેવાળામાં છે અને તે ઇન્દ્રિયોની પકડની બહાર છે. વળી એક દિવસ એવો આવે છે કે જેને આપણે કાલ સુધી જીવિત રૂપમાં જોતા હતા તેને આજે મૃત રૂપે જોઈએ છીએ. બધું જ ગઈ કાલ જેવું છે, છતાં કંઈ પણ એવું રહ્યું નથી! જ્યાં સુધી દેખાવાનો સંબંધ છે, ત્યાં સુધી તો તે બધું જ હમણાં છે જે ગઈ કાલ સુધી હતું. જે ઇન્દ્રિયની પકડમાં આવતું હતું તે બધું જ તો હાલ મોજૂદ છે પરંતુ જે ઇન્દ્રિયની પકડમાં આવતું ન હતું તે ચાલી ગયું છે, નીકળી ગયું છે, છૂટી ગયું છે, હટી ગયું છે અને જે છૂટી ગયું છે તે છૂટતાં દેખાયું નથી. શરીર નષ્ટ થાય છે, મૃત થાય છે પણ શરીરને છોડીને જઈ રહ્યું હોય એવું કોઈ દેખાતું નથી. તેથી જ વૈજ્ઞાનિકો સદા એમ કહે છે કે એવું કંઈ જ ભીતરમાં ભિન્ન તત્ત્વ નથી. આત્મા કોઈ ભિન્ન પદાર્થ નથી પરંતુ શરીરનો જ એક ગુણધર્મ છે, શરીરનાં જ અંગોનો એક ભાગ છે. જેમ કે, ઘડિયાળ ચાલતી બંધ થઈ જાય તો કોઈ એમ કહેતું નથી કે તેનો આત્મા નીકળી ગયો. તે એક યંત્ર છે અને તેમાં ખરાબી થતાં તે અટકી જાય છે.

**'નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;**
**બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ.'**
**(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, ગાથા-૪૫)**

તો આ અદૃશ્ય તત્ત્વને કઈ રીતે પ્રમાણિત કરી શકાય? કઈ રીતે તેનો સ્વીકાર થાય? કઈ રીતે તેના પ્રત્યે શ્રદ્ધા

જાગે? તર્કથી તો એ સિદ્ધ થવું મુશ્કેલ છે, પણ અનુભવથી એ અવશ્ય સિદ્ધ થઈ શકે છે. એક અંધ વ્યક્તિને પ્રકાશ વિષે ગમે તેટલું તર્કબદ્ધ રીતે સમજાવવામાં આવે તોપણ તર્કથી તેને પ્રકાશની સિદ્ધિ થઈ શકશે નહીં. અંધ વ્યક્તિને પ્રકાશનો ભરોસો કરાવવો તો દૂરની વાત છે, અંધારાનો પણ ભરોસો કરાવી શકાતો નથી. સામાન્યપણે એમ લાગે કે અંધને અંધારું જ દેખાયા કરતું હશે. પણ આ વાત યથાર્થ નથી. અંધને અંધારું પણ દેખાતું નથી, કારણ કે અંધારાને જોવા માટે પણ આંખ જોઈએ. પ્રકાશ અને અંધકાર બન્ને આંખના અનુભવ છે. આપણે અંધને એમ પણ નહીં કહી શકીએ કે પ્રકાશ અંધારાથી વિપરીત છે, કારણ કે તેને અંધારાનો પણ અનુભવ નથી. તેના જગતમાં પ્રકાશ અને અંધકાર, બેમાંથી કોઈનું અસ્તિત્વ નથી. તેની ભીતર પ્રકાશ અને અંધારા સંબંધી કોઈ સૂચના ક્યારે પણ ગ્રહણ થઈ નથી. ગમે તેવો તર્ક પણ તેને ભરોસો કરાવવામાં અસમર્થ છે. એક જ ઉપાય છે - આંખનો ઉપચાર. સ્વયં અનુભવ કરતાં તેને પ્રકાશની સિદ્ધિ થશે.

## ઇન્દ્રિય-અનુભવ કે ચિંતનથી પણ સિદ્ધિ નહીં

ધારો કે આકાશમાં ઇન્દ્રધનુષ રચાયેલું છે. આપણે એને જોઈએ છીએ. આપણે કહીએ છીએ કે ઇન્દ્રધનુષ છે. હવે આપણી આંખ બંધ કરવામાં આવે છે. આપણે કહીએ છીએ કે ઇન્દ્રધનુષ નથી. દેખાતું નથી માટે આપણે એનો અસ્વીકાર કરીએ છીએ, પણ વાસ્તવમાં તો તે છે, માત્ર આપણી

દૃષ્ટિમાં આવતું નથી. એ જ પ્રમાણે, કોઈ પદાર્થ કોઈ પણ કારણે (જેમ કે આડ, વ્યાઘાતાદિના કારણે) દેખાય નહીં એમ બની શકે પણ તેથી કંઈ તેનું અસ્તિત્વ મટી જતું નથી; તેમ અરૂપી હોવાથી આત્માનો અસ્વીકાર થાય છે પણ અરૂપી હોવાનો મતલબ એમ નથી થતો કે તેનું અસ્તિત્વ નથી.

આપણી પાસે પાંચ ઇન્દ્રિય છે. પાંચ ઇન્દ્રિય દ્વારા જે જે પદાર્થોનું જ્ઞાન થાય છે તેના જ અસ્તિત્વનો આપણે સ્વીકાર કરીએ છીએ. ધારો કે કોઈ જીવની પાસે માત્ર ચાર ઇન્દ્રિય છે, અર્થાત્ તેની પાસે કાન નથી. તો તેને જગતનું જે જ્ઞાન થાય છે એમાં શબ્દનો સ્વીકાર નથી. ધ્વનિનું અસ્તિત્વ તે સ્વીકારતો નથી. કોઈ જીવની પાસે ત્રણ ઇન્દ્રિય છે તો ત્રણ ઇન્દ્રિય દ્વારા તે જગતને જાણે છે. તેની પાસે આંખ પણ નથી તેથી તેના જગતમાં પ્રકાશ નથી. તે રૂપનો સ્વીકાર કરતો નથી. આમ, જેની પાસે ત્રણ ઇન્દ્રિય છે તેનું જગત ત્રણ ઇન્દ્રિયો દ્વારા જણાતા પદાર્થોમાં જ સમાપ્ત થઈ જાય છે. જેની પાસે ચાર ઇન્દ્રિય છે તેનું જગત ચાર ઇન્દ્રિયો દ્વારા જણાતા પદાર્થોમાં જ સમાપ્ત થઈ જાય છે. જેની પાસે પાંચ ઇન્દ્રિય છે તેનું જગત પાંચ ઇન્દ્રિયો દ્વારા જણાતા પદાર્થોમાં જ સમાપ્ત થઈ જાય છે. પણ તેનો અર્થ એમ નથી થતો કે તેને જેટલા પદાર્થો જણાય છે તેટલા જ પદાર્થોનું અસ્તિત્વ છે. ધારો કે કોઈની પાસે છઠ્ઠી ઇન્દ્રિય છે તો તે પોતાની છઠ્ઠી ઇન્દ્રિયની વિશેષ શક્તિ દ્વારા એવા પદાર્થોના અસ્તિત્વનો પણ સ્વીકાર કરશે કે જે પાંચ ઇન્દ્રિય દ્વારા પકડમાં ન આવતા હોય. તેથી ઇન્દ્રિય દ્વારા પકડમાં

આવતા પદાર્થોનું જ અસ્તિત્વ છે એ વાત અયોગ્ય છે.

વળી, મન ઇન્દ્રિયોનું અનુગામી છે. આંખ, કાન વગેરે જે સમાચાર મોકલે તેને ભેગા કરી મન તેનું ચિંતન કરે છે અર્થાત્ મન તેનું જ ચિંતન કરી શકે છે કે જે ઇન્દ્રિયોની પકડમાં આવી શકે. ઇન્દ્રિયો જેટલું જાણી શકે છે તેનું જ ચિંતન, તેની જ કલ્પના મન કરી શકે છે. આત્મતત્ત્વ અતીન્દ્રિય હોવાથી તેને પોતાને કોઈ ઇન્દ્રિય નથી અને નથી તે કોઈ ઇન્દ્રિયની પકડમાં આવતું. મન પણ તેનું ચિંતન કરી શકતું નથી, કારણ કે આત્મતત્ત્વ ઇન્દ્રિયોની પકડમાં આવતું નથી. ઇન્દ્રિયો તેને કદાપિ જાણી શકતી નથી. તેને આંખ દેખી શકતી નથી, કાન સાંભળી શકતા નથી. તે ઇન્દ્રિયોથી આઘે રહી જાય છે અને જે ઇન્દ્રિયોથી દૂર-પાર છે તેનું ચિંતન પણ સંભવતું નથી.

આત્મા અચિંત્ય છે, અતીન્દ્રિય છે. પણ તે સ્વાનુભવગમ્ય છે. બીજા બધા પદાર્થોનું જ્ઞાન તો ઇન્દ્રિયો દ્વારા આપણને થાય છે પણ 'હું છું' એવું સ્વયંનું જ્ઞાન આપણને કઈ ઇન્દ્રિય દ્વારા થાય છે? પ્રકાશનું જ્ઞાન આંખથી થાય છે, ધ્વનિનું જ્ઞાન કાનથી થાય છે પણ 'હું છું' એવો જે બોધ આપણને છે તે કઈ રીતે થાય છે?

## નિષેધ દ્વારા સ્વીકાર

'હું છું' એવો બોધ આસ્તિકને પણ થાય છે અને નાસ્તિકને

પણ **થાય** છે, અધ્યાત્મવાદીને પણ થાય છે અને ભૌતિક-વાદી**ને પણ** થાય છે. અને કોઈ જો એમ કહે કે 'ના, હું નથી' તો નિષેધ કરવા માટે પણ તેણે સ્વયંનો સ્વીકાર તો કરવો જ રહ્યો! 'હું'નો, પોતાનો નિષેધ થઈ શકતો નથી, કારણ કે નિષેધ કરવામાં પણ સ્વીકારની મજબૂરી રહેલી છે.

મુલ્લા નસરૂદ્દીન કૉફી હાઉસમાં મિત્રો સાથે ગામગપાટાં હાંકતાં બેઠા હતા. મૈત્રી અને ઉદારતાની તાનમાં તેઓ મિત્રોને ઘરે આવવાનું નિમંત્રણ આપી બેઠા. ત્યાંથી જ બધા સાથે મળી મુલ્લાજીની સાથે તેમના ઘરે જવા નીકળ્યા. જેમ જેમ ઘર નજીક આવતું ગયું તેમ તેમ મુલ્લાજીને બેગમનો મિજાજ યાદ આવવા લાગ્યો. ઘર સુધી પહોંચતા તો તેઓ ઠંડા થઈ ગયા. તેથી મિત્રોને બહાર ઊભા રાખી બેગમને મનાવવા તેઓ એકલા અંદર ગયા. મિત્રોની સરભરા માટે બેગમને રાજી કરવા તેમણે ખૂબ પ્રયત્ન કર્યા પણ નિષ્ફળ જ રહ્યા. બેગમ ન માની તે ન જ માની. અંતે હારીને તેમણે બેગમને કહ્યું કે તું જ બહાર નીકળી મિત્રોને એમ કહીને વિદાય કરી દે કે મુલ્લા ઘરમાં નથી.

હવે ખંટપટ બેગમ અને મિત્રો વચ્ચે શરૂ થઈ. મિત્રો કહે કે મુલ્લા અમારી નજર સામે જ ઘરની અંદર ગયા છે, અત્યાર સુધી તેમનો અવાજ સંભળાતો હતો. તેઓ ક્યાંય બહાર ગયા નથી. ઘરમાં જ છે.

મિત્રોએ એટલી જીદ કરી કે મુલ્લાજી અંદર બેઠા બેઠા પણ ઉત્તેજિત થઈ ગયા. તેમણે બારીમાંથી બૂમ પાડી કહ્યું, 'તમે

આટલું ચોક્કસપણે કઈ રીતે કહી શકો કે હું ઘરમાં જ છું? એવું શું ન બની શકે કે હું પાછલા દરવાજેથી બહાર નીકળી ગયો હોઉં?!' 'હું ઘરમાં નથી' એમ કહેવા માટે પણ માણસે ઘરમાં તો રહેવું પડે ને! પોતાની ઉપસ્થિતિનો નિષેધ કરવામાં પણ મુલ્લાજીએ પોતાનું હોવાપણું સિદ્ધ કરી દીધું. તેમ, આત્માની શંકા કરવામાં, આત્માનો નિષેધ કરવા જતાં આત્માનું અસ્તિત્વ સિદ્ધ થઈ જાય છે.

**'આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;**
**શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ.'**
**(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, ગાથા-૫૮)**

## 'હું છું'નો બોધ

'હું છું'નો બોધ સર્વ જીવને હોય છે. એનો સ્વીકાર પણ હોય છે. પ્રશ્ન થાય કે કઈ રીતે આપણે જાણ્યું કે 'હું છું'? કયો ઉપાય, કઈ વિધિ, કયું ઉપકરણ, કઈ ઇન્દ્રિય, કયા માધ્યમ વડે આપણને ખબર પડી કે 'હું છું'? ઇન્દ્રિયો દ્વારા તો આ ખબર પડી નથી. આ અનુભવ ઇન્દ્રિયો દ્વારા ઉપલબ્ધ થયો નથી. પોતાના હોવાપણાનો બોધ કોઈ ઇન્દ્રિયોથી પ્રાપ્ત થયો નથી. એક એક ઇન્દ્રિયોને છૂટી કરવામાં આવે, કામ કરતી બંધ કરવામાં આવે તોપણ આ બોધ અસ્ખલિત રહે છે. **'અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.' (શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, ગાથા-૫૧)**

આંખ બંધ કરવામાં આવે તો શક્ય છે કે જગત નાનું - સીમિત થઈ જાય, કદાચ દરિદ્ર પણ થઈ જાય અને એમ છતાં 'હું'નો બોધ તો એવો ને એવો જ રહે છે. એ જ પ્રમાણે, બીજી ઇન્દ્રિયો નષ્ટ થઈ જાય કે તેની ક્ષમતા ઓછી થઈ જાય અથવા તો હાથ-પગ કપાઈ જાય તોપણ પોતાના હોવાપણાના બોધમાં ફરક પડતો નથી. જગત નાનું થઈ જાય છે પણ એ બોધમાં ફરક પડતો નથી. આ 'હું'નો બોધ, સ્વયંનો બોધ, આત્મબોધ કોઈ ઇન્દ્રિય દ્વારા થતો ન હોવાથી એ અતીન્દ્રિય છે. આ રીતે પોતાને પોતાનો બોધ થતો હોવાથી આત્મતત્વ જ્ઞાનસ્વરૂપ છે. તે ઇન્દ્રિયો દ્વારા જગતનું જ્ઞાન કરે છે, ઇન્દ્રિયો તેનું ઉપકરણ છે પણ ઇન્દ્રિયો તેની અનિવાર્યતા નથી. તે ઇન્દ્રિયો વિના પણ જ્ઞાન કરી શકે છે. વાસ્તવમાં ઇન્દ્રિયો જ્ઞાન કરતી જ નથી, આ જ્ઞાનધારક પદાર્થ જ ઇન્દ્રિયોરૂપી બારી દ્વારા જ્ઞાન કરે છે. રૂપથી પર હોવા છતાં ચૈતન્યસ્વરૂપી આત્મા પોતાની જ્ઞાનશક્તિથી બધાં રૂપોને જાણે છે. **'જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ'. (શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, ગાથા-૫૧)**

### દશ્ય નહીં, દ્રષ્ટા

બધાને દેખવાવાળો આત્મા સ્વયં પોતાને દેખી શકતો નથી, કારણ કે તે બધાં દશ્યોનો દ્રષ્ટા છે. સ્વયંને જોવાનો કોઈ ઉપાય નથી. સ્વયંનો અનુભવ થાય છે, સ્વયંની પ્રતીતિ થાય છે પણ સ્વયંનું દર્શન નથી થતું, થઈ શકે જ નહીં, કારણ કે દર્શન તેનું થઈ શકે કે જે અલગ હોય, પરાયું

હોય. તો સ્વયંને કઈ રીતે જોઈ શકાય? જોવા માટે તો દૂર થવું પડે, અલગ થવું પડે, ભિન્ન થવું પડે, વચમાં જગ્યા હોવી જોઈએ. હું મારો જ દ્રષ્ટા બનું તો મારે મને બે ભાગમાં તોડવો પડે - એક જે જુએ છે તે અને એક જે જોવાય છે તે. આ સંભવ નથી. હું બે ભાગમાં તૂટી શકું નહીં. હું તો સદા દ્રષ્ટા જ રહીશ. દ્રષ્ટા કદી દૃશ્ય થઈ શકે નહીં. હું દૃશ્ય કઈ રીતે બની શકું? હું તો દર્શન-જ્ઞાનમય છું, જોવા-જાણવાવાળો છું, નિરંતર દરેક સ્થિતિમાં જાણવાવાળો રહું છું. ભીતર જે ચેતના છુપાયેલી છે તે અનિવાર્યપણે દ્રષ્ટા છે, તે ક્યારેય પણ દૃશ્ય થતી નથી; તેથી તેના દ્વારા બધાને જોઈ શકાય છે પણ ક્યારેય આત્માને જોઈ શકાતો નથી.

## એક જ ઉપાય : પીગળવું

આત્મા સદા દ્રષ્ટા છે. તેને જોઈ શકાતો નથી. આ સાંભળતાં પ્રશ્ન ઊઠે કે તો પછી આત્મજ્ઞાન એટલે શું? આત્મદર્શન એટલે શું? જ્ઞાની ભગવંતો કહે છે કે જે રીતે પરપદાર્થનું જોવું-જાણવું થાય છે તેવી રીતે પોતાનું દર્શન-જ્ઞાન સંભવતું નથી. જે રીતે પરપદાર્થ જણાય છે એ રીતે પોતાને જાણવું શક્ય નથી. હા, પણ તમે એમાં વિલીન થઈ શકો છો. એનું સ્વસંવેદન શક્ય છે. એનો સ્વાનુભવ શક્ય છે. એમાં તમે વિલીન થઈ શકો છો, ખોવાઈ જઈ શકો છો, વિસર્જિત થઈ શકો છો અને એ જ એને જાણવું છે. એનાથી ભિન્ન રહીને એને જાણવું હોય તો વચ્ચે જગ્યા

જોઈશે, અંતર જોઈશે. બુંદ સાગરને કઈ રીતે જાણી શકે? બુંદ સાગરમાં પડી જાય, પડીને એક થઈ જાય અને એકરૂપ થઈને તે જેમ સાગરને જાણે; બસ, તેવી રીતે પોતાને જાણી શકાય છે - વિના ઇન્દ્રિય, વિના મન! શુદ્ધ સ્વરૂપ અને તમારી વચ્ચેનું અંતર દૂર કરવું હોય તો કઈ રીતે કરશો? પોકારવાથી, બૂમો પાડવાથી, ચિંતન કરવાથી તેની પાસે નહીં જઈ શકો. બોલાવવાથી કામ નહીં થાય, વિલીન થવાથી કામ થશે. જેમ જેમ તમે પીગળવા લાગશો; તેમ તેમ તમે નિકટ સરકવા લાગશો, એક થવા લાગશો. જે દિવસે તમે પૂર્ણપણે વિલીન થઈ જશો તે દિવસે સ્વયંને જાણી લેશો, એક થઈ જશો.

જેમ બરફની કોઈ શિલા પાણીમાં વહી જતી હોય. એ પોકાર કરે, ઘાંટા પાડે કે મારે સાગરને મળવું છે પણ જો એ પીગળે નહીં તો? એ સાગરમાં જ છે તેથી બૂમો પાડવાથી કંઈ થશે નહીં, સાગરને બોલાવવાનો કોઈ અર્થ નથી. સાગર ત્યાં જ છે. એ સાગરમાં જ તરી રહી છે. અને છતાં એ સાગરને મળવા ઇચ્છે છે તો ક્યાં શોધે સાગરને? કેટલું શોધે છે પણ કોઈ ભાળ મળતી નથી! આવી જ દશા તમારી છે. બરફની શિલાએ એક જ ઉપાય કરવાનો છે. એ જો પીગળી જાય તો અહીં જ, પોતે જ્યાં છે ત્યાં જ એને પરમાત્મા, સાગર ઉપલબ્ધ થઈ જાય. જરૂર છે માત્ર પીગળવાની. આ રીતે કર્મકૃત વ્યક્તિત્વને વિલીન કરી, અહંકારને ઓગાળી, ઉપયોગને શાંત કરતાં આત્મપ્રાપ્તિ થાય છે.

## દુઃખનું કારણ

'હું શરીર નથી, હું ચૈતન્યસ્વરૂપી આત્મા છું' એ બોધનું દૃઢ થવું એ જ ધર્મની સાચી આરાધના છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ભિન્ન ભિન્ન ન્યાય દ્વારા આત્માના અસ્તિત્વની સિદ્ધિ કરી તેનું સ્વરૂપ સમજાવ્યું છે અને તેને પ્રાપ્ત કરવાનો દિવ્ય માર્ગ દર્શાવ્યો છે. 'હું શરીર અને મનથી પર એવો સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા છું' એવો નિર્ણય પ્રથમ થવો જોઈએ. પોતાનું સ્વરૂપ ન સમજવાના કારણે જ જીવ અનંત દુઃખ પામ્યો છે. માત્રા - તીવ્રતાની દૃષ્ટિએ પણ અનંત અને કાળની દીર્ઘતાની અપેક્ષાએ પણ અનંત! જીવના આ અનંત દુઃખનું કારણ કોઈ અન્ય વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ કે ઘટના નથી પણ પોતાના કેન્દ્રથી ચ્યુત થઈ જવું એ છે. પોતે આનંદનું ધામ છે પણ પોતાના કેન્દ્રથી છૂટા થઈ જવાથી અને શરીર સાથે ઐક્ય થઈ જવાથી તે દુઃખનો અનુભવ કરે છે. દુઃખનું વાસ્તવિક કારણ પોતાના કેન્દ્ર ઉપર ન હોવું એ છે.

ગમે તેટલી વસ્તુઓની પ્રાપ્તિ થાય અને છતાં પણ દુઃખ ટળતું ન જણાય તો તેનું કારણ જ એ છે કે વસ્તુનો અભાવ એ દુઃખનું કારણ નથી. આજ સુધી મનુષ્યના ઇતિહાસમાં એવું બન્યું નથી કે કોઈએ એમ કહ્યું હોય કે મારી પાસે સર્વ વસ્તુઓ છે અને હું સુખી છું. ગમે તેટલી પ્રાપ્તિ થાય, મનુષ્યને ક્લેશ, તૃષ્ણા, ઇચ્છા તો રહે જ છે. બધું મળવા છતાં પણ તે દુઃખી છે - એવો જ દુઃખી કે જેવો વસ્તુઓના

અભાવ વખતે હતો. દુઃખમાં ફરક નથી પડતો. ઈચ્છિત સંયોગોની પ્રાપ્તિ થવા છતાં પણ દુઃખ ટળતું નથી એ એમ સિદ્ધ કરે છે કે દુઃખનો સંબંધ વસ્તુઓ સાથે નથી, દુઃખનો સંબંધ તો પોતાના કેન્દ્ર સાથે છે. આપણે આપણા કેન્દ્ર ઉપર નથી તે જ પીડા છે. કેન્દ્ર તરફ જવું એ જ સાધના છે. કેન્દ્રમાં સ્થિર થઈ જવું એ જ સિદ્ધિ છે.

દુઃખનું કારણ પૈસાની તંગી નથી પણ સ્વરૂપનું અજ્ઞાન છે - સ્વયં સાથે એકાત્મ્ય સધાયું નથી, પોતાની ઓળખ થઈ નથી એ છે. આપણે આપણાથી જ અપરિચિત છીએ. કેટલા બધાને ઓળખીએ છીએ પણ પોતાને નહીં! ધર્મ એટલે આત્મા સાથે પરિચિત થવાનો એક માર્ગ, સ્વરૂપ સાથે ઐક્ય કરવાની વિધિ, કેન્દ્ર ઉપર પહોંચવાનો ઉપાય.

## કેન્દ્રસ્થ થાઓ

આપણા ઘરમાં ત્રણ ખંડ છે. તેમાંથી બે જ ખંડ ખુલ્લા છે. આપણે આખી જિંદગી બે જ ખંડનો ઉપયોગ કરીએ છીએ. ત્રીજાની આપણને ખબર નથી, દરકાર નથી, ચિંતા નથી. આપણને તેનો પરિચય જ નથી. સંતો કહે છે કે તમારા ઘરમાં, તમારી ભીતર જ પ્રકાશ છે, આનંદ છે, સર્વ સંપત્તિ પડી છે. તમે પ્રયાસ તો કરો એ શોધવાનો. તમે સુખની ખોજ પોતામાં કરવાને બદલે બહાર જ કરતા રહો છો. જ્ઞાની ભગવંતોનો બોધ સાંભળીને તમે તમારા ઘરમાં ક્વચિત્ ડોકિયું પણ કરો છો, તમને પરિચિત છે એવા

બે ખંડમાં - શરીરના અને મનના ખંડમાં શોધો પણ છો પરંતુ તમને કંઈ મળતું નથી - સિવાય કે ઘોર અંધકાર, નર્યું દુઃખ. તો હવે જે ત્રીજો ખંડ છે તેમાં તલાશ કરો - આત્માના ખંડમાં! બંધ, અપરિચિત રહેલ આ ત્રીજા ખંડની જ જ્ઞાની ભગવંતો વાત કરે છે. વાસ્તવમાં એ જ તો તમારું સાચું ઘર છે, કેન્દ્ર છે. ધર્મ એટલે આ ખંડમાં પ્રવેશવાની, કેન્દ્રસ્થ થવાની વિધિ.

•

## સુખ સ્વરૂપમાં સ્થિત થવાથી મળે

અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય પોતાની ભીતર રહેલાં છે. માત્ર આવરણ દૂર કરવાની જરૂર છે. જેઓ ભીતર જઈ પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપનો અનુભવ કરે છે, તેમના જીવનમાં એવું તો રૂપાંતરણ ઘટે છે કે અન્ય જીવોને પણ તેમનું નિરીક્ષણ કરતાં એવો અણસાર આવવા લાગે છે કે અંતરમાં સુખ છે. સ્વરૂપસ્થિત પુરુષોમાંથી એવી સુગંધ પ્રગટે છે, એવું સંગીત ફેલાય છે, એવો પ્રકાશ રેલાય છે.....પરમ શાંતિ, પરમ વિશ્રામ, પરમ તૃપ્તિની એવી ઝલક મળે છે કે જેથી ભીતર સુખનું ધામ છે એવી શ્રદ્ધા જાગે છે. સંસારના પદાર્થો પ્રત્યેનું તેમનું ઇચ્છારહિતપણું એ જ તેમની સુખસ્વરૂપમાં સ્થિરતા અને પરિતૃપ્તિની નિશાની છે.

કોઈ નાના બાળકની સામે તેને ભાવતા હોય એવા મિષ્ટાન્નાદિ પદાર્થ મૂકવામાં આવે અને છતાં જો તે હાથ

લંબાવે નહીં, ખાવા માટે ધસે કે હસે નહીં તો એનું કારણ શું હોઈ શકે? એ જ કે તેનું પેટ ભરેલું છે, તે ખાઈને આવ્યું છે, તે તૃપ્ત છે! એ જ રીતે, સંતોની પરપદાર્થ પ્રત્યેની ઉદાસીનતા જોઈને ભાસે છે કે તેઓ અંદર જઈને આવ્યા છે. બીજાને ચિત્તાકર્ષક અને મોહક લાગતા પદાર્થોની વચ્ચે કે અશાંતિનાં નિમિત્તોની મધ્યમાં પણ તેમને કોઈ ફરક પડતો નથી, આ તથ્યનું નિરીક્ષણ કરતાં એવો ભરોસો બેસે છે કે તેમણે અંતરના સુખનો અનુભવ કર્યો છે.

## ભીતર શોધો

જીવે અનંત કાળથી આજ પર્યંત બહાર જ ફાંફાં માર્યાં છે. સ્વસ્વરૂપનું અજ્ઞાન હોવાના કારણે ઉપયોગ ઇન્દ્રિયો દ્વારા પરપદાર્થમાં જ ભમ્યા કરે છે, ભટકતો રહે છે. પરિણામે જીવ સુખની ખોંજ બાહ્યમાં જ કર્યા કરે છે. એટલો પણ તે વિચાર કરતો નથી કે સુખ બહાર મળશે કે નહીં. જ્ઞાની ભગવંતો કહે છે કે તું સુખી નથી અને જો તારે સુખની શોધ કરવી છે તો પ્રથમ નક્કી કર કે સુખની શોધ ક્યાં કરવાની છે. બે વિકલ્પ છે - પહેલાં પોતાના ઘરમાં (ભીતરમાં) શોધવું, ન મળે તો બહાર શોધવું; અથવા તો પ્રથમ બહાર શોધવું અને ન મળે તો ભીતર આવવું. જગતમાં અનંતા પદાર્થ છે. એક એક પદાર્થનો ઉપભોગ કરી નિર્ણય કરવા જતાં અનંત જીવનની જરૂર પડશે. અનંત ભવનાં અનંત દુઃખોનું જોખમ લેવું યોગ્ય છે ખરું? શું એમાં બુદ્ધિમત્તા નથી કે વિરાટ દુનિયામાં શોધવા જઈએ એની

પહેલાં આપણા નાનકડા ઘરમાં શોધ કરી લેવી જોઈએ? કોઈ ગૃહિણીનો ચાવીનો ઝૂડો ખોવાઈ ગયો હોય તો એણે બીજા બધાનાં ઘરોમાં શોધી છેલ્લે પોતાના ઘરમાં શોધવું જોઈએ કે પહેલાં પોતાના ઘરમાં શોધી, પછી ન મળે તો બીજાનાં ઘરોમાં શોધવું જોઈએ? જેણે જેણે પોતાના ઘરમાં શોધ કરી છે તેને ક્યારેય નિષ્ફળતા મળી નથી, તેને ક્યારેય બહાર જવાની જરૂર પડી નથી અને જેણે પણ બહાર શોધ કરી છે તેને ક્યારેય સફળતા મળી નથી. અંતે ભીતર જવું જ પડે છે. અંતે હારીને ભીતર જવાનો વારો જ આવવાનો હોય તો શરૂઆત એનાથી જ કેમ ન કરવી? આપણી સામે સફળ વ્યક્તિઓ અને નિષ્ફળ વ્યક્તિઓ - બન્નેનાં દૃષ્ટાંતો મોજૂદ છે, તો પછી કેમ આપણે નિષ્ફળ વ્યક્તિઓના જ રસ્તે ચાલવા ઇચ્છીએ છીએ? આ એક મોટી વિટંબના છે.

## દુઃખ કેમ ગમતું નથી?

ક્યારેક પણ એવો પ્રશ્ન થયો છે ખરો કે આ જીવને દુઃખ કેમ ગમતું નથી? એને સુખની ઇચ્છા કેમ છે? કેમ એને દુઃખથી મુક્ત થવું છે? સર્વ જીવ દુઃખને ઇચ્છતા નથી, પણ કેમ? આશ્ચર્યની વાત તો એ છે કે જીવમાત્રને દુઃખ ગમતું નથી, આખી જિંદગી દુઃખ દૂર કરવા માટે એ પ્રયત્ન કરે છે અને છતાં આવો પ્રશ્ન એને ઊઠ્યો જ નથી કે કેમ મને દુઃખ ગમતું નથી?

જ્ઞાનીઓ તેનો જવાબ આપે છે કે દુઃખ તને નથી ગમતું,

કારણ કે તે વિજાતીય છે, તારા સ્વરૂપથી વિપરીત છે. તારું સ્વરૂપ **સુખ**રૂપ છે માટે તને દુઃખ નથી ગમતું. દુઃખ ન ગમવાનું કારણ એ છે કે ભીતર તારું સ્વરૂપ આનંદ છે. જો તારું સ્વરૂપ દુઃખ હોત તો તને દુઃખનો વિરોધ ન થાત. જ્યારે પણ દુઃખ આવે, તું તેને પ્રેમથી ગ્રહણ કરી લેતો હોત, કારણ કે તે તારા સ્વરૂપને અધિક સમૃદ્ધ કરતું હોત. પરંતુ કોઈ દુઃખને ગ્રહણ કરતું નથી. એથી સિદ્ધ થાય છે કે દુઃખ સ્વરૂપને સમૃદ્ધ નથી કરતું, દુઃખ સ્વરૂપથી વિપરીત છે.

જો દુઃખ સ્વરૂપથી વિપરીત છે તો સ્વરૂપ સુખરૂપ છે. સુખ આપણે ઇચ્છીએ છીએ, કારણ કે આપણું સ્વરૂપ સુખરૂપ છે. સ્વરૂપથી જે ભિન્ન હોય, વિજાતીય હોય તેની ઇચ્છા નહીં થાય, તેનાથી મુક્ત થવા જીવ પ્રયત્ન કરે જ. આપણે મૃત્યુને નથી ઇચ્છતા, કારણ કે આપણું સ્વરૂપ અમૃત છે; ભયને નથી ઇચ્છતા, કારણ કે સ્વરૂપ અભય છે; દીનતાને નથી ઇચ્છતા, કારણ કે સ્વરૂપ પ્રભુતામય છે; વિકારને નથી ઇચ્છતા, કારણ કે સ્વરૂપ અવિકારી છે. જે જે ચીજને આપણે નથી ઇચ્છતા તે બધી આપણા સ્વરૂપ તરફ જ ઇશારો કરે છે અર્થાત્ તે એમ સૂચન કરે છે કે આપણું સ્વરૂપ તેનાથી ભિન્ન છે.

## આત્મસિદ્ધિની યાત્રા

જેના અંતરમાં આ મંથન જાગ્યું છે, જેનું અંતર આ આંદોલનથી ગ્રસિત થયું છે તે આનંદની શોધના માર્ગ પર

નીકળી પડ્યો છે અર્થાત્ તે આત્મસિદ્ધિના માર્ગ પર નીકળી પડ્યો છે. આનંદધામ એવું જે પોતાનું નિજસ્વરૂપ, એને પ્રાપ્ત કરવાની તીવ્ર અભીપ્સા તે ખોજી જીવમાં જાગી છે. આમ, આત્મસિદ્ધિની યાત્રા દુ:ખ સંબંધી વિચારણાથી શરૂ થાય છે. એમાં આગળ વધતાં સ્વરૂપનો નિશ્ચય થાય છે, સ્વરૂપની સિદ્ધિ થાય છે, સ્વરૂપમાં રમણતા થઈ 'નિજ અનંત સુખ ભોગ'ની પ્રાપ્તિ થાય છે, દેહ છતાં દેહાતીત દશામાં વર્તના થાય છે.

•

પરમકૃપાળુદેવે આત્મસિદ્ધિની આ યાત્રાનો પ્રારંભ દુ:ખની વિચારણાથી કર્યો છે. અધ્યાત્મયાત્રાની શરૂઆત આપણાં દુ:ખ, આપણી વેદના, આપણી પીડા, આપણી સમસ્યાની વિચારણાથી થવી જોઈએ. મને દુ:ખ કેમ ગમતું નથી? દુ:ખ કેમ ઉત્પન્ન થાય છે? કઈ રીતે તેનાથી મુક્ત થઈ શકાય? એવા પોતાના જીવન સંબંધી પ્રશ્નો જાગવા એ ધર્મની સાચી જિજ્ઞાસા છે. સાચા પ્રશ્નો એ જ છે કે જેનો સંબંધ પોતાના જીવન સાથે હોય, નહીં કે ગ્રંથો સાથે. પુસ્તકોમાંથી ઉત્પન્ન થતા પ્રશ્નો જીવનરૂપાંતરણમાં એટલા મદદરૂપ નથી કે જેટલા જીવનમાંથી ઉત્પન્ન થતા પ્રશ્નો! પુસ્તકોમાંથી ઊઠતા પ્રશ્નોથી માહિતી વધે છે, જ્યારે જીવનમાંથી ઊઠતા પ્રશ્નો રૂપાંતરણ તરફ ગતિ કરાવે છે.

## સાચા સાધકની નિશાની

સાચો સાધક એ છે કે જેના પ્રશ્ન પુસ્તકમાંથી નહીં પણ

જીવનમાંથી ઊઠે. આ પહેલી વાત. અને બીજી વાત, સાચો સાધક એ છે કે જે જીવનમાંથી ઊઠતા આવા પ્રશ્નો માટે કોઈના ઉત્તરથી સંતુષ્ટ થઈ જતો નથી. તે સ્વયં ઉત્તર પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરે છે. એક તો તેના પ્રશ્ન જિંદગીમાંથી ઊઠે છે અને બીજું, તે ઉત્તર પુસ્તકોમાંથી શોધતો નથી, કોઈનો તૈયાર ઉત્તર લેતો નથી પણ જાતે પ્રયોગ કરી, સાધના કરી અનુભવાત્મક ઉત્તર પ્રાપ્ત કરે છે.

જો કોઈ વ્યક્તિ પાણીની પરબ ક્યાં છે એમ પૂછે અને ઉત્તર મળતાં સંતોષ પામી જાય અને પરબ તરફ ગતિ ન કરે તો તેને સાચી તરસ લાગી જ નથી; પણ જે પાણીની પરબ ક્યાં છે તેનું માર્ગદર્શન લઈ, સ્વયં તે તરફ ગતિ કરી, પાણી પીને તરસ છિપાવે છે તે સાચો પિપાસુ છે, સાધક છે. જે જ્ઞાનીના ઉત્તરોના આધારે પ્રયોગાત્મક અભ્યાસ કરે છે તે સાચો સાધક છે. તેને સાધનાની રુચિ હોય છે. પ્રભુએ સાધનાની કેડીનું માર્ગદર્શન આપતાં શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે કે -

**'રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.**

**આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;**
**જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત.'**

**(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, ગાથા-૧૦૦,૧૦૧)**

આત્મસ્મરણપૂર્વક વીતરાગસ્વભાવે રહેવું એ જ આત્મ-

સિદ્ધિનો માર્ગ છે.

## આત્મબોધનું સ્મરણ

જ્ઞાનીપુરુષોની સમગ્ર શિક્ષા એ છે કે 'હું શરીર નથી પણ તેનાથી ભિન્ન, તેને જાણનાર-જોનાર એવો શુદ્ધચૈતન્યસ્વરૂપી આત્મા છું'. કોઈ પણ કાર્ય કરતાં આ બોધનું વિસ્મરણ થવું જોઈએ નહીં, એ જ આ પવિત્ર શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની શિક્ષા છે. ચોવીસે કલાક એ સ્મરણ રહેવું જોઈએ કે હું શરીર નથી. રસ્તા ઉપર ચાલીએ તો એ બોધ રાખીએ કે શરીર ચાલે છે, હું નહીં. ભોજન કરીએ તો એ બોધ રાખીએ કે ભોજન શરીર કરે છે, હું નહીં. કોઈ ઘા પડે, તાવ આવે તો એ બોધ રાખીએ કે ઘા શરીરને પડ્યો છે, મને નહીં; તાવ શરીરને આવ્યો છે, મને નહીં. આ બોધનું રહેવું, સતત રહેવું એ જ તપ છે, એ જ સાધના છે, એ જ ધર્મ છે. 'અમારો ધર્મ આત્મસિદ્ધિ.'

## બોધ અનુસાર જીવનચર્યા

આત્મબોધ અનુસાર જીવનચર્યા હોવી જોઈએ. કોઈ મારે તો એમ જાણવું કે શરીરને મારવામાં આવ્યું છે, મને નહીં. અને જ્યારે મને નથી માર્યો તો મારે ઉત્તર કેમ આપવો? કોઈ કોઈને મારે એમાં હું વચમાં કેમ પડું? આ તો અન્ય સ્થળે થતી ઘટના છે. એમાં મને શું? આવી ભિન્નતા ભાસવી

જોઈએ. દુઃખ પડે તો જાણવું કે દુઃખ જેના ઉપર આવ્યું છે તે માત્ર મારું ઘર છે, હું નથી. સુખ પડે તો જાણવું કે મારા ઘર ઉપર આવ્યું છે, મારા ઉપર નહીં. એ રીતે સુખ-દુઃખમાં હંમેશ અનુદ્વિગ્ન રહેવું. સમતાના આ ભાવનું કારણ છે સાચી સમજણ - માન્યતા કે હું દેહ નથી. સમત્વનો ભાવ ત્યારે જ ઘટી શકશે કે જ્યારે આત્મબોધનું સ્મરણ હશે. સાચી સમજણથી રાગ-દ્વેષ ઘટે છે, સમત્વનો વિકાસ થાય છે. આત્મબોધ રહેવો, આત્માનું સ્મરણ રહેવું એ જ્ઞાન છે અને સમદર્શિતા - સાક્ષિત્વમાં રહેવું એ ચારિત્ર છે. બોધ અનુસાર જીવનચર્યાથી, જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતાથી મોક્ષમાર્ગ ઉપર ડગ ભરાય છે, આત્મસિદ્ધિ થાય છે.

## સ્મરણાથી અનુભવાત્મક બોધ

એવો સાધક કે જે સવારથી સાંજ સુધી અને સાંજથી સવાર સુધી આ જાણ્યા કરે છે, જેને આ બોધ છૂટતો નથી, જેને આ સ્મૃતિ વિલીન થતી નથી કે જે કંઈ બની રહ્યું છે તે મારી અંતઃચેતના ઉપર ઘટિત થતું નથી તેને ક્રમે ક્રમે, એમાં ગતિ કરતાં કરતાં, એક દિવસ એવો અનુભવાત્મક બોધ થાય છે કે તે પોતે અલગ છે અને શરીર અલગ છે. તેને આત્મબોધની જાગૃતિ નિરંતર રહે છે. કોઈ ઉપાધિ-પ્રસંગ કે કાર્યાદિ માટે તેને એમ થતું નથી કે આ પતી જાય પછી આત્મસ્મરણ કરીશ. પ્રસંગ વખતે જ બોધની સ્મૃતિ તે જાગૃત રાખે છે અને તદનુસાર યથાયોગ્યપણે વર્તે પણ છે. વ્યવહારને જેમ છે તેમ જાણવા છતાં તે પરમાર્થદષ્ટિને

ચૂકી જતો નથી, તજી દેતો નથી અને પરિણામે તેનું આત્મસ્મરણ ક્રમશઃ પ્રગાઢ થતું જઈ અંતે સ્વયંની અનુભૂતિ તરફ દોરી જાય છે. સ્વયંનો આ અનુભવાત્મક બોધ અન્ય સર્વ બોધથી અધિક, વિશેષ સ્પષ્ટ હોય છે. આ બોધની ખુમારી પરમકૃપાળુદેવના છ પદના પત્રમાં શબ્દે શબ્દે નીતરતી સ્પષ્ટ જણાય છે - **'તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ-પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ તેને અનુભવ થાય છે.'** (પત્રાંક-૪૯૩) એક શબ્દથી સંતુષ્ટ ન થતાં, ભાવની અભિવ્યક્તિ અધૂરી રહેતી જણાતાં તેઓશ્રી એક પછી એક શબ્દ પ્રયુક્ત કરતાં જાય છે, ભાવની વધુ ને વધુ સ્પષ્ટતા કરતાં જાય છે. પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ પણ પ્રભુ પ્રત્યેના છેલ્લા પત્રમાં જણાવે છે - **'દેહ ને આત્મા જુદા છે. દેહ જડ છે. આત્મા ચૈતન્ય છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજવામાં આવતો નહોતો. પણ દિન આઠ થયાં આપની કૃપાથી અનુભવ ગોચરથી બેફાટ પ્રગટ જુદો દેખાય છે.'**

## આકાશ અને જમીનથી વધુ અંતર

દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવાત્મક બોધ થતાં આકાશ અને જમીન વચ્ચે જેટલું અંતર છે તેના કરતાં અનંતગણું અંતર દેહ અને આત્મા વચ્ચે ભાસે છે. આકાશ અને જમીનનો કદાચ ક્યાંક મેળાપ કરાવી શકાય, તેમને પરસ્પરમાં ભેળવી શકાય પણ આત્મા અને શરીરને કદાપિ ભેગા કરી શકાય નહીં એવું અંતર એ બે વચ્ચે ભાસે!

દેહ અને આત્મા એકબીજાની કેટલા નિકટ રહે છે અને તે પણ નિરંતરપણે! અને છતાં કોઈ વિકારમાં, કોઈ પાપમાં એવી તાકાત નથી કે એ બે વચ્ચેનું અંતર મિટાવી શકે. આ અંતર સદા, ત્રિકાળ એવું ને એવું જ રહે છે. પુણ્યાત્મા હોય કે પાપાત્મા, ધર્માત્મા હોય કે અધર્માત્મા, અંતર આટલું ને આટલું જ રહે છે. જ્ઞાનીના આત્મા અને શરીર વચ્ચે જે અંતર હોય તે જ અજ્ઞાનીના આત્મા અને શરીર વચ્ચે હોય છે. ભગવાન મહાવીરને કૈવલ્યની પ્રાપ્તિ થતાં જે અંતર હતું તે જ અંતર હમણાં પણ આપણાં શરીર અને આત્મા વચ્ચે છે. ફરક અંતરમાં નથી માત્ર તેના બોધમાં છે. જ્ઞાનીને ભિન્નતાનો બોધ છે, અજ્ઞાનીને નથી. ભેદ બોધનો છે. બોધ હોવાના કારણે એક પરમાનંદમાં ઝૂલે છે અને બોધ ન હોવાના કારણે એક અનંત દુઃખમાં રિબાય છે.

## આત્મબોધની મુખ્યતા

બધાં દુઃખનું મૂળ કારણ આ અજ્ઞાન છે કે 'હું શરીર છું' અને આપણે આ ભ્રમને તોડવાને બદલે પાળીએ છીએ, પોષીએ છીએ. દુર્જન પણ પોષે છે અને સજ્જન પણ પોષે છે, ગૃહસ્થ પણ પોષે છે અને સાધુ પણ પોષે છે. એક શરીરના સુખે સુખી થવા પ્રયત્ન કરે છે, એક શરીરના દુઃખે સુખી થવા પ્રયત્ન કરે છે. જો આત્મબોધની મુખ્યતા ન રહી તો ધર્મપ્રવૃત્તિ દ્વારા પણ શરીરભાવ જ પોષાતો રહે છે અને જન્મ-જન્માંતરોથી પોષાતો આ ભાવ જન્મ-જન્માંતરોનું કારણ બની જાય છે.

આપણી સામે બે દિશાઓ છે - ભ્રમવિસર્જન અને ભ્રમ-પોષણ. જેમણે આત્મસિદ્ધિના માર્ગે આવવું છે તેમણે ભ્રમ-વિસર્જન પર ધ્યાન આપવું આવશ્યક છે. તેમણે એ ધ્યાન રાખવું જોઈએ કે તેઓ જે પણ કરે છે, જે પણ બોલે છે, જે પણ વિચારે છે એ શરીરભાવના ભ્રમની વૃદ્ધિમાં સહયોગી તો બની રહ્યું નથી ને? તેમની ક્રિયા, તેમની વાણી કે તેમના વિચાર દ્વારા એ અજ્ઞાન ગાઢ તો નથી થઈ રહ્યું ને કે 'હું શરીર છું'? તેમના માટે ધર્મ એ જ કે કોઈ પણ પ્રવૃત્તિ, વાણી, વિચાર થકી દેહભાવ મજબૂત થવા ન પામે અને અધર્મ તે જ કે જે વડે દેહભાવ મજબૂત થઈ જાય. ધર્મ એટલે જાગૃતિ, અધર્મ એટલે વિસ્મરણ. સાધક માટે ધર્મ-અધર્મની પરિભાષા આવી હોય છે.

## વિવેકનું પ્રગટવું

કેવી રીતે સ્મરણ રાખીશું? કેવી રીતે આ તપ કરીશું? કઈ રીતે આપણે ભૂલીશું એ વાત કે 'હું શરીર છું' અને કઈ રીતે જાણીશું કે 'હું આત્મા છું'? ઉપાય છે સતત સ્મરણ - અનુસંધાન. એને જ જ્ઞાની ભગવંતો વિવેક કહે છે. વિવેકપૂર્વક ઊઠવું, વિવેકપૂર્વક બેસવું, વિવેકપૂર્વક ચાલવું, વિવેકપૂર્વક ભોજન કરવું - જે પણ કરીએ, બધું આત્મા-નુસંધાનપૂર્વક કરીએ. આ જ 'વિવેક'નો વાસ્તવિક, સારભૂત અર્થ છે.

વિવેકપૂર્વક વર્તવું એટલે ચાલતી વખતે હું નથી ચાલી

રહ્યો, શરીર ચાલે છે. હું જાણનાર છું. વાસના ચાલે છે, હું જાણું છું. હું સાક્ષીમાત્ર છું. મન ચાલે છે, હું દ્રષ્ટા છું. શરીર-મનની દરેક ક્રિયાનો હું માત્ર જાણનાર છું. હું સ્થિર, ધ્રુવ તત્ત્વ છું. બધાં જ પરિવર્તનોની વચમાં, બધી જ ગતિઓની વચમાં જે સ્થિર બિંદુ છે તે હું છું - આ બોધ સતત રહેવો જોઈએ. ચાલતી વખતે હું નથી ચાલતો, ભોજન કરતી વખતે હું ભોજન નથી કરતો, દુઃખ પડે તો દુઃખ મને નથી સ્પર્શતું, સુખ આવ્યું તો તે પણ મને નથી સ્પર્શતું, મૃત્યુ આવે તોપણ મારામાં કંઈ જ નથી ઘટતું. પ્રત્યેક ક્રિયામાં આવો વિવેક પ્રગટવો જોઈએ. નાની નાની ક્રિયામાં પણ જાગૃતિ ગૂંથાઈ જવી જોઈએ. જાગૃતિ એ જ ભગવાન મહાવીરની, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની મુખ્ય શિક્ષા છે.

## સંગ્રહ નહીં, અંતર્દષ્ટિ

આ રીતે કરવાથી એક પછી એક પગથિયું ચડાતું જાય છે. પરંતુ આપણે વિવેક નથી પ્રગટાવવો, જાગૃતિ નથી વધારવી. આપણે તો માત્ર કોઈનાં અનુભૂતિ-શબ્દ-વિચાર શીખી લેવાં છે. અને આનાથી વધે છે માત્ર પાંડિત્ય, પવિત્રતા નહીં. અહંકાર માટે મળે છે બીજી એક ખૂંટી. 'હું'ભાવ વધુ દૃઢ થાય છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની આરાધના કરીએ તો માત્ર શબ્દ મુખપાઠ ન કરીએ પણ આત્માની સિદ્ધિ - પ્રસિદ્ધિ કરીએ.

માત્ર શબ્દનો સંગ્રહ કે તેના મુખપાઠ પર અટકી ન રહીએ પણ વિવેક પ્રગટાવી મોક્ષમાર્ગ પર આરૂઢ થઈએ. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના શબ્દોમાં અટકી ન રહીએ પણ એમાં ભરેલી આત્મસાધનાની શક્તિને ગ્રહણ કરી આત્મદર્શન તરફ આગળ વધીએ.

પરમકૃપાળુદેવે શું કહ્યું એને શોધવું એ આપણું પ્રથમ પગથિયું છે. પણ ત્યાં અટકી ન રહીએ. તેમણે આ વાત કયા સ્તરથી કરી અને એ સ્થાન ઉપર કઈ રીતે પહોંચાય એ અતિ મહત્વની શોધ ચૂકીએં નહીં.

માત્ર વિચાર શીખીને બેસી ન જઈએ પણ અંતર્દૃષ્ટિ પ્રગટાવવાનો પુરુષાર્થ કરીએ. માત્ર વિચારમાં, સિદ્ધાંતમાં, શબ્દોમાં રસ હોય ત્યાં સુધી મૂંઝવણ ટળશે નહીં. અંધત્વ છે. જો દૃષ્ટિ પ્રાપ્ત નહીં થાય તો વારંવાર મૂંઝવણ ઉત્પન્ન થયા કરશે અને એના સમાધાન માટે વારે ઘડીએ મહેનત કર્યા કરવી પડશે. દૃષ્ટિ નહીં હોય તો દરવાજો ક્યાં છે તે પૂછતાં રહેવું પડશે. જુદા જુદા સ્થળે વારંવાર આ જ પ્રશ્ન પૂછવો પડશે. પણ જો દૃષ્ટિ જ પ્રાપ્ત થઈ જાય તો વારંવાર પૂછવું પડે નહીં. તેથી દૃષ્ટિ જ પ્રાપ્ત થવી જોઈએ. અંતર્દૃષ્ટિ એટલે ભીતર એક બોધ, એક વિવેકનું જાગવું.

## અસ્પર્શયોગ

વિવેક હોય ત્યાં વસ્તુઓની મહત્તા રહેતી નથી. વસ્તુ હોય

કે ન હોય એમાં કોઈ ફરક પડતો નથી. જેને એ અંતર્દષ્ટિ પ્રાપ્ત થાય છે કે 'હું શરીર નથી', તેને શરીર સંબંધી વસ્તુઓની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં કોઈ રસ રહેતો નથી. તે અપરિગ્રહી બનતો જાય છે. વસ્તુ અપ્રાપ્ત હશે તો પ્રાપ્તિની ઈચ્છા નહીં થાય. પ્રાપ્ત વસ્તુમાં પણ તે અસ્પર્શને ઉપલબ્ધ થશે. વસ્તુઓ વચ્ચે હશે પણ વસ્તુઓ તેને સ્પર્શશે નહીં.

એક સંત હતા. નિઃસ્પૃહતાથી જંગલમાં રહેતા હતા. એક રાજા તેમને જોઈ-મળી ખૂબ આનંદ પામ્યો. તેથી તેણે સંતને પોતાના રાજ્યમાં પધારવાનું આમંત્રણ આપ્યું. સંતે તેનું આમંત્રણ સ્વીકાર્યું. રાજાએ તેમના સ્વાગતની ભવ્ય તૈયારીઓ કરી. નિયત સમયે સંત રાજ્યમાં પધાર્યા. રાજા તેમને ખૂબ માનપૂર્વક પોતાના મહેલમાં લઈ આવ્યો. રાજાએ જે પણ ધર્યું, સંતે એને ગ્રહણ કર્યું. જે સુવિધા આપી તે સ્વીકારી. જે ભાવ વ્યક્ત કર્યો તે પૂરો થવા દીધો. તેમણે પોતે તો કોઈ વસ્તુ માંગી નહીં પણ કશાનો અસ્વીકાર પણ ન કર્યો. આ જોઈ રાજાને સંદેહ ઉત્પન્ન થયો કે તેઓ કોઈ વસ્તુને તુચ્છ કહી નિષેધતા નથી તેથી તેઓ સંત લાગતા નથી, તેઓ અપરિગ્રહી અને વીતરાગી હોય એમ જણાતું નથી. બીજા દિવસે રાજાએ તેમને કહ્યું કે મને એક મૂંઝવણ છે. કૃપા કરી જવાબ આપો કે મારામાં અને તમારામાં શું ફરક છે?

રાજાને એવા સંત જોઈતા હતા કે જે બધાં સ્વાગત-સન્માનનો, સુવિધાપૂર્ણ ચીજોનો નિષેધ કરે, ત્યાગ કરે. એવા સંતનાં ચરણોમાં તે ઝૂકી જાત. પરંતુ એનું કારણ એ

હતું કે માણસની જે વાસના હોય તેને જે છોડે - ત્યાગે, એ તેના માટે મહાન - આદરયોગ્ય બની જાય છે. જ્યારે પણ આપણે કોઈનો આદર કરીએ છીએ ત્યારે એ આદર સામેવાળાની મહાનતા નહીં પણ આપણી ખામીઓનું, વાસનાઓનું હોવાપણું સૂચવે છે. જો કોઈ ધન છોડીને નીકળી પડે અને આપણને તેનું બહુમાન જાગે તો તેનો અર્થ એ થયો કે આપણામાં ધનલોલુપતા ખૂબ રહેલી છે.

સંતે રાજાને કહ્યું, 'ચાલો મારી સાથે' અને રાજાને લઈને તેઓ મહેલની બહાર નીકળ્યા. મહેલની બહાર જઈ અટકવાને બદલે તેઓ તો ચાલતા જ રહ્યા. ગામની બહાર નદી પાસે પણ સંત અટક્યા નહીં, ત્યારે રાજાએ કહ્યું કે હવે તો જવાબ આપો. સંતે કહ્યું, 'આ જ જવાબ છે. કંઈ જ મારું નથી એ ભાવના સહિત ચાલો, આપણે બન્ને અહીંથી નીકળી જઈએ.' રાજા ચોંકીને બોલી ઊઠ્યો, 'હું કઈ રીતે નીકળી શકું? મારું રાજ્ય, મારો મહેલ, મારી પત્ની, મારો પરિવાર છે.' સંતે કહ્યું, 'આ જ ફરક છે આપણી વચ્ચે. અમે મન ફાવે ત્યારે, મન ફાવે ત્યાંથી નીકળી શકીએ છીએ, તમે નહીં. અમે નીકળીએ ત્યારે અમારું કશું જ પાછળ રહેતું નથી, તમારું બધું જ પાછળ રહી જાય છે. તમને મોહ બાંધે છે, અમે મુક્ત રહીએ છીએ. અમે વસ્તુઓની વચ્ચે રહીએ છીએ, તમે વસ્તુઓને તમારી વચ્ચે, તમારી ભીતરમાં રાખો છો. હું ત્યાં હતો છતાં હું મારામાં જ હતો, કોઈ ચીજનો મારામાં પ્રવેશ શક્ય ન હતો.'

આ છે અસ્પર્શયોગ. આ છે જીવનસાધના. વસ્તુ હોય કે ન

હોય એ મહત્ત્વનું નથી. કઈ વસ્તુ છે, કેટલી વસ્તુ છે તે મહત્ત્વનું નથી પણ વસ્તુ સ્પર્શે છે કે નહીં એ મહત્ત્વનું છે. વસ્તુનો સંબંધ નહીં, વસ્તુનો સ્પર્શ મહત્ત્વનો છે. જો વસ્તુ આપણને સ્પર્શે છે, તે દ્વારા આપણી ભીતર રાગાત્મક કે દ્વેષાત્મક ભાવ ઉત્પન્ન થાય છે તો આપણે પરિગ્રહી છીએ. અને જો વસ્તુ આપણને સ્પર્શે નહીં, રાગાદિનું નિમિત્ત બને નહીં તો આપણે અપરિગ્રહી છીએ. વસ્તુનો સંબંધ એ પરિગ્રહ નથી, વસ્તુની મૂર્ચ્છા તે પરિગ્રહ છે. અપરિગ્રહ માટે, વસ્તુ ન સ્પર્શે એ માટે આત્મબોધ હોવો જરૂરી છે. એ સાધી લેવાનો છે. જાગૃતિ આવતાં, વિવેક પ્રગટતાં આત્માની સિદ્ધિ થાય છે, સંસારનો લય થાય છે.

## સંસાર

જ્ઞાની ભગવંતો કહે છે કે સંસાર બહાર નથી. સંસાર તો એક માનસિક ઘટના છે. **'ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર'. (આંક-૯૫૪)** સંસાર સ્વપ્નોનો છે, વસ્તુઓનો નહીં. વસ્તુઓ તમને નથી બાંધતી, પણ વસ્તુઓ વિષે ઘડાયેલાં સ્વપ્નો તમને બાંધે છે. વસ્તુઓ નથી બાંધતી, પણ વસ્તુઓ પ્રત્યેની કામના - આસક્તિ તમને બાંધે છે. સંસાર માનસિક છે. સાધના ઘરત્યાગની નહીં, અંતરના પરિવર્તનની કરવાની છે. ઘર છોડો પણ જો અંતર ન બદલ્યું તો જ્યાં જશો ત્યાં ઘર બનાવી દેશો. ઘર છોડવાની આટલી ઉતાવળ કેમ છે? એનું કારણ એ છે કે તમે દુઃખી

છો, દુઃખના કારણરૂપે કુટુંબીજનોને જુઓ છો અને તેથી ભાગવાનાં પરિણામ થાય છે. પણ આ માન્યતા મિથ્યા છે. આવી માન્યતાથી સંન્યસ્ત થશો તો એવા સંન્યાસના ફળરૂપે કાંઈ તમારો સંસાર વિલય પામશે નહીં. ચિત્ત જ્યાં સુધી સક્રિય રહેશે, ત્યાં સુધી સંસાર વિલય નહીં પામે.

## ચિત્તનો લય

ચિત્ત એક એવો ચિત્રકાર છે કે જે ભિન્ન ભિન્ન ચિત્રો નિરંતર ચીતર્યા કરે છે. એનાં જ બનાવેલાં ચિત્રોથી એ આકર્ષણ-વિકર્ષણ, રાગ-દ્વેષ, તૃષ્ણા-ભય પામે છે. તેથી ચિત્ત જ્યાં સુધી સક્રિય છે, ત્યાં સુધી સંસાર છે. ચિત્ત નિષ્ક્રિય થઈ જાય તો મોક્ષ છે. ચિત્તની સક્રિયતા શિથિલ કરતા જવું એ ધર્મની આરાધના છે. શિથિલ કરતા રહેવું એ સાધના છે અને એમ કરતાં કરતાં શૂન્ય થઈ જવું એ સિદ્ધિ છે.

'હું દેહ નથી' એની સતત જાગૃતિ તે છે સાધના. અને અસ્પર્શયોગ, એ છે સિદ્ધિ. તમે ફિલ્મ જોવા જાઓ છો. પડદા ઉપર ચિત્રો આવે છે, દશ્યો આવે છે. તમે દ્રષ્ટા છો, પ્રેક્ષક છો. પરંતુ નિરંતર દશ્યોના ચાલવાથી તમે કોણ છો, એ તમે ભૂલી જાઓ છો અને તમે પ્રેક્ષકમાંથી પાત્ર બની જાઓ છો. તમે તન્મય થઈને રડવા લાગો છો, હસવા લાગો છો. જો તમે જાગૃત થાઓ, તમે કોણ છો એનું સ્મરણ તમને રહે તો તમે પાત્ર ન બનતાં પ્રેક્ષક રહો છો,

દશ્યમાં અટકી જતા નથી, તાદાત્મ્ય થવાને બદલે તટસ્થ રહો છો અને તેથી દશ્યોનું મિથ્યાપણું સમજી શકો છો, ચાલતાં દશ્યો વચ્ચે પણ તમે પડદાની સત્યતા અને દશ્યોની મિથ્યતા, અસત્યતા જાણી શકો છો. અને એક સમય એવો આવે છે કે જ્યારે દશ્યો બંધ થઈ જાય છે, માત્ર પડદો રહે છે; સંકલ્પ-વિકલ્પ, પ્રતિક્રિયાદિ અટકી જાય છે, ચેતના નિર્વિષયી બની જાય છે અને નિર્વિકલ્પ ભાવમાં સ્થિર થઈ આત્માની સિદ્ધિ - પ્રસિદ્ધિ થાય છે.

## શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો હેતુ

પવિત્ર શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો ઈશારો આ આત્મસિદ્ધિ કરવા પ્રત્યે છે. આ શાસ્ત્રના અધ્યયન દ્વારા એના રચયિતા કે એના શબ્દો પર અટકી ન રહેતાં, આત્માની સિદ્ધિ કરવા પ્રત્યેનો એનો ઈશારો પકડી, તેમ કરવામાં પ્રયત્નશીલ બનીશું તો આ શાસ્ત્રની રચના પાછળનો પરમકૃપાળુદેવનો હેતુ પૂર્ણ થશે.

નિજસ્વરૂપમાં રમણતા દ્વારા મોક્ષપ્રાપ્તિના વિકલ્પો પણ નિવૃત્ત થઈ જાય અને કૃતકૃત્ય એવા આત્મસ્વરૂપમાં અભેદ થઈ જવાય એવી ઉત્કૃષ્ટ આત્મદશાને પામીને પરમકૃપાળુદેવે આ શાસ્ત્રની રચના કરી છે. તેથી તેઓશ્રીના સર્વ અનુભવોનો સાર સ્વાભાવિકપણે એમાં સમાવિષ્ટ થવા પામ્યો છે. પરમાત્મસ્વરૂપમાં અભેદતા પ્રાપ્ત કરી આ શાસ્ત્રનું સર્જન કર્યું હોવાથી આ શાસ્ત્ર પરમકૃપાળુદેવના

દિવ્ય આત્માનું તાદૃશ પ્રતિબિંબ પાડે છે. આ કૃતિના અક્ષરે અક્ષરે તેમના અનુભવની છાપ છે, અને તેથી આત્મામાં પ્રતિષ્ઠિત થવાની જ એ પ્રેરણા આપે છે. જીવોને મોહનિદ્રામાંથી જાગ્રત કરી આત્માની સિદ્ધિ પ્રત્યે પુરુષાર્થી બનાવવા એ જ આ શાસ્ત્રનો હેતુ છે.

પણ આ મહાન હેતુને, આ પવિત્ર પ્રેરણાને આપણે ચૂકી ગયા. આત્મસિદ્ધિ કરવામાં પ્રયત્નશીલ બનવાથી જ એનું સાચું બહુમાન કર્યું કહેવાય. 'તેને બદલે આ શાસ્ત્રને ભીંત ઉપર સોનામઢ્યા અક્ષરે કોતરાવવામાં, એના મંદિરો બનાવવામાં, એને મુખપાઠ કરી પોપટની જેમ બોલી જવામાં આપણે એની ભક્તિ માની લીધી.

સવાલ એ નથી કે એની પૂજા કરવી કે ન કરવી. સવાલ તો એ ચકાસવાનો છે કે જે હેતુથી એની રચના થઈ છે તે હેતુ પ્રત્યે જાગૃતિ પ્રગટી છે કે નહીં. અંધકારથી પ્રકાશ તરફ, અસત્યથી સત્ય તરફ, મૃત્યુથી અમરત્વ તરફ, ચલથી અચલ તરફ, અધ્રુવથી ધ્રુવ તરફ ગતિ થાય તેમાં જ એની સાચી ભક્તિ રહી છે.

## અંગુલિનિર્દેશ

પરમકૃપાળુદેવને જે જે અનુભૂતિ થઈ, તે સર્વ શબ્દમાં આવી શકે એ શક્ય નથી. નિઃશબ્દ અવસ્થામાં જે પ્રાપ્ત થાય છે, તેને કહેવામાં શબ્દ અસમર્થ નીવડે છે. ચિત્તનો

લય થવાથી જે પ્રાપ્ત થાય છે, તેને ચિત્ત દ્વારા કહેવું શક્ય નથી. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર તો તેની તરફનો માત્ર ઈશારો છે. આ કાળમાં આત્મા તરફનો મોટામાં મોટો અને સ્પષ્ટમાં સ્પષ્ટ ઈશારો જો કોઈ હોય તો તે છે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર. એ સત્ય તરફનો અંગુલિનિર્દેશ છે. આપણે આ સમજી શક્યા નથી. આપણે એ આંગળીની પૂજા-વંદના-પાઠ તો કર્યાં પણ એ તરફ ન જોયું કે જે તરફ આ આંગળી ઊઠી. આ શાસ્ત્ર એ તો એક ઈશારો છે - એ આત્મસત્તા તરફ કે જે સર્વની ભીતર બિરાજમાન છે.

જાપાનમાં એક મંદિર છે. એમાં બુદ્ધની કોઈ પ્રતિમા નથી. એ મંદિરમાં કેવળ એક આંગળી - બુદ્ધની એક આંગળી - પ્રતીકરૂપે સ્થાપવામાં આવી છે અને ઉપર એક ચંદ્ર બનાવવામાં આવ્યો છે. લોકો ત્યાં જઈને હેરત પામે છે, ડિસ્ટર્બ થઈ જાય છે. ત્યાં બુદ્ધનું વચન કોતરવામાં આવ્યું છે - 'મેં ઈશારો કર્યો છે ચંદ્ર તરફ. પણ હું જાણું છું કે લોકો ચંદ્ર તરફ જોવાને બદલે આંગળીની પૂજા કરવા લાગી જશે, અટકી જશે.'

## સાચી ભક્તિ

આપણે શું આવું નથી કરી રહ્યા? શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પ્રત્યેની આપણી ભક્તિ ત્યારે સાચી કહેવાય કે જ્યારે આપણામાં આત્માને સિદ્ધ કરવાની અભીપ્સા ઊઠે, સંકલ્પ બંધાય; શ્રમ, સાહસ, પુરુષાર્થ જાગે અને નહીં કે માત્ર

એનાં પાઠ-આરતી-વંદનમાં અટકી જઈએ. ઈશારો જે તરફ છે ત્યાં આપણે છીએ, આપણું શુદ્ધ સ્વરૂપ છે. આજના પવિત્ર દિવસે એ સંકલ્પ કરીએ કે આ શાસ્ત્ર જે દિશામાં ઈશારો કરે છે, ત્યાં દૃષ્ટિ કરીશું. એમ થશે તો જ જીવન સાર્થક થઈ શકશે. તેના વિના કોઈ સાર્થકતા નથી, કોઈ આનંદ નથી, કોઈ શાંતિ નથી, કોઈ જીવન નથી. તેને પ્રાપ્ત કરતાં આખું જીવન અમૃત બની જાય છે, સચ્ચિદાનંદમાં પરિણત થઈ જાય છે.

ધ્યાન રાખીએ, પરમકૃપાળુદેવે આ કૃતિના માધ્યમ દ્વારા આત્મસ્મરણ, આત્માનુસંધાન કરાવ્યું છે તે નિષ્ફળ ન જાય. એની પૂજા-સ્તવના-વંદના તો જ સાર્થક છે, જો એના માધ્યમથી આપણે પણ તેમની જેમ આત્માની સિદ્ધિ પ્રાપ્ત કરીએ.

પરમકૃપાળુદેવને આપણી પાસે માત્ર આ શાસ્ત્રની પૂજા અપેક્ષિત નથી, પણ આ શાસ્ત્ર દ્વારા આપણે આત્મસિદ્ધિને વરીએ અને તેમના જેવી ઉચ્ચ દશાને પ્રાપ્ત કરીએ, એ તેમને અભિપ્રેત છે.

આ શાસ્ત્રનો ઉપયોગ માત્ર પૂજા કરવા માટે નહીં પણ સ્વયં પૂજ્ય થવા માટે કરીએ, માત્ર વંદના કરવા માટે નહીં પણ સ્વયં વંદનીય થવા માટે કરીએ, માત્ર સ્તવન કરવા માટે નહીં પણ સ્વયં સ્તવ્ય થવા માટે કરીએ. એ જ આ પરમ પવિત્ર શાસ્ત્ર પ્રત્યેની આપણી સાચી ભક્તિ છે.

આ શાસ્ત્ર દ્વારા આપણી અંદર રહેલી સંભાવના પ્રત્યે આપણે જાગૃત થઈએ - સુષુપ્ત ચેતન જાગૃત થાય; માત્ર પરમકૃપાળુદેવની પૂજા કરવામાં અટકી ન જઈએ પણ જે કારણથી તેઓ પૂજ્ય બન્યા છે, તે આપણી અંદર પણ પ્રગટ થાય એ માટે પ્રયત્નશીલ બનીએ. આ પ્રયત્નમાં આ શાસ્ત્ર ખૂબ ઉપકારી નીવડે એમ છે. તેથી એનું નિત્ય પ્રતિ અવગાહન કરી આત્મામાં સ્થિર થઈએ, તેમાં નિરંતર નિવાસ કરવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરીએ. 'શ્રી સૌભાગ્ય'ના કારણે 'આત્મસિદ્ધિ' મળી. હવે 'આત્મસિદ્ધિ'ના બળે આત્મસિદ્ધિ કરી પરમ સુભાગ્ય બનીએ.

* * *

# પૂજ્ય શ્રી લલ્લુજી મુનિ

# પૂજ્ય શ્રી લલ્લુજી મુનિ

આજે આસો વદ એકમ - શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો રચનાદિન છે. આજના દિવસે આપણે જુદી જુદી રીતે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું બહુમાન અને આરાધન કરીએ છીએ. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની વિશેષતાઓ સમજાય, અંતરમાં એનો મહિમા દૃઢ થાય અને એના બોધ અનુસાર આપણાં શ્રદ્ધાન અને આચરણ ઘડાય ત્યારે આ વંદના અને આરાધના સાર્થક ગણાય.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પરમકૃપાળુદેવે આગમના સમસ્ત સિદ્ધાંતોનો નિચોડ સમાવ્યો છે. પરમકૃપાળુદેવે શ્રી સૌભાગ્યભાઈને, શ્રી લલ્લુજી મુનિ, શ્રી અંબાલાલભાઈ અને શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીને આ ઉચ્ચ કોટિના આત્મોદ્ધારક ગ્રંથના યોગ્ય અધિકારી ગણી તેમને આ શાસ્ત્રની પ્રત વાંચન-મનન અર્થે આપી હતી. તેમણે પરમકૃપાળુદેવની આજ્ઞા અનુસાર આ શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. આ શાસ્ત્રનો તેમના ઉપર ખૂબ પ્રભાવ પડ્યો હતો અને એ થકી તેમને ખૂબ લાભ પણ થયો હતો.

ગત વર્ષે આ દિને આપણે પરમકૃપાળુદેવના હૃદયજ્ઞ પરમાર્થસખા પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ ઉપર આ શાસ્ત્રનો શું પ્રભાવ પડ્યો હતો અને તેમનો આ શાસ્ત્ર સંબંધી શું

પ્રતિભાવ હતો એ વિષે વિચારણા કરી હતી. આજે આપણે, પરમકૃપાળુદેવના બીજા પરમ શિષ્ય પૂજ્ય શ્રી લઘુરાજ સ્વામી ઉપર શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો શું પ્રભાવ પડ્યો હતો અને તેમનો આ ગ્રંથ પરત્વે શું પ્રતિભાવ હતો એની વિચારણા કરી એ માર્ગે આગળ વધવા કટિબદ્ધ થઈશું.

પરમકૃપાળુદેવે પૂજ્ય શ્રી લલ્લુજી મુનિને એકાંતમાં અવગાહન અર્થે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર મોકલ્યું હતું. પોતા ઉપર પડેલી શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની છાપ દર્શાવતાં તેઓ વિ.સં. ૧૯૫૩માં પ્રભુને લખે છે -

**'હે પ્રભુ, આત્મસિદ્ધિશાસ્ત્રના બોધબીજપ્રાપ્તિકથન વિગેરે વાંચતાં મારું હૃદય ભરાઈ આવે છે. હે નાથ, અપૂર્વ વચન દર્શાવી, બોધબીજની અમૃતવાણીનું પાન્ કરાવી અલભ્ય અલભ્ય લાભ આ દાસીને પમાડ્યો છે. હે નાથ, પરમ શાંતિ લઈને આ દાસ સંતોષ પામ્યો છે.'**

વળી, તેઓશ્રી પ્રભુ ઉપરના અન્ય એક પત્રમાં લખે છે કે -

**'હે પ્રભુ! આ રંક દાસ ઉપર કૃપા કરી અપૂર્વ પ્રેમ રસનું પાન આત્મસિદ્ધિ શાસ્ત્ર પ્રકાશી. અમૂલ્ય વચનામૃતોથી આ દુષ્ટ દાસીએ વૃત્તિને તૃપ્ત કરી છે. અત્યંત આનંદ થયો છે.'**

પૂજ્ય મુનિશ્રી વનમાં એકલા જઈને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો સ્વાધ્યાય ગાતાં ગાતાં કરતા. તેઓ તેની ઊંડી વિચારણા કરતા. તેઓ આ ગ્રંથનો મહિમા દર્શાવતાં જણાવે છે -

**'તે વાંચતાં અને કોઈ કોઈ ગાથા બોલતાં મારા આત્મામાં આનંદના ઊભરા આવતા. એક એક પદમાં અપૂર્વ માહાત્મ્ય છે એમ મને લાગ્યા કરતું. 'આત્મસિદ્ધિ'નું મનન, સ્વાધ્યાય નિરંતર રહ્યા કરી આત્મોલ્લાસ થતો. કોઈની સાથે વાત કે બીજી ક્રિયા કરતાં 'આત્મસિદ્ધિ'ની સ્મૃતિ રહેતી. પરમકૃપાળુદેવની શાંત મુખમુદ્રા કિંવા 'આત્મસિદ્ધિ'ની આનંદ આપનારી ગાથાનું સ્મરણ સહજ રહ્યા કરતું. અન્ય કશું ગમતું નહીં. બીજી વાતો પર તુચ્છ ભાવ રહ્યા કરતો. માહાત્મ્ય માત્ર સદ્‌ગુરુ અને તેનાં ભાવનું આત્મામાં ભાસ્યમાન થતું હતું.'**

તેઓશ્રી આ શાસ્ત્ર ચમત્કારી છે, લબ્ધિઓથી ભરેલું છે, મંત્ર સમાન છે એમ કહી મુમુક્ષુઓને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું અવગાહન કરવા કહેતા અને તેમાં બોધેલા માર્ગની પરમ પ્રેમપૂર્વક ઉપાસના કરવા હંમેશાં ભલામણ કરતા.

પ્રસ્તુત પ્રભાવ અને પ્રતિભાવમાંથી આજે મુખ્યત્વે ત્રણ મુદ્દા વિચારવા છે - પૂજ્ય શ્રી લલ્લુજી મુનિ દ્વારા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની 'અપૂર્વ વચન' તરીકે સ્તુતિ, આ શાસ્ત્ર થકી તેમને થયેલો અલભ્ય લાભ અને એના અવગાહન સંબંધી તેમની ભલામણ.

### સત્ય સનાતન છે

સત્ય સનાતન છે, શાશ્વત છે, સદા છે. સત્ય તે કે જે સદા

હોય, જે ન તો ક્યારેય જૂનું થાય છે કે ન ક્યારેય નવું થઈ શકે છે. આજે જે નવું હોય, તે આવતી કાલે જૂનું થઈ જશે. જે આજે જૂનું દેખાય છે, તે ગઈ કાલે નવું હતું. હકીકતમાં, સત્યના સંબંધમાં 'નવું' અને 'જૂનું' એ શબ્દપ્રયોગ એકદમ વ્યર્થ છે. નવું તે હોય છે જે જન્મે છે, જૂનું થાય છે, લુપ્ત થાય છે. સત્ય ન જન્મે છે, ન જૂનું થાય છે, ન નષ્ટ થાય છે.

તરંગ નવો હોઈ શકે છે. તરંગ જૂનો પણ હોઈ શકે છે. પરંતુ સાગર ન નવો છે, ન જૂનો. વાદળાં નવાં થઈ શકે છે, જૂનાં પણ થાય છે પરંતુ આકાશ ન નવું છે, ન જૂનું. એ જ રીતે, સત્ય પણ નવું કે જૂનું કાંઈ જ નથી. તેથી કોઈ જો એમ કહે કે સત્ય પ્રાચીન છે અથવા કહે કે સત્ય અપૂર્વ (નવું) છે તો આ દાવો મૂર્ખતાપૂર્ણ છે.

## સત્યની અનુભૂતિ અપૂર્વ હોય

બે પ્રકારના દાવા દુનિયામાં થાય છે. એક વર્ગ એમ કહે છે કે સત્ય પ્રાચીન છે, હજારો વર્ષ જૂનું છે. બીજો વર્ગ એમ કહે છે કે સત્ય બિલકુલ નવું છે. પહેલો વર્ગ કહે છે કે સત્ય અમારા શાસ્ત્રમાં છે. બીજો વર્ગ કહે છે કે સત્ય નવું છે - અપૂર્વ છે, કારણ કે આવું પહેલાં લખાયેલું નથી. વાસ્તવમાં સત્ય માટે નવું કે જૂનું, પૂર્વાનુપૂર્વ કે અપૂર્વ - એવો વ્યવહાર થઈ શકે નહીં. તો પછી અહીં 'અપૂર્વ' કહેવા પાછળ શું આશય છે?

સત્ય સનાતન છે, સદા છે, નિરંતર છે. એમ છતાં તેની સાથેનું આપણું અનુસંધાન નિરંતર નથી. ધારો કે કોઈ ગામ એવું હોય કે જ્યાં લોકો માત્ર જમીન તરફ જ જોતા હોય, કોઈને આકાશની ખબર ન હોય; ત્યાં એક દિવસ જો કોઈ માણસ પોતાની દૃષ્ટિ ઉપર કરે અને આકાશને જોઈને કહે કે 'મને કોઈ અપૂર્વ વસ્તુની પ્રાપ્તિ થઈ છે' તો તે ખોટો નથી. હવે જો કોઈ તેને કહે કે આમાં અપૂર્વ શું? આકાશ તો પહેલેથી જ હતું, બાપ-દાદાઓને એની ખબર હતી, પુસ્તકોમાં પણ લખેલું છે તો તેની વાત પણ સાચી છે! તો અહીં સાચું શું? આકાશ અપૂર્વ નથી પણ આકાશની અનુભૂતિ જરૂર અપૂર્વ છે. જ્યારે પૂજ્ય શ્રી લલ્લુજી મુનિ કહે છે કે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર અપૂર્વ છે તો તેઓ આ કથન સત્યના સંબંધમાં નહીં પણ તેની અનુભૂતિ અને અભિવ્યક્તિના સંબંધમાં કરી રહ્યા છે. સત્ય (તત્ત્વ) તો સદા સનાતન જ છે પરંતુ જ્યારે તેનું અનુસંધાન થાય છે, જ્યારે તેની અનુભૂતિ થાય છે ત્યારે તે અનુસંધાન - અનુભૂતિ અવશ્ય અપૂર્વ જ હોય છે.

## ઉપલબ્ધિની ઘટના અપૂર્વ

સવાલ એ નથી કે આકાશના સંબંધમાં અગાઉ કાંઈ કહેવાયું છે કે નહીં. સવાલ એ પણ નથી કે આકાશના સંબંધમાં જે કહેવાયું છે તે જૂનું છે કે નવું. સવાલ એ છે કે આપણો તેની સાથે સંબંધ થયો છે કે નહીં. ભગવાન મહાવીરે જે કહ્યું હતું એનાથી પરમકૃપાળુદેવે જે કહ્યું એ ભિન્ન નથી.

પરમકૃપાળુદેવે તત્ત્વતઃ કશું એવું કહ્યું નથી કે જે સાવ નવું હોય, કારણ કે સત્ય સનાતન છે, નિરંતર છે. પરંતુ આપણો તેની સાથે સંબંધ થયો નથી. તેથી તેઓ પોકારી પોકારીને આપણી દષ્ટિ એ તરફ કરવા - ઊંચી ઉઠાવવા પ્રેરણા કરે છે. દષ્ટિ ઉપર ઊઠતાં જ આકાશ દેખાય છે, એ સત્યનાં દર્શન થાય છે કે જે પહેલાં અજાણ્યું હતું. તેથી ઉલ્લાસમાં કહેવાય છે કે અપૂર્વ ઘટના! સત્ય નવું કે જૂનું નથી પણ જ્યારે કોઈ વ્યક્તિને સત્યની ઉપલબ્ધિ થાય ત્યારે તે નવી હોય છે, અપૂર્વ હોય છે. અને આ અર્થમાં સત્યને નવું કે અપૂર્વ પણ કહી શકાય.

ભલે પૂર્વે કરોડો લોકોને સત્યની પ્રાપ્તિ થઈ હોય પણ જ્યારે એ સત્યની અનુભૂતિ જીવને પોતાને થાય ત્યારે જ એની મહત્તા છે. એ સત્ય ત્યારે પોતાને માટે તો તદ્દન નવું હોય છે તેથી એ અપૂર્વ લાગે એ સ્વાભાવિક છે. કોઈ વ્યક્તિ જ્યારે પ્રથમ વાર પ્રેમ કરે છે ત્યારે તેના માટે એ પ્રેમ અપૂર્વ ચીજ છે - ભલે ને તેની પહેલાં કરોડો લોકોએ પ્રેમ કર્યો હોય! કોઈ પણ પ્રેમી એ માનવા તૈયાર નહીં થશે કે તેની અંદર જે પ્રેમની ઘટના ઘટી છે તે વાસી છે, જૂની છે. તેને માટે તો એ તદ્દન નવી જ વસ્તુ છે ને! એક વ્યક્તિની પ્રેમની ઘટના અન્ય કોઈને કામ લાગતી નથી. પોતાને પોતાની અનુભૂતિ જ કામ લાગે છે.

## સત્યની અભિવ્યક્તિ

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં નિરૂપાયેલું તત્ત્વ સદા છે, શાશ્વત

છે, સનાતન છે. તે કાંઈ પ્રથમ વખત બતાવવામાં નથી આવ્યું પણ તેની જે અભિવ્યક્તિ છે તે મૌલિક છે, નવી છે, અપૂર્વ છે. અને તેનો જે પ્રભાવ પૂજ્ય શ્રી લલ્લુજી મુનિ ઉપર પડ્યો, તે એક નવી જ ઘટના હતી. તેથી 'અપૂર્વ' શબ્દનું ઉચ્ચારણ થયું.

સત્ય શાશ્વત છે પણ તેની અનુભૂતિ અને તેની અભિવ્યક્તિ નવી હોય છે. પરમકૃપાળુદેવે સત્યની જે અભિવ્યક્તિ કરી છે તે અદ્‌ભુત છે, નવી છે. આવી અભિવ્યક્તિ પૂર્વે ન પણ થઈ હોય. અભિવ્યક્તિ નવી પણ હોય છે અને તે કાળાનુક્રમે જૂની પણ બને છે. સત્ય ન નવું હોય છે, ન જૂનું બને છે. સનાતન સત્યની જ્યારે ઉપલબ્ધિ થાય છે ત્યારે એ તદ્દન તાજી હોય છે. તેથી જે વ્યક્તિને સત્યની ઉપલબ્ધિ થાયં છે, તે તો એ ઘટનાને અપૂર્વ જ કહેશે. અત્રે એટલું ધ્યાન રાખવું કે ત્યાં ઉપલબ્ધિ કે અનુભૂતિ જ નવીન છે, સત્ય નવીન નથી. સત્યની અનુભૂતિ થયા પછી જ્યારે તે અભિવ્યક્ત થાય છે ત્યારે તે અભિવ્યક્તિ મૌલિક, નવીન, અપૂર્વ બની શકે છે. સત્યની જે પ્રકારે અભિવ્યક્તિ તે વ્યક્તિએ કરી હોય એ જ રીતે કોઈએ પૂર્વે કરી પણ હોય અને છતાં બન્ને અભિવ્યક્તિમાં ભિન્નતા તો રહે જ છે. તેથી એમ બની શકે કે એ અભિવ્યક્તિની વિશેષતાના કારણે કોઈને જબરદસ્ત પ્રભાવનો અનુભવ થાય, જે તેને પૂર્વે ક્યારેય પણ થયો ન હોય. અને તે ઉલ્લાસમાં બોલે કે 'આ તો અપૂર્વ ઘટના છે!' તો તે એકદમ જ સ્વાભાવિક અને સમજી શકાય એવી વાત છે.

## અભિવ્યક્તિમાં વિવિધતા

આમ, સત્ય સનાતન છે, તે નવું ન હોઈ શકે પરંતુ જ્યારે પણ તે ઉપલબ્ધ થાય છે, પ્રત્યેક વ્યક્તિને તે નવું જ ઉપલબ્ધ થાય છે. સત્ય સદૈવ છે પરંતુ જ્યારે પણ કોઈ વ્યક્તિ સત્ય સાથે સંબંધિત થાય છે ત્યારે સત્ય તેના માટે નવું થઈ જાય છે, અપૂર્વ બની જાય છે. અને પ્રત્યેક વ્યક્તિની અનુભૂતિ જ્યારે અભિવ્યક્ત થાય છે ત્યારે તે તદ્દન નવી હોય છે, મૌલિક હોય છે. આનું કારણ એ છે કે તેના જેવી જ વ્યક્તિ સંસારમાં બીજી થઈ નથી. વળી, તેનામાં જે વિશેષતા છે કે વિશેષતાઓની મેળવણી છે તે હંમેશ અજોડ હોય છે.

રવીન્દ્રનાથ ટાગોર ખૂબ કવિતાઓ લખતા હતા. તેમની પાડોશમાં એક વૃદ્ધ પુરુષ રહેતો હતો. રવીન્દ્રનાથના પિતાનો મિત્ર હોવાના નાતે તે વૃદ્ધ વારંવાર તેમના ઘરે આવતો. જ્યારે પણ તે રવીન્દ્રનાથને મળતો એક જ વાત પૂછતો કે તું આ બધી ઈશ્વર સંબંધી કવિતાઓ લખે છે, તે તને ક્યારેય ઈશ્વરનો અનુભવ થયો છે ખરો?

રવીન્દ્રનાથને આ ગમતું નહીં. તેઓ એ વૃદ્ધથી અકળાતા કારણ કે ઈશ્વરનો અનુભવ થયો છે એવું કહી ન શકાય અને નથી થયો એમ કહે તો કવિતાનું મૂલ્ય ઓછું થઈ જાય. તેથી એ વૃદ્ધને તેઓ ટાળતા, એનાથી દૂર ભાગતા રહેતા.

એક વાર વહેલી સવારે રવીન્દ્રનાથ સમુદ્રકિનારે બેઠા હતા. સૂર્યોદય માણ્યા બાદ તેઓ ઘરે જવા માટે ઊઠ્યા ત્યાં તેમણે

જોયું કે સૂર્યનું પ્રતિબિંબ સમુદ્રના જળમાં તો પડતું જ હતું પણ **એવું** જ પ્રતિબિંબ તેમની બાજુના એક ખાબોચિયામાં પણ પડતું હતું. ખાબોચિયામાં પાણી થોડું જ હતું, ગંદું હતું, ગંધાતું હતું અને છતાં સૂર્યનું પ્રતિબિંબ એમાં પણ પડી રહ્યું હતું!

સૂર્ય એ જ, એનું પ્રતિબિંબ પણ સમાન અને છતાં બન્ને જગ્યાએ સૂર્યની અભિવ્યક્તિ ભિન્ન ભિન્ન હતી. ભિન્ન ભિન્ન અભિવ્યક્તિમાં પણ પ્રતિબિંબ એ જ છે, એ રહસ્ય પકડાતાં તેમના અંતરમાં એવો તો ઉલ્લાસ ઊછળ્યો કે જે પણ સામે મળતું, એને તેઓ ભેટી પડતા. પહેલાં તો પેલા વૃદ્ધ પાડોશીને જઈને ભેટી પડ્યા. તેમના બોલ્યા વિના જ એ વૃદ્ધ સમજી ગયો! જેનાથી તું દૂર ભાગતો હતો, તેને તું ભેટે છે એ જ બતાવે છે કે અંતરમાં કંઈક રૂપાંતરણ થયું છે. હવે તને પ્રતિબિંબ દેખાય છે, અભિવ્યક્તિ નથી દેખાતી!

રવીન્દ્રનાથની આ ધારા ત્રણ દિવસ સુધી ચાલી. એ ખુમારીમાં તેઓ બધાંને ભેટતા રહ્યા. કોઈ માણસ ન મળે તો ગાય-ભેંસ-ઘોડાને પણ આલિંગન આપતા, ઝાડ-પાનને પણ વહાલ કરતા. એક નાનકડી ઘટના બની અને જીવન આખું પલટાઈ ગયું.

## સત્ય એક, અભિવ્યક્તિ અનેક

જેમ સૂર્ય એક, તેનું પ્રતિબિંબ એ જ અને છતાં જુદા જુદા

પાત્રમાં પડવાના કારણે તેની અભિવ્યક્તિ અનેક બને છે; તેમ સત્ય એ જ, તેની અનુભૂતિ એ જ પણ સત્યને જાણવાવાળા ભિન્ન ભિન્ન હોવાથી તેની અભિવ્યક્તિ ભિન્ન ભિન્ન, નવી નવી, જુદી જુદી બને છે.

સત્ય એક હોવા છતાં તેને જાણવાવાળા અનેક હોય છે તેથી સત્યની અભિવ્યક્તિ અનેક રીતે થઈ છે. સત્યની અભિ-વ્યક્તિ કોઈએ વૈજ્ઞાનિક રીતે કરી તો કોઈએ ભાવનાત્મક રીતે કરી. કોઈએ ધ્યાનસ્થ થઈને કરી તો કોઈએ નાચીને કરી. કોઈએ મૌનરૂપથી કરી તો કોઈએ શબ્દરૂપથી કરી. કોઈએ સંક્ષિપ્તમાં કરી તો કોઈએ વિસ્તારથી કરી. કોઈએ ગદ્યમાં કરી તો કોઈએ પદ્યમાં કરી.

## નિર્ણય કરો, તુલના નહીં

આ ભિન્નતાઓથી જીવ મૂંઝાઈ જાય છે. પ્રથમ તો જીવને સત્ય રુચતું જ નથી. તે સત્યથી દૂર ભાગતો ફરે છે. જ્યારે તે સત્ય તરફ વળે છે, તેનામાં સત્યની રુચિ જાગે છે ત્યારે તે સત્યની વિધવિધ અભિવ્યક્તિઓમાં ગૂંચવાઈ જાય છે. તે મૂંઝાય છે કે આ તમામ અભિવ્યક્તિઓમાંથી કઈ અભિવ્યક્તિ સાચી? વિકાસપથ પર આગળ જતાં કદાચ તેને સમજાઈ પણ જાય કે આ બધી અભિવ્યક્તિ સત્યની જ છે અને તેથી તે સઘળી સાચી જ છે તો તેને એ ગાંડપણ સૂઝે છે કે આમાંથી સર્વશ્રેષ્ઠ કઈ? ભિન્ન ભિન્ન રીતે અભિવ્યક્ત થતાં અનેક રૂપોમાંથી કયું સત્ય શ્રેષ્ઠ છે, કયા જ્ઞાનીપુરુષ

શ્રેષ્ઠ છે એનો તે નિર્ણય કરવા જાય છે. બધા સંતોનો તે તુલનાત્મક અભ્યાસ કરે છે અને આ જ તેની ભૂલ છે. સંતો કહે છે કે શ્રેષ્ઠતાનો નિર્ણય કરવો એ ખોટું નથી પણ તમારી નિર્ણયની રીત ખોટી છે. પસંદગી જરૂર કરો પણ તુલના ન કરો. તમારી નિર્ણય માટે એ ભૂમિકા હોવી જોઈએ કે જે તમારા માટે કારણરૂપ નીવડે, તે શ્રેષ્ઠ! જેમના થકી તમારામાં ક્રાંતિ-શાંતિ થાય, તે તમારા માટે શ્રેષ્ઠ! બધા જ્ઞાનીઓને તપાસી શ્રેષ્ઠતાનો નિર્ણય કરવા જશો તો ચૂકી જશો, કારણ કે તેમને સર્વને એક એ જ સત્યની અનુભૂતિ થઈ છે કે જે સનાતન છે, શાશ્વત છે. અનુભૂતિની દષ્ટિએ તેમનામાં ભેદ નથી. ભેદ માત્ર અભિવ્યક્તિમાં છે. તેથી જે અભિવ્યક્તિથી તમારી ભાવદશા બદલાય, તે તમારા માટે શ્રેષ્ઠ!

## મારા માટે શ્રેષ્ઠ!

અભિવ્યક્તિઓ તો ભિન્ન ભિન્ન રહેવાની જ. કોઈ સંકલ્પને મહત્ત્વ આપશે તો કોઈ સમર્પણને. કોઈ શરણભાવનાને મહત્ત્વ આપશે તો કોઈ અશરણને. કોઈ જ્ઞાનમાર્ગનું નિરૂપણ કરશે તો કોઈ ભક્તિમાર્ગનું. બન્ને સાચા છે પણ બન્ને એકસાથે તમારા માટે કાર્યકારી - ઉપયોગી નથી. તમારે કોઈ એકની - જે શ્રેષ્ઠ હોય તેની - પસંદગી કરવી જ પડશે.

પણ શ્રેષ્ઠની પસંદગી કરવામાં ધ્યાન રાખીએ - મારા માટે જે શ્રેષ્ઠ હોય તે અને નહીં કે તેમનામાં જે શ્રેષ્ઠ હોય તે.

સાપેક્ષતા પોતાની તરફ રાખીએ - હું બધાની પસંદગી એકસાથે નથી કરી શકતો, એનું કારણ એ છે કે મારું હૃદય નાનું છે, મારી દૃષ્ટિ વિરાટ નથી, મારા ઘરમાં જગ્યા નથી કે જેથી બધા મહેમાનોનું સ્વાગત કરી શકાય. ઘર નાનું છે એ મારી મજબૂરી છે.

## પ્રારંભિક અવસ્થામાં પસંદગી એકની

સંતો કહે છે કે જે દિવસે તમે જાગશો એ દિવસે તમને ભિન્નતા ભાસશે જ નહીં. સત્ય તરફ દૃષ્ટિ જતાં ભિન્નતા ક્યારેય ભાસતી નથી, અભિવ્યક્તિ તરફ દૃષ્ટિ જાય છે ત્યારે જ ભિન્નતા ભાસે છે. સત્ય પ્રત્યે જાગૃત થતાં બધી જ ભિન્નતા વિલીન થઈ જાય છે, પરંતુ જ્યાં સુધી જાગ્યા નથી ત્યાં સુધી ભિન્નતા ભાસવાની જ. જ્યાં સુધી આ ભિન્નતા ભાસે છે ત્યાં સુધી જ્ઞાનીની આજ્ઞા છે કે કોઈ એકને પસંદ કરી તેના પ્રમાણે વર્તો. **'માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. ..... એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.'** (પત્રાંક-૭૬)

## પસંદગીનો આધાર શું?

માત્ર એ ધ્યાન રાખવું કે પસંદગી શેના આધારે કરવામાં

આવી રહી છે - જન્મના આધારે, કુળધર્મના આધારે, મા-બાપના આધારે, પત્નીના આધારે, મિત્રના આધારે કે પોતાના અનુભવના આધારે? ઈસુ યહૂદી ઘરમાં જન્મ્યા હતા પણ તેમને યહૂદીઓની રીત ફાવી ન હતી. મોહમ્મદ મૂર્તિપૂજક ઘરમાં જન્મ્યા હતા પણ તેમને મૂર્તિપૂજા રુચિ ન હતી. મહાવીર ક્ષત્રિયકુળમાં જન્મ્યા હતા કે જ્યાં યુદ્ધની ભાષા બોલાય, યુદ્ધનું શિક્ષણ અપાય, હિંસા કરવામાં વીરતા મનાય અને છતાં તેમને કુળમાં ચાલતી આવતી રીત યોગ્ય લાગી ન હતી. આમાંથી કોઈએ જન્મની, મા-બાપની, કુળની પદ્ધતિનું આંધળું અનુકરણ ન કર્યું. તેમણે પ્રયોગો કર્યા અને જે પદ્ધતિથી પોતાને લાભ થયો તે પદ્ધતિને અપનાવી. બીજાના કહેવાથી નહીં પણ પ્રયોગ દ્વારા, નિજ અનુભવથી પોતાનો પથ નક્કી કર્યો.

## પ્રયોગથી પસંદગી

આમ, પ્રયોગો દ્વારા વૃત્તિઓની તપાસ કરીને જે પદ્ધતિ પોતાને અનુકૂળ પડે, લાભદાયી ભાસે તે પદ્ધતિને અપનાવવી જોઈએ.

શરીરમાં જ્યારે જાતજાતના રોગોનો હુમલો થાય છે ત્યારે મિત્રો અને પરિચિતો તરફથી પણ જાતજાતની સલાહનો હુમલો આવી પડે છે. ભિન્ન ભિન્ન લોકો ભિન્ન ભિન્ન અને તે પણ પરસ્પર વિરુદ્ધ સલાહ આપતા જાય છે. દરદી જો બધાનું માનવા જાય તો તે જીવી જ ન શકે! ખાદ્ય પદાર્થો

એક પછી એક છૂટતા જાય અને અંતે જીવનનો જ ત્યાગ થઈ જાય!

આ હાલતમાં વિચક્ષણ ડૉક્ટરની સલાહ એ હોય છે કે તમારું શરીર તમને શું કહે છે, એ બરાબર સાંભળો અને એ પ્રમાણે જીવન ઢાળો. શરીરને શું ખાવાથી લાભ થાય છે, શું ખાવાથી નુકસાન થાય છે, કઈ રીતે જીવવાથી અનુકૂળતા રહે છે વગેરે વગેરે પ્રયોગ કરીને જાણવું અને એ પ્રમાણે અનુસરવું. શરીરને જે વ્યવસ્થા અનુકૂળ પડે તે અપનાવવી. તે જ પ્રમાણે જે ઉપાયથી, જે સાધનાપદ્ધતિથી, જે માર્ગથી ચિત્ત પવિત્ર અને પ્રસન્ન થાય, શુભ અને શાંત થાય તેને અપનાવવાં ઘટે. માત્ર ઔપચારિક ધર્મક્રિયાથી કાર્ય નહીં થાય.

## ધર્મનો સંબંધ રૂપાંતરણ સાથે

એક પાદરી હતો. એક વાર તે કશે જઈ રહ્યો હતો અને અચાનક તોફાન આવ્યું. મૂશળધાર વર્ષા શરૂ થઈ ગઈ. દોડીને તે એક વૃક્ષ નીચે ઊભો રહી ગયો. ત્યાં તેણે જોયું કે તે વૃક્ષની નીચે એક વૃદ્ધ બેસીને પ્રાર્થના કરી રહ્યો હતો. એ વૃદ્ધની પ્રાર્થના જોઈને તે પાદરી સ્તબ્ધ થઈ ગયો. તે પોતે પણ દરરોજ ભગવાનને પ્રાર્થના કરતો હતો, ઈસાઈ ધર્મગુરુ હોવાના નાતે અન્યને પણ કરાવતો હતો પણ એ બધું કેવળ ક્રિયાકાંડ હતું, નરી ઔપચારિકતા હતી, કોરો નિત્યક્રમ હતો; જ્યારે એ વૃદ્ધની આંખોમાં એક પ્રકારની

મસ્તી હતી, સ્ફૂર્તિ હતી. ચહેરા પર શાંતિ અને આનંદનો ભાવ ઝળકતો હતો. તેની મુદ્રા અને વર્તનામાં હતી પ્રાપ્તિની અભિવ્યક્તિ, પવિત્રતાની અનુભૂતિ.

પાદરીએ એ વૃદ્ધને કહ્યું, 'લાગે છે કે તમે ઈશ્વરને ખૂબ ચાહો છો. તેથી જ આટલા ભાવથી આટલી લાંબી પ્રાર્થના કરી રહ્યા હતા.'

વૃદ્ધે કહ્યું, 'હું પ્રાર્થના એ માટે કરું છું કે હું જાણી ગયો છું કે હું ઈશ્વરને ચાહું છું એના કરતાં ઈશ્વર મને અનેકગણું વધુ ચાહે છે. એ વાતના અનેક પરચા મળ્યા છે મને! તેથી ધન્યવાદ દર્શાવવા પ્રાર્થના કરું છું.'

સાચા ભક્તની ભક્તિમાં ચાહવું બન્ને બાજુ હોય છે. તેની પ્રાર્થના એક સંવાદ હોય છે. એ બન્ને તરફથી બોલાય. સંદેશો મોકલાય અને સંદેશો ઝિલાય. પ્રેમ કરાય અને પ્રેમ અનુભવાય. તેની પ્રાર્થના એક માંગ, એક ભીખ નહીં પણ પરમ તૃપ્તિની એક ઘોષણા છે, ધન્યવાદ અને અહોભાવની અભિવ્યક્તિનું પ્રતીક છે.

જીવે જે માર્ગ અપનાવ્યો હોય એનાથી તેને પોતાનામાં ફરક દેખાવો જોઈએ. માત્ર કુળધર્મ હોવાથી જ જો તેણે કોઈ ધર્મમતને પકડ્યો હોય અને એ પ્રમાણે ધર્મક્રિયા પણ તે કરતો હોય પણ એ થકી જો તેનું અંતર ન ભેદાયું હોય તો તેણે વિચારવું જોઈએ. ધર્મ કંઈ વારસામાં ન મળે. ધર્મ કોઈ વંશાનુગત અધિકાર કે સંપત્તિ નથી. વંશપરંપરામાં

રોગ મળી શકે, ધર્મ નહીં. ધર્મનો સંબંધ રૂપાંતરણ સાથે છે; લોહી સાથે નહીં, કુળ સાથે નહીં, જન્મ સાથે નહીં.

## સાધનામાં નિષ્ઠા

પણ લોકો એવા આળસુ છે, કાયર છે કે પસંદગી જાતે નથી કરતા. કોણ ઝંઝટમાં પડે? કોણ શોધે, તપાસે, નક્કી કરે? એ બધું જોખમ કોણ લે? એટલી ફુરસદ કોને છે?! તેથી જે ચાલતું હોય તે કર્યા કરે પણ ધાર્મિક ન બને. ધાર્મિક બનવા માટે તો વિવેક જાગૃત હોવો જોઈએ, વૃત્તિઓ ઉપર દૃષ્ટિ હોવી જોઈએ. જેને ધર્મમાં રુચિ હોય તે તપાસ કરીને નક્કી કરે, સિક્કો ઉછાળીને નક્કી ન કરે! સિક્કો ચત્તો પડે તો જ્ઞાનમાર્ગ અને ઊલટો પડે તો ભક્તિમાર્ગ - એમ નક્કી ન કરે પણ જાતે તપાસે, શોધે.

શોધના ફળરૂપે જે પસંદ થાય તેમાં નિષ્ઠા હોય, આનંદ હોય, સંતોષ હોય. જેમ કોઈ યાત્રાળુ લાંબો પ્રવાસ ખેડી કોઈ તીર્થક્ષેત્રે પહોંચે, પછી ત્યાં જે પૂજા તે કરે છે એમાં તેને કાંઈક જુદો જ આનંદ મળે છે; તેમ જે પસંદગી યાત્રા-પૂર્વક થઈ હોય એ સાધનામાં નિષ્ઠા કાંઈક અનેરી જ હોય છે. એ સાધના હૃદયસ્પર્શી બને છે, એમાં વિકલ્પો સતાવતા નથી, કારણ કે વિકલ્પો કરીને જ ત્યાં સુધી પહોંચાયું હોય છે. એ સાધનાનો મહિમા અને આનંદ અનેરો હોય છે.

સત્ય એક હોય છે, તેની અભિવ્યક્તિ અનેક હોય છે. અનેક

અભિવ્યક્તિઓમાં પણ સત્ય એ જ છે એવી પ્રતીતિ પ્રારંભિક અવસ્થામાં દુષ્કર છે. અજ્ઞાન અવસ્થામાં જીવને અનેક અભિવ્યક્તિઓમાં સત્ય પણ અનેક દેખાય છે અને તેથી તેની સાધના ઊપડતી નથી. જ્ઞાનીપુરુષો કહે છે કે જ્યાં સુધી સત્ય એક ન ભાસે અર્થાત્ અનેક ભાસે ત્યાં સુધી કોઈ એકની પસંદગી કરવી જરૂરી બને છે, પરંતુ આ પસંદગી કુળધર્માદિ અનુસાર નહીં પણ આંતરિક રૂપાંતરણના આધારે કરવી ઘટે.

સર્વ અભિવ્યક્તિઓ કે સંતો કે સાધનાપદ્ધતિઓમાંથી જ્યારે જીવ 'મારા માટે શું શ્રેષ્ઠ?' એ નક્કી કરે છે, એનું એકનિષ્ઠ આરાધન - અનુસરણ કરે છે ત્યારે તેના જીવનમાં, તેના અંતરમાં જે રૂપાંતરણ ઘટે છે, લાભની પરંપરા સર્જાય છે એનાથી પ્રભાવિત થઈ તે એને પૂર્ણપણે સમર્પિત થઈ જાય છે. તે કહે છે કે આ અનન્ય છે, અપૂર્વ છે, અદ્ભુત છે. પણ તે સત્યની વાત નથી કરી રહ્યો, તે તો પોતાના જીવનની વાત કરી રહ્યો છે. મારા જીવનમાં આ અપૂર્વ છે, મારા માટે એ સર્વશ્રેષ્ઠ છે, મારા માટે એ અનન્ય છે - 'દૂસરા ન કોઈ'!

### ભક્તને અપૂર્વ કેમ ભાસે છે?

સુશિષ્ય જ્યારે પોતાના ગુરુને શ્રેષ્ઠ કહે છે ત્યારે તેનો ભાવ એવો નથી હોતો કે બીજા બધા 'ખોટા' કે 'છોટા' છે. તે તો એટલું જ કહેવા માંગે છે કે મારા જીવનમાં આ

વ્યક્તિનો કે આ પદ્ધતિનો સહુથી વધારે પ્રભાવ પડ્યો છે. હું અંધકારમાં ઊભો હતો. આ દીપક મારા જીવનમાં આવ્યો અને અજવાળું થયું. મારું હૃદય પ્રકાશથી ભરાઈ ગયું. પ્રકાશ પણ થયો અને હૃદય પણ પરિતૃપ્ત થયું, તેથી હવે અન્યની કોઈ આવશ્યકતા નથી. આ એકથી હું તૃપ્ત છું - પછી ભલે તે કૃષ્ણ હોય કે કૃપાળુ! 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરા ન કોઈ.' મારા હૃદયમાં આ દીવો એવો સ્થાપિત થયો છે, મારા જીવનમાં આ દીપક એવો જડ્યો છે - અનન્ય, અજોડ, અપૂર્વ, અદ્વિતીય.....કે હવે મને બીજાની કોઈ જરૂર નથી. એનો અર્થ બીજા ખોટા છે, ઊતરતા છે એમ નહીં પણ મને આવશ્યકતા નથી. ભક્તનું આ કથન પ્રેમની નજરથી જોવા યોગ્ય છે.

મજનૂ લૈલા પાછળ દીવાનો હતો. લૈલાના પ્રેમમાં પડી તે અનેક મુસીબતો સહન કરી રહ્યો હતો. રાજાને આ સાંભળી મજનૂની દયા આવી, તેથી રાજાએ મજનૂને મહેલમાં બોલાવ્યો. તેની સામે ૧૫ સુંદરીઓને ઊભી કરી દઈ રાજાએ તેને કહ્યું કે આ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુંદરીઓ છે. એમાંથી એકને પસંદ કરીને લઈ જા અને સુખી થા.

મજનૂએ તે બધી સુંદરીઓને એક પછી એક જોઈ અને અંતે ના પાડીને બોલ્યો કે આમાંની એક પણ લૈલા જેવી નથી. રાજાએ કહ્યું, 'તું પાગલ થઈ ગયો છે! હું નરેશ છું, સુંદર સ્ત્રીઓથી પરિચિત છું. લૈલા કેવી બદસૂરત છે તે હું જાણું છું. આ તો તારી દશા જોઈને દયા આવી તેથી સુંદર

સ્ત્રીઓમાંથી પસંદ કરવાનું તને કહ્યું!' મજનૂ બોલ્યો, 'તમે લૈલાને જોઈ પણ મજનૂની નજરથી નહીં! મજનૂની નજરથી જોવાથી તે અદ્વિતીય સ્ત્રી સિદ્ધ થાય છે!!'

## 'અપૂર્વ' કઈ રીતે?

ભક્તની આંખ તો મજનૂની આંખ છે. શિષ્યની આંખ તો મજનૂની આંખ છે. તે એકના પ્રેમમાં પડે છે તો અન્ય પ્રત્યે દૃષ્ટિ પણ જતી નથી. મતાગ્રહ છે એટલે નહીં પણ આવશ્યકતા નથી તેથી નથી જતી. પ્રેમ અને શ્રદ્ધાથી તે પૂર્ણ છે. તે જ્યારે અપૂર્વ, અનન્ય, અદ્વિતીય કહે છે ત્યારે એ શબ્દો તે જ્ઞાની વિષે નથી વાપરતો પણ પોતાના હૃદયના સંબંધમાં કહે છે. સંત વિષે નથી કહેતો, પોતાના પ્રેમ વિષે કહે છે. સત્પુરુષ વિષે નથી કહેતો, પોતાની શ્રદ્ધા વિષે કહે છે. અર્થાત્ તે અન્યના સંબંધમાં નથી કહેતો, પોતાના સંબંધમાં કહે છે. જે અભિવ્યક્તિ તેને પ્રીતિકર અને પ્રભાવકારી લાગી, જે તેના હૃદયને સ્પર્શી, જેણે તેના હૃદયના તારને છેડ્યા, જે થકી તેનામાં રૂપાંતરણ ઘટ્યું એને તે શ્રેષ્ઠ માને છે.

## પસંદગી અનિવાર્ય

જ્ઞાનીપુરુષો કહે છે કે જ્યાં સુધી અંધકાર છે, ત્યાં સુધી ભેદ છે. જ્યાં પ્રકાશ છે, ત્યાં ભેદ નથી - ત્યાં અભિવ્યક્તિઓમાં

રહેલી ભિન્નતા ભાસતી નથી, એક સત્યનાં જ દર્શન થાય છે. પણ જ્યાં સુધી અજાગૃતિ છે, જ્યાં સુધી ભિન્નતા ભાસે છે ત્યાં સુધી પસંદગી કરવી પડે, કારણ કે બધા જાગૃત પુરુષોને પ્રેમ કરી શકો એવી તમારી શક્તિ નથી. દુનિયામાં બધા પ્રેમ કરવા લાયક છે પણ તમે કેટલાને પ્રેમ કરશો? કેટલાને પ્રેમપત્ર લખશો? એમ કરવા જતાં તો હૃદયના ટુકડે ટુકડા થઈ જશે! એ જ રીતે, સઘળા સંતોને આરાધવા જતાં શ્રદ્ધાના પણ ભાગ પડી જશે. ખંડિત શ્રદ્ધાથી તમે સત્ય સુધી નહીં પહોંચી શકો. **'નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.'** (શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, ગાથા-૧૩૧) તેથી, સત્ય એક અને સનાતન છે, બધી અભિવ્યક્તિ એનાં જુદાં જુદાં રૂપો છે - એમ લક્ષમાં રાખી મંદ અવસ્થામાં કોઈ એક સદ્‌ગુરુને શોધી એક સાધનાપદ્ધતિ અપનાવવી અને નિષ્ઠાથી કાર્ય કર્યે જવું.

ગાંધીજી આખી જિંદગી આ ભજન કરાવતા - 'ઈશ્વર અલ્લાહ તેરો નામ' અર્થાત્ ઈશ્વર અને અલ્લાહ બન્ને એક જ સત્યનાં બે રૂપ છે તેથી ભેદ ન રાખવો. જ્યારે તેમનું ગોળીબારમાં મૃત્યુ થયું ત્યારે તેમના મુખેથી 'હે રામ!' એ શબ્દો સરી પડ્યા અને નહીં કે 'હે અલ્લાહ!' આમ કેમ? આનું કારણ એ છે કે ભલે સમજણમાં - પ્રતીતિમાં એમ હોય કે તમામ અભિવ્યક્તિ એક જ સત્યની છે છતાં આચરણમાં - વ્યવહારમાં કોઈ એકની પસંદગી અનિવાર્ય બને છે. સત્યની અનેક અભિવ્યક્તિઓમાંથી કોઈ એક નિયત અભિવ્યક્તિની પસંદગી કરવી જ પડે છે. આ પસંદગીની પાછળ જો

સમજણ યથાર્થ ન હોય તો સાંપ્રદાયિકતાને પોષણ મળે છે અને જો સમજણ યથાર્થ હોય તો એ જ પસંદગી થકી મુક્તિનાં દ્વાર ખૂલી જાય છે.

ધ્યાન રાખવું - પ્રેમ પહોંચાડે છે, પ્રેમી નહીં; શ્રદ્ધા પહોંચાડે છે, શ્રદ્ધેય નહીં. પૂર્ણતા પ્રેમપાત્રથી નહીં, પ્રેમથી પમાય છે. જ્યારે પ્રેમમાં પૂર્ણતા આવે છે ત્યારે જીવ પૂર્ણતા પામે છે. મહત્ત્વ છે પ્રેમ, શ્રદ્ધા, સમર્પણનું. નિષ્ઠાનું ઊંડાણ વધારવું. ભલે કોઈ એકની પસંદગી કરી પણ જો એ દ્વારા પ્રેમ શુદ્ધ થયો તો એ શુદ્ધ પ્રેમ જ પૂર્ણતા પ્રાપ્ત કરાવી દેશે.

## દૃષ્ટિરાગ કે ભક્તિ?

લોકો કહે છે કે એકનો પ્રેમ એ દૃષ્ટિરાગ છે, વ્યક્તિપૂજા છે. સત્ તો સર્વત્ર છે પછી એકમાં જ જોઈ તેને શા માટે સીમિત કરી દેવું? જ્ઞાનીપુરુષો કહે છે કે તું અંધારામાં છે, તને પ્રકાશનું ભાન નથી તો પ્રકાશની ભાષા હમણાં ન બોલ. અજાગૃત રહી જાગૃતના શબ્દો ન વાપર. અંધારામાં હોવા છતાં પ્રકાશની ભાષા બોલવાથી શું લાભ? ભિન્નતા દેખાય ત્યાં અભેદતાની ભાષા બોલવાનો શું મતલબ? જાગરણ સધાશે ત્યારે એક જ ભાસશે. પરંતુ અત્યારે એકમાં વૃત્તિઓનું સ્થાપન કરવું અનિવાર્ય છે.

જો જીવને ભક્તિની આ રીતની યથાર્થ સમજણ હોય કે મારા જીવનમાં તેમના જેવો કોઈએ ઉપકાર કર્યો નથી તેથી

મારા માટે તેઓ સર્વશ્રેષ્ઠ છે અને એક લક્ષથી તેમની આજ્ઞાનું આરાધન કરવામાં જ મારું શ્રેય છે તો તો દષ્ટિરાગ નહીં પણ પરમ ભક્તિ પ્રગટશે. પરંતુ એને બદલે જો એમ માનવામાં આવે કે મારા ગુરુ આ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે, તેમના જેવું જ્ઞાન બીજા કોઈનું નથી, તેમના શરણે આવ્યા વિના મુક્તિ નથી વગેરે વગેરે તો અવશ્ય અભિવ્યક્તિના મોહમાં સત્યનું વિસ્મરણ થઈ જાય છે અને જીવ ત્યાં ચૂકી જાય છે. તેનામાં સાંપ્રદાયિકતા, દષ્ટિરાગ, મતાગ્રહ વગેરે દૂષણો પેસી જાય છે.

## પ્રેમને વિરાટ બનાવો

આ બધાં દૂષણો પેસતાં ધર્મના નામ પર અધર્મ પેસી જાય છે. મામૂલી ભેદને મુખ્ય બનાવતાં અભેદનું વિસ્મરણ થઈ જાય છે. પ્રેમ વિરાટ બનવાને બદલે ક્ષુદ્ર બની જાય છે. પૂર્ણતા સુધી પહોંચવાને માટે પ્રેમનું વિરાટ બનવું અનિવાર્ય છે. ઘરના એક રૂમમાં રહેવું પડે એ એક વાત છે - બરાબર છે અને માત્ર રૂમને જ પ્રેમ કરવો, આખા ઘરને પ્રેમ ન કરવો એ બીજી વાત છે - ભૂલ છે. વિરાટના અંશને જ ચાહવું અને વિરાટને ન ચાહવું એ ભૂલ છે.

નિરાકારની પકડ મુશ્કેલ હોય તો તેની સ્થાપના આકારમાં કરી તેને ભજવું એ કાંઈ ખોટું નથી. સુવિધા માટે ઘરમાં દીવાલ ચણીને રૂમ બનાવવો એ ખોટું નથી. સરખી વૃત્તિ-વાળા સાધકો એક સમૂહ બનાવી આરાધના કરે (સંપ્રદાય)

એ ખોટું નથી પણ આકારમાં નિરાકારને ભૂલે, આકારનો જ આગ્રહ કરે, રૂમને જ પ્રેમ કરે અને ઘરના બીજા ભાગ પ્રત્યે શત્રુતા દર્શાવે, 'મારું સાચું, મારું જ સાચું, અમે કરીએ તે જ સાચું' - આવી સાંપ્રદાયિકતા આવે ત્યાં ધર્મ નથી. ગચ્છ-મતનો આગ્રહ એ સદ્વ્યવહાર નથી. આકારને ભજતાં નિરાકાર ભુલાય નહીં, રૂમમાં રહેવા છતાં ઘર માટેનો પ્રેમ વીસરાય નહીં, સંપ્રદાયમાં હોવા છતાં સાંપ્રદાયિકતા પકડાય નહીં ત્યાં ધર્મ છે. ગાંધીજીની પ્રસંશા કરતાં મુલ્કરાજ આનંદે કહ્યું હતું કે ગાંધીજી એકીસમયે રાષ્ટ્રવાદી અને આંતરરાષ્ટ્રીયતાવાદી હતા.

## ભેદથી અભેદ તરફ

જેમ લાલ, લીલો, ભૂરો ઇત્યાદિ બધા રંગો ભિન્ન ભિન્ન ભાસે છે પણ હકીકતમાં તે બધા એક ઇન્દ્રધનુષના જ ભેદ છે; તેમ સર્વ જ્ઞાનીપુરુષોનો એક જ વર્ગ છે - સત્ય. બધા જ્ઞાનીઓનું અને તેમની કૃતિઓનું સત્યની અપેક્ષાએ મૂલ્યાંકન થાય તો તેઓ બધા એક જ છે. જો તેમનું અભિવ્યક્તિની દૃષ્ટિએ મૂલ્યાંકન થાય તો તેઓ ભિન્ન ભિન્ન છે. સાધકનું એ કર્તવ્ય છે કે પ્રથમ કોઈ એક અભિવ્યક્તિની પસંદગી કરી, તેના પ્રેમમાં પૂરેપૂરા પડવું, અને પછી એ પ્રેમને વિસ્તારવો - ફેલાવવો કે જેથી અભિવ્યક્તિથી સત્ય તરફની, ભેદથી અભેદ તરફની યાત્રા થાય.

સાધકના જીવનમાં જ્યારે જાગરણ આવે છે ત્યારે માત્ર સત્ય

રહે છે. નિષ્ઠા ભલે હજુ એક આકાર પ્રત્યે હોય પણ દૃષ્ટિમાં નિરાકાર છે. ભલે હજુ તે એક નામ-રૂપની ઉપાસના કરતો હોય પણ હવે તેને બધાં નામ-રૂપ એકસમાન લાગે છે. ભલે તેણે એક સાધનાપદ્ધતિ અપનાવી હોય પણ તેને બધી જ સાધનાપદ્ધતિ એકસમાન લાગે છે. સાગરનું પાણી મુઠ્ઠીમાં લઈ સાગરમાંથી બહાર કાઢી પીઓ તોપણ ખારું ભાસે છે અને સાગરમાં ડૂબકી મારી તેને પીઓ તોપણ તે ખારું લાગે છે. બહાર હોય કે અંદર, બન્ને ઠેકાણે સાગરનું પાણી ખારું લાગે; તેમ ભક્તિમાર્ગની કોઈ પદ્ધતિ હોય કે જ્ઞાનમાર્ગની, તેમાં તેની દૃષ્ટિ મોક્ષમાર્ગની આરાધના પ્રત્યે હોય, એના બાહ્ય સ્વરૂપ પ્રત્યે નહીં. તેથી તેને મૂંઝવણ, આગ્રહ, વિરોધ વગેરે થતાં નથી.

સાચો સાધક ન અતીતથી બંધાય છે, ન અતીતનો વિરોધ કરે છે. તે અતીતથી સમૃદ્ધ થઈ નવાનો સ્વીકાર કરી પોતાનું કાર્ય સિદ્ધ કરે છે. અજ્ઞાની, આગ્રહી જીવ અતીતોન્મુખ હોય છે. અતીતથી બંધાયેલો હોવાથી તે નવીનનો સ્વીકાર કરી શકતો નથી. સાચો સાધક અતીતથી સમૃદ્ધ થઈ અર્થાત્ અતીતના ખભા ઉપર ઊભો થઈ દૃષ્ટિની સૂક્ષ્મતા વધારી, નવી નવી વ્યક્તિમાં તે જ સત્યને જોઈ, તેનાથી પ્રભાવિત થઈ પોતાને પુનર્જીવિત કરે છે.

## નવીન અભિવ્યક્તિની આવશ્યકતા

પ્રશ્ન થાય કે પ્રાચીન કાળમાં આટલા બધા મહાપુરુષો થઈ

ગયા છે, તેમણે મહાન રચનાઓ કરી છે, ગ્રંથો રચ્યા છે, તો પછી નવા નવા ગ્રંથની શી જરૂર છે? હજુ નવી નવી કૃતિઓની રચના શું કામ થાય છે? એ થકી શું કોઈ નવીન સત્ય પ્રગટ થાય છે? સત્ય તો સનાતન છે, સદા છે તો નવીન રચનાઓનું પ્રયોજન શું?

સત્યને નવી નવી અભિવ્યક્તિની આવશ્યકતા રહે છે. આ તથ્ય અને એની પાછળનું કારણ સમજવા જેવું છે. જ્ઞાની-પુરુષો દ્વારા સત્ય શબ્દોમાં એની મર્યાદા સાથે ભરવામાં આવે છે. તે વખતે તો એ શબ્દ સત્યની જ્યોત માટે મશાલનું કામ કરે છે; પરંતુ જેમ જેમ સમય વીતતો જાય છે, તેમ તેમ ખોટા હાથમાં જતાં તથા દેશ-કાળ-ભાષા બદલાતાં તે શબ્દો અર્થહીન બની જાય છે અથવા તેનો મહિમા ખોઈ બેસે છે.

## અભિવ્યક્તિ કઈ રીતે અર્થહીન બને છે?

જ્યારે જ્ઞાનીપુરુષનો ભાવ શબ્દરૂપે પ્રગટ થાય છે ત્યારે તે શબ્દ સાધકના કાનમાં પણ પડે છે અને તથાકથિત સાધકના કાનમાં પણ પડે છે. એ શબ્દ જ્યારે આત્માર્થી જીવ સાંભળે છે ત્યારે તે એ શબ્દને સમજે છે, એ પ્રમાણે પ્રયોગ કરે છે, જીવે છે અને પ્રાપ્તિ કરે છે. આથી વિપરીત, જ્યારે મતાર્થી જીવ એ શબ્દને સાંભળે છે તો તે એનો સંગ્રહ કરે છે, વિશ્લેષણ કરે છે, સ્મૃતિમાં રાખે છે અને પોતાનો પ્રભાવ પાડવા અન્યને કહે છે. આત્માર્થીને સ્વભાવમાં રસ હોય છે,

તેને પ્રભાવની કોઈ ચિંતા નથી હોતી, તે પોતાની મસ્તીમાં રહે છે; જ્યારે મતાર્થીને માનની કામના હોય છે, તેને તેના પ્રભાવની ચિંતા હોય છે. તે આ શબ્દોનો દુરુપયોગ કરે છે અર્થાત્ તેને વેચીને માન ઉપાર્જન કરે છે, અહંકાર કરે છે.

મતાર્થી વિદ્વાન બને છે પણ જ્ઞાની થતો નથી. મતાર્થિતાના કારણે તે તેની ઇચ્છા પ્રમાણે જ્ઞાનીના શબ્દની વ્યાખ્યા કરે છે અને તેનો આગ્રહ કરે છે. સત્‌નું જાણપણું ન હોવાના કારણે અને મતનું પ્રધાનપણું હોવાના કારણે તેની વ્યાખ્યા તત્ત્વથી વિરુદ્ધ થતી જાય છે અને ધીમે ધીમે એ શબ્દ અર્થહીન બનતો જાય છે. જેમ કે, પ્રતિક્રમણ. આ મહિમાવંત શબ્દનો અર્થ હતો પાછા ફરવું, બહિર્મુખ ચેતનાનું અંતર્મુખી થવું. આ શબ્દ અસદ્‌ગુરુઓના હાથમાં જવાથી તેનો અર્થ બદલાતો ગયો. ધીમે ધીમે તેનો અર્થ થતો ગયો અમુક પાઠ, અમુક સ્તોત્ર, અમુક થોઈ, અમુક ઉપકરણ, અમુક દિવસ વગેરે અને એ સઘળાનો આગ્રહ થતો ગયો. મૂળ વાત ચુકાઈ ગઈ. હવે એ શબ્દ સત્યને પ્રગટ કરનારો ન રહ્યો અને તેથી સત્યને નવીન અભિવ્યક્તિની આવશ્યકતા પડી. આ કાર્ય વિદ્યમાન પ્રત્યક્ષ સત્પુરુષ કરે છે. પ્રત્યક્ષ સત્પુરુષ દ્વારા જ્યારે સત્ય નવીન અભિવ્યક્તિ પામે છે ત્યારે અજ્ઞાની મતાગ્રહી એનો સ્વીકાર કરી શકતો નથી. તેથી તે વિદ્યમાન જ્ઞાનીપુરુષને ક્રાંતિકારી, વિરોધી, ઉત્સૂત્રપ્રરૂપણા કરનાર, પૂર્વે થયેલા જ્ઞાનીઓનો વિરોધ કરનાર ઇત્યાદિ માને છે પણ વાસ્તવમાં એમ નથી. વિદ્યમાન જ્ઞાનીપુરુષનો વિરોધ શબ્દ સામે કે શબ્દના ભાવ સામે નથી પણ એ શબ્દની થતી

વ્યાખ્યા સામે છે, તેની મિથ્યા સમજણ સામે છે. મૂળ માર્ગનો વિરોધ નથી, હોઈ પણ ન શકે. વિરોધ માત્ર સાધનાના એ બાહ્ય કલેવરનો છે કે જે જડતા લાવતું હોય.

## દેશ-કાળ સાથે અભિવ્યક્તિ બદલાય

દેશ-કાળ બદલાતાં સાધનાના બાહ્ય સ્વરૂપમાં ફેરફાર થવો જ જોઈએ તો જ સાધના ચેતનવંતી રહે, ગતિમાન રહે. જૂની યુક્તિમાં સત્ય હોવા છતાં પણ નવીન સમસ્યા માટે એ યુક્તિ અનુકૂળ ન પણ રહે. અને એમ બને તો તેનો આગ્રહ છોડી તેના બાહ્ય સ્વરૂપમાં ફેરફાર થવો જ જોઈએ.

એક વૃદ્ધ મરણપથારીએ પડ્યો હતો. તેને પાંચ પુત્રો હતા અને તેઓ હંમેશ પરસ્પર ઝઘડતા રહેતા. વૃદ્ધને ચિંતા હતી કે પોતાની પાછળ આ લોકો કઈ રીતે સાથે રહી ધંધો ચલાવશે. તેથી તેણે પુત્રોને બોધ આપવા એક યુક્તિ કરી.

કુટુંબમાં બધાંને ભેગાં કરી તેણે પુત્રોને પાંચ લાકડી લાવવા કહ્યું. પછી તે લાકડીઓને બાંધી દઈ એ ભારાને તોડવા પુત્રોને કહ્યું. બધાએ એક પછી એક પ્રયત્ન કર્યો પણ કોઈથી ભારો તૂટ્યો નહીં. પછી દોરી છોડી નાંખી દરેક પુત્રને એક એક લાકડી આપી તે તોડવા કહ્યું. આ વખતે બધા પોતપોતાની લાકડી તરત જ તોડી શક્યા.

આ પ્રયોગથી તે વૃદ્ધે પુત્રોને મોઘમ બોધ આપ્યો કે જો

પાંચે ભાઈઓ સાથે રહેશો તો શક્તિશાળી રહેશો, કોઈ તોડી નહીં શકે. અને જો છૂટા પડશો તો શક્તિશાળી નહીં રહો, તૂટી જશો. દીકરાઓ પણ આ વાત સમજી ગયા. તેમણે મનોમન પ્રશંસા કરી કે પિતાએ સારી યુક્તિ વાપરી!

આગળ જતાં મોટા ભાઈને ત્યાં ત્રણ દીકરા થયા. એ વૃદ્ધ થયો અને પુત્રો પરસ્પર લડવા માંડ્યા. પિતાની યુક્તિ કેવી કાર્યકારી નીવડી હતી, એ યાદ આવતાં તેણે એ યુક્તિનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. પ્રથમ તો કુટુંબમાં બધાંને ભેગાં કરતાં દમ નીકળી ગયો. પછી પુત્રોને લાકડી લાવવાનું કહ્યું એ તેમને ન ગમ્યું. હવે શહેરમાં પહેલાંની જેમ લાકડી મળતી ન હતી. જેમ તેમ બજારમાંથી ત્રણ લાકડી મળી અને તેય મોટી ને જાડી! પિતાએ પુત્રોને લાકડી બાંધવાનું કહ્યું એ પણ ખૂબ કંટાળા સાથે બાંધી. પછી તોડવાનું કહેતાં કોઈથી બાંધેલી લાકડીઓ તૂટી નહીં. પિતા પ્રસન્ન થયો કે યુક્તિ કાર્યકારી નીવડી રહી છે.

યુક્તિનો અંતિમ તબક્કો આવ્યો. રસ્સી છોડી દરેકને એક એક લાકડી આપી તોડવાનું કહ્યું. મોટા દીકરાએ લાકડી પગેથી દબાવી તોડવા કોશિશ કરી અને લાકડી તો ન તૂટી પણ પગનું હાડકું તડાક દઈને તૂટી ગયું!

સત્ય એ જ હતું. કહેવું પણ એ જ હતું. અને છતાં ૩૦-૪૦ વર્ષ પહેલાંની યુક્તિ ચાલી નહીં. સાચી હોવા છતાં એ યુક્તિ કામ ન લાગી. સમય વીતવા સાથે વ્યવહારમાં,

રીતિ-નીતિમાં પલટો અનિવાર્ય થઈ પડે છે.

## જ્ઞાનીપુરુષ દ્વારા સત્યનો પુનર્જન્મ

આમ, દેશ-કાળ-ભાષા, શારીરિક શક્તિ, માનસિક શક્તિ ઈત્યાદિ બદલાતાં સાધનાના બાહ્ય સ્વરૂપમાં ફેરફાર અનિવાર્ય બને છે. જેમ શરીરની સરહદો વધે તો જૂનાં કપડાં ટાઈટ પડે. કપડું ભલે એ જ હોય પણ હવે નવી રીતે સિવડાવવું જોઈએ. તેમ દેશ-કાળ બદલાતાં સત્યની અભિવ્યક્તિ જૂની થતી જાય છે. તેને નવીન અભિવ્યક્તિની આવશ્યકતા રહે છે. જેમ શરીર જીર્ણ થતાં આત્મા તેનો ત્યાગ કરે છે અને નવીન શરીર ગ્રહણ કરે છે, નવો જન્મ લે છે; તેમ એક અભિવ્યક્તિ જીર્ણ થતાં સત્ય તેનો ત્યાગ કરી નવીન અભિવ્યક્તિની અપેક્ષા રાખે છે. આ કાર્ય માટે જ્ઞાનીપુરુષો ગર્ભ બને છે. તેમના દ્વારા સત્યનો પુનર્જન્મ થાય છે.

## શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં થયેલ સત્યની નૂતન અભિવ્યક્તિ

આમ, સત્ય સનાતન છે અને તેની અભિવ્યક્તિ નવીન હોય છે. કાળક્રમે આ નવીન અભિવ્યક્તિ જૂની થતી જાય છે. તેથી કોઈ નવીન પ્રભાવક અભિવ્યક્તિની અપેક્ષા થોડા થોડા સમયે રહ્યા જ કરે છે. પરમકૃપાળુદેવરચિત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર એ સનાતન સત્યને પ્રગટ કરનારી એક નવીન, મૌલિક, અપૂર્વ રચના છે. આ શાસ્ત્રમાં અનેક

વિશેષતાઓ છે, જે તેને અનોખું, અજોડ, પ્રભાવક શાસ્ત્ર સિદ્ધ કરે છે. તે વિશેષતાઓ અત્રે સંક્ષેપમાં વિચારીએ.

(૧) લોકપ્રચલિત ગુજરાતી ભાષામાં નિરૂપણ

પ્રાચીન કે અર્વાચીન, કોઈ પણ યુગમાં લોકમાન્ય કે લોકપ્રચલિત ભાષામાં લખાયેલી કૃતિ જ લોકકલ્યાણકારી થાય છે. બોલચાલની ભાષામાં જીવના મનોભાવ વિશેષ પ્રમાણમાં જોડાઈ શકે છે અને ભાવનું વેદન તથા ઊંડાણ વધારે આવી શકે છે.

આત્મસ્વરૂપવિષયક વિશ્લેષણ જૈન દર્શનમાં જિનાગમો તથા ઉત્તરવર્તી ગ્રંથોમાં થયેલું છે; પરંતુ મૂળ ગ્રંથો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં હોવાથી તથા તેની ટીકા પણ સંસ્કૃત ભાષામાં હોવાથી સામાન્ય જનતા તેનો લાભ લઈ શકતી નથી. પરમકૃપાળુદેવે એ ગહન વિષયને સરળ ગુજરાતી લોકભાષામાં ગૂંથી, તેને કાવ્યબદ્ધ કર્યો કે જેથી અલ્પ ક્ષયોપશમવાળો જીવ પણ શ્રુતસાગરમાં પ્રવેશવા સમર્થ બને.

ગુજરાતી ભાષામાં તત્ત્વપ્રધાન કૃતિઓની રચના ત્રણસો વર્ષથી થતી આવી છે. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ આદિ અનેક મહાન તત્ત્વજ્ઞાનીઓએ પોતાની ઘણી રચનાઓ ગુજરાતી ભાષામાં કરી છે. પરમકૃપાળુદેવ પણ આ ગ્રંથની રચના ગુજરાતી ભાષામાં કરીને એ પરંપરાને અનુસર્યા છે. જે ભાષાથી વાચકો અને શ્રોતાઓ ઉપર તત્કાળ અસર થાય અને તેમને સહજમાં સમજાવી શકાય તે જ ભાષામાં (પછી

ભલે તે ભાષા સંસ્કૃત હોય, પ્રાકૃત હોય કે ગુજરાતી હોય) જ્ઞાન પીરસાવું જોઈએ. જ્યાં ગુજરાતી ભાષા વપરાશમાં હોય ત્યાં સંસ્કૃત-પ્રાકૃત ભાષા તિજોરીમાં રાખેલ ધન જેવી છે. જેમ તિજોરીમાં રાખેલાં નાણાં ધિરાય તો વ્યાજ મળે; તેમ ગુજરાતી ભાષા દ્વારા તે ગ્રંથોના ગૂઢ ભાવોને સમજાવવામાં આવે તો જ તે સંસ્કૃત-પ્રાકૃત ભાષાના ગ્રંથો ઉપયોગી તથા લોકપ્રિય બને.

પરમકૃપાળુદેવની સૂક્ષ્માતિસૂક્ષ્મ ધર્માનુભૂતિને તંતોતંત શબ્દો-બદ્ધ કરવામાં ગુજરાતી ભાષા કાર્યક્ષમ નીવડી છે. પરમ-કૃપાળુદેવ સરળ અને સુબોધક શૈલીથી અધ્યાત્મના ગૂઢ ભાવો સાંગોપાંગપણે ગુજરાતી ભાષામાં પ્રગટ કરી શક્યા છે, તેથી આ કૃતિનું મહત્ત્વ કોઈ સંસ્કૃત-પ્રાકૃત સર્જન કરતાં જરા પણ ઓછું આંકી શકાય નહીં.

(૨) ગહન વિષયનું સરળ નિરૂપણ

જગતનું મહાન કાવ્ય તો તે જ ગણી શકાય કે જેણે મનુષ્યનો જીવનપથ ઉજાળ્યો હોય. ઉત્તમોત્તમ કવિતા આનંદની અનુ-ભૂતિ સાથે જીવનનું દર્શન પણ કરાવે છે. કવિ હોવા ઉપરાંત જે ગંભીર તત્ત્વચિંતક નથી, તે પુરુષ કદી પણ મહાકવિ બની શકતો નથી. મહાકવિમાં પ્રજ્ઞાની ઊંચાઈ અને હૃદયની ઊંડાઈ હોવાથી કઠિનમાં કઠિન વિષયને સરળમાં સરળ રીતે રજૂ કરવાની વિશિષ્ટ શક્તિ હોય છે.

ચિંતનને કવિતામાં રજૂ કરતી રચનાઓમાં શ્રી આત્મસિદ્ધિ

શાસ્ત્ર એક ઉત્તમ નમૂનારૂપ છે. કવિતામાં દાર્શનિક માન્યતાઓ રજૂ કરી, ઊંડું અધ્યાત્મ ગૂંથવાનું કાર્ય અત્યંત અત્યંત મુશ્કેલ અને અટપટું છે. આત્મતત્ત્વની ગહન વિચારણાને પદ્યરૂપે ગૂંથી, તેને ગેયરૂપ આપી, જનહૃદય સુધી પહોંચાડી પરમકૃપાળુદેવે પોતાની ઉચ્ચ કવિત્વપ્રતિભાનો પરિચય આપ્યો છે.

શ્રી તીર્થંકર પ્રભુના મુખ્ય ગુણોમાં જે ગુણ ગણના પામે છે, તે છે તેમની ભાષાનું સર્વગ્રાહિત્વ; અર્થાત્ પ્રત્યેક પ્રાણી સમજી શકે એવી ભાષામાં બોલવાની તેમની વિશિષ્ટતા. ભાષામાં ચાતુર્ય કે ચમત્કૃતિ હોય તો તે ભાષાની શોભામાં વધારો કરે છે, પણ સમજવાની સરળતા અને સર્વદેશીયતાનો જ્યાં નાશ થતો હોય ત્યાં મૂળ મુદ્દો ઊડી જતાં તે કૃતિ જનસામાન્યને ઉપયોગી થતી નથી. પરમકૃપાળુદેવે એ વાત કદી વિસારી નથી એ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી સ્પષ્ટ જણાઈ આવે છે.

પરમકૃપાળુદેવ કવિ ઉપરાંત જ્ઞાની પણ હતા, તેથી કાવ્ય-રચના કરવા પાછળનો તેમનો ઉદ્દેશ મહાકવિનું બિરુદ પામવાનો, મહાપંડિત કે મહાવિદ્વાન કહેવડાવવાનો અથવા ઐહિક પ્રસંશા પ્રાપ્ત કરવાનો ન હતો. ત્રિવિધ તાપથી દુ:ખી જીવોને સત્ય માર્ગનું દર્શન કરાવી તેમાં પ્રવૃત્ત કરાવવા એ જ તેમની લેખણીનો મુખ્ય લક્ષ હતો. તેમનામાં પંડિતોની ભાષા વાપરવાની શક્તિ હતી, પરંતુ તેમને તો સામાન્ય જનસમૂહને પ્રબોધવો હતો. તેથી પોતાનો ઉપદેશ સર્વભોગ્ય થાય એવી સરળ ભાષામાં આપવા માટે તેમણે

કાવ્યના બાહ્ય સ્વરૂપ પ્રત્યે અલક્ષ રાખી, કાવ્યવિષયને જ મહત્ત્વ આપ્યું.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં તત્ત્વનું નિરૂપણ હોવા છતાં તેમાં સૈદ્ધાંતિક ગ્રંથો જેવી કઠિનાઈ નથી. તેમાં નયવ્યવસ્થા, ન્યાયયુક્ત દલીલો, દાર્શનિક માન્યતાઓ ઇત્યાદિ ગહન વિષયો હોવા છતાં સરળ શબ્દો, સુગમ શૈલી અને દૈનિક અનુભવોથી સમર્થિત દૃષ્ટાંતો હોવાના કારણે આ ગ્રંથ સર્વોપયોગી બન્યો છે. વળી, તેનું કાવ્યસ્વરૂપ પણ જટિલ નહીં હોવાથી આ સુગેય રચના સરળ, ગ્રાહ્ય, આસ્વાદ્ય અને લોકપ્રિય બનવા પામી છે.

(૩) સંક્ષિપ્ત છતાં સચોટ નિરૂપણ

કાવ્યસર્જનમાં વિષયના વિશદીકરણની પ્રક્રિયા જેટલી મિતાક્ષરી, એટલી તે કૃતિ રૂડી ગણાય. ઉચ્ચ પ્રકારનો કવિ તે છે કે જે પોતાના ભાવોનો શક્ય હોય તેટલો સંક્ષેપ કરે અને છતાં વાંચતાં વિષય અધૂરો રહ્યો છે એવું ન લાગે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર લાઘવયુક્ત અને માર્મિક છે. આ કાવ્યમાં મિતાક્ષરી પંક્તિમાં અર્થનો ખજાનો ભરીને પરમકૃપાળુદેવે પોતાની લાઘવશક્તિનો પૂર્ણપણે પરિચય આપ્યો છે. વિષયનિરૂપણમાં અનિવાર્ય હોય તે જ શબ્દનો અને તેટલા શબ્દોનો જ તેઓ પ્રયોગ કરે છે. શબ્દસમૃદ્ધિ અને શબ્દસંયમ જેવા વિરોધાભાસી ગુણોનો સુભગ આવિષ્કાર શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં જોવા મળે છે. પરમકૃપાળુદેવે

અત્યંત સંક્ષેપમાં, છતાં સચોટ અને રોચક રીતે આ ગ્રંથમાં આત્મતત્ત્વની મીમાંસા કરી છે, જે તેમના ગહન શાસ્ત્ર-અભ્યાસની, ઉન્નત આત્મદશાની અને ઉત્તમ કવિત્વશક્તિની પ્રતીતિ કરાવે છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પરમકૃપાળુદેવે આત્માર્થી જીવ જ્યાં મૂંઝાઈ જાય એવા ઘણા ઘણા પ્રશ્નોના સચોટ જવાબ આપ્યા છે, જે દરેકને નિરુત્તર જ નહીં પણ નિઃશંક બનાવી દે એવા સચોટ છે. આ કૃતિની ખૂબી એ છે કે શબ્દોનો સંક્ષેપ છતાં પરમકૃપાળુદેવ તે વિષયના ભાવોને પૂર્ણપણે આવરી લે છે. કેટલી ઓછી પંક્તિઓમાં તેમણે અધ્યાત્મમાર્ગનો સાર આપી દીધો છે!

સાધકને ઉત્તમ માર્ગ બતાવતા આ ગ્રંથનું અર્થગૌરવ અતિ અસરકારક છે. ભાષાપ્રવાહ હૃદય ઉપર સચોટ અસર કરે છે. એક વાર વાંચ્યા પછી ન ભુલાય એવો આ ગ્રંથ અર્થથી ભરપૂર અને સચોટ છે. તેની પંક્તિઓ એવી હૃદયસ્પર્શી છે કે વારંવાર વાંચવાની ઇચ્છા થાય. વારંવાર રટણ કરવા છતાં કંટાળો ન આવતાં અંતર્મુખ બનાવે એવું દૈવત તેમાં રહેલું છે. આવી રચના કોઈ સાધારણ લેખકથી નીપજી શકે નહીં. સ્વાનુભવ વિના આવું કાવ્ય સર્જી શકાય નહીં એમ સૌ કોઈને આ કાવ્ય વાંચતાં અવશ્ય પ્રતીત થાય છે.

(૪) રોચક અને રમણીય નિરૂપણ

તત્ત્વજ્ઞાનનો વિષય સામાન્ય રીતે શુષ્ક અને નીરસ હોવા

છતાં તે રસિક અને હૃદયંગમ થઈ પડે એ માટે પરમકૃપાળુદેવે તે વિષયને અહીં પ્રાસાદિક શૈલીમાં રજૂ કર્યો છે. મૂળ વિષય જેટલો શુષ્ક છે, તેની રજૂઆત એટલી જ રસપૂર્ણ છે.

પરમકૃપાળુદેવનાં લખાણમાં ઘણું બળ છે. ભાષા સાદી પણ ઓજસવાળી છે અને વિચાર દર્શાવવાની તેમની પદ્ધતિ પ્રસાદપૂર્ણ છે. સામાન્ય જ્ઞાન ધરાવતી વ્યક્તિ પોતપોતાની કક્ષા અને ક્ષયોપશમ અનુસાર તેમાંથી અર્થ સમજી શકે તેવી સરળતા તેમની રચનામાં રહેલી છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની ભાષાસ્પષ્ટતા, તેનું ભાષાસૌષ્ઠવ અને તેની ભાષાસફળતા વિચારવા યોગ્ય છે. તે વાંચતાં પરમકૃપાળુદેવનો ભાષા ઉપરનો અદ્‌ભુત કાબૂ જરૂર જણાઈ આવે છે. કોઈ પણ સાહિત્યસર્જક પોતાના સાહિત્યલેખનમાં ભાષા તો સામાન્યપણે પ્રચલિત હોય તે જ વાપરે છે, પણ તેમાં વપરાતા શબ્દોની પસંદગી અને પ્રયોગમાં તે સર્જકનું વિશેષપણું રહ્યું છે. પરમકૃપાળુદેવની શબ્દોની પસંદગી અને તેની યથાયોગ્ય સ્થાને ગોઠવણી સર્વથા ઉચિત, માર્મિક અને અર્થપ્રકાશક છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શુષ્ક લાગતા વિષયની પરમકૃપાળુદેવના અસાધારણ ભાષાપ્રભુત્વના પરિણામે મનોહર, લાલિત્યપૂર્ણ અને રસપ્રદ રજૂઆત થઈ હોવાથી સૌનાં અંતરમાં તે માટે રુચિ જાગૃત થાય છે. સામાન્ય વાંચનાર તેના અધિકાર અનુસાર પરિચય-પ્રીતિ વધારે છે, અસાધારણ

અને નિર્મળ બુદ્ધિવૈભવવાળાને એમાં વિશેષ રસ પડે છે, તો ભાવસમૃદ્ધ આત્માર્થીજનને તેની પ્રત્યેક તત્ત્વપ્રેરક પંક્તિમાં રસના સાગર ઊછળતા અનુભવાય છે.

પરમકૃપાળુદેવ આખી કૃતિ દરમ્યાન ભાષાસૌષ્ઠવ, મૌલિકતા તથા મિષ્ટતાનો એકસરખી રીતે અવિચ્છિન્નપણે આસ્વાદ કરાવી શક્યા છે. એક અક્ષર પણ ન્યૂનાધિક લખ્યા વગર, સાહિત્ય અપેક્ષાએ અતિ ઉત્તમ કાવ્ય નીપજાવી શક્યા છે.

જૈન કવિઓમાં મહાસમર્થ કવિ તરીકે જેની ગણના થાય અને સર્વ કાળના સમર્થ કવિઓની હરોળમાં બેસી શકે એવા પરમકૃપાળુદેવ એક મહાપ્રતાપી કવિ હતા. ગુજરાતી સાહિત્યમાં એક અજોડ સંત કવિ, જ્ઞાની કવિ તરીકે તેમનું નામ ચિરસ્મરણીય છે અને રહેશે. ગુજરાતી ભાષાના સિદ્ધહસ્ત સર્જનકાર એવા પરમકૃપાળુદેવે પોતાના સાહિત્ય દ્વારા આગમસિદ્ધાંતના તત્ત્વજ્ઞાનનું અમૃત સામાન્યજન સુધી પહોંચાડ્યું છે. પરમકૃપાળુદેવના સંપૂર્ણ સાહિત્યમાં 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર કલગી સમાન છે. તેમાં ભાષાની અકૃત્રિમતા અને સર્જકની વિદ્વત્તા ઓતપ્રોત ઝળક્યા કરે છે. પરમકૃપાળુદેવની વાણી એવી તો રસવતી અને મધુર છે કે તેને વિષે કહેવાનું મન થાય કે પોતાની મધુરતા જાણે મધે તેને વેચી દીધી, દ્રાક્ષે આનંદથી ભેટ આપી, દૂધે તેને પાત્ર માનીને આપી, શેરડીએ શરણાગત થઈ અર્પણ કરી અને ચોરના ડરથી અમૃતે સાચવવા આપી; એટલા માટે જ તો પરમકૃપાળુદેવની વાણીને અદ્‌ભુત માધુર્યની ચિરસમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે.

## સર્વાંગસુંદર અધ્યાત્મગ્રંથ

વિદ્વાનોના મત અનુસાર શ્રી જયદેવે 'ગીતગોવિંદ' સિવાય બીજું કશું પણ ન લખ્યું હોત તોપણ 'ગીતગોવિંદ' તેમને મનુષ્યમાંથી દેવ સિદ્ધ કરવા પર્યાપ્ત છે; કવિ કાલિદાસ 'શાકુંતલ' લખીને જ અટકી ગયા હોત તોપણ તેમની લેખણીની સુંદરતા જગતને આજે જેવી પ્રતીત છે તેવી જ પ્રતીત કરાવી શક્યા હોત. પરમકૃપાળુદેવના સંબંધમાં પણ એમ કહી શકાય કે તેમણે માત્ર 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની જ રચના કરી હોત તોપણ તે તેમની ઉચ્ચ કવિત્વપ્રતિભા અને ઉન્નત આત્મદશાનો પરિચય આપવા માટે પર્યાપ્ત છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ગાથાએ ગાથાએ તેમનો દિવ્ય આત્મા પ્રકાશી ઊઠે છે. તેમની વીર્યવંતી ચેતનામાંથી ઉદ્‌ભવેલા એક જ વચનામૃતને જો સૂક્ષ્મતાથી અવલોકવામાં આવે તો તે આ દશ્યપ્રપંચથી ઉપર વિરાજતા એવા નિજ-તત્ત્વની ઝાંખી કરાવી શકે તેમ છે.

આમ, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર એ પરમકૃપાળુદેવની અનન્ય લાક્ષણિક શૈલીથી આલેખાયેલો એક સર્વાંગસુંદર અધ્યાત્મગ્રંથ છે. આ ગ્રંથ સાહિત્યદષ્ટિએ તો ઉચ્ચ કક્ષાનો છે જ, તેના કરતાં પણ વિશેષ તે અધ્યાત્મદષ્ટિએ અતિ શ્રેષ્ઠ છે. તેમાં પૂર્વાચાર્યોએ ચિંતવેલું તત્ત્વજ્ઞાન સંક્રમે છે. તેમાં નિરૂપાયેલ તત્ત્વ પૂર્વાચાર્યોના ગ્રંથો ઉપર સ્વતંત્ર ભાવે કરાયેલ ઊંડા ચિંતનમાંથી સ્ફુરેલું છે. વિષયની દષ્ટિએ આ ગ્રંથ મૌલિક નથી, પણ તેનું નિરૂપણ મૌલિક છે. એમ કહેવું જરા પણ અતિશયોક્તિભર્યું નથી કે શ્રુત અને અનુભવનો સુયોગ

સાધી પરમકૃપાળુદેવે આ કાળના સાધકો માટે મોક્ષનાં દ્વાર ખુલ્લાં કરી નાંખ્યાં છે.

## શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર 'અપૂર્વ' કઈ રીતે?

પૂજ્ય શ્રી લલ્લુજી મુનિએ અનેક શાસ્ત્રોનો, અનેક સત્કૃતિઓનો અભ્યાસ કર્યો હતો. એ સર્વથી તેમના જીવનમાં, તેમની ધર્મયાત્રામાં લાભ થયો જ હતો, અંતરમાં ભાવની શુદ્ધિ-વૃદ્ધિ થઈ જ હતી પણ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો અભ્યાસ કરતાં, તેનું મંથન કરતાં તેમને જે લાભ થયો તે અદ્‌ભુત હતો, ભાવદશામાં જે પલટો આવ્યો તે અપૂર્વ હતો. આ શાસ્ત્ર તેમનામાં અપૂર્વ ભાવ જગાડી શક્યું તેથી તેમણે એને 'અપૂર્વ' તરીકે ઉદ્‌બોધ્યું. અપૂર્વ કૃતિ એટલે જે થકી મારામાં અપૂર્વ ભાવદશા જાગી તે અને નહીં કે જેમાં સત્ય પ્રથમ વાર અભિવ્યક્ત થયું છે તે. સત્યની કે શાસ્ત્રકર્તાની અનુભૂતિની દૃષ્ટિએ નહીં પણ શાસ્ત્રમાં થયેલ સત્યની અભિવ્યક્તિની દૃષ્ટિએ, અભિ-વ્યક્તિએ પોતાના ઉપર પાડેલા પ્રભાવની દૃષ્ટિએ આ શાસ્ત્રને મુનિશ્રીએ 'અપૂર્વ' કહ્યું.

આજ સુધી અનંતા જ્ઞાની ભગવંતો થઈ ગયા છે, અનેક જ્ઞાનીપુરુષોએ ભવતારક ઉપદેશ આપ્યો છે અને છતાં જ્ઞાનીની વાણીને અપૂર્વ કહેવામાં આવે છે તે આ જ કારણથી. અપૂર્વ ભાવ પ્રગટાવે એવા સામર્થ્યથી યુક્ત હોવાના કારણે જ્ઞાનીની વાણી અપૂર્વ વાણી કહેવાય છે. તે

વાણીના ગુણ ગાતાં પાર આવે એમ નથી.

## અપૂર્વ વાણી

**'જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે; અને અનુભવ-સહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે.'** (પત્રાંક-૬૭૯)

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં અવતરિત થયેલ પરમકૃપાળુદેવની વાણી મુમુક્ષુ જીવને મોક્ષમાર્ગમાં જોડે છે, ઊર્ધ્વગમન કરાવે છે. તેમનો વચનાતિશય જીવનું બહિર્મુખપણું છોડાવે છે, તેનામાં રુચિ અને અંતર્મુખ વલણ પ્રગટાવે છે. તે વચનના સેવનથી જીવની દિશા અને દશા પલટાઈ જાય છે.

તેમની ભાષા ઉપશાંત રસથી અને ગંભીર પ્રયોજનથી પરિપૂર્ણ અનુભવાય છે. વિષયની રજૂઆતને તેમણે રોચક જરૂર બનાવી છે પણ કૃતિને લોકરંજક બનાવવા માટે તેમણે કશે પણ બાંધછોડ કરી નથી, ઊંડાણ કે ગાંભીર્યનો ભંગ થવા દીધો નથી.

પરમકૃપાળુદેવે કલ્પના વડે નહીં પણ અનુભવના બળ વડે કથન કર્યું છે. પરમ પવિત્ર અને નિર્મળ હૃદયસરિતામાંથી સહજતાએ પ્રવહતી વચનધારા તેમના વીર્યવંતા આત્મ-પ્રદેશોના સ્પર્શથી રંગાયેલી હોવાથી તેમાં અચિંત્ય શક્તિનો

સંચાર થયો છે. પરમકૃપાળુદેવના દિવ્ય આત્માને - શુદ્ધ થયેલા અનંત ગુણોને સ્પર્શીને વહેલી આ દિવ્ય વાણી સાધકને આત્મા તરફ જ પ્રવાહિત કરે છે, આત્મામાં જ પ્રતિષ્ઠિત કરે છે.

## અલભ્ય લાભ

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં નિરૂપાયેલ સત્યને જિજ્ઞાસાપૂર્વક, લક્ષપૂર્વક તેમજ ઉલ્લાસપૂર્વક આરાધતાં મુમુક્ષુના જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે. તેની પાર્થિવ વૃત્તિ પલટાય છે. અનાદિ કાળથી પ્રવાહરૂપે ચાલી આવતી તેની મિથ્યા દૃષ્ટિ ટળી જઈ સમ્યક્દૃષ્ટિનો ઉદય થાય છે. પરિણામે તે શાંતિ, આનંદ, શુદ્ધતાને પામે છે.

આમ, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં અવતરિત થયેલી સત્યની નૂતન અભિવ્યક્તિ આત્માર્થી જીવોને આત્માનુભવની અપૂર્વ દશામાં પ્રવેશ કરાવવામાં નિમિત્તરૂપ હોવાથી, પોતાને પણ એવા અલભ્ય લાભની અનુભૂતિ થઈ હોવાથી મુનિશ્રીએ તેને 'અપૂર્વ' કહ્યું.

પૂજ્ય શ્રી લલ્લુજી મુનિને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર થકી અપૂર્વ લાભ થયો હતો. તેથી તેમનો ઉલ્લાસ ખૂબ રહેતો. ભક્તિ નિરંતર રહેતી. વનમાં જતાં તેઓ ગાથાએ ગાથાએ નમસ્કાર કરતા, ઊંડી વિચારણા કરતા, ધ્યાનસ્થ થતા. એ મસ્તી તેમને અખંડ રહેતી.

## મસ્તી એક, રૂપ બે

ભક્તની મસ્તી અખંડ રહે છે પણ તેનાં રૂપ બે હોય છે. એક છે તેની બાહ્ય અભિવ્યક્તિ અને બીજી છે કેવળ અંતરધારા. કાં તે મસ્તી સંગીત બનીને બહાર પ્રગટ થાય, કાં તેનો સ્વાદ ભીતર ભીતર રહે. જેમ મીરાં પગમાં ઘૂંઘરૂં બાંધીને નાચી હતી; તેમ મુનિશ્રી વંદના, સ્તુતિ વગેરે કરતા.

પણ મસ્તીની જે ધારા બહાર પ્રગટ થાય છે, તે સતત નથી રહી શકતી. મીરાં નાચતી પણ ચોવીસ કલાક આ સંભવ નથી. મુનિશ્રી વંદના લેતા, ગાતા પણ આ ચોવીસ કલાક સંભવ નથી. આનું કારણ એ છે કે એ ધારાને પ્રગટ થવા માટે શરીરાદિ જે ઉપકરણોની સહાય લેવી પડે છે તે થાકી જાય છે. શરીરની શક્તિ સીમિત છે. તે અવશ્ય થાકશે. મીરાં હોય તોપણ થાકશે. નૃત્ય ચોવીસ કલાક ચાલી શકે નહીં. ક્યારેક હોય, ક્યારેક ન હોય. આમ, ભક્તની મસ્તીની અભિવ્યક્તિ આવે છે અને જાય છે. પણ તેથી એમ ન સમજવું કે મસ્તી આવે છે અને જાય છે. મસ્તી સતત હોય છે, પ્રેમસમાધિ સતત રહે છે. ફરક એટલો છે કે તે ક્યારેક પ્રગટ થાય છે અને ક્યારેક પ્રગટ થતી નથી. તેના પ્રગટવામાં વચ્ચે વચ્ચે અંતરાળ પડે છે. કોઈ ચોવીસ કલાક ગાઈ કે નાચી શકતું નથી. પણ રસધાર તો સતત રહે છે, ભીતરની ધારા તો અખંડ રહે છે. અભિવ્યક્તિ શાશ્વત નથી, મસ્તી શાશ્વત છે.

## અંતરધારા

જ્યારે એ મસ્તી બહાર પ્રગટ થાય છે ત્યારે સૌ કોઈ તે ઉલ્લાસ, તે ભક્તિ, તે ઉમંગને જોઈ શકે છે, જાણી શકે છે; પણ જ્યારે તે મસ્તી અભિવ્યક્ત નથી થતી, માત્ર અંતરધારારૂપે રહે છે ત્યારે તે સમજવી મુશ્કેલ પડે છે. સૂક્ષ્મ દૃષ્ટિ અને નિકટ સમાગમથી જ તે ઓળખી શકાય છે. પૂજ્ય શ્રી લલ્લુજી મુનિ કહે છે, **'કોઈની સાથે વાત કે બીજી ક્રિયા કરતાં 'આત્મસિદ્ધિ'ની સ્મૃતિ રહેતી. પરમકૃપાળુદેવની શાંત મુખમુદ્રા કિંવા 'આત્મસિદ્ધિ'ની આનંદ આપનારી ગાથાનું સ્મરણ સહજ રહ્યા કરતું. અન્ય કશું ગમતું નહીં. બીજી વાતો પર તુચ્છ ભાવ રહ્યા કરતો. માહાત્મ્ય માત્ર સદ્‌ગુરુ અને તેના ભાવનું આત્મામાં ભાસ્યમાન થતું હતું.'** સતત એ સ્મૃતિમાં રહે છે તેથી અન્ય પ્રત્યે તુચ્છ ભાવ રહે છે. ભક્તિમાં જે બાધક કારણો છે એના પ્રત્યે તુચ્છ ભાવ રહે છે, ઉપેક્ષા-વિરક્તિ રહે છે. આ વિરક્તિ એ સ્પષ્ટપણે ભક્તિની નિશાની છે, પ્રમાણ છે.

જ્યાં માત્ર અંતરધારા હોય છે, જ્યાં સાગરમાં કોઈ લહેર નથી ઊઠતી ત્યાં એ મસ્તી ઓળખવી-સમજવી મુશ્કેલ થઈ પડે છે; પણ સૂક્ષ્મ દૃષ્ટિ કરે, કાન માંડીને સાંભળે તો અવશ્ય સંભળાય. ધ્યાનસ્થ મુનિવરોની પાસેથી કોઈ પસાર થાય તો તેને પણ એ સુગંધ આવે, એ મસ્તી સંભળાય, એ ભક્તિ અનુભવાય.

બહિર્દૃષ્ટિ જીવને એવું લાગે છે કે ક્યારેક સમાધિ હોય છે

અને ક્યારેક નથી હોતી, ક્યારેક મસ્તી હોય છે તો ક્યારેક નથી હોતી પણ વાસ્તવમાં એમ નથી. ભક્તની મસ્તી તો અખંડ રહે છે. એક વાર આવે છે પછી જતી નથી. ભલે કોઈ વાર તે અભિવ્યક્ત ન થાય પણ તે છે એ તેમની વિરક્તિથી અવશ્ય સમજાય.

પૂજ્ય શ્રી લલ્લુજી મુનિને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની ગાથાઓ અને પરમકૃપાળુદેવની શાંત મુખમુદ્રા સતત સ્મૃતિમાં રહે છે. એ પુરુષની અંતરંગ દશા અને એમના ઉપકાર નિરંતર સ્મરણમાં રહે છે, ક્યારેય વિસ્મૃત થતાં નથી. વિસ્મૃત થાય છે તો જાત અને જગતનું ભાન! **'ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.'** (પત્રાંક-૨૯૯)

પરમકૃપાળુદેવના સાન્નિધ્યમાં વેદેલી શાંતિ મુનિશ્રીને નિરંતર સ્મરણમાં રહે છે. ક્યારેક તે નૃત્યરૂપે - આનંદના ઊભરારૂપે અભિવ્યક્ત થાય છે તો ક્યારેક જગતની તમામ વાતો પર તુચ્છ ભાવરૂપે - મૌનરૂપે. પરમકૃપાળુદેવના ઉપકારોનું વેદન નિરંતર અનુભવાય છે અને તેથી હૃદય ભગવત્તાથી ભરાઈ જાય છે.

## આકાશનું ભાન

સત્પુરુષનો સત્સમાગમ કરવાથી જીવમાં રૂપાંતરણ શરૂ થાય

છે. તેને તો ભાન પણ ન હતું કે તે બંધનમાં છે, જંજીરોમાં છે, પાંજરામાં પુરાયેલો છે. સત્પુરુષની મુક્ત દશા જોતાં તેને પ્રથમ વાર આ તથ્ય સમજાય છે. કોઈ પક્ષી પાંજરામાં હોય, તેને સુવિધા અને સુરક્ષા પ્રાપ્ત થાય છે પણ સ્વતંત્રતા નહીં. તેને સમયસર આહાર મળે છે. તે દુશ્મનોથી બચી શકે છે. પણ તેને સ્વતંત્રતા નથી, પાંજરાનું બંધન છે. ભલે પાંજરું સોનાનું હોય અને માલિક દયાળુ હોય પણ તે પક્ષી અન્ય મુક્ત પક્ષીની જેમ આકાશમાં ઊડી શકતું નથી. સુવિધા અને સુરંક્ષા પ્રાપ્ત કરવામાં તેને મુક્તિનો ભોગ આપવો પડે છે અર્થાત્ તેને ગુલામ થવું પડે છે. જીવની દશા આવી જ છે. અત્યાર સુધી તેને એનું ભાન ન હતું પણ સત્પુરુષના સમાગમથી તેને આ વાત સમજાય છે. કોઈ બીજાએ નહીં, તેણે જાતે જ પોતાને ગુલામ બનાવ્યો છે એ વાત પણ તેને સમજાય છે. મુક્તિ શું છે એ વાતનો એહસાસ પણ સત્પુરુષને જોતાં થાય છે. સત્પુરુષના સમાગમથી પ્રથમ વાર આકાશ પ્રત્યે દૃષ્ટિ જાય છે, મુક્ત થવાની અભિલાષા જાગે છે.

જેમ જેમ જીવ સત્પુરુષનો સમાગમ કરે છે તેમ તેમ તેને સમજાય છે કે સત્પુરુષ આકાશમાં તેમની પાંખો દ્વારા ઊડે છે અને એવી જ પાંખો તેની પાસે પણ છે. અનાદિ કાળથી આજ પર્યંત તેને પાંખોનું ભાન ન હતું તેથી તે બંધનમાં હતો. જો તે તેની પાંખોનો ઉપયોગ કરે તો તે પણ આકાશમાં ઊડી શકે.

સત્પુરુષની દશામાં, મુદ્રામાં, તેમની પ્રત્યેક ચેષ્ટામાં તેને

પાંખ ફફડાવાનું સંભળાય છે - દેખાય છે, તેમની મુક્તિ અને તેમનો આનંદ અનુભવાય છે, તેમની મહાનતાનું ભાન થાય છે. બરફની જેમ તેનો અહં પીગળવા લાગે છે. લક્ષ્મી, પરિવાર, અધિકાર વ્યર્થ ભાસે છે. સ્વરૂપની તમન્ના જાગે છે.

## ઉપકારનું વેદન

જ્યારે કારાગૃહથી મુક્ત થયેલો માણસ કારાગૃહમાં પાછો આવીને પોતાની મુક્તિનાં દર્શન કરાવે છે ત્યારે અન્ય બંધનગ્રસ્ત પોતાની મુક્તિ માટે પ્રયોગ કરવાનું શરૂ કરે છે. બંધ પાંખોવાળો, ગુલામ ચિત્તવાળો પક્ષીરૂપ જીવ મુક્ત પક્ષીરૂપ સત્પુરુષના સહારે પાંખ ફફડાવવાનું શરૂ કરે છે. ધીમે ધીમે ઊડવાનું શરૂ થાય છે. આનંદ અને આશ્ચર્યથી તેનું હૃદય ભરાઈ જાય છે. અલભ્ય લાભનો અનુભવ થાય છે. ઇચ્છાઓ વિરામ પામે છે. આનંદ અને ઉલ્લાસથી જીવન ભરાઈ જાય છે. ઊંડી કૃતજ્ઞતા અને અહોભાવની લાગણી જાગે છે. ઉપકારોનું વેદન થાય છે. આત્મવિશ્વાસ જાગે છે. તેને સમજાય છે કે ગુરુકૃપાનું બળ અનોખું છે - મૂંગા વાચા પામે છે, પંગુ ગિરિ ચઢી જાય છે અને અંધ દેખતા થાય છે!

## આજ્ઞા-આરાધનથી સ્વરૂપદૃષ્ટિ

તેને સમજાય છે કે સ્વરૂપની સમજણના અભાવે તે દુઃખી

થતો હતો. પોતાનું સ્વરૂપ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ છે એવી સમજણ જાગતાં અને એ સ્વરૂપમાં સ્થિરતા થતાં દુઃખથી મુક્ત થવાય છે અને પરમાનંદની ઉત્પત્તિ થાય છે. સદ્‌ગુરુનો વિશ્વાસ કરવાથી તેને પોતાના આત્મા ઉપર વિશ્વાસ આવે છે.

આ પથ પર તેને સત્પુરુષની આજ્ઞાનું માહાત્મ્ય પણ દૃઢ થાય છે કે આજ્ઞા-આરાધનથી જ પરમાર્થની પ્રાપ્તિ થાય છે. તેને અનુભવથી સમજાય છે કે જ્યાં સુધી તે આજ્ઞામાં રહે છે, ત્યાં સુધી તે સત્‌થી એટલો દૂર નીકળી જતો નથી કે જ્યાંથી પાછો આવી ન શકે અને તેથી તે આજ્ઞામાં એકતાન થાય છે. આજ્ઞાનું આરાધન કરતાં તે ધીમે ધીમે સ્વરૂપની નિકટ આવે છે. જેમ જેમ તે સ્વરૂપની નિકટ આવતો જાય છે, તેમ તેમ તેનું જીવન પ્રકાશમય સુગંધથી ભરાતું જાય છે.

જેમ દીપકની નિકટ જતાં પ્રકાશની પ્રાપ્તિ થાય છે, ફૂલની નિકટ જતાં સુગંધની પ્રાપ્તિ થાય છે; તેમ સંતની - સ્વરૂપની નિકટ જતાં બોધરૂપી પ્રકાશ પ્રાપ્ત થાય છે, ગુણોની સુગંધ અનુભવાય છે. આનું જ નામ છે સત્સંગ! આવો સત્સંગ કરનારને સ્પષ્ટ ભાસે છે કે સ્વરૂપ પ્રત્યે દૃષ્ટિ કરવાથી કલ્યાણ જ છે. તારા અને ચંદ્ર ઉપર દૃષ્ટિ રાખીને બેઠો હતો તેથી ન જ્ઞાન પ્રાપ્ત થયું, ન આનંદ. બાજુમાં રહેલાં દીપક અને ફૂલ પ્રત્યે દૃષ્ટિ જતાં તેને જે જોઈએ છે એ પ્રાપ્ત થઈ શકે છે. સદ્‌ગુરુની આજ્ઞામાં રહી સ્વરૂપ પ્રત્યે

દૃષ્ટિ કરતાં તે પરમાનંદની અનુભૂતિ કરે છે. આ કારણે તે ક્ષણભર પણ સદ્‌ગુરુની સ્મૃતિ ચૂકતો નથી.

## અવગાહન

પરમકૃપાળુદેવના સત્સમાગમથી અને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની ગાથાઓમાં ચિત્ત જોડતાં પૂજ્ય શ્રી લલ્લુજી મુનિને આવી અનુભૂતિ થઈ. તેમની દશા બદલાઈ અને અંતરમાં અપૂર્વ ભાવ પ્રગટ્યા. આથી તેઓ તેમના સમાગમમાં આવતાં જીવોને પરમકૃપાળુદેવનું શરણ સ્વીકારવાનું કહેતા તથા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું અવગાહન કરી તેમાં પ્રબોધેલા માર્ગની ઉપાસના કરવાનું સૂચવતા.

અવગાહન કરવું એટલે ઊંડા ઊતરવું, શ્રવણ-મનન-નિદિધ્યાસનના ક્રમે આગળ વધવું. જીવ માત્ર શ્રવણ-વાંચનમાં અટકી જાય છે, મનન નથી કરતો. શ્રવણ એ માત્ર શારીરિક ક્રિયા છે. જો જીવ આગળ ન વધે તો તે પોતાનામાં રૂપાંતરણ અનુભવી ન શકે.

જીવ માત્ર શરીરની ક્રિયામાં અટકી જાય છે. આમ થાય છે ત્યાં મૂળ ધ્યેય ચુકાઈ જાય છે. એક સંત તેમના એક ભક્તના ઘરે ત્રણ દિવસ માટે ગયા હતા. કુટુંબમાં પતિ-પત્ની અને બે છોકરાઓ હતા. ગૃહિણી ઘરને ખૂબ સ્વચ્છ રાખતી હતી પણ એ સ્વચ્છતા જ જાણે તેનું ધ્યેય હતું. પતિ કે છોકરા-ઓને ઘરની કોઈ ચીજ અડવા-ખસેડવા ન દે - રખે ગંદી

થઈ જાય તો! સોફા પર બેસવા ન દે, કારણ કે પાથરણા પર એક કરચલી પણ પડવી ન જોઈએ! પરિવારજનો તેનાથી ડરેલા જ રહેતા. કાંઈ પણ કરવું હોય તો છુપાઈને, ચોરની જેમ કરવું પડતું. તેઓ જાણે પોતાના ઘરે નહીં પણ બીજાના ઘરે રહેતા હોય એવું લાગતું. ઘરની સફાઈ તો જળવાયેલી રહી પણ જિંદગી નરક બની ગઈ હતી.

ગૃહિણીએ સંતને પૂછ્યું, 'આપને ઘર કેવું લાગ્યું? એની સ્વચ્છતા ગમી?' સંતે કહ્યું, 'સ્વચ્છ તો ઘણું છે પણ આ ઘર જેવું નથી લાગતું, મ્યુઝિયમ જેવું લાગે છે!' સંતે તેને સમજાવ્યું કે તેના સ્વચ્છતાના આગ્રહથી મૂળ વાત - ઘરની લાગણી ચુકાઈ ગઈ છે. સારી રીતે જીવવા માટે સ્વચ્છતા જરૂરી છે પણ સ્વચ્છતા માટે જ જીવવું એ કેવી વાત? ઘરમાં રહો તો થોડી ગંદકી તો થાય! એને સાફ કરી લેવી, પણ ગંદકી ન જ થવી જોઈએ એવા આગ્રહથી જીવન બગડી જાય - નરક બની જાય એમ તો થવું ન જોઈએ. તેમ શ્રવણ-વાંચન ભાવની સુધારણા માટે છે. શરીરથી થતી કોઈ પણ સાધનાનું લક્ષ્ય ભાવશુદ્ધિ છે. પણ જીવ શ્રવણ-વાંચન તો કરી લે છે, શારીરિક ક્રિયા તો કરી લે છે પણ મૂળ ધ્યેયને જ ભૂલી જાય છે અને તેથી અટકી જાય છે, ભટકી જાય છે.

**મનન**

કોઈ ધર્મને શારીરિક ક્રિયા સુધી સીમિત બનાવે છે અર્થાત્

તે શ્રવણમાં જ અટકી જાય છે તો કોઈ તેનાથી થોડો આગળ વધી માનસિક ક્રિયા સુધી પહોંચે છે અર્થાત્ તે ચિંતન-મનન સુધી પહોંચે છે પણ પછી ત્યાં જ અટકી જાય છે. શબ્દનું અર્થઘટન, તેનો અર્થવિસ્તાર એ બધું સારું છે પણ ત્યાં જ અટકી રહેવાય તો ધ્યેયની પ્રાપ્તિ નહીં થાય. 'જળ' શબ્દથી જેમ તૃષા છિપાતી નથી, તેમ 'મોક્ષ' શબ્દથી મુક્તિનો અનુભવ થતો નથી.

## નિદિધ્યાસન

પોતે કંઈક સાંભળે એટલે જીવ એમ સમજવા લાગે છે કે જેનું શ્રવણ થયું, એ મને જણાઈ ગયું છે. પણ સાંભળવું એ જાણવું નથી. એ જ રીતે, વિચારવું એ પણ જાણવું નથી. વિચારવું અને જાણવું એ બન્ને જુદી વાત છે. અનુભવવું એટલે જાણવું. વિચાર એટલે તે સંબંધી વિચારવું, પણ વિચારમાં અનુભવ નથી. અનુભવ થયો તો જ જ્ઞાન થયું, સમજણ થઈ એમ ગણાશે તો જ પ્રયોગાત્મક અભ્યાસનો પુરુષાર્થ ઊપડશે. વાસ્તવમાં વિચાર જ નિર્વિચાર અવસ્થામાં બાધારૂપ છે. ફૂલનો વિચાર જ ફૂલની સુગંધ માણવામાં બાધારૂપ બને છે. જેમ કે, પક્ષી ગાતું હોય અને કોઈ એ ગીત માણવાને બદલે તેના ગીત સંબંધી વિચાર કરતો હોય. કયો સૂર છે, કંઠ કેવો છે વગેરે વિચાર કરવાથી તો એ વિચારની જાળ જ એ ગીતને માણવા નથી દેતી! સુંદર કવિતા હોય પણ તેને માણવાને બદલે કોઈ માત્ર એ વિચારમાં અટકી રહે કે આ કવિતામાં છંદના નિયમો પળાયા

છે કે નહીં, માત્રા બરાબર છે કે નહીં! વ્યાકરણ, શબ્દ, રચના, શૈલી ઇત્યાદિ કવિતાનાં અંગો સંબંધી વિચાર કવિતાને માણવામાં બાધારૂપ બને છે. તેમ આત્મા સંબંધી શબ્દજાળ અને વિચારજાળથી પણ મુક્ત થવું આવશ્યક છે. નિદિધ્યાસન દ્વારા ઉપયોગને નિર્વિકલ્પ કરવાનો પુરુષાર્થ આવશ્યક છે. ધ્યાન-અભ્યાસ દ્વારા વિચારથી મુક્ત થવાથી અને ભાવને શુદ્ધ કરવાથી ઉપયોગ સૂક્ષ્મ થાય છે, શાંત થાય છે જેથી સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

આમ, શ્રવણ-મનન-નિદિધ્યાસન દ્વારા ઊંડા ઊતરવાથી સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું શ્રવણ-વાંચન, તેમાં નિરૂપાયેલ તત્ત્વનું ચિંતન-મનન અને તેમાં બતાવેલ માર્ગની ઉપાસના - નિદિધ્યાસન કરવાથી આત્માની સિદ્ધિ - પ્રસિદ્ધિ થાય છે.

## પ્રયોગ કરવો, વિશ્વાસ નહીં

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો જો યથાર્થ લાભ પામવો હોય તો તેમાં દર્શાવેલ તત્ત્વનો પ્રયોગ કરવો. સુવિચાર અને પ્રયોગાત્મક અભ્યાસથી જે પ્રાપ્ત થાય તે માનવું. વિચાર અને પ્રયોગ વિનાનો વિશ્વાસ કાર્યકારી નીવડતો નથી. એ વિશ્વાસ અંતરથી પ્રગટેલો નથી હોતો, માત્ર બહારના પ્રચારથી પ્રભાવિત થવાથી ઉત્પન્ન થયેલો છે. પણ આ રીતે પ્રગટેલો વિશ્વાસ વૃત્તિઓના શુદ્ધિકરણમાં મદદરૂપ બનતો નથી. જેમ કોઈ સાબુની જાહેરખબર ટી.વી., રેડિયો, છાપાં

દ્વારા વારંવાર જોતાં-સાંભળતાં મનમાં તે અંકિત થઈ જાય છે અને તેથી બજારમાં ખરીદી કરવા જતાં એ જ સાબુની દુકાનદાર પાસે માંગણી થાય છે. તે વખતે તો 'એ સાબુ સારો છે' એવી ધારણા હોય છે, પણ એ ધારણા શેના આધારે થઈ? ખરીદનારે તો ક્યારેય પ્રયોગ કર્યો નથી, તો એ પહેલાં આ વિશ્વાસ કઈ રીતે? માત્ર પ્રચાર-પ્રસ્તાર અને વિજ્ઞાપનનો પ્રભાવ પણ પ્રયોગ નહીં!

## પ્રયોગ વિનાનો વિશ્વાસ અકાર્યકારી

શ્રી આત્મસિધ્ધિં શાસ્ત્રના ઊંડા અભ્યાસથી, તેના ચિંતન-મનનથી જીવનમાં ક્રાંતિ ઘટે છે, તેના પ્રયોગાત્મક અભ્યાસથી જીવનમાં શાંતિ આવે છે. આવી અંતરશોધ પછી ઉત્પન્ન થયેલી શ્રદ્ધા જ કાર્યકારી નીવડે છે. એ શ્રદ્ધા માત્ર એક અનુમાન નથી પણ અંતરમાં ખીલેલો ગુણ છે. આવી કોઈ પણ વૈચારિક કે આંતરિક પ્રક્રિયા વિના જે વિશ્વાસ પ્રગટે છે તેનાથી જીવનો વિકાસ થતો નથી. આવો વિશ્વાસ ઉદયપ્રસંગે સાથ આપતો નથી. વિચાર કે પ્રયોગ કર્યા વિના માની લેવાથી વિકાસ રૂંધાઈ જાય છે, ઊંડા ઊતરવાનું થતું નથી. જેમ કોઈને ધંધામાં નુકસાન જાય તો તરત તેને કર્મના સિદ્ધાંતો યાદ આવે છે અને તે પોતાને મનાવે છે કે મારાં અશુભ કર્મના ઉદયથી આમ બન્યું. આ વાત સાચી હોવા છતાં વર્તમાન ભૂલ પ્રત્યે તેની નજર જતી નથી અને તેથી ખામીઓ દૂર કરવા પાછળ કોઈ મહેનત થતી નથી. કર્મની આડમાં તે દયાપાત્ર બની જાય છે પણ પોતે સેવેલા

દોષની સમજ કેળવતો નથી અને તેથી દોષમુક્તિના પ્રયત્ન પણ થતા નથી.

જીવને ઊંડા ઊતરવું ગમતું જ નથી. બધાં પડખેથી વિચારીને સત્ય પ્રાપ્ત કરવાની મહેનત કરવી નથી, આળસ વર્તે છે, સત્યને સ્વીકારવાનું સાહસ નથી. તેથી તે રૂપાંતરિત થતો નથી.

•

## પ્રયોગથી પણ મતની પુષ્ટિ!

પ્રયોગ કર્યા વિના માની લેવાથી નુકસાન એ થાય છે કે એ દિશામાં કોઈ પુરુષાર્થ થતો નથી. જ્ઞાનીપુરુષો પ્રયોગ કરીને માનવાનું કહે છે, એને બદલે આગ્રહી જીવ માનીને પ્રયોગ કરે છે અને તેથી તેને સત્યની પ્રાપ્તિ તો થતી નથી, ઊલટું તેના મતની જ પુષ્ટિ થાય છે!

એક માણસ ૧૩ના આંકડાને અપશુકનિયાળ માનતો હતો. બાળપણથી તે એવું સાંભળતો આવ્યો હતો તેથી તેને એ માન્યતા દૃઢ થઈ પડી હતી. આ માન્યતાને સિદ્ધ કરવા માટે તેણે સંશોધન શરૂ કર્યું. હૉસ્પિટલ, પોલીસચોકી, રેલ્વે-સ્ટેશન, સ્મશાન, પાગલખાનું વગેરે સ્થળોએ જઈ તેણે પ્રમાણ ભેગાં કર્યાં કે ૧૩મી તારીખે અકસ્માત, અપરાધ, ખૂન, આત્મહત્યા, ગાંડપણ વગેરેના કેટલા કિસ્સા નોંધાયા છે. આ કિસ્સાઓ અને તારણો ભેગાં કરી તેણે એક પુસ્તક લખ્યું કે તેની વાત કઈ રીતે સાચી છે. પણ આ રીતે

સત્યની પ્રાપ્તિ ન થાય, કારણ કે તેણે ૧૨મી અને ૧૪મી તારીખની તપાસ કરી જ ન હતી. આ તારીખે નોંધાયેલા કિસ્સાઓની તપાસ જો તેણે કરી હોત તો તેને એ દિવસોમાં પણ એટલી જ દુર્ઘટનાઓ મળી આવત.

## અવગાહનથી અનુભવ

જો વિચાર કે પ્રયોગ કર્યા વિના જીવ માની લે તો તે અવૈજ્ઞાનિક અને પૂર્વગ્રહયુક્ત બની જાય, સત્‌ને બદલે મતની પુષ્ટિ કરી આવે, અંધવિશ્વાસ, મતાગ્રહાદિ ઉત્પન્ન થાય અને તેથી આત્મવિકાસ રોકાઈ જાય. જીવને આમાંથી બચાવવા માટે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ઠેર ઠેર પ્રયોગ કરવાનું કહ્યું છે, જેમ કે, **'કર વિચાર તો પામ', 'કર અનુભવ નિર્ધાર', 'કેમાં ભળે તપાસ'** ઇત્યાદિ. પ્રથમ પૂર્વગ્રહ, મતાગ્રહાદિથી રહિત થઈ પ્રયોગ કરવો ઘટે અને તેના આધારે શ્રદ્ધાનું નિર્માણ થાય તો તે કાર્યકારી નીવડે.

પૂજ્ય શ્રી લલ્લજી મુનિને એકાંતમાં શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રને અવગાહવાની આજ્ઞા થઈ હતી. તે આજ્ઞાનું આરાધન કરતાં સુવિચારદશા પ્રગટી, અંતરશોધમાં વર્તના થઈ અને અલભ્ય લાભની પ્રાપ્તિ થઈ. તેથી તેઓ અનુભવબળે કહેતા કે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પ્રબોધેલ માર્ગનું આરાધન કરતાં અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થશે. તેઓ વારંવાર આ પ્રમાણે પ્રેમપૂર્વક ઉપાસના કરવાનું કહેતા.

કેટલાક એમ માને છે કે અન્યને કહેવાથી-સમજાવવાથી શું લાભ? જાતે જ સમજીને સમાઈ જવું! એક અભ્યાસી ભાઈએ એક વાર કહ્યું, 'વર્ષો સુધી ધર્મની ચર્ચા કરતો રહ્યો પણ હવે લાગે છે કે એમાં સમય વ્યર્થ ગુમાવ્યો, ખાલી ભાર જ વધાર્યો, કરવા જેવું કર્યું નહીં. બસ! હવે ભગવત્તાને જ ઇચ્છું છું.'

### અન્યને સમજાવવાથી થતા લાભ

જ્ઞાનીપુરુષો આનો ઉત્તર આપતાં કહે છે કે ના, ધર્મચર્ચા કરવી એ ખોટું નથી. એ તો સ્વાધ્યાયનું એક અંગ છે. તમે પોતે વાંચો, વિચારો અને માનો પણ જ્યારે ચર્ચા દરમ્યાન અન્યને એ સિદ્ધ કરવાનું આવે ત્યારે તમારી દૃષ્ટિ વૈજ્ઞાનિક બને છે, તમારો તર્ક શુદ્ધ થાય છે. અન્યના વિરોધ સામે, અન્યના તર્ક સામે, અન્યની વિચારધારા સામે યથાર્થ રીતે પોતાની રજૂઆત કરવી પડે છે. તેના તર્ક તોડવામાં ખૂબ સાવધાન રહેવું પડે છે. આ કાર્યથી ખૂબ ઊંડાણ વધે છે. તમારી પોતાની શ્રદ્ધા મજબૂત બને છે. તમારામાં નિખાર આવે છે. માત્ર લાગણીશીલતાથી કામ નહીં ચાલે. માત્ર ઋણાનુબંધનું કારણ નહીં ચાલે. અન્યની સાથે વિચારોની આપ-લે, ચર્ચા કરતાં પોતે કેવો છે, પોતાની અંદર કેટલું ઊંડાણ છે એ સમજાય છે. ચર્ચા તો એક દર્પણનું કામ કરે છે. એમાં પોતાનો જ ચહેરો દેખાય છે. બીજાને જવાબ આપતાં પોતાની જ પરીક્ષા થઈ જાય છે. અન્યને સમજાવવા જતાં પોતે કેટલો સમજુ છે એ સમજાઈ જાય છે.

## ધર્મચર્ચા કરો, નિરર્થક નથી

આમ, ધર્મચર્ચા કરવી તો બિલકુલ ખોટું નથી, પુષ્ટિનું કારણ છે. ધર્મચર્ચા દ્વારા તમને થયેલ દૃઢ નિર્ણય અને નિશ્ચય તમારાં બહિર્મુખતાનાં દ્વાર ધીમે ધીમે બંધ કરાવે છે અને તમને અંતર્મુખતાની યાત્રામાં આગળ વધારે છે. સ્વરૂપસ્થિરતા - નિર્વિકલ્પ ઉપયોગની સ્થિતિ ન હોય ત્યારે ધર્મચર્ચા અવશ્ય મદદરૂપ બને છે. એ તમારા અંતર્મુખ થવાના નિશ્ચયને મજબૂત કરે છે.

સદ્‌ગુરુ થકી તમારા હૃદયમાં એક ગુંજારવ ઊઠ્યો છે. એ ગુંજારવને તમે ત્યારે જ સમજી શકશો કે જ્યારે કોઈ અન્યના હૃદયમાં એક ગુંજારવ ઊભો કરવામાં તમે સફળ થશો. સદ્‌ગુરુએ તમારી હૃદયવીણાના તાર છેડ્યા છે. એનો તમને ભરોસો ત્યારે જ આવશે કે જ્યારે તમે ધર્મચર્ચા દ્વારા કોઈ અન્યની વીણાના તાર છેડી દેશો. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું એકાંતમાં અવગાહન કરી તત્ત્વવિચારણા અને તત્ત્વચર્ચામાં જેટલો સમય ગાળશો એ સારું જ છે, શુભ જ છે. આ ક્રિયાને માટે 'સમય બગાડ્યો' એમ ન કહેવું.

ઈસુ તેમના શિષ્યોને કહેતા કે મકાનોની ઉપર ચઢીને સત્યની ઘોષણા કરો, પોકારો, કારણ કે લોકો બહેરા છે. સત્યની વાત હજારોને કહેશો તો કોઈ એક સાંભળશે, હજારો સાંભળશે તેમાંથી એકાદ સમજશે, હજારો સમજશે એમાંથી એક ચાલશે અને જો તમે કોઈ એક વ્યક્તિને પણ સત્યની દિશામાં ગતિમાન કરી શક્યા તો સિદ્ધ થઈ જશે કે

તમે સાચા માર્ગે છો જ.

## અટકી ન રહેવું

આમ, ધર્મચર્ચાને વ્યર્થ ન કહેવી પણ ધર્મચર્ચાને અંતિમ મંજિલ પણ માની ન લેવી. આ તો સીડીનું એક પગથિયું છે. એનાથી પણ આગળ જવાનું છે. એને મંજિલ માની ન લેવું. જો તમે ત્યાં ઘણો સમય વિશ્રામ કરવા બેસી ગયા તો તમને એ મંજિલ ભાસવા લાગશે. ધ્યેય ચૂકી જશો. માર્ગથી ભટકી જશો. બુદ્ધિનો ઉપયોગ કરવાનો છે પણ બુદ્ધિથી પાર પણ થવાનું છે. એના વિના સત્યની પ્રાપ્તિ નહીં થાય. તેથી આનાથી પણ આગળ વધવાનું છે. કરવાનું છે પણ અટકવાનું નથી, આગળ વધવાનું છે.

જેમ બીમારી હોય તો ઔષધિ લેવી પડે પણ બીમારી જાય તો ઔષધિ છોડવી પણ પડે; પેલી પાર જવા માટે નાવની જરૂર છે પણ નાવને છોડ્યા વિના સામે કિનારે પહોંચાતું નથી; તેમ આત્મસ્થ થવા માટે પ્રારંભમાં આત્માનો વિચાર, આત્માની ચર્ચા જરૂરી પણ છે પરંતુ જેમ આગળ વધાય તેમ શબ્દ બોજારૂપ લાગે છે, વિચાર સ્થૂળ લાગે છે, શૂન્યની નિકટ પહોંચતાં આ ભાર પણ ઉતારવો પડે છે. જેમ પર્વતનું શિખર નિકટ આવતાં બધો બોજો ઉતારવો પડે છે. જે સામાન યાત્રાની શરૂઆતમાં મદદરૂપ હતો તે આગળ જતાં બાધક બને છે. ઉતારવું અનિવાર્ય બને, એ જ આગળ વધ્યાની નિશાની છે.

## ચરૈવેતિ

તેથી ધર્મચર્ચા કરવી પણ તેમાં અટકવું નહીં, આગળ ને આગળ વધ્યા કરવું. અંતર્યાત્રામાં આગળ ને આગળ વધ્યા જ કરવું. ચરૈવેતિ, ચરૈવેતિ - ચાલતા રહેવું, ચાલતા રહેવું. જો ઊભા રહ્યા તો સૌભાગ્ય પણ ઊભું રહેશે, બેસી ગયા તો સૌભાગ્ય પણ બેસી જશે, ચાલતા રહ્યા તો સૌભાગ્ય પણ ચાલતું રહેશે. તેથી મંજિલ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આગળ વધતા રહેવું. અને જો આગળ વધતા રહેશો તો એક દિવસ એવો અવશ્ય આવશે કે જ્યારે ભગવત્તા પ્રગટશે. હૃદય અમૃતથી ભરાઈ જશે. પરમાત્મા પ્રગટશે. વસંત આવશે. આત્માની સિદ્ધિ થશે. સૌને ત્વરાથી આત્માની સિદ્ધિ થાય એ મંગળ ભાવના સાથે વિરમું છું.

* * *

# પૂજ્ય શ્રી અંબાલાલભાઈ

# પૂજ્ય શ્રી અંબાલાલભાઈ

જે તમારી અમાસને પૂનમ કરે તે છે સદ્‌ગુરુ. જે તમારા અંધારાને પ્રકાશથી ભરી દે તે છે સદ્‌ગુરુ. જે તમને તમારી ઓળખાણ આપે તે છે સદ્‌ગુરુ. ગુરુકૃપાથી જીવ પોતાનો પરિચય પામે છે અને તેનું જીવન સુખ અને શાંતિથી ભરાઈ જાય છે. આજે એક એવા પવિત્ર જીવની વાત કરવી છે કે જેને સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ અને જેનું જીવન તેમની કૃપાથી દિવ્ય બની ગયું, ભવ્ય બની ગયું, ધન્ય બની ગયું.

શ્રુતસાગરના નિચોડરૂપ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું અવતરણ નજરોનજર નિહાળનાર પૂજ્ય શ્રી અંબાલાલભાઈએ અત્યંત ભક્તિપૂર્વક આ શાસ્ત્રનું વાંચન-મનન કર્યું હતું. પોતાના ઉપર પડેલો એનો પ્રભાવ વર્ણવતાં તેઓ વિ.સં. ૧૯૫૩ના મહા સુદ ૧૩ના પત્રમાં પરમકૃપાળુદેવને લખે છે - '**શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર વાંચતાં મારી અલ્પમતિથી વિશેષ વિસ્તારપૂર્વક સમજી શકાતું નથી. પણ મારી સાધારણ મતિથી તે ઉત્તમોત્તમ શાસ્ત્ર, વિચારતાં મારા મન, વચન, કાયાના યોગ સહેજે પણ આત્મવિચારમાં પ્રવર્તતા હતા. જેનું અનુપ્રેક્ષણ કેટલોક વખત રહેવાથી - રહ્યા કરવાથી સામાન્યપણે પણ બાહ્ય પ્રવર્તવામાં મારી સ્થિતિ, મારી ચિત્તવૃત્તિ સહેજે પણ અટકી જઈ આત્મવિચારમાં રહ્યા કરતી હતી. જેથી મારી કલ્પના પ્રમાણે સહજ સ્વભાવે**

**શાંતિ રહ્યા કરતી હતી. પરિશ્રમથી મારા ત્રિકરણ જોગ કોઈપણ અપૂર્વ પદાર્થના વિષે પરમ પ્રેમે સ્થિર નહીં રહી શકેલા તે યોગો, તે પરમોત્કૃષ્ટ શાસ્ત્ર વિચારવાથી સહજ સ્વભાવે પણ આત્મવિચારમાં, સદ્‌ગુરુ ચરણમાં પ્રેમયુક્ત સ્થિરભાવે રહ્યા કરતા હતા. જેથી મારી અલ્પજ્ઞ દૃષ્ટિથી અને મારા સામાન્ય અનુભવથી મારી કલ્પના પ્રમાણે એમ લાગે છે કે જો તેવી રીતે તેજ શાસ્ત્રનું વિશેષ અનુપ્રેક્ષણ દીર્ઘકાળ સુધી રહ્યા કરે તો આત્મવિચાર, આત્મચિંતવન સદાય જાગૃતપણે રહ્યા કરે અને મન, વચન, કાયાના યોગ પણ આત્મવિચારમાં જ વર્ત્યા કરે.'**

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના નિરંતર અને અહોભાવપૂર્વક થતાં અવગાહનથી પૂ. શ્રી અંબાલાલભાઈની આત્મદશામાં ઘણી વૃદ્ધિ થઈ હતી. આ શાસ્ત્રના બોધને અનુસરી, શ્રી સદ્‌ગુરુચરણની અપૂર્વ અને અનન્ય સેવાથી તેમણે નિજપદનો લક્ષ લઈ પરમાર્થપ્રાપ્તિ કરી હતી.

## બીજને ફૂટવા દો

આવું બીજ તમે પણ લઈને આવ્યા છો. આવી સંભાવના તમારી ભીતર પણ છે. એ બીજને યોગ્ય ભૂમિ નહીં મળી હોય, યોગ્ય માળી નહીં મળ્યો હોય, યોગ્ય ઋતુમાં વાવ્યું નહીં હોય, સૂર્યનો પ્રકાશ નહીં મળ્યો હોય તેથી એ બીજ બીજરૂપ જ રહી ગયું. એ બીજ જો ફૂટે, અંકુરિત થાય તો તમારી ભીતર પણ પૂ. શ્રી અંબાલાલભાઈની જેમ અનંત

ઉજાસ થાય, તમે પણ એ નિજાનંદની મસ્તી પ્રાપ્ત કરી શકો. એ અર્થે પૂ. શ્રી અંબાલાલભાઈ પર પડેલો શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો પ્રભાવ અને તેમનો પ્રતિભાવ - એ ઉપર આજે થોડી વિચારણા કરીશું.

## બહિર્પ્રવર્તનથી દુ:ખ

ગુરુકૃપાથી જ્યારે ચિત્તવૃત્તિ અંતર્મુખ થાય છે ત્યારે જ જીવને આનંદનો અનુભવ થાય છે. બહાર ભટકતું ચિત્ત ક્યારેય મગનમાં નથી હોતું. જ્યાં જાય ત્યાં તે દુ:ખ જ પામે છે. જીવને ક્યારેક ધને દુ:ખી કર્યો, ક્યારેક પદે દુ:ખી કર્યો, ક્યારેક સંબંધીઓએ દુ:ખી કર્યો; પારકાએ દુ:ખી કર્યો - પોતાનાએ દુ:ખી કર્યો; આણે-તેણે; અહીં-ત્યાં.....એમ બધે તે દુ:ખ જ પામ્યો. અંતરમાં અનેક ઘા લઈને તે ફરતો રહે છે.

જ્યાં સુધી તમે એ માન્યતા સાથે જીવો છો કે 'સુખ મને અન્ય દ્વારા મળશે', ત્યાં સુધી તમને દુ:ખ જ મળશે. સુખ તમારો સ્વભાવ છે, તેથી ભીતર જઈ સ્થિર થવાથી તે પ્રાપ્ત થાય છે. સુખ જો બીજા દ્વારા મળતું હોત તો અત્યાર સુધી એ કેમ નથી મળ્યું? અનેક વાર તમે તમારું ભિક્ષાપાત્ર બીજા તરફ ધર્યું છે અને ભીખ માંગી છે. કેટલીય વાર પુણ્યનો ઉદય થયો પણ છે અને છતાં તમે સુખી થયા નથી. કેમ? તમને કદી એ વાતનો ખ્યાલ આવ્યો જ નથી કે તમે જેની પાસે ભીખ માંગો છો તે પણ ભીખ માંગે છે -

બીજા પાસે અને તમારી પાસે પણ! તમે પત્ની પાસે સુખની ભીખ માંગો છો અને પત્ની તમારી પાસે સુખની ભીખ માંગે છે, પણ આ તમે જોઈ નથી શકતા, કારણ કે તમારું અંધપણું ખૂબ ગહન છે. જો પત્ની પાસે સુખ હોત તો તે તમારી પાસે કેમ માંગતે? તમે તે જ વસ્તુ માંગો છો કે જે તમારી પાસે નથી હોતી. જે તમારી પાસે હોય છે, એ કંઈ તમે માંગતા નથી પણ આપો છો! જે હોતી નથી તે જ માંગતા ફરો છો.

•

## સુખ તમારો સ્વભાવ છે

દુનિયામાં બધા સુખ માંગતા દેખાય છે પણ કોઈને એ મળતું નથી, કારણ કે માંગવું એ જ ભૂલ છે. માંગવામાં તમે બહારના બહાર વહો છો, રહો છો. તમે ભૂલી જાઓ છો કે તમે જે માંગી રહ્યા છો એ તો તમારો પોતાનો સ્વભાવ જ છે. બસ! અનુસંધાન નથી. અને તેથી તમે મૂર્ચ્છિત થતા જાઓ છો. જેને એ નિર્ણય થાય કે હવે માંગવાનું બંધ અને ભીતર જવાનો અભ્યાસ ચાલુ, કારણ કે સુખ ભીતર છે, તેને જ ધાર્મિક કહી શકાય. ભીતરની યાત્રા કરવાનું જે નક્કી કરે છે તે જ ધાર્મિક છે, તે જ સાધક છે.

જો સુખ તમારા સ્વભાવમાં ન હોત તો સુખ માટે તમે બહાર ભટકી પણ શકત નહીં. જો સુખ જેવી કોઈ અનુભૂતિથી તમે સાવ અપરિચિત હોત, સુખ સાથે તમારો

કોઈ જ સંબંધ ન હોત, એ વિષે તમે અજ્ઞાત હોત તો તો બહાર કે અંદર, કશેય તેની શોધ કરવાનો પ્રશ્ન જ ક્યાં રહેત? પરંતુ ઊંડાણમાં કોઈક સંબંધ છે. દૂર દૂર ક્યાંક દીપક બળે છે તેનો ટમટમાટ છે.

## સુખ વિષેની ભ્રાંતિથી બહિર્વૃત્તિ

ક્યારેક તમે સંગીત સાંભળતાં સુખનો અનુભવ કરો છો અને તેથી માની લો છો કે સંગીતથી સુખ છે. પરંતુ આ સાચું નથી. ખરું જોતાં તો સંગીત સાંભળતાં, તેમાં ડૂબી જતાં સંકલ્પ-વિકલ્પની મંદતા થાય છે કે કોઈ વાર કંઈક અંતર્મુખતા સધાય છે અને તેનું સુખ તમે અનુભવો છો. સંગીત તો માત્ર એક બહાનું છે. સંગીતના કારણે તમે ભૂલી શક્યા આ સંસાર, આ દેહ, અહંકાર, ચિંતાઓ. જગતના આ વિસ્મરણથી તમને ઉપશમસુખની ઝલક મળી, સત્ તરફ સન્મુખતાનાં દ્વાર ખૂલ્યાં અને તેથી તમને શાંતિ અને નવીનતા, નવીનતા છતાં અનુત્તેજનાનો અનુભવ થયો. વાસ્તવમાં સંસારના વિસ્મરણ સાથે સ્વયંનું સ્મરણ સધાય ત્યારે જ શાંતિની, સુખની ઝલક મળે છે.

સંગીતથી સુખ નથી મળતું પણ ભીતર જવાથી સુખ મળે છે. સંગીત તો માત્ર એક બહાનું છે. પરંતુ તમારી આંખ બહાર છે, તમારું ચિંતન બહુ જ સ્થૂળ છે. પરિણામે એ ભાન નથી પડતું કે આ સુખનું કિરણ ભીતરથી પ્રગટ્યું છે અને તેથી એમ માની લેવાય છે કે એ બહારથી આવ્યું છે.

## ખોટો નિર્ણય

કૂતરો હાડકું લઈ ફર્યા કરે છે, એના પર દાંત મારી એને ચાવવાની કોશિશ કરતો રહે છે. હાડકું તો સૂકું છે. એમાં કશું જ નથી, કોઈ રસ નથી. અને છતાં કૂતરાને એમાં સુખ લાગે છે. જો તમે હાડકું લઈ લેશો તો તે ચિડાઈ જશે, કરડવા દોડશે. હાડકામાં રસ નથી તો પછી કેમ એ કૂતરાને રસપૂર્ણ લાગે છે? વસ્તુસ્થિતિ એમ છે કે હાડકું કડક હોવાથી એને ચાવવાના પ્રયત્નમાં કૂતરાનું મોં છોલાય છે. મુખમાં પડેલા ઘામાંથી લોહી વહે છે. આ લોહીનો સ્વાદ તેને ગમે છે. અને તેથી વારંવાર તે હાડકું ચાવવાની મથામણ કરતો રહે છે. તે માને છે કે આ સ્વાદ હાડકામાંથી આવી રહ્યો છે - સ્વાભાવિક છે, કારણ કે મુખમાં હાડકું છે અને રસ આવી રહ્યો છે; હાડકું નહોતું ત્યારે રસ પણ નહોતો! વાત તર્કપૂર્ણ છે. ઘટના પણ સાચી છે. માત્ર નિષ્કર્ષ ખોટો છે. અને તેથી, ભલે મોઢું છોલાય પણ હાડકું છોડવા તે તૈયાર નથી.

જીવનું પણ આવું જ છે ને! લોહી રસપૂર્ણ છે, પણ ક્યાંથી નીકળે છે - પોતાનામાંથી કે હાડકામાંથી? એ નિર્ણય નથી. બહારનો પદાર્થ તો માત્ર બહાનું બની જાય છે, પછી તે ડિસ્કો હોય કે હિમાલય હોય, સ્ત્રી હોય કે તાજમહાલ હોય. હિમાચ્છાદિત પર્વતો જોઈને ક્ષણાર્ધ માટે સંસારવિસ્મરણ થાય છે, એ સુખરૂપ છે. સુખનું કારણ હિમાલયની ઉપ-સ્થિતિથી મનનો વ્યાપાર ક્ષણભર માટે મંદ કે બંધ પડે એ

છે. એમ નથી સમજાતું અને તેથી હિમાલયને સુખરૂપ માની લેવાય છે.

## સુખ અંતર્પ્રવર્તનથી

અંતરરસના આ વહેણને મન રોકે છે. મનનો અર્થ છે બીજામાં ઉત્સુકતા. જો કોઈ પણ કારણવશાત્ મન મંદ પડે, બંધ પડે, બીજા પ્રત્યેની ઉત્સુકતા ક્ષીણ થાય તો તમે પોતાના સ્રોત તરફ વહેવા લાગો અને રસની ધારા વહી નીકળે. સ્રોત તરફ જવું, પોતાની તરફ વળવું એ ધર્મ છે. અધર્મ છે સુખ માટે બીજા તરફ જવું; ધર્મ છે સુખ માટે પોતા તરફ જવું. સંસારમાં ક્યારેય કોઈને પણ સુખ મળ્યું નથી અને ભીતર જનારમાંથી કોઈને પણ સુખ મળ્યું ન હોય એવું કદાપિ બન્યું નથી.

જ્યારે પણ આ જગતમાં કોઈને પણ સુખ મળ્યું છે તો તે નિરપવાદરૂપથી તેમને જ મળ્યું છે કે જેઓ ભીતર ગયા છે. ભલે બધાની ભીતર જવાની રીત જુદી જુદી રહી હોય - કોઈ નાચીને તો કોઈ ધ્યાનમાં બેસીને, કોઈ ભક્તિથી તો કોઈ જ્ઞાનથી. કોઈ ટ્રેનથી તો કોઈ વિમાનથી પણ રસ્તો એ જ, મંજિલ એ જ. બળદગાડાથી કે કારથી પણ દિશા તો એ જ - સ્વયં તરફ, સંસારથી પોતાની તરફ, પરથી સ્વ તરફ. જ્યાં સ્વનું વિસ્મરણ છે ત્યાં દુઃખ છે અને જ્યાં સ્વનું સ્મરણ છે ત્યાં સુખ છે. બહાર શોધવાથી કંઈ નહીં મળે અને ભીતર જવાથી કંઈ બાકી નહીં રહે.

## અંતર્મુખ થાઓ

સંતો કહે છે કે તમે કાચબા જેવા બની જાઓ. કાચબાની એક ખૂબી છે. તે પોતાની બધી ઇન્દ્રિયોને ભીતર સંકોચી લે છે. ઇન્દ્રિયો એટલે બહાર જવાનાં દ્વાર. ઇન્દ્રિયો દ્વારા ઉપયોગ બહાર જાય છે. આંખ ખૂલી તો ઉપયોગ બહારનું જોશે, કાન બહારનું સાંભળશે, હાથ બહારના પદાર્થોને સ્પર્શશે. ઇન્દ્રિયો દ્વારા ઉપયોગ બહાર જ જાય છે. હાથ ભીતર નહીં જાય. આંખ ભીતર નહીં જુએ., જે આંખ ભીતર જુએ છે, તે આ આંખો નહીં. તે આનાથી ભિન્ન છે - ત્રીજું નેત્ર!

બહાર જોવાવાળાં નેત્રો બે અને અંદર જોવાવાળું નેત્ર એક! આ પણ પ્રતીકાત્મક છે. બહાર દ્વન્દ્વ છે, દ્વૈત છે; ભીતર અદ્વૈત છે, એક છે. ભીતર જોવા માટે બે આંખો નહીં જોઈએ. બે આંખો હશે તો દ્વૈત ઉત્પન્ન થશે, સંસાર ઉત્પન્ન થશે. બહાર જોવા માટે બે પણ ભીતર જોવા માટે નેત્ર એક.

ભીતર જવાનું દ્વાર એક છે, બહાર જવાનાં દ્વાર બે છે. બહાર જવા માટે ઇન્દ્રિયો ઘણી છે - આંખ, કાન, નાક વગેરે જ્ઞાનેન્દ્રિયો; હાથ, પગ ઇત્યાદિ કર્મેન્દ્રિય. ભીતર જવા માટે આ બધી ઇન્દ્રિયોમાં પ્રવર્તતો ઉપયોગ ભેગો થઈ એક બને છે, ત્યાર પછી તે ભીતર પ્રવેશ પામે છે. અર્થાત્ ઉપયોગ એક હતો, જે અનેક દ્વારથી બહાર જતો હતો. અનેક દ્વારથી વહેતો ઉપયોગ જ્યારે પાછો ખેંચવામાં આવે છે, ત્યારે જ તે ભીતર જઈ શકે છે. બધી ઇન્દ્રિયો એકમાં લીન થઈ જાય છે.

## ભીતરની દિશા

સંતો ભલામણ કરે છે કે હે સાધક! તું કાચબાની જેમ તારી ઇન્દ્રિયોને ભીતર સંકોચી લે અર્થાત્ ઇન્દ્રિયો દ્વારા પ્રવર્તતા ઉપયોગને હવે ભીતરમાં જોડ, ઘર તરફ પાછો વાળ. ઇન્દ્રિય દ્વારા ઉપયોગ બહાર ભટકે છે. તેને ભીતર વાળ. જેમ વસ્તુ પૂર્વમાં હોય તો પશ્ચિમમાં જવાથી તેની પ્રાપ્તિ થઈ શકે નહીં; તેમ વસ્તુ ભીતર હોય તો બહાર જવાથી તે મળી શકે નહીં. તેથી ઉપયોગને ભીતર વાળ તો અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થશે.

લોકો કહે છે દિશાઓ દસ છે. વાસ્તવમાં દિશાઓ અગિયાર છે અને સાચી દિશા આ અગિયારમી છે. પરંતુ માત્ર બહાર જવાનું થતું હોવાથી - એ જ અભ્યાસ, એ જ ટેવ પડ્યાં હોવાથી - ભીતર-જવાની દિશાનું વિસ્મરણ થઈ ગયું છે. દશે દિશાઓમાં ભટકવાનું બંધ કરી જ્યારે જીવ આ અગિયારમી દિશામાં ચાલવા લાગે છે ત્યારે તેને સત્સુખની પ્રાપ્તિ થાય છે.

## પૃથ્વી ટકે છે સત્પુરુષો થકી

આ સંબંધમાં કાચબાનું દૃષ્ટાંત એકદમ યોગ્ય છે. બીજા કોઈ પશુની આવી ક્ષમતા નથી - સંકોચાઈને પોતાને સુરક્ષિત કરવાની. હિંદુ પુરાણોમાં લખ્યું છે કે પૃથ્વી કાચબા ઉપર ટકી છે. ઉપલક દૃષ્ટિએ જુઓ તો હસવું આવે પણ

સૂક્ષ્મ દૃષ્ટિએ જુઓ તો વાત ખૂબ ગહન લાગે. પૃથ્વી કાચબા ઉપર ટકી છે અર્થાત્ આ પૃથ્વી એવા થોડા જીવોના આધારે ટકી છે કે જેઓ કાચબા જેવા છે, નહીં તો એ ક્યારની નષ્ટ થઈ ગઈ હોત. જ્ઞાનીપુરુષોના કારણે, જ્ઞાનીપુરુષો માટે, જ્ઞાનીપુરુષો થકી આ બધું ટક્યું છે. તેમની ઉપસ્થિતિના કારણે પૃથ્વી ટકે છે. પરમકૃપાળુદેવે લખ્યું છે -

**'સત્પુરુષ અન્યાય કરે નહીં. સત્પુરુષ અન્યાય કરશે તો આ જગતમાં વરસાદ કોના માટે વરસશે? સૂર્ય કોના માટે પ્રકાશશે? વાયુ કોના માટે વાશે?'** (ઉપદેશનોંધ-૩૫)

જો જ્ઞાનીપુરુષો આ જગતમાં નહીં હોય તો છઠ્ઠો આરો પ્રવર્તશે. પ્રકૃતિ વિકૃતિ બનશે. ધર્મ હીનતાને પામશે. આત્મહિતની હાનિ થશે. તમારી ભીતર જે થોડી પણ ચમક છે, પ્રકાશ છે, જાગૃતિ છે, રુચિ છે તે માત્ર જ્ઞાનીનો પ્રતાપ છે. અન્યથા મનુષ્ય જાનવર બની જાત.

હિન્દુઓની આ માન્યતા માત્ર પ્રતીકાત્મક છે. પૃથ્વીને કાચબા સાથે કંઈ લેવા-દેવા નથી. કેટલાક મૂઢ કહે છે કે પૃથ્વી કાચબા ઉપર જ છે તો કેટલાક મૂઢ કહે છે કે આ વાત જ અર્થહીન છે, વાહિયાત છે. હકીકતમાં તે પ્રતીકાત્મક છે. કાચબા જેવા જ્ઞાનીપુરુષોના આધારે આ જગત છે, જગતનું કલ્યાણ છે. તમારા જીવનમાં ફૂલ ખીલવાની સંભાવના છે તે આવા જ્ઞાનીપુરુષોના કારણે જ કે જેઓ ઉપયોગને અતીન્દ્રિય બનાવી શક્યા છે - કાચબાની જેમ!

## રૂપનો રસ વિલીન કરો

કાચબાની જેમ ઉપયોગને અંતર્મુખ કરો. ઉપયોગને અતીન્દ્રિય બનાવો. આનો અર્થ એમ નથી કે તમે આંખો ફોડી નાખો, નાક બંધ કરી દો, કાનમાં આંગળી નાખી દો, હાથ બંધ કરી દો. આનો અર્થ એ છે કે આંખ હવે જુએ તોપણ તેમાં રસ ન રહે. આંખ ખુલ્લી હશે તો તે બહારના પદાર્થ તો જોશે. જોવું એ આંખનો સ્વભાવ છે. જ્ઞાનીની આંખ પણ ખુલ્લી હશે તો તેઓ દીવાલ અને દરવાજાને જાણશે, રોટલી અને થાળી વચ્ચેનો ફરક જોશે. પરંતુ હવે આંખ જોશે પણ રસ નહીં રહે. રૂપનો રસ ચાલ્યો જાય તો આંખ ભીતર વળેલી છે એમ કહેવાય. રૂપનો રસ એ આંખ છે. એ ન હોય તો ઉપયોગ અંતર્મુખ છે એમ જાણવું.

આંખો છે. તેની એક ઉપયોગિતા છે. ઊઠવા, બેસવા, ચાલવા વગેરે કાર્યો માટે તેની જરૂર પણ છે. એટલા પૂરતું તેનો ઉપયોગ ભલે થાય. પરંતુ આ આંખો પાછળ એક વાસના છે - જોવાની વાસના. જોવાની, રૂપ માણવાની આ વાસનાથી મુક્ત થવાનું છે. શું છે રૂપમાં? શું મળી જાય છે રૂપને જોવાથી? સ્વપ્ન હોય કે સ્ત્રીનું મુખ હોય - શું ફરક પડે છે?

## રૂપ તો માત્ર ચિત્ર છે

તમારી આંખરૂપી કૅમેરા બહારના એ રૂપનો ફોટો લે છે

અને મસ્તકરૂપી પડદા ઉપર તે રજૂ કરે છે. જેમ તમે ચલચિત્ર જોવા જાઓ છો ત્યારે પડદા ઉપર તેનું પ્રસારણ થાય છે; તેમ બહારના રૂપનું ચિત્ર ભીતરના પડદા ઉપર રજૂ થાય છે અને તમે મગ્ન થઈ જાઓ છો. જેમ સિનેમાના પડદા ઉપર કંઈ જ નથી છતાં કેવા સુખી-દુઃખી થાઓ છો! કેવું પાગલપણું, કેવી ઉત્સુકતા, કેવી આતુરતા, કેવી ઉત્તેજના!! આખું જીવન આ જ કર્યું છે. સિનેમાગૃહનાં ચલચિત્રો એ આપણી અંદર નિરંતર બનતી ઘટનાઓનો જ ફેલાવ છે, વિસ્તાર છે. ચલચિત્ર જોવું ગમે છે, કારણ કે મનની રીત સાથે એનો મેળ બેસે છે.

આંખોને ભીતર વાળવાનો અર્થ છે - આંખ માત્ર જોવાનું યંત્ર બની રહે, રૂપને જોવાની વાસના ન રહે, કારણ કે રૂપ તો માત્ર ચિત્રો છે. જો તમારું પાગલપણું વિસર્જિત થાય તો ધીમે ધીમે તમે અનુભવશો કે જે ઊર્જા ઇન્દ્રિયો દ્વારા બહાર જતી હતી, ભટકતી હતી તે હવે અંતરમાં સ્થિત થવા લાગી છે.

ભીતર સ્થિરતા નથી, કારણ કે ઊર્જા ઇન્દ્રિયો દ્વારા બહાર ભાગી જાય છે. ઇન્દ્રિયો છિદ્ર છે તમારી ગાગરમાં. આ છિદ્રો દ્વારા તમારી શક્તિ બહાર ચાલી જાય છે. જો આમ જ ચાલતું રહ્યું તો તમે ખાલીના ખાલી જ રહેશો. પરંતુ જો તમારી ઊર્જા છિદ્રો દ્વારા બહાર ભટકે નહીં, વેડફાય નહીં તો તે ભીતર જાય, સ્થિર થાય. ધ્યાન છિદ્ર દ્વારા ભટકતું હતું તે હવે ભીતરમાં જોડાય.

## વાસના અને ઉપાસના

સમજો તમે ધ્યાન કરવા બેઠા છો. કોઈ ત્યાંથી પસાર થયું અને તમારું ધ્યાન ખંડિત થયું, કોઈ ગીત ગવાઈ રહ્યું છે અને ધ્યાન ખંડિત થયું, કોઈ શેરબજારની વાત કરી રહ્યું છે અને ધ્યાન ખંડિત થયું. ધ્વનિ જેવો ભીતર ગયો કે તમારું ધ્યાન ખંડિત થયું - આ બતાવે છે કે ભીતર વાસના પડી જ હતી અને તે આ ધ્વનિથી સજગ થઈ ગઈ.

ઊર્જા તમારી પાસે એક જ છે. તેને કાં તો વાસનામાં જોડો, કાં ઉપાસનામાં (ધ્યાનમાં) જોડો. ઊર્જા જો વાસનામાં જોડાશે તો ધ્યાન ખંડિત થશે અને જો ધ્યાનમાં જોડાશે તો વાસના ખંડિત થશે. ઊર્જા તમારી પાસે એક જ છે, બે નથી. નક્કી કરો કે તેને ક્યાં લગાવવી છે.

સાંસારિક વ્યક્તિ તે છે કે જે તેની ઊર્જા વાસનામાં જોડે છે. ધાર્મિક વ્યક્તિ તે છે કે જે તેની ઊર્જા ધ્યાનમાં જોડે છે. તેણે વાસનાથી વિપરીત યાત્રા શરૂ કરી દીધી. ગંગા ગંગોત્રી તરફ પાછી ફરવા લાગી. પોતાના સ્રોત તરફ, ઉદ્‌ગમ તરફ જવા લાગી. આ છે સાધના - દિશાની પસંદગી.

ધ્યાનનો અર્થ છે - વાસનામાં ગયેલી ઊર્જા ઘર તરફ પાછી ફરી રહી છે. જેમ કાચબો પોતાને સંકોચીને શાંત-સ્થિર બેસે છે; તેમ ઉપયોગને અંતરમાં સંકોચીને બેસવું. ઉપયોગને જ્યારે ઇન્દ્રિયો દ્વારા બહાર જવાની ઉત્સુકતા રહેતી નથી પણ ભીતર સ્થિર રહેવામાં જ રસ પડે છે,

ત્યારે તે કાચબાની જેમ સુરક્ષિત રહે છે. સાધકવૃત્તિ એટલે કાચબાની જેમ પોતાને - ઉપયોગને સંકોચીને રહેવું.

## ઇન્દ્રિયો સત્ય જાણવા અસમર્થ

જીવે સૌપ્રથમ પાંચ ઇન્દ્રિયો દ્વારા ઉપયોગ બહાર ભાગે છે તેનો નિરોધ કરવો જોઈએ. ઉપયોગરૂપી પક્ષી, પાંચ ઇન્દ્રિયોરૂપી બારી દ્વારા બહાર વિષયોરૂપી વૃક્ષો તરફ ભાગી જાય છે. એક એક ઇન્દ્રિય દ્વારા ઉપયોગ જુદી જુદી દિશામાં ભટકે છે અને તેથી ધ્યાન ખંડિત થાય છે.

વળી, તમે એમ માનો છો કે ઇન્દ્રિયો તમને જણાવે છે એવું જ બહારનું જગત છે, જે તમે ઇન્દ્રિયો દ્વારા જાણો છો તે સત્ય જ છે. પરંતુ એવું નથી. ઇન્દ્રિયો પાસે સત્યને જાણવાનો કોઈ રસ્તો નથી. સત્યને જાણવાનો ઉપાય તો તમારી ભીતર રહેલ સાક્ષી પાસે છે. એના સિવાય કોઈની પાસે સત્ય જાણવાનો ઉપાય નથી. જો તમે ઇન્દ્રિયોની વાત સાંભળી અને કાચબો ન બની શક્યા તો ઇન્દ્રિયો તમને ભટકાવતી જ રહેશે.

(૧) રાતના અંધારામાં રસ્તા પર પડેલી દોરી સર્પરૂપે દેખાય છે. તમે ભયથી ભાગો છો. તમે કહો છો કે મારી સગી આંખે મેં સર્પને જોયો. પરંતુ ફાનસ લાવીને જુઓ છો તો ખબર પડે છે કે દોરી હતી. આમ, જરાક અંધારું હોય તો આંખ ભૂલ કરી બેસે છે.

(૨) તમારા ઘરે કોઈએ ખૂંટી ઉપર કફની ટાંગી હોય. એ જોઈને અંધારામાં તમને એમ લાગે છે કે કોઈ ઊભું છે પણ પ્રકાશમાં જણાય છે કે ત્યાં કોઈ મનુષ્ય નથી. જાણવા માટે આંખને પ્રકાશ જોઈશે. ભીતર પણ પ્રકાશ જોઈએ, બહાર પણ પ્રકાશ જોઈએ.

(૩) બગીચામાં કોઈ સુથાર જાય તો તેને ફૂલ નથી દેખાતા, તેને માત્ર લાકડું દેખાય છે. તે વિચારશે કે કયા વૃક્ષને કાપીને બજારમાં વેચું. કોઈ માળી આવે તો તેને લાકડું નહીં દેખાય, માત્ર ફૂલ દેખાશે. કવિને ફૂલ પણ નહીં દેખાય, માત્ર સૌંદર્ય દેખાશે. તો વળી ચિત્રકારને માત્ર રંગો જ દેખાશે!

## ઇન્દ્રિયો અભ્યાસ અનુસાર જાણે છે

તમને એવું લાગે છે કે જ્યારે તમે બગીચામાં જાઓ છો તો બગીચામાં જે હોય તે તમને જણાય છે, દેખાય છે; તમારા મિત્રને જે દેખાય છે તે જ તમને દેખાય છે પણ એવું નથી. જો તમારા મિત્રની આંખો બીજી વાત માટે અભ્યસ્ત હશે તો તેને તેવું દેખાશે. તમને બીજું કાંઈ દેખાશે. ઇન્દ્રિયો તમને જે બતાવે છે તે માત્ર તમારી આદત છે. તમે જે જોવાની આદત પાડી છે એ જ તમને દેખાય છે.

ઇન્દ્રિયોને જે આદત પડી હોય તે જુએ છે, તે પ્રમાણે જોવાની, સાંભળવાની, સૂંઘવાની ઇત્યાદિ ક્રિયા કરે છે.

જેવો અભ્યાસ તેવું જણાય. પ્રથમ વાર કૉફી કે દારૂ ક્યાં સ્વાદિષ્ટ લાગે છે? અભ્યાસથી તેનું વ્યસન પડી જાય છે.

મુલ્લાજીની પત્ની તેમને હંમેશ દારૂ છોડવા સમજાવતી. જાત જાતના પ્રયત્ન પછી જ્યારે કેમેય કરીને મુલ્લાજીની આદત સુધરી નહીં, ત્યારે પત્નીએ અંતિમ ઉપાય અજમાવ્યો. દારૂના અડ્ડા પર પહોંચીને મુલ્લાજીની સામે બેસી ગઈ અને બોલી કે આજે તો હું પણ પીશ. મુલ્લાજીને આ ગમ્યું નહીં પરંતુ ના પણ કઈ રીતે પડાય? પત્નીએ ગ્લાસ હાથમાં લઈ મોઢે માંડ્યો પણ પહેલો ઘૂંટડો પીતાંની સાથે જ બહાર કાઢી નાંખ્યો. દારૂ તેને ખૂબ કડવો લાગ્યો. તે બોલી, 'આવી ગંદી ચીજ તમે પીઓ છો!' મુલ્લાજીએ કહ્યું, 'તો તું શું એમ સમજતી હતી કે અમને આ ગમતું હશે? અમને આમાં મજા આવતી હશે??'

## અભ્યાસનું પરિણામ

અભ્યાસ કરવો પડે છે. અભ્યાસ કરવાથી કડવું પણ મીઠું લાગવા માંડે છે. અભ્યાસથી મત બદલાય છે.

એક વાર મુલ્લાજીએ મને કહ્યું કે આજે ટ્રેનમાં મારી સામેની સીટ ઉપર રેડિયો પર કાર્યક્રમની જાહેરાત કરનાર આવીને બેઠી હતી. મેં પૂછ્યું કે તમને કેવી રીતે ખબર પડી? અજાણી સ્ત્રીને એવું કઈ રીતે પુછાય? મુલ્લાજીએ કહ્યું કે ના, મેં તો માત્ર સમય જ પૂછ્યો હતો અને તે બોલી

ઊઠી, 'નૌ બજકર પંદ્રહ મિનટ હુએ હૈં. હંમેશાં ગોદરેજ તાલા લગાઈએ ઔર ચૈનકી નીંદ સોઈએ'!

અભ્યાસનું પરિણામ છે. તમે સૂક્ષ્મતાથી તમારું જીવન તપાસો તો ખબર પડશે કે તમે જે જુઓ છો, સાંભળો છો તે સર્વ એક પ્રકારનો અભ્યાસ છે. સત્ય સાથે તેને કોઈ સંબંધ નથી. જેવું તમે ચાહો છો, જે તમે ચાહો છો તે જ તમને દેખાય છે, સંભળાય છે.

શું તમને એ અનુભવ નથી કે જ્યારે તમે બાળક હતા ત્યારે દુનિયા, લોકો, વસ્તુઓ, પ્રસંગો તમને કેવા લાગતા હતા; જુવાન થયા ત્યારે કેવા અને વૃદ્ધ થયા ત્યારે કેવા? એ જ સ્ત્રી ક્યારેક તમને વાત્સલ્ય તો ક્યારેક વાસના તો ક્યારેક વ્યર્થ ભાસે છે. જેવું છે તેવું નહીં પણ જેવું તમને જોવું છે તેવું તમને દેખાય છે.

## જેવી વાસના તેવું દર્શન

ઇન્દ્રિયોનો શું ભરોસો? જેવી વાસના હોય છે, તેવું દર્શન થઈ જાય છે. તમે બાળક હતા ત્યારે સ્ત્રીમાં કોઈ રસ નહોતો, ધનમાં પણ રસ નહોતો. રસ હતો તો માત્ર રમકડામાં. બસ! એ જ તમારી દુનિયા અને એ જ તમારી મંજિલ. જુવાન થયા કે રમકડાંમાં કાંઈ રસ ન રહ્યો અને પદ, ધન, સ્ત્રી આદિમાં મૂલ્ય દેખાવા લાગ્યું, તેમાં ઉત્સુકતા વધી. ઘડપણમાં આ બધું પણ છૂટી જાય છે.

સંસાર જ મૂલ્યહીન લાગવા માંડે છે. બધા પદાર્થોનું મૂલ્ય આ રીતે બદલાતું રહે છે.

તેથી જ તો બાપ-દીકરાને ફાવતું નથી હોતું. મૂલ્યો બદલાય છે. વસ્તુ કે વ્યક્તિ કે પ્રસંગ એ જ હોવા છતાં મૂલ્ય બદલાય છે, તેથી સાર્થક અને વ્યર્થની વ્યાખ્યા પણ બદલાય છે. બન્નેની જીવન જીવવાની રીત જુદી! એકબીજાની વાત બિલકુલ મગજમાં બેસે નહીં અને તેથી ક્લેશ અને અશાંતિ વધે છે.

મુલ્લાજી ઘરમાં પ્રવેશ્યા અને રસોડામાંથી બળવાની વાસ આવી. જોરથી ઘાંટો પાડી ઊઠ્યા, 'શું બળી રહ્યું છે?' રસોડામાંથી પત્નીનો ગુસ્સાભર્યો જવાબ આવ્યો, 'મારું માથું!' મુલ્લાજીએ કહ્યું, 'તો તો વાંધો નથી! શાક કે બીજું કંઈ બળતું નથી ને, એ જોઈ લેજે!!' પત્નીના માથા કરતાં શાકનું મૂલ્ય વધુ!!!

દરરોજ આપણા અનુભવ બદલાતા રહે છે. જ્યારે અનુભવ બદલાય છે ત્યારે આપણી આંખો આપણને કંઈક બીજી જ ખબર આપવા લાગે છે! જુવાનીમાં કોઈનું શરીર જોતા હતા તો સૌંદર્યની ખબર મળતી હતી. વૃદ્ધાવસ્થામાં કોઈનું શરીર જુઓ છો તો મૃત્યુની ખબર મળે છે!

## ખોટા અભ્યાસથી મુક્ત થાઓ

રોજ રોજ તમે નિરીક્ષણ કરશો તો તમને સમજાતું જશે કે

આ પૂર્વગ્રહથી, આ ખોટા અભ્યાસથી મુક્ત થઈ શકાય છે. કાચબાની જેમ ઇન્દ્રિયોને સંકોચવી - તેનો અર્થ એ છે કે જૂના અભ્યાસને બંધ કરી દેવો. જૂના અભ્યાસથી જોશો તો ખોટું દેખાશે. જે અભ્યાસ કર્યો છે તે જ દેખાશે. દૃષ્ટિ શુદ્ધ નહીં થાય. રંગીન ચશ્માના કારણે બધું રંગીન જ દેખાશે.

ઇન્દ્રિયમાંથી હટાવો પોતાના ઉપયોગને. ૨૪ કલાક આ નહીં કરી શકો તો આખા દિવસમાં જેટલું બને તેટલું કરો. ઉપયોગ જો ઇન્દ્રિયો દ્વારા બહાર ન ભટકે તો તમે અનુભવશો કે ભીતર એક પ્રગાઢ ચેતના પેદા થશે. બહુ રસ આવશે અને બોધ જાગશે.

## રોજ જ્ઞાયકનો અભ્યાસ કરો

માત્ર બેઠા રહો. આજુબાજુ જે બને છે, શરીરના સ્તર પર જે બને છે, મનના પડદા ઉપર જે બને છે - માત્ર તેને જાણો. સ્વાગતભાવથી સ્વીકારો. સાક્ષીભાવે રહો. આત્મભાન અને વીતરાગસ્વભાવ. જ્ઞાયકની સ્મૃતિ અને સમત્વનો પુરુષાર્થ. માત્ર જાણો. કંઈ કરવાનો વિકલ્પ નહીં. થોડો સમય પણ આવો અભ્યાસ રહેશે તો જુદું જ લાગવા માંડશે. પછી તો ઉપયોગ ઇન્દ્રિય દ્વારા બહાર જશે તોપણ રસ નહીં રહે.

આ અભ્યાસ કરતા મન ભટકી ગયું તો તેને પાછું ન લાવવું. જે બને છે તેને માત્ર જાણવું. મન ભટક્યું તે જાણવું. મન પાછું આવ્યું તે જાણવું. શું થાય છે એ

મહત્ત્વનું નથી રહેતું. જે બને છે તેને માત્ર જાણવાનું - કરવાનું કાંઈ નહીં અર્થાત્ માત્ર જ્ઞાયકભાવ! કર્તૃત્વ-ભોક્તૃત્વનાં પરિણામ પણ ઉત્પન્ન ન થવાં જોઈએ.

જન્મોજન્મ ભટકવાની કે પશ્ચાતાપ કરવાની આદત પડી ગઈ હતી. હવે માત્ર જાણવું. જૂનો અભ્યાસ આદતરૂપ બની ગયો હતો અને હવે નવો અભ્યાસ કાંઈ ન કરવાનો! તેથી થોડો સમય લાગશે, થોડી પ્રતીક્ષા કરવી પડશે. દૃઢ રહીને જોતાં રહો - કર્તૃત્વ કે ભોક્તૃત્વ નહીં, માત્ર જ્ઞાયકભાવ. જ્ઞાયકભાવે જે બની રહ્યું છે તેને જાણવાનું. બદલવાનું નહીં. આ અભ્યાસ રોજ રોજ કરતા રહેવાથી જૂની આદત છૂટશે અને દિવ્યતાવાળું બની જશે આ જીવન!

## વાસના સહિત અને વાસનારહિત દર્શન

વસ્તુનું દર્શન વાસના સહિત અને વાસનારહિત એમ બન્ને પ્રકારે થાય છે. વસ્તુનું દર્શન જ્યારે વાસના સહિત થાય છે, ત્યારે પદાર્થ ઉપર મન એટલા બધા રંગ નાંખી દે છે કે તે પદાર્થ જેમ છે તેમ ગ્રહણ કરી શકાતો નથી અને પદાર્થ અન્યથા ભાસે છે. આ છે મિથ્યા દર્શન. પદાર્થ અને તમારા જ્ઞાન વચ્ચે મિથ્યા માન્યતાનું ન આવવું તે છે સમ્યગ્દર્શન.

તમે જ્યારે કોઈ સ્ત્રીને જુઓ છો ત્યારે વચ્ચે જો કામવાસના આવે તો સ્ત્રી જુદી લાગે છે - સુંદર, આકર્ષક, મોહક, ભોગ્ય. અને જ્યારે વાસના નીકળી જાય તો હાડ, માંસ,

મળ, મૂત્ર! વાસનાથી જુઓ તો સુવર્ણકાયા. વાસનારહિત જુઓ તો અશુચિમય કાયા.

બુદ્ધ એક વાર એક વૃક્ષ તળે બેઠા હતા. એવામાં દારૂના નશામાં ચકચૂર થયેલા પાંચ યુવક ત્યાં આવી ચડ્યા. એ યુવકો એક સ્ત્રીને પોતાની સાથે લાવ્યા હતા પણ એમના નશાનો લાભ લઈ તે સ્ત્રી ભાગી છૂટી હતી. તેને શોધતાં શોધતાં એ યુવકો બુદ્ધ પાસે આવી પહોંચ્યા હતા. એમણે બુદ્ધને પૂછ્યું, 'હે ભિક્ષુ! શું તમે અહીંથી કોઈ સુંદર સ્ત્રીને પસાર થતી જોઈ?' બુદ્ધે જવાબ આપ્યો, 'અહીંથી કોઈ પસાર તો થયું હતું પણ એ વ્યક્તિ પુરુષ હતી કે સ્ત્રી એની મને ખબર નથી. કોણ જઈ રહ્યું છે, એવું જાણવાની ઉત્સુકતા મારામાં રહી નથી. હું તો મારામાં જ વ્યસ્ત હતો, મસ્ત હતો. તેથી હું એ જાણતો નથી કે પસાર થનાર વ્યક્તિ સ્ત્રી હતી કે પુરુષ. પરંતુ કદાચ મેં જોયું હોત કે તે વ્યક્તિ સ્ત્રી હતી તોપણ હું એ તો તમને કદાપિ કહી ન જ શકત કે તે સ્ત્રી સુંદર હતી કે નહીં, કારણ કે સુંદર અને અસુંદર એ બધો મનનો ખેલ છે અને હું તો ક્યારનોય આ મનને પાર કરી ચૂક્યો છું. તેથી હવે હું માત્ર તથ્ય જ જોઈ શકું છું કે હાંડ-માંસનું આ શરીર સ્ત્રીનું છે કે પુરુષનું અને નહીં કે એ સારું છે કે નરસું, સુરૂપ છે કે કુરૂપ.'

આમ, સ્ત્રી અને તમારી વચ્ચે જો કામ હોય તો તે સુંદર ભાસે છે અને કામ ખરી પડે તો માત્ર માટી દેખાય છે. કામને કારણે દેહ પર અટકી જવાય છે. અને દેહનો ખ્યાલ પણ ખોટો હોય છે. કામ મંદ થવાથી દેહનો સાચો ખ્યાલ

આવે છે. સ્મશાનની રાખનો ઢગલો દેખાય છે. કામ નીકળી જવાથી દૃષ્ટિ સ્ત્રીના અશરીરીતત્ત્વ ઉપર પડે છે અર્થાત્ આત્મદૃષ્ટિ થાય છે, હાડ-માંસમાં છુપાયેલ ચૈતન્યતત્ત્વ ઉપર દૃષ્ટિ જાય છે; પણ જો વાસના સહિત દૃષ્ટિ હોય તો શરીર પર જ અટકી જવાય છે.

## એક વાર સમજાય તો છૂટી જાય

આમ, જીવને જ્યારે પદાર્થનું દર્શન મિથ્યા માન્યતાપૂર્વક, અવળી ધારણાઓ સહિત થાય છે ત્યારે એમાં તેને સ્વાદ આવે છે, અર્થાત્ સુખ ભાસે છે; પરંતુ કોઈ પણ કારણસર જો તેની આ ધારણાઓમાં ફેર પડે છે તો તેનો રસ એમાંથી નીકળી જાય છે. અધ્યાત્મદૃષ્ટિના કારણે નહીં, પણ માત્ર એક પ્રસંગના કારણે ધારણાઓમાં ફેર પડતાં રસ કેવો નીકળી જાય છે તેનું એક દૃષ્ટાંત જોઈએ.

વિક્ટર ફ્રેન્કેલને હિટલર દ્વારા પકડીને જેલમાં પૂરવામાં આવ્યા હતા. જેલવાસનાં પોતાનાં સંસ્મરણોમાં તેઓ લખે છે કે જેલમાં ખાવાનું ખૂબ જ ઓછું આપવામાં આવતું અને તે પણ દિવસમાં એક જ વાર. ભોજન માટે રોજ જ્યારે પાઉંના થોડા ટુકડા મૂકવામાં આવતા ત્યારે કેદીઓ તેના પર તૂટી પડતા, રીતસરની લૂંટ ચલાવતા. પછી પોતાને જે થોડા ટુકડા મળ્યા હોય એ તરત ખાઈ લેતા નહીં પણ એમાંથી થોડું થોડું ખાઈને આખો દિવસ ચલાવતા. વિક્ટર પણ આમાં સામેલ હતા. તે પણ પાઉં બચાવી રાખતા અને

ટુકડે ટુકડે ખવાતા એ પાઉંમાં તેમને ખૂબ રસ આવતો. પરંતુ એક દિવસ તેમના એક સાથીદારને ઊલટી થઈ અને તે વમનમાં પાઉંના થોડા અર્ધ ચવાયેલા ટુકડા પણ નીકળીને પડ્યા હતા. વિક્ટરે જોયું કે હજુ તો તેની ઊલટી પૂરી થઈ નહોતી અને ભૂખમરાના ભયથી તે પોતાના જ વમનમાંથી એ ટુકડા વીણીને ખાઈ ગયો! વિક્ટર લખે છે કે એ દૃશ્ય જોયા પછી મને પાઉં પર એવી સૂગ ચડી ગઈ હતી કે જીવનમાં ક્યારેય તેમાં રસ લાગ્યો નહીં. એક નાનકડા પ્રસંગે ભોજનમાંથી રસ કઢાવી નાખ્યો.

આમ, પરપદાર્થમાંથી મળતો સ્વાદ કાલ્પનિક છે. કલ્પના જીવે પોતે નાંખી છે. આ કલ્પનાને આધારે પદાર્થનું સાચું સ્વરૂપ પકડાશે નહીં. પદાર્થનું સાચું દર્શન તો સાક્ષિત્વની ક્ષણોમાં થાય છે. પણ તે પહેલાં જ્ઞાનીના બોધનો વિચાર કરવાથી પદાર્થનું સ્વરૂપ સમજાતું જાય છે. પદાર્થનું સ્વરૂપ યથાર્થપણે સમજવા માટે પ્રથમ તો પોતાના મનનું સ્વરૂપ સમજાવું જોઈએ. મનને સમજાવવું તો મુશ્કેલ છે જ પણ મનને સમજવું પણ બહુ અઘરું છે, કારણ કે તેને ખોટી આદત પડી ગઈ છે. પદાર્થ ઉપર રંગ નાંખીને તેને જોવાનો ખોટો અભ્યાસ પડી ગયો છે. આ અભ્યાસ તોડવો પડશે. આ ટેવ બદલવી પડશે. તે માટે ખૂબ શ્રદ્ધા, નિષ્ઠા અને સાહસ જોઈશે. શરૂ શરૂમાં તો અશક્યવત્ લાગશે, કારણ કે મન ખોટું કરે છે એવું લાગતું જ નથી. પણ નિરંતર મનની ચાલનું નિરીક્ષણ કરતા રહેવાથી મનની કરામત સમજાતી જાય છે અને તેથી પછી મનની જાળમાં ફસાવાનું બનતું નથી.

## આદત બદલવાનું સાહસ

આ કાર્યમાં સદ્‌ગુરુ ખૂબ સહાયક બને છે. સદ્‌ગુરુ જીવને જાગૃત કરે છે. પણ જેને જાગૃત થવાનો ભય હોય તેને સદ્‌ગુરુનો પણ ભય લાગશે. જાગૃતિથી જે નારાજ થાય છે, તે સદ્‌ગુરુથી પણ નારાજ થશે! આપણે કાગળની નાવમાં બેસીને સાગર પાર કરવા નીકળ્યા છીએ. કોઈ આવીને અચાનક આપણને કહે કે તમારી નાવ તો કાગળની છે, ગમે ત્યારે ડૂબી જશે, પહોંચાશે. નહીં - તો આવું કહેનાર આપણને દુશ્મન લાગે, કારણ કે આપણા 'સુરક્ષિતપણા'ને તે 'અસુરક્ષિતપણા'માં બદલી નાંખે છે. આપણને ભયભીત કરનાર પ્રત્યે આપણે નારાજગી દેખાડીએ છીએ. આપણને દુઃખી અને ચિંતિત બનાવનાર પ્રત્યે વિરોધ જાગે છે. પણ જેને સાગર પાર પહોંચવું છે, ખરેખર સુરક્ષિત થવું છે, ભ્રમમાં નથી રહેવું તે તો આ ટકોરથી ખૂબ રાજી થશે કે ડૂબવાનો જ હતો પણ સત્ય બોધ થતાં હવે બચી જઈશ, સુખ, શાંતિ અને સલામતી માટે સાચા પ્રયત્ન થશે. બચાવનાર પ્રત્યે તેને વિરોધ કે નારાજગી નથી થતાં, પરંતુ અહોભાવ અને કૃતજ્ઞતાની ભાવના જાગે છે.

## ફરીથી શરૂઆત કર

આમ, જ્યારે પચાસ-પચાસ વર્ષ ધનની પાછળ કાઢ્યા હોય, લક્ષ્મી-પ્રતિષ્ઠા વગેરે પ્રાપ્ત પણ થયા હોય અને એમાં કોઈ સદ્‌ગુરુ જો એમ કહે કે આમાંનું કંઈ મૃત્યુની પાર આવવાનું

નથી. તમે અત્યંત અસુરક્ષિત છો. અત્યાર સુધીનું જીવન વેડફી નાંખ્યું. **'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે'** - ધન પાછળ જીવન ગાળી પોતાને અંતરથી દીન અને દરિદ્ર જ બનાવ્યો છે. ફરીથી, એકડે એકથી શરૂઆત કર. તો ત્યારે શું થાય? આ તો એવું થયું કે કોઈ મહાકષ્ટે પચાસ માઈલ ચાલીને આવ્યું હોય અને કોઈ કહે કે તમે ખોટા રસ્તે આવ્યો છો. તમને જ્યાં જવું છે, જે પ્રાપ્ત કરવું છે તે અહીં નહીં મળે. અને એ વ્યક્તિને જેવો ધક્કો લાગે તેવો ધક્કો જ્યારે કોઈ સદ્‌ગુરુ પાસે જાય છે ત્યારે લાગે છે.

તેથી જ તો જીવને સદ્‌ગુરુ પાસે જવાનો ભય લાગે છે. એક જ ક્ષણમાં તમને તમારી અસુરક્ષિતતા અને દરિદ્રતાનું ભાન કરાવે તે છે સદ્‌ગુરુ. તમારી દરિદ્રતાને સમૃદ્ધપણાનું રૂપ આપે તે છે અસદ્‌ગુરુ. જીવ સદ્‌ગુરુ પાસે આવતાં ડરે છે અને **'અસદ્‌ગુરુને દૃઢ કરે'** છે. અસદ્‌ગુરુ પાસે જવાથી તેને માત્ર આશ્વાસન જ નહીં, પુષ્ટિ પણ મળે છે. ત્યાં જાગવું પડતું નથી. પડખું બદલીને સૂઈ જવાનું જ ચાલુ રખાય છે. તેથી મુમુક્ષુતાના અભાવમાં અસદ્‌ગુરુ પ્રત્યે દૃષ્ટિ જાય છે. પણ જેનામાં મુમુક્ષુતા છે તે તો સત્પુરુષનાં વચનના ઘા માટે પોતાની છાતીને તૈયાર કરે છે. તેને કોઈ પણ હિસાબે છૂટવું જ છે.

## જ્ઞાનીનો ઉપકાર

જીવ જો જડ ક્રિયાઓ અને શુષ્ક શાસ્ત્રાભ્યાસ કરતો હોય,

માત્ર શારીરિક અને બૌદ્ધિક પરિશ્રમ કરતો હોય પણ જો માન્યતા અને પરિણામમાં રૂપાંતરણ ન લાવતો હોય તો જ્ઞાની તેને કહે છે કે તારું અત્યાર સુધીનું બધું કરવું અને જાણવું વ્યર્થ છે, ભ્રાંત છે, તારે ફરીથી એકડે એકથી શરૂ કરવું પડશે તો આ સાંભળતાં પાત્ર જીવ ગભરાતો નથી, ભાગી છૂટતો નથી, સૂઈ જતો નથી. તે જાગી જાય છે. 'હું કંઈ જ જાણતો નથી, મેં કંઈ જ કર્યું નથી' એમ નક્કી કરી સદ્‌ગુરુની આજ્ઞાએ જે થોડા દિવસો પણ કાઢશે, તેને કંઈક જુદો જ અનુભવ થશે.

આમ, જ્યારે જ્યારે જીવ જ્ઞાની પાસે જાય છે, તેમના જ્ઞાનના પ્રકાશમાં તેને પોતાનું અજ્ઞાન અને પ્રમાદ સ્પષ્ટ દેખાય છે, ક્યાં ચૂક્યો અને શું કરવું જોઈએ તે સ્પષ્ટ સમજાય છે. સર્વ દુઃખ અને ક્લેશનું કારણ પોતાના જ મનના ખેલ છે એમ જાણતાં જ તે તેની જૂની આદત તોડવા તૈયાર થાય છે અને ખૂબ શ્રદ્ધા, નિષ્ઠાપૂર્વક કાર્ય કરે છે. આ આદત બદલવાનું સાહસ તે જ છે સંન્યાસ.

## શૂરવીર કોણ?

મનની ચાલ બદલવા માટે જે તૈયાર થયો છે તે જ સાચો સાધક છે. એ જ સાહસી છે. એ જ શૂરવીર છે. શું અર્થ છે શૂરવીરનો? કોને તમે કાયર કહેશો? કાયર તે છે કે જે મૃત્યુથી ડરીને ભાગે. શૂરવીર તે છે કે જે મંજિલને પ્રાપ્ત કરવા માટે જીવનને દાવ પર લગાવે. મૃત્યુને પણ ભેટવું

પડે તો નિર્ભયતાથી ભેટે. શૂરવીર તે છે કે જે મૃત્યુ માટે પણ તૈયાર છે. મંજિલ પ્રાપ્ત કરવા માટે છેવટ સુધીની તૈયારી છે અર્થાત્ મૃત્યુ માટે પણ તે તૈયાર છે.

મરે તો સર્વ જીવ છે પણ સંન્યસ્ત તે છે કે જે મૃત્યુની પહેલાં મરે છે. તે ભૌતિક જીવન માટે મૃત છે, તે નવા જીવનની શરૂઆત કરે છે. તે ભીતરમાં શોધે છે અને બહારનો ફેલાવો આટોપે છે. તે પરિગ્રહનો અને પ્રવૃત્તિનો સંકેલો કરે છે અને ભીતરની યાત્રામાં વેગથી ગતિ કરે છે.

## અંતર્યાત્રા

શૂરવીર જ અંતર્યાત્રાનો નિર્ણય કરી શકે છે. બહારની તરફ તો સર્વ જીવ જાય છે. ભીતરની તરફ તો કોઈ શૂરવીર જ જાય છે. બહારની તરફ તો પશુ પણ જાય છે, પક્ષી પણ જાય છે, કીડા પણ જાય છે. એમાં કોઈ મોટી વાત નથી, ગૌરવ નથી, પરાક્રમ નથી. ભીતરની તરફ જવું એમાં શૂરવીરતા છે. દૂર ચંદ્ર પર પહોંચવું એ સહેલું છે, કારણ કે એ બહારની યાત્રા છે. ભીતર જવું કઠિન છે, કારણ કે અનાદિથી અનભ્યસ્ત છે અને બહિર્મુખતાનો ખોટો અભ્યાસ આડો આવે છે. ભીતર આવવામાં જનમોજનમની આદતની જાળ તોડવી પડશે. જનમો-જનમથી જેમાં રસ લાગ્યો છે, એને વ્યર્થ માનવા માટે ઘણી હિંમતની જરૂર પડશે. 'અત્યાર સુધી હું વ્યર્થ જીવ્યો છું' એવી પ્રતીતિ જેની સઘન થાય છે, તેનાં પગલાં સત્ય તરફ મંડાય છે. આ છે સંન્યાસ.

## સંન્યાસ કઈ વયે?

લોકો મને પ્રશ્ન કરે કે તમે યુવાનોને આત્માર્પિત દીક્ષા અર્થાત્ સંન્યાસની પૂર્વતૈયારી, સર્વસંગપરિત્યાગનો નિર્ણય આપો છો પણ એવું નથી લાગતું કે આ દીક્ષા વૃદ્ધાવસ્થામાં આપવી જોઈએ? હું તેમને કહું કે સંન્યાસ જો સાચો હોય તો પછી તેને વૃદ્ધાવસ્થા સુધી શું કામ ટાળવો જોઈએ? શું અશક્ત થવાની રાહ જોવી છે? કંઈ કરવાની શક્તિ ન હોય, મૃત્યુની ઘડીઓ ગણાતી હોય, બીજાની મદદ લેવી પડે એવી સ્થિતિ હોય ત્યારે સંન્યાસ લેવો છે? વળી, વૃદ્ધ પણ પોતાને ક્યાં વૃદ્ધ માને છે? અને આવું જો બને તો તો સંન્યાસ ટળતો જ જશે. વળી, વૃદ્ધાવસ્થામાં શરીર જ થાકેલું હોય છે, મન ક્યાં થાકેલું હોય છે? શરીર વૃદ્ધ બને છે પણ વાસના તો જુવાન જ હોય છે. શરીર અશક્ત બને છે, મન નહીં. મન તો હજી બહારનો સ્વાદ લેવા માટે ઉત્સુક જ રહે છે.

સંન્યાસનો શરીરની વય સાથે સંબંધ નથી, અંતરના જાગરણ સાથે સંબંધ છે. જે કોઈ પણ વયમાં જીવ જાગૃત થયો, સંસાર તરફ પીઠ કરવા તૈયાર થયો, અંતર તરફ મુખ કરવા કટિબદ્ધ થયો એ સમય, એ વય સંન્યાસ માટે યોગ્ય છે - પછી ભલે તે બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય. જે સાચું છે તે સદા સાચું છે. હમણાં ખોટું અને વૃદ્ધાવસ્થામાં સાચું એમ કેવી રીતે બને? જે સાહસિક જીવ સ્વપ્નમાંથી જાગ્યો, સત્ય તરફ વળ્યો તે જીવ પરમને પામે છે. કોઈ આવું સાહસ બાળ અવસ્થામાં તો કોઈ યુવા અવસ્થામાં તો કોઈ વૃદ્ધ અવસ્થામાં દેખાડે છે. અને કોઈ તો વળી આખા

જીવનમાં પણ આવું સાહસ પ્રગટાવી શકતા નથી.

## મૃત્યુ અને અમૃત

જેણે સાચી દિશામાં જવાનો નિર્ણય કર્યો છે તે સાધક છે અને જેણે એ દિશામાં પગલાં માંડ્યાં છે તે સંન્યાસી છે. સંન્યાસી તે કે જે મૃતથી અમૃત તરફની યાત્રા કરી રહ્યો છે. અહીં તમે સંસાર તરફ આંખ બંધ કરી એટલે સ્વયં તરફ આંખ ખોલી. આંખ એક જ તરફ ખૂલી શકે છે. કાં તો બહાર, કાં તો અંદર. બહાર ખૂલે તો બહિર્યાત્રા થાય અને સ્વ તરફ પીઠ થાય છે. તો અમૃતની પ્રાપ્તિ થતી નથી. અને જેની દૃષ્ટિ ભીતર તરફ ગઈ છે તેની સંસાર તરફ પીઠ થાય છે. તેની ચેતના અંતર્મુખી બને છે. તે અમૃતની નિકટ જતો જાય છે અને પરમની પ્રાપ્તિ કરે છે.

મૃત્યુના બોધથી જીવનની ક્ષણભંગુરતા, સંયોગોની અનિત્યતા, પરની અશરણતાનો બોધ થતાં સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને અમૃત તરફ પગલાં મંડાય તે છે સમ્યક્ચારિત્ર. અનિત્યના બોધથી નિત્ય તરફ પગ મંડાય છે. દોસ્તોવસ્કી પોતાનાં સંસ્મરણોમાં લખે છે કે ઝાર (રશિયાના રાજા) દ્વારા તેમને તથા અન્ય દસ ક્રાંતિકારીઓને મૃત્યુદંડ ફરમાવવામાં આવ્યો હતો. તેમની સજાનો અમલ એક મહિના પછી થવાનો હતો. દોસ્તોવસ્કી જેલના અનુભવો અને ભાવોનું વિવરણ લખતા રહ્યા હતા. એક એક દિવસ પસાર થતો જતો હતો - ૩૦.....૧૫.....૭.....૧..... તેમને મોત હાજરાહજૂર

દેખાઈ રહ્યું હતું. જગત સાથેના, પોતાના પરિવાર સાથેના પણ તમામ આંતરિક જોડાણથી તેઓ અળગા થઈ ચૂક્યા હતા. એમ કરતાં આખરી દિન પણ આવી પહોંચ્યો. તેમને બધાને સવારે છ વાગે બંદૂકથી ઠાર મારવામાં આવનાર હતા. અગિયાર જણાને પોતપોતાની કબર પાસે ઊભા રાખવામાં આવ્યા, જેથી ગોળી વાગતાં જ અંદર ઢળી પડે. દોસ્તોવસ્કીનો ક્રમ બીજો હતો. ઘડિયાળમાં છ વાગ્યા અને ગોળી છૂટી. પ્રથમ ક્રાંતિકારી કબરમાં જઈ પડ્યો. દોસ્તોવસ્કી કહે છે કે તેઓ મૃત્યુ માટે પૂરા તૈયાર હતા, જગત આખું જાણે સાવ જુદું જ ભાસતું હતું. દોસ્તોવસ્કી પર ગોળી છૂટવાની જ હતી અને એક ઘોડેસ્વાર મારતા ઘોડે ત્યાં આવી પહોંચ્યો. તે ઝારનો સંદેશ લાવ્યો હતો - તેમનો મૃત્યુદંડ આજીવન કારાવાસમાં પલટાઈ ગયો હતો. બાકી રહેલા દસને જીવતદાન મળ્યું. તેમને પાછા જેલમાં લઈ જવામાં આવ્યા. થોડા સમય બાદ ઝારને મારવામાં આવ્યો, ક્રાંતિકારીઓને જેલમુક્ત કરવામાં આવ્યા. દોસ્તોવસ્કી હવે આઝાદ હતા પણ તેઓ જગત સાથે મોહના તાંતણે જોડાઈ ન શક્યા. ભીતરમાં સંસારની આસક્તિ હવે રહી ન હતી. તેમણે જગતની વાસ્તવિકતા નિહાળી હતી, મૃત્યુને સમીપથી જોયું હતું, સંયોગોની ક્ષણભંગુરતા અનુભવી હતી અને તેથી તેઓ શેષ જીવન અલિપ્ત રહીને, અનાસક્તપણે, જળકમળવત્ જીવ્યા.

## ફેરફારનો રસ નહીં

જેમને જીવનની અનિત્યતા, અશરણતા આદિનો બોધ થાય છે

તેઓ પછી તેમાં એકત્વ કરી શકતા નથી. અમૃતની ખોજમાં તેઓ નીકળી પડે છે. ભીતરની યાત્રામાં નીકળનારને બહારના જગતમાં રસ રહેતો નથી. બહાર શું થાય છે એમાં ફેરફાર કરવાનો રસ રહેતો નથી.

મુલ્લાજીએ એક વાર પત્નીને પૂછ્યું કે આપણે મરી જઈએ તે કઈ રીતે ખબર પડે? પત્નીએ કહ્યું કે એ તો વખત આવ્યે ખબર પડી જાય. તોપણ મુલ્લાજીએ લક્ષણ જાણવા આગ્રહ કર્યો તેથી પત્નીએ કહ્યું કે મૃત્યુ થતાં હાથ-પગ ઠંડા પડી જાય, ગાત્ર શિથિલ થઈ જાય. એક વાર શિયાળામાં મુલ્લાજી જંગલમાં લાકડાં કાપવા ગયા. કડકડતી ઠંડી હતી. અચાનક પોતાના હાથને ઠંડા જોઈને મુલ્લાજીને પત્નીના શબ્દો યાદ આવી ગયા. તેમને લાગ્યું કે પોતે મરી ગયા છે અને તેઓ તો જમીન પર ઢળી પડ્યા! નીચે પડ્યા પડ્યા પણ આસપાસનું બધું તેઓ જાણી શકતા હતા પણ પોતાને મૃત જાણીને કંઈ પણ કરવાથી તેઓ દૂર રહ્યા. તેમનો ગધેડો અચાનક ભૂંકવા લાગ્યો. બીજો કોઈ વખત હોત તો તેમણે ડફણું માર્યું હોત પણ તે ટાણે તો મુલ્લાજી મનમાં બોલ્યા, 'હું હવે મરી ગયો છું. ભલેને ગધેડો કંઈ પણ કરે, મારે શું ચિંતા?!' અને તેઓ કંઈ જ કર્યા વિના બધું જાણતા રહ્યા.

## સ્વરૂપજાગૃતિનો પ્રયોગ

સાધક તે છે જે પોતાનું સ્વરૂપ સમજે છે. અકર્તા

જ્ઞાનસ્વભાવી હોવાથી જાણવા છતાં તેને કાંઈ કરવાનાં પરિણામ થતાં નથી. કર્તૃત્વ-ભોક્તૃત્વના વિકલ્પ આવે કે તુરંત તે જ્ઞાયકની સ્મૃતિ દ્વારા જ્ઞાયકભાવમાં સ્થિત થઈ જાય.

મૃત્યુ પહેલાં જ મૃત્યુનો પ્રયોગ કરો. અર્થાત્ સાત દિવસ પછી મૃત્યુ છે એવી રીતે સાત દિવસ જીવવું અથવા હું અત્યારે મરી ગયો છું અને બહાર બધું થાય છે તે માત્ર જાણું છું. કંઈ કરવાનું નહીં. માત્ર જાણવાનું. આવા પ્રયોગો દ્વારા પોતાના શુદ્ધ જ્ઞાયકસ્વરૂપની જાગૃતિ રાખવી. વારંવાર આ અભ્યાસ કરવાથી તેમાં દક્ષતા આવે છે. સાધક આત્માની નિકટ સરકતો જાય છે. અને કોઈ ધન્ય પળે સ્વરૂપસ્થ થાય છે. સ્વરૂપજાગૃતિ વિના આત્મામાં સ્થિત થવાનો બીજો કોઈ ઉપાય નથી.

## કૃત્યથી નહીં, સ્વરૂપજાગૃતિથી કાર્યસિદ્ધિ

આત્મજ્ઞાનની પ્રાપ્તિ શરીરની જડ ક્રિયાથી કે કોરા શાસ્ત્રાભ્યાસથી થતી નથી. વિમલ જ્ઞાનની પ્રાપ્તિ તો કાચબાની જેમ ઉપયોગને ઇન્દ્રિયોમાંથી ખેંચી અંતરમાં જોડવાથી થાય છે. જ્ઞાન કંઈ કરોડ વખત જાપ કરવાથી કે પાંડિત્યથી પ્રાપ્ત થતું નથી પણ ઉપયોગને સ્વયંમાં રાખવાથી પ્રાપ્ત થાય છે. સ્વરૂપજાગૃતિથી આત્મપ્રાપ્તિ થાય છે. માત્ર આચરણ બદલવાથી આત્મજ્ઞાન થતું નથી.

સ્વરૂપપ્રાપ્તિ કોઈ કર્મથી થતી નથી. મન-વચન-કાયાના

યોગ અશુભમાંથી શુભમાં પલટાય એટલામાત્રથી કાર્ય સિદ્ધ થતું નથી. ઉપયોગ યોગમાંથી હટી અંતરમાં વળે તેનાથી કાર્ય થાય છે. આત્મભાવમાં રહેવાય, ચિત્તવૃત્તિ ભીતર વળે તેનાથી કાર્ય થાય છે. આ કોઈ કૃત્ય નથી, જાગૃતિ છે. આત્મબોધમાં લીનતા થવાથી આત્મસિદ્ધિ થાય છે. શુભાચરણ તો આત્મવિસ્મરણપૂર્વક થાય છે. તેથી આત્મસ્મરણની મુખ્યતા રહે એ જ પુરુષાર્થ કાર્યકારી છે.

અજ્ઞાની હિસાબ કરે છે - આટલી તપસ્યા, આટલા જાપ, આટલા સામાયિક, આટલું દાન. જાતને પ્રશ્ન પૂછવો ઘટે કે તો હજી સ્વરૂપપ્રાપ્તિ કેમ થઈ નથી? સ્વરૂપપ્રાપ્તિને કૃત્ય સાથે સંબંધ નથી, સમર્પણ સાથે સંબંધ છે અર્થાત્ અકર્તાભાવ સાથે સંબંધ છે, સાક્ષીભાવ સાથે સંબંધ છે. જ્યાં સ્વીકારભાવનું વલણ રહે ત્યાં પર પ્રત્યે સાક્ષીભાવ, જ્ઞાયકભાવ, અકર્તાભાવ પ્રગટે અને આ ભાવ સ્વરૂપની નિકટ લઈ જાય. કોઈ ધન્ય પળે ચિત્તવૃત્તિ ચૈતન્યસત્તામાં સંપૂર્ણપણે વિલીન થઈ જાય.

## સ્વરૂપનિકટતા ગુરુકૃપાથી

પૂજ્ય શ્રી અંબાલાલભાઈ લખે છે કે આ કાર્ય માત્ર ગુરુકૃપાથી થાય છે. આત્મભાવમાં લીનતા એ ગુરુના પ્રસાદથી થાય છે, ગુરુની કૃપાથી થાય છે કારણ કે સમર્પણની ક્ષણમાં સર્વ કર્તાભાવ નષ્ટ પામે છે. મન-વચન-કાયાના યોગ દ્વારા જે કંઈ કરવામાં આવે છે તે થકી

કર્તાભાવ પાછો આવી જાય છે, પાછલા દરવાજાથી પ્રવેશ કરી લે છે. અકર્તા બન્યા વિના સ્વરૂપમાં ઐક્ય પમાતું નથી અને ગુરુકૃપા વિના અકર્તાભાવ પ્રગટતો નથી. આં વિના મન-વચન-કાયાના યોગ શુભ પ્રવૃત્તિમાં રાખવા છતાં કર્તૃત્વભાવમાં મંદતા આવતી નથી. ઊલટું અહંકારની વૃદ્ધિ થાય છે કારણ કે શુભ પ્રવૃત્તિ તો મૂર્ચ્છિતપણે પણ થઈ શકે, જ્યારે સ્વરૂપાનુસંધાન તો માત્ર જાગૃતિ હોય ત્યારે જ થઈ શકે.

•

જ્યારે જ્યારે શિષ્યને સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, ત્યારે ત્યારે અકર્તાભાવ હોય છે. તેથી શિષ્ય કહે છે કે આ જે થયું છે તે ગુરુના પ્રસાદથી જ થયું છે. ગુરુની કૃપા તો સર્વ પર થાય છે પણ જે સમર્પિત ભાવે રહે છે અર્થાત્ અકર્તાભાવમાં સરી પડે છે તેને સ્વરૂપનિકટતા અનુભવાય છે. ભક્તનો સમર્પણભાવ તેનામાં અહંકાર નિર્મિત થવા દેતો નથી. તેની ભક્તિ 'હું'ને વિસર્જિત કરી દે છે, નષ્ટ કરી દે છે.

## અકર્તાભાવ ગુરુભક્તિથી

જ્યાં જીવ ગુરુભક્તિ વિના ભેદજ્ઞાનના અભ્યાસમાં આગળ વધે છે ત્યાં એ ભાવ ઊઠવાની સંભાવના રહે છે કે આ મેં કર્યું. બીજું કોઈ તો છે નહીં તેથી મારાથી થયું એવી અક્કડતા આવી જાય છે. પણ જેના હૃદયમાં ગુરુભક્તિ છે તે આ કાર્યનું આખું શ્રેય શ્રીગુરુનાં ચરણોમાં સમર્પિત કરતો રહે છે અને 'હું' નિર્મિત થવા દેતો નથી. અહં જાગતાં જ

ગુરુની યાદ આવે છે અને અહં ઝૂકવા લાગે છે, વિલીન થઈ જાય છે.

પૂજ્ય શ્રી અંબાલાલભાઈ ઉપર શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો એવો પ્રભાવ પડ્યો કે વારંવાર આત્મભાવમાં રમણતા થવા લાગી. પરમકૃપાળુદેવની કૃપાથી બધું બની રહ્યું છે એમ માનતા હોવાથી તેઓ અહંકારરહિતપણે, અકર્તાભાવે આત્મવિચાર અને આત્મધ્યાનમાં ઊંડા ઊતરતા ગયા.

## પરમ વિશ્રામ

જેમ જેમ આત્મવિચાર અને આત્મધ્યાનમાં ચિત્તવૃત્તિ સ્થિર થતી જાય છે; તેમ તેમ બધી દોડ મટતી જાય છે, બાહ્ય પ્રવર્તન ઘટતું જાય છે. પરમ શાંતિ - પરમ વિશ્રામની પ્રાપ્તિ થતી જાય છે. વિષયપરિણામની મંદતાના કારણે બાહ્ય પ્રવૃત્તિ તો ઘટતી જ જાય છે પણ ધર્મના નામે થતી દોડાદોડ પણ મટતી જાય છે. હવે યોગથી ઉપયોગ છૂટો પડી અંતરમાં સ્થિર થતો જાય છે. સાક્ષીભાવે રહેવાનું થાય છે તેથી સંકલ્પ-વિકલ્પની અત્યંત અત્યંત મંદતા થતી જાય છે. પરમાં કોઈ પણ ફેરફાર કરવાની વૃત્તિ રહેતી ન હોવાથી યોગપ્રવૃત્તિ પણ ક્રમશઃ ઘટતી જાય છે.

કોઈ માણસ ટી.વી. ચાલુ કરે, એમાં બે જ ચેનલ આવતી હોય - એક તામિલ અને બીજી તેલુગુ અને જો તેને આ બન્ને ભાષા આવડતી ન હોય તો તેને ચેનલ બદલવાનું મન

થાય? તેમ બહારમાં કંઈ પણ થાય પરંતુ તેનાથી મને લાભ કે નુકસાન નથી એમ જે માનતો હોય તે બહારમાં ફેરફાર કરે? તેને એવી વૃત્તિ જ ન જાગે અને તેથી તેવી પ્રવૃત્તિ પણ ન થાય. બાહ્યમાં માત્ર ઉદયાધીન પ્રવૃત્તિ થાય છે અને વૃત્તિ સ્વરૂપમાં લંગર નાખી સ્થિર થતી જાય છે. યોગ કર્માધીન અને ઉપયોગ સ્વરૂપાધીન!!

## સ્વરૂપ-અવલંબનનો પ્રતાપ

ઉપયોગ સ્વરૂપને અવલંબીને પ્રવર્તતો હોય ત્યાં દુઃખનું કારણ જ નિર્મૂળ થતું જાય છે. ભિખારીપણું મટતું જાય છે. સમ્રાટપણાનો અહેસાસ થતો જાય છે. દરિદ્રતા અને દીનપણું રહેતું નથી. પરાધીનપણું રહેતું નથી. સ્વાધીન શાશ્વત સુખની પ્રતીતિ થતી જાય છે. ગુલામી ઘટતી જાય છે અને સ્વતંત્ર સ્વભાવની પ્રતીતિ વધતી જાય છે. હજી મેઘ નથી દેખાયા પણ વર્ષાનો અનુભવ થઈ રહ્યો છે. આનંદનો વરસાદ અનુભવાય છે, મેઘનાં દર્શન થયાં નથી પણ છે તેની પ્રતીતિ દઢ થતી જાય છે. દામિની નથી દેખાતી પણ પ્રકાશનો અનુભવ થઈ રહ્યો છે.

## અંતર્મુખતા તમારો સ્વભાવ છે

સર્વ સંતોનો એ જ ઉપદેશ છે કે પોતાની ભીતર જાઓ અને નિજ અનંત આનંદની પ્રાપ્તિ કરો. **'દેહથી ભિન્ન સ્વ-**

**પરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.'** (પત્રાંક-૮૩૨)

આ સાધતાં તકલીફ પડશે, બાધાઓ નડશે, જન્મ-જન્માંતરનો અવળો અભ્યાસ આડે આવશે પણ આ બધું પાર કરી શકાય છે. જે સ્વભાવગત હોય તેનું અતિક્રમણ થઈ ન શકે પણ ઉપરોક્ત સર્વ વિઘ્નો સ્વભાવગત નથી, સ્વભાવબાહ્ય છે અને તેથી તેનું અતિક્રમણ થઈ શકે છે.

જે સ્વભાવને અનુકૂળ હોય તેને પ્રાપ્ત કરવું કઠિન લાગે તોપણ તે અસંભવ નથી. અને જે સ્વભાવની પ્રતિકૂળ હોય તેને તોડવું કઠિન લાગે તોપણ તે અસંભવ નથી. જો તમે ઇચ્છો તો અવશ્ય તમે પ્રાપ્ત કરી શકો, પહોંચી શકો કારણ કે જ્યાં તમારે પહોંચવું છે તે દૂર નથી પણ બિલકુલ પાસે છે, ભીતર છે, તમે જ છો, તમારો સ્વભાવ છે.

## ભૂકંપમાં અકંપ

જેણે બહારના જગત તરફ પીઠ ફેરવી છે, જે બહારના જગત પ્રતિ સૂઈ ગયો છે તે ભીતરના જગત માટે જાગી ગયો છે. જે બહારના જગતથી દૂર સરકે છે તે અંતરના જગતમાં પ્રતિષ્ઠિત થાય છે અને જે અંતરના જગતમાં પ્રવેશ કરે છે તેની જ્યોતિ સ્થિર થઈ જાય છે. હવે તેમાં કોઈ

કંપન નહીં ઊઠે - નિશ્ચલ! હવાની લહેર હવે તેને કંપિત નહીં કરી શકે, કારણ કે ભીતર કોઈ હવા પહોંચતી નથી. જેનો ઉપયોગ ભીતર પહોંચી ગયો છે તેને હવે ભૂકંપ પણ કંપિત કરી શકતો નથી. જે ઘરે પહોંચી જાય છે તેને તોફાનનો ભય રહેતો નથી. તેની ચેતના નિશ્ચલ અને નિર્ભય રહે છે, કારણ કે ન તો કામના છે, ન ભય!!

પૂજ્ય શ્રી અંબાલાલભાઈએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું એવું તો ઘોલન કર્યું કે તેમના ભાવમાં રૂપાંતરણ આવ્યું અને પરિણતિ ચૈતન્ય તરફ દોડવા લાગી, શાંત થઈ સ્થિર થવા લાગી. પોતાની મેળે કરવા જતાં થતું નથી પણ સદ્‌ગુરુની કૃપાથી સહેજે અને સમગ્રતાથી અંતર્મુખ થવાય છે, પૂરું અસ્તિત્વ તેમાં ડૂબે છે.

આજના મંગળ દિવસે પરમકૃપાળુદેવને પ્રાર્થના કરીએ કે જેમ પૂજ્ય શ્રી અંબાલાલભાઈને અંતર્મુખ થવામાં શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર નિમિત્ત બન્યું તેમ અમને પણ આ નિમિત્ત ફળો અને આત્મસિદ્ધિ ત્વરાથી થાઓ.

* * *

# શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી

# શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પરમકૃપાળુદેવે આગમના સમસ્ત સિદ્ધાંતોનો નિચોડ સમાવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન વલોવી શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રરૂપી માખણ કાઢ્યું છે. તેથી શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર જેવો ઉચ્ચ કોટિનો આત્મોદ્ધારક ગ્રંથ ઉચ્ચ કોટિના અધિકારી વર્ગની અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે.

અધિકારીપણું એટલે યોગ્યતા. આત્માનુભવ માટે માત્ર શાસ્ત્રની બૌદ્ધિક માહિતી કામ નથી આવતી. 'સત્પુરુષની આજ્ઞામાં જ મારું કલ્યાણ છે, મારે સત્પુરુષની આજ્ઞામાં જ વર્તવું છે' એવો દૃઢ નિશ્ચય અને તદનુરૂપ વર્તન હોય તેને જ્ઞાન સમ્યક્પરિણામી થાય છે. જેને સત્પુરુષ પ્રત્યે શ્રદ્ધા હોય, ઇન્દ્રિયનિગ્રહ થયો હોય, અંતરમાં વૈરાગ્ય-ઉપશમ હોય, આત્માનો લક્ષ હોય તે જીવ જ બોધ ગ્રહણ કરી શકે છે અને તે જ અધ્યાત્મગ્રંથનો અધિકારી છે. જે જીવને સત્પુરુષનો મહિમા સમજાયો નથી, તેમના યથાર્થ વક્તાપણા ઉપર વિશ્વાસ નથી, બુદ્ધિનું વિપર્યાસપણું ટળ્યું નથી, અહંભાવ છૂટ્યો નથી, તીવ્ર જિજ્ઞાસા જાગી નથી, આત્માર્થીપણારૂપ સાચી ભૂમિકા પ્રાપ્ત થઈ નથી, સંસારની મહત્તા અને મીઠાશ અંતરથી છૂટ્યાં નથી, જનમનરંજનરૂપ ધર્મની આડે પોતાના આત્મધર્મની ગરજ જાગી નથી તેવા મોહનિદ્રામાં સૂતેલા જીવને ઉપદેશ પરિણમતો નથી. તે વસ્તુસ્વરૂપને યથાર્થપણે

જાણી શકતો નથી. ક્યારેક તો આવા અનધિકારી જીવને મહાનિર્જરાનું હેતુભૂત જ્ઞાન અનર્થકારક પણ થઈ પડે છે.

## શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની એક નકલ શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીને મોકલવામાં આવી હતી. તેમનો પરિચય આ પ્રમાણે છે - પરમકૃપાળુદેવના 'અવધાનપ્રયોગનો અસાધારણ ઉત્તમ વિજય થયો હતો. પરમકૃપાળુદેવની કીર્તિનો ડંકો સર્વત્ર ગાજી રહ્યો હતો. અવધાનપ્રયોગના પ્રેક્ષક દ્રષ્ટાઓમાં વડોદરાવાળા શ્રી માણેકલાલભાઈ ઘેલાભાઈ ઝવેરી પણ હતા. તેઓ પરમકૃપાળુદેવના આ અદ્‌ભુત પ્રયોગોથી મુગ્ધ થઈ આકર્ષાયા અને પરમકૃપાળુદેવના સમાગમમાં આવ્યા. તેમના પિતાશ્રી ઘેલાભાઈ ઝવેરી ઝવેરાતની પરીક્ષામાં નિષ્ણાત હતા; તેમની પાસેથી તે પરીક્ષા શીખીને શ્રી માણેકલાલભાઈ વડોદરાથી મુંબઈ આવી ઝવેરાતના વ્યવસાયમાં પ્રવર્ત્યા હતા. તેમની પાસેથી ઝવેરાતની પરીક્ષા શીખવાનું સ્વલ્પ નિમિત્ત પામી કુશાગ્રબુદ્ધિ પરમકૃપાળુદેવ સ્વલ્પ સમયમાં તેમાં નિપુણ થઈ ગયા હતા.

પરમકૃપાળુદેવ વિ.સં. ૧૯૪૫ના પર્યુષણ પહેલાં મુંબઈ આવ્યા હતા. પર્યુષણ વવાણિયામાં વ્યતીત કરી પર્યુષણ પછી તેઓ રેવાશંકરભાઈની સાથે ભાગમાં ઝવેરાતના ધંધામાં જોડાયા અને રેવાશંકર જગજીવનની કંપનીની પેઢીનો - કમિશન એજન્સીનો પ્રારંભ થયો વિ.સં. ૧૯૪૬ના ફાગણ

વદ ૧૧ના દિને. આ વ્યવસાયમાં મૂળ પ્રેરક હતા શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી અને તેઓ છેવટ સુધી પરમ-કૃપાળુદેવ સાથે ભાગીદારીમાં ટકી રહ્યા હતા. પરમકૃપાળુદેવ અંગે તેઓ આ રીતે ભાવપૂર્ણ ઉલ્લેખ કરે છે -

'અમારી ભાગીદારીનાં કેટલાંક વર્ષ તો સાહસિક વ્યાપારના ખેડાણમાં ગયેલા; અને તે સમયે તેઓની વ્યાપાર અને વ્યવહારકુશળતા એવી ઉત્તમ હતી કે અમે વિલાયતના કેટલાક વ્યાપારીઓ સાથે કામ પાડતા હતા; તેઓ અમારી કામ લેવાની પદ્ધતિથી દેશીઓની કાબેલિયત માટે પ્રશંસા કરતા હતા. અમારા આ વ્યાપારની કૂંચીરૂપ ખરું કહીએ તો શ્રીમાન્ રાજચંદ્ર હતા.'

શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીને સ્મરણશક્તિનો ગર્વ મટાડવા તથા જ્ઞાનીનો નિશ્ચય થવા અર્થે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર આપવામાં આવ્યું હતું. આ શાસ્ત્રના ભક્તિ-ભાવપૂર્વકના અભ્યાસથી સ્ફુરેલા ભાવ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના વિશેષાર્થરૂપે લખી તેઓ થોડાં થોડાં પાનાં શ્રી અંબાલાલભાઈ ઉપર મોકલતા હતા. આ લખાણો બાબત શ્રી અંબાલાલભાઈએ પરમકૃપાળુદેવને જણાવ્યું હતું અને તે લખાણો પરમકૃપાળુદેવને મોકલ્યાં પણ હતાં. જો કે તે લખાણો પ્રસિદ્ધ થયાં નથી, પરંતુ તે અંગેના ઉલ્લેખો શ્રી માણેકલાલભાઈના શ્રી અંબાલાલભાઈ ઉપરના વિ.સં. ૧૯૫૨ના આસો વદ ૧૧ના પત્રમાં તથા શ્રી અંબાલાલ-ભાઈએ પરમકૃપાળુદેવ ઉપર લખેલા વિ.સં. ૧૯૫૩ના કારતક સુદ ૧૧ના, કારતક વદ ૫ના, માગશર સુદ ૨ના

પત્રોમાં મળે છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર મળતાં શ્રી માણેકલાલભાઈને કેવો આનંદ થયો હતો એ દર્શાવતાં તેઓ વિ.સં. ૧૯૫૨ના આસો વદ ૧૧ના શ્રી અંબાલાલભાઈ ઉપરના પત્રમાં લખે છે -

**'પરમદુર્લભ સત્સંગ પ્રાપ્ત અનેક ગુણાલંકૃત ભાઈશ્રી અંબાલાલભાઈ, નડિયાદ.**

**વિશેષ વિનંતી કે, આપનો કૃપાપત્ર તથા આત્મસિદ્ધિ ગ્રંથ ક્ષુધાતુરને જેમ ભોજન મળે તેવો વાંચતા આનંદ પ્રાપ્ત થયો છે. એક વખત તે ગ્રંથ વાંચી ગયો છું. સરળ ભાષામાં અત્યંત ગંભીરતાદર્શક અને જેની ટીકા કે અનુવાદ ખરેખરા જ્ઞાની એટલે કે અનુભવી તથા શાસ્ત્રજ્ઞાનીથી થાય તેવો આ ગ્રંથ છે. મને અનુભવ નથી, તેમ શાસ્ત્રજ્ઞાન પણ નથી, અને આ ગંભીર આશયના ગ્રંથનો શબ્દાર્થ લખવો અતિ કઠણ છે. પણ સિંહના પ્રસાદથી જેમ બકરો હાથીના મસ્તક ઉપર બેસી શક્યો હતો તેમ વિદ્યમાન સદ્ગુરુની સહાયથી આત્મ-સિદ્ધિના અનુવાદ તરીકે દર મેળે દશ દશ પત્ર (પાનાં) આપને ઘણું કરી બીડીશ. મને ભાષા જ્ઞાન નથી માટે તે સંબંધી મારા વિચારોમાં ફેરફાર હોય તો જણાવશો.'**

પરમકૃપાળુદેવે પસંદ કરેલ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના અધિકારી શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીએ આ શાસ્ત્ર માટે આપેલ મૂલ્યવાન અભિપ્રાયથી તથા તેમના ઉપર પડેલ પ્રભાવના વર્ણનથી તેમની યોગ્યતાનો તથા પરમકૃપાળુદેવની પરખશક્તિનો ખ્યાલ આવે છે. વળી, એ પણ સિદ્ધ થાય છે

કે **પાત્ર** જીવ આ ગ્રંથના અવલંબને આત્મવિકાસ સાધી ઉચ્ચ દશા પામી શકે તેવી આ શાસ્ત્રમાં ચમત્કૃતિ છે.

## ક્ષુધાતુર

પૂ. શ્રી અંબાલાલભાઈ ઉપરના પત્રમાં શ્રી માણેકલાલભાઈએ જે વચન લખ્યાં છે - **'ક્ષુધાતુરને જેમ ભોજન મળે તેવો વાંચતા આનંદ પ્રાપ્ત થયો છે'**, તેનો આજે વિચાર કરીએ. ક્ષુધાતુરને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર ભોજનરૂપ લાગે છે. ક્ષુધાતુર એટલે મુમુક્ષુ. મુમુક્ષુતા વિના આ ગ્રંથનો મહિમા નહીં ભાસે. મોક્ષની ઇચ્છા વિના આ ગ્રંથ પ્રિય નહીં લાગે.

મુક્તિની ઇચ્છા વિના માર્ગ શરૂ ન થાય અને એ ઇચ્છા રહે ત્યાં સુધી માર્ગ પૂરો ન થાય. આ વિરોધાભાસ સમજવા જેવો છે. મોક્ષની પ્રાપ્તિ માટે તેની ઇચ્છાથી પાર જવાનું છે પણ મોક્ષની સાધના મોક્ષની ઇચ્છાથી શરૂ થાય છે. જીવમાં મોક્ષની ઇચ્છા પણ રહી નથી. માત્ર થોડી ધર્મની બાહ્ય પ્રવૃત્તિ કરીને તે સંતોષ માની લે છે. તે મોક્ષની અપેક્ષા તો રાખે છે પણ હજુ તેને અંતરમાં મોક્ષની સાચી ઇચ્છા જ જાગી નથી.

## કૃત્રિમ ઇચ્છા

સામાન્યપણે ભૂખ લાગે એટલે ભોજન કરવું ઘટે. પણ

આધુનિક સંસારની કૃત્રિમ જીવનશૈલીમાં ભૂખ લાગવાની જરૂર જ નથી રહી! ભોજનનો સમય નિશ્ચિત હોય છે, અને તે સમયે ભોજન કરવામાં આવે છે. તમે કદી એ નથી પૂછતા કે શરીરને ભૂખ લાગી છે કે નહીં? નિશ્ચિત સમય પર તમે ભોજન કરી લો છો. તમે કહો છો કે જ્યારે એક વાગે છે તો મને ભૂખ લાગે છે, પણ એ ભૂખ જૂઠી પણ હોઈ શકે છે. ખાવાનો સમય થયો એમ જાણતાં પણ ભૂખ લાગી શકે છે.

•

કોઈ દિવસ આ પ્રયોગ કરી જોજો. ઘરમાં કોઈને કહી રાખજો કે ક્યારેક ઘડિયાળનો સમય બદલી નાંખે. એક કલાક આગળ કરી નાંખે તો શું થશે? બાર વાગ્યા છે અને ઘડિયાળ એકનો સમય દેખાડે છે. તમને તરત ભૂખ લાગશે! અથવા ઘડિયાળને એક કલાક પાછળ મૂકી દો. બરાબર બે વાગ્યા છે અને ઘડિયાળ એકનો સમય દેખાડે છે. ત્યારે તમને ભૂખ મોડી લાગશે! તમને ઘડિયાળ જોઈને ભૂખ લાગે છે. આ કૃત્રિમ ભૂખ છે, જૂઠી ભૂખ છે.

જેમ આ કૃત્રિમ ભૂખની માંગ પણ જૂઠી હોય છે અર્થાત્ માત્ર મનની માંગ હોય છે, શરીરની નહીં; તેમ મુમુક્ષુતા વિનાની ધર્મપ્રવૃત્તિ એ માત્ર મનની માંગ છે, આત્માની નહીં. મનની માંગણી જૂઠી હોય છે. જેમ કૃત્રિમ ભૂખ એ અંદરથી ઉત્પન્ન થયેલી ભૂખ નથી, બહારથી (ઘડિયાળ જોઈને) ઉત્તેજિત થયેલી ભૂખ છે; તેમ ધર્મની - મોક્ષની કહેવાતી ઇચ્છા એ અંતરની મુમુક્ષુતામાંથી ઉત્પન્ન થયેલી અભીપ્સા નથી, પણ બહારના સત્સંગાદિ પ્રસંગોથી જાગેલો ઊભરો છે.

## બન્ને જોઈએ છે!

પ્રશ્ન થાય કે જીવને ખરેખર મોક્ષ જોઈએ છે કે નહીં? ઊંડા ઊતરીને વિચારશો તો ખ્યાલમાં આવશે કે જીવની સ્થિતિ એવી છે કે તેને અંધારું અને પ્રકાશ બન્ને ચીજ જોઈએ છે. તેને આત્મજ્ઞાનનો પ્રકાશ તો જોઈએ છે, પરંતુ સંસારનું અંધારું પણ તેને અત્યંત પ્રિય લાગે છે. એક તરફ તે કહે છે કે 'હવે મને આ સંસાર નહીં જોઈએ, મને આત્માનું જ સુખ પ્રિય છે' અને બીજી તરફ સુખ માટે તે સંસાર તરફ જ જુએ છે, દોડે છે. દરઅસલ જીવ અંધારાથી છુટકારો ઇચ્છતો જ નથી અને દીપક પ્રગટવાની રાહ જુએ છે.

જેમ એક ચોર ચોરી કરવા ગયો હોય અને તે કોઈ દીવાલ કે દરવાજા સાથે અથડાય અને વિચારવા લાગે કે દીપક હોત તો ઠીક થાત, આવું ભટકાવાનું-વાગવાનું ન થાત. પરંતુ દીપક હોય અને પ્રકાશ થઈ જાય તો તે ચોરી પણ નહીં કરી શકે. આમ, તેને બન્ને જોઈએ છે. પ્રકાશ હોય તો સુવિધા રહે અને અંધારું હોય તો ચોરી થઈ શકે. તેને પોતાનો સ્વાર્થ સાધવો છે, પણ ચોરીથી પાર થવું નથી.

આમ, એક તરફ અંધારું હોય તો જ સ્વાર્થની પૂર્તિ થાય છે તો બીજી તરફ અંધારાની જે તકલીફો છે તે દૂર કરવા માટે દીપકની ઇચ્છા જાગે છે. તમે એ સમજતા જ નથી કે જ્યાં સુધી તમે અંધારાના સ્વાર્થ તોડશો નહીં, ત્યાં સુધી તમે દીપક પ્રગટાવી શકશો નહીં. સૌપ્રથમ એ જુઓ કે મૂળમાં તમને અંધકાર જ જોઈએ છે, કારણ કે અંધકારમાંથી જ

કંઈક પ્રાપ્ત કરવાની આશા તમે સેવી છે. તમને ડર છે કે પ્રકાશ થતાં તમારું સપનાનું જગત રગદોળાઈ જશે. તમને સંસારનો જ પ્રેમ છે, પણ તમે એવું માનો-મનાવો છો કે તમને મોક્ષની ચાહ છે. તમે વાતો મુક્તિની કરો છો, પણ સુખી થવા માટે સ્વમાં ફેરફાર કરવાને બદલે સંસારમાં ફેરફાર કરવા જાઓ છો!

## અંધકારથી થાક્યો નથી

એક રાજનેતાએ સંત પાસે જઈને વિનંતી કરી કે મને શાંતિ પ્રાપ્ત થાય એવો કોઈ ઉપાય બતાવો. સંતે કહ્યું, 'તમારી અશાંતિનું મૂળ તમારી મહત્ત્વાકાંક્ષા છે, તમારી સત્તાલાલસા છે. તેથી જો ખરેખર શાંતિ જોઈતી હોય તો સત્તાનો લોભ છોડો. મહત્ત્વાકાંક્ષાની સાથે તમે જ્યાં પણ જશો, પીડિત અને દુઃખી જ રહેશો, અસંતુષ્ટ અને અશાંત જ રહેશો.' પરંતુ એ નેતા પોતાની મહત્ત્વાકાંક્ષા છોડવા તૈયાર ન થયો. તેને એ સાચી સલાહનો ખપ ન હતો. તેણે આ બુનિયાદી સત્યનો સ્વીકાર કર્યો નહીં કે શાંતિ માટે કંઈ જ કરવું પડતું નથી, માત્ર જ્યાંથી અશાંતિ આવે છે ત્યાંથી હાથ પાછો ખેંચી લેવો પડે છે. તેની શાંતિની માંગ વાસ્તવમાં અશાંતિને ચલાવવા માટે જ હતી! તેને માત્ર ઉપર ઉપરની થોડી શાંતિ જોઈતી હતી કે જેથી તે પોતાનાં અશાંતિનાં કાર્યો વધારે સારી રીતે કરી શકે!!

એ જ રીતે, જીવ મોક્ષની વાત એટલા માટે કરે છે કે જેથી

સંસારમાં શાંતિથી જિવાય. મોક્ષાભિલાષા એટલે જાણે સંસારની સમસ્યાઓનો ઉકેલ! અંધકારનો આવો પ્રેમ હોય ત્યાં સુધી તમે દીપક કઈ રીતે પ્રગટાવી શકો? અરે! કોઈ બીજું તમારા માટે પ્રગટાવી પણ આપે તો તેને પણ તમે બુઝાવી દેશો. જો તમને અંધારું ગમે છે અને જો તમે અંધારામાં જ રહેવા ઇચ્છો છો તો પછી કોઈ તમારા અંધારા પ્રતિ ગમે તેટલી દયા ખાય તોપણ તેનાથી કોઈ ફરક નહીં પડે.

અનેક જ્ઞાનીપુરુષો થઈ ગયા. ખૂબ કરુણા કરી. સ્વયં સૂર્યે આવીને તમારું દ્વાર ખખડાવ્યું, પરંતુ તમે તમારા અંધારામાં છુપાઈને બેઠા છો. તમે વિચારો છો કે પ્રકાશ પણ થઈ જાય તો સારું, પણ તમને ખબર છે કે પ્રકાશ થતાં જ અંધારા પ્રત્યેની સર્વ આકાંક્ષા નષ્ટ થઈ જશે, અંધારામાંથી પ્રાપ્ત કરવાની તમે જે આશા બાંધી છે તે સર્વ નષ્ટ થઈ જશે.

## અંધકારપ્રેમી કે પ્રકાશપ્રેમી?

જ્યાં સુધી તમને અંધકારમાંથી કિંચિત્‌માત્ર પ્રાપ્ત કરવાની વૃત્તિ છે, ત્યાં સુધી તમે દીપકને પ્રકાશિત થવા નહીં દેશો. તમે પ્રકાશથી ડરતા રહેશો. પ્રકાશ આવી જાય તો પીઠ કરી લેશો. પ્રકાશથી બચવા માટે અનેક તર્ક શોધી લેશો. તમે કહેશો કે આ પ્રકાશ તો અમારી સર્વ વ્યવસ્થાને હચમચાવી દે છે. તમે બૂમ મારશો કે આ પ્રકાશ અમને અસુરક્ષિત કરે છે, અમે અંધારામાં જ ઠીક હતા!

તમે એટલા અપ્રમાણિક છો કે તમે જેમ છો તેમ કહેવા કે સ્વીકારવા માંગતા નથી. જો તમે સાફ કહી દો કે 'અમને અંધારામાં જ જીવવું છે. સંસારના પદાર્થો અને પ્રસંગોમાંથી જ અમને સુખ જોઈએ છે' તોપણ ઠીક. પરંતુ તમારામાં આવો સ્વીકાર કરવાની તૈયારી પણ નથી. જ્યારે કોઈ પ્રકાશની વાત કરતું હોય છે ત્યારે તમે પણ એ વાત કરવા લાગી જાઓ છો અને બતાવો છો કે એમાં તમને કેટલી રુચિ છે, પણ મૂળમાં તો તમે અંધારામાં જ જીવવા ઇચ્છો છો. જો તમે એમ સ્વીકારી લો કે 'આ બધું હું બોલું છું - કરું છું, પણ મને એમાં બિલકુલ રસ નથી'; તો એમાંથી કંઈક રસ્તો પણ નીકળે. પરંતુ તમે એટલા કાયર છો કે પોતાનો સંસારનો મોહ સ્વીકારી પણ નથી શકતા.

અંધારાના પ્રેમી હોવા છતાં બહારમાં તમે એવું દેખાડવા માંગો છો કે તમે પ્રકાશના પ્રેમી છો. તમે ધાર્મિક દેખાવાનો મોહ પણ છોડી શકતા નથી, કારણ કે ધાર્મિકતાની સાથે એક પ્રતિષ્ઠા જોડાયેલી છે; એક સન્માન જોડાયેલું છે.

પ્રભુનું નામ રોજ ૫૦૦૦ વાર લખનારને તમે ધાર્મિક ગણો છો, પણ રોજ ૫૦૦૦ વાર કોકા-કોલા લખનારને તમે મનોચિકિત્સક પાસે લઈ જશો. ક્રિયા તો બન્ને સરખી જ કરે છે તો પછી આ ભેદ શા માટે? કારણ કે તમે એમ માનો છો કે પ્રભુના નામનો જાપ લખનાર વ્યક્તિને પ્રભુ માટે અત્યંત પ્રેમ છે, તેનામાં અનેક સદ્‌ગુણો છે; જ્યારે 'કોકા-કોલા'નો જાપ લખનાર વ્યક્તિમાં આવું કાંઈ સંભવતું નથી.

## ધર્મપ્રવૃત્તિથી દંભ

ધાર્મિકતા સાથે સંકળાયેલ આ બહુમાનની લાગણીના કારણે તમે ધાર્મિક હોવાનો ડોળ કરવા લાગો છો. ભક્તિ-સત્સંગ કરવામાત્રથી જ્યાં ધાર્મિકતાની ઘોષણા થવા માંડે છે, ત્યાં અંતરમાં કોઈ મહાન ગુણ પ્રગટ્યો છે કે નહીં એની સભાનતા રખાતી નથી. એથી વિપરીત, પોતાના દોષો છુપાવવા માટે ધાર્મિકતા સ્વીકારવામાં આવે છે. પ્રકાશની આકાંક્ષા દેખાડી તમે તમારો અંધારાનો મોહ ઢાંકવા માંગો છો. તમે પ્રકાશ માટે પોકારો છો કે જેથી અંધારાનો પ્રેમ છુપાઈ જાય. દુનિયાને દેખાડવા માંગો છો કે મોક્ષની તીવ્ર ઈચ્છા છે, પણ અંતરમાં તો એવો કોઈ ભાવ નથી. હજી સંસારમાં જ ફેરફાર કરીને સુખ-શાંતિ જોઈએ છે.

એક સરોવરની પાળ પર બેસી બે મિત્રો માછલાં પકડી રહ્યા હતા. થોડી વારમાં સરોવરનો નિરીક્ષક ત્યાં આવી પહોંચ્યો. તેને જોઈને બેમાંથી એક મિત્ર ઊભો થઈ ભાગવા લાગ્યો. નિરીક્ષક તરત તેની પાછળ દોડ્યો. દોઢેક માઈલ દોડ્યા પછી તે પકડાયો. નિરીક્ષકે કહ્યું કે પરવાના વગર માછલી પકડવા માટે તને સજા થશે. તે માણસે તો ચુપચાપ પોતાના ગજવામાંથી મચ્છી પકડવાનો પરવાનો કાઢી બતાવી દીધું. નિરીક્ષકે પૂછ્યું, 'તારી પાસે પરવાનો હતો તો આટલે દૂર સુધી ભાગવાની શી જરૂર હતી?' તેણે કહ્યું, 'મારી પાસે તો પરવાનો હતો, પણ મારા સાથીદાર પાસે ન હતો!'

એક મિત્ર દૂર સુધી ભાગ્યો કે જેથી બીજો બચી શકે, ભાગી

શકે, છુપાઈ શકે. આવું જ મનોવિશ્વમાં થાય છે. જીવ મોક્ષની વાતો એટલી બધી કરે કે જેથી તેનો સંસારનો મોહ છૂપો રહી શકે! પોતાની સઘળી કુવૃત્તિઓ પર ઢાંક પિછોડો કરવા તે બાહ્યમાં ધાર્મિક હોવાનો દંભ આચરે છે. અન્યને છેતરવા માટે આનાથી વધુ સારો રસ્તો બીજો કયો હોઈ શકે? આ બાબતમાં જીવ તે ખિસ્સાકાતરુ જેવું વર્તન કરે છે કે જે બીજાનું ખિસ્સું કાતરી, પાકીટ તફડાવી પોતે જ 'ચોર ચોર'ની બૂમ મારવા લાગે છે કે જેથી કોઈનું ધ્યાન તેના પર ન જાય. સાચી મુંમુક્ષુતા પ્રગટ્યા વિના 'ધાર્મિક' બનવાનો આ 'લાભ' છે! તમારા પર કોઈ અવિશ્વાસ કરશે નહીં. તમારા બધા દંભ સાચા જ માની લેવામાં આવશે.

જો સુધરવું હોય તો સૌપ્રથમ પોતાની આકાંક્ષા પકડો. તેનાં મૂળ તપાસો. દોષોને છુપાવો નહીં. દોષોનો સ્વીકાર કરવા માંડો. દોષનો સ્વીકાર એ મોક્ષ તરફનું પ્રથમ પગથિયું છે.

## આશા છોડો

અનેક લોકો મારી પાસે આવે છે અને કહે છે કે અમને ધ્યાનસાધના શીખવો, અમને આત્મશાંતિ જોઈએ છે. પરંતુ ધ્યાન કરવા માટેની અનિવાર્ય શરતો કે જેમાં ધ્યાન ઘટિત થઈ શકે છે, જેમાં ધ્યાન શરૂ થઈ શકે છે તેમાંની એક પણ શરતને પાળવામાં - પૂરી કરવામાં તેઓ ઉત્સાહી નથી હોતા. પોતાને દાવ પર લગાડ્યા વિના જે વ્યક્તિ માંગ માંગ કરે છે તે ભિખારી છે. પોતાના કાર્યની સિદ્ધિ માટે

હજુ તે સંસાર તરફ મીટ માંડે છે. હજુ તેને સંસારમાં પૂરેપૂરો ભરોસો છે. સંસારમાં કોઈક એક સ્થળે તેને નિરાશા સાંપડે તો તે હિંમત હારતો નથી. પોતાના ભરોસા માટે તે તરત બીજો આધાર ગોતી કાઢે છે. વળી બીજામાં નિષ્ફળ જાય તો ત્રીજાને શોધતાં તે અચકાતો નથી. તે આ સત્યનો સ્વીકાર કરતો નથી કે અંધારામાં ભિખારીવેડા કરવાથી કંઈ જ મળશે નહીં. તે પ્રકાશ તરફ ફરતો નથી અને અંધારાની આશા છોડતો નથી.

મુલ્લા નસરૂદ્દીનને એક વાર તેની પત્નીએ કહ્યું કે તમે ગામ આખાના છોકરાઓને તાલીમ આપો છો, પણ આપણા જ દીકરાને તાલીમ કેમ નથી આપતા? મુલ્લાએ સમજાવ્યું, પણ પત્ની માની નહીં; તેથી મુલ્લાએ દીકરાની તાલીમ શરૂ કરી.

સીડી મૂકી દીકરાને છાપરા પર ચડાવ્યો. પછી સીડી ખસેડી નીચે કૂદકો મારવાનું કહ્યું. દીકરાની હિંમત ચાલી નહીં. મુલ્લાએ હાથ ફેલાવી કહ્યું, 'હું છું ને! ગભરાઈશ મા.'

જેમ તેમ હિંમત ભેગી કરી પિતાના ભરોસે દીકરાએ કૂદકો માર્યો. છેલ્લી ક્ષણે મુલ્લા ખસી ગયા. દીકરાને ખૂબ વાગ્યું. મા-દીકરો મુલ્લા સાથે ઝઘડી પડ્યાં કે આ તે કેવી તાલીમ? શું પગ ભાંગવા માટે તમારી તાલીમ લેવાની હતી?

મુલ્લાએ કહ્યું, 'ના, પગ ભાંગવો એ પાઠ ન હતો. આ તો મામૂલી વાગ્યું છે, તરત રૂઝાઈ જશે. પણ આજે તું એક અગત્યનો પાઠ શીખ્યો છે કે આ સંસારમાં સગા બાપનો

પણ વિશ્વાસ કરવો જોઈએ નહીં.'

## ભિખારી અને ગ્રાહક

સંસારમાં કશું સાર્થક માંગવાથી નથી મળતું. ભરોસો માત્ર પોતાનો રાખો. જે ભિખારી છે તે સાચો ગ્રાહક નથી. સાચો ગ્રાહક તો કિંમત ચૂકવવા તૈયાર હોય. તેણે વસ્તુનું મૂલ્ય જાણ્યું છે. પણ કિંમત ચૂકવવાની ઇચ્છા વિના જે માંગે છે તે ભિખારી છે. મોક્ષનું મૂલ્ય જાણ્યા વગર, કંઈ પણ દાવ પર લગાવવાની તૈયારી વિના તે માંગતો રહે છે કે મને ધ્યાન શીખવો, મને સત્સંગ આપો, મને ઉપાય બતાવો; અને જ્યાં કંઈક દાવ પર લગાવવાની વાત આવે છે ત્યાં તે અટકી જાય છે. તેને માત્ર માંગવું જ છે. માંગવામાં શું વાંધો છે? મળી જાય તો ઠીક છે, નહીંતર જેમ છું તેમ શું ખોટું છે?

વળી તમે જાણો છો કે ભીખમાં કોઈને આત્મા આપી શકાય એવી વ્યવસ્થા જ નથી અને તેથી જ માંગો છો, માત્ર સારા દેખાવા માટે જ માંગો છો. પરંતુ જો એ સંભવિત હોત, જો આત્મા ખરેખર કોઈ આપી શકે એમ હોત તો તમે માંગતે પણ નહીં! તમે ભાગી જ જતે, કારણ કે તમને મોક્ષે જવામાં હમણાં ઘણી અગવડતા લાગે છે, હજી સંસારનાં ઘણાં કામ કરવાનાં બાકી લાગે છે!

મુલ્લા નસરૂદ્દીન ઘણાં વર્ષોથી દુનિયાનો નકશો લેવાનું

વિચારી રહ્યા હતા. વર્ષો વીતી ગયાં પણ તેઓ નકશો ખરીદી શક્યા નહીં, કારણ કે તેઓ બધા દેશોની બધી સરહદ અંતિમ આકાર ધારણ કરે તેની રાહ જોઈ રહ્યા હતા. જ્યારે પણ તેઓ નકશો લેવાનું નક્કી કરતા, કોઈ ને કોઈ દેશનું કાં વિભાજન થતું કાં કોઈ પ્રદેશોની અદલાબદલી થતી. કોઈ ને કોઈ સરહદ બદલાતી રહેતી. તેમને થાય કે એક વાર બધું બરાબર નક્કી થઈ જાય એટલે ખરીદી લઉં, પણ એવો મોકો આવતો જ નહીં. તેમના મિત્રે કહ્યું કે 'તને આટલી જરૂર છે તો એક વાર તું નકશો ખરીદી તો લે. પછી કોઈ સરહદ બદલાય તો તું તેમાં ફેરફાર કરી લેજે, પણ એક વાર કામ ચાલુ તો કર.'

## કિંમત ચૂકવવા તૈયાર થાઓ

જીવ આવું જ કરે છે. તે કહે છે કે સંસારમાં ખૂબ સમસ્યાઓ છે. એક વાર બધી પરિસ્થિતિ બરાબર થઈ જાય તો મોક્ષનું કાર્ય શરૂ કરું. લક્ષ્મી, અધિકાર, પરિવાર, પદ, પ્રતિષ્ઠા વગેરેની દોડમાં લાગેલો હોવાથી તે ત્યાં જ અટકી રહે છે. મોક્ષનું સાધન તો શું, મોક્ષની ઇચ્છા કરવાને પણ તે સમર્થ નથી રહેતો. જ્ઞાની ભગવંત કહે છે કે પ્રથમ તો તું જાતને છેતરવાનું બંધ કર. તને ઇચ્છા જ નથી મોક્ષની. જો તને મોક્ષની ઇચ્છા હોય તો તું બધાં કામ પડતાં મૂકીને પ્રથમ તેને જ આરાધતો હોય. તારે મૂલ્ય આપવું નથી અને માત્ર માંગ માંગ કરવું છે. ભિખારી બનવું છે, ઘરાક બનવું નથી. ઘરાક બની કિંમત ચૂકવે તો કાર્ય થાય.

તમે પોતાની આકાંક્ષાઓ અંધારા સાથે જોડી રાખી છે. તેને હટાવી દ્યો. દીપક જાતે જ પ્રગટી જશે. દીપક તો પ્રગટવા તત્પર છે, પણ અંધારા પ્રત્યેના તમારા મોહના કારણે દીપક પ્રગટતો નથી. અનેક જન્મો વીતી જાય છે. જેવા આવ્યા હતા તેવા જ વિદાય લઈ લો છો. મુમુક્ષુતા જાગે છે ત્યારે જ્યોતિ જાગે છે અંતરમાં.

પરંતુ આ જ્યોતિર્મયના પ્રગટવાથી એક જોખમ છે અને તે એ કે અંધારામાં જે જે મળતું હતું તે તે સર્વ ગુમાવવું પડે છે. જો તે ખોવા તમે તૈયાર હો તો અવશ્ય જ્યોતિ પ્રગટે છે. કિંમત ચૂકવવા રાજી થઈ જાઓ. આ દીપક મફતમાં નહીં પ્રગટે! આંતરિક અભિપ્રાયો બદલીને, આંતરિક વલણો બદલીને કિંમત ચૂકવવી પડશે. માત્ર બાહ્ય ત્યાગ કે બાહ્ય ક્રિયાઓ કરવાથી કે વસ્ત્રપરિવર્તન કરી લેવાથી જ્યોતિ નહીં પ્રગટે. તે માટે સમગ્ર જીવનમાં પરિવર્તન આણવું પડશે.

## સત્ય એક, અભિવ્યક્તિ અનેક

સત્ય એક છે પરંતુ એની અભિવ્યક્તિ અનેક પ્રકારે થાય છે. સત્ય એક છે, શાસ્ત્ર અનેક છે. જેમણે પણ જાણ્યું તેમણે તે એક જ સત્યને જાણ્યું છે પરંતુ જ્યારે તેને અભિવ્યક્ત કર્યું ત્યારે તે જુદી જુદી રીતે અભિવ્યક્ત થયું. આનું કારણ એ છે કે સત્યને જ્યારે જાણ્યું તે સમયે તો મન શૂન્ય થઈ ગયું હતું પરંતુ જ્યારે કહ્યું ત્યારે મન સક્રિય હતું. જ્યારે જાણ્યું ત્યારે કોઈ તરંગ હોતો નથી - મન શાંત હોય

છે, શૂન્ય હોય છે, હોતું જ નથી! પરંતુ જ્યારે તે કહેવાયું ત્યારે તરંગો હોય છે, મન સક્રિય હોય છે. અને આ તરંગોના કારણે વક્તવ્ય ભિન્ન ભિન્ન બની જાય છે. દરેક જ્ઞાનીના મનમાં અલગ અલગ પ્રકારના તરંગો ઊઠે છે.

આપણા સૌનો આત્મા તો એક છે પરંતુ મન એક નથી. જેમ આત્મા સરખા છે પણ દેહ સરખા નથી - બધાના દેહ જુદા જુદા છે, દેહમાં ભેદ છે; તેમ મનમાં પણ ભેદ છે. આ તન-મનના કારણે જ તો સૌ જુદા છે. બધાનું અસ્તિત્વ એકસરખું છે પણ વ્યક્તિત્વ જુદું જુદું છે. એ વ્યક્તિત્વમાં જ્યારે સત્ય પ્રવેશ કરે છે ત્યારે તે આ વ્યક્તિત્વનો ઢાંચો લે છે, એનાં રૂપ-રંગ લે છે. જેમ પાણીને જે વાસણમાં નાંખીએ તેવો આકાર તે લઈ લે છે તેમ! માટલામાં, ગ્લાસમાં, થાળીમાં પાણી લો અને તે પ્રમાણે પ્રસરે છે પાણી.

સત્ય એવું જ છે - અત્યંત તરલ. કોઈ આકાર, રૂપ કે વર્ણ નહીં. જે પાત્રમાં, તે રૂપમાં! વાસણની બહાર એકસરખું હોય છે અને વાસણમાં પડતાં જ જુદું બની જાય છે સત્ય. આકાશમાંથી વરસતું જળ નદીમાં પડે તો નદી બને, વહે; સરોવરમાં પડે તો સરોવર બને, અટકી જાય; સાગરમાં પડે તો સાગર બની જાય અને કીચડમાં પડે તો કીચડ બની જાય. સત્ય એક છે પણ પાત્ર અનુસાર ભેદ પડે છે. અભિવ્યક્તિ વ્યક્તિ પર નિર્ભર છે. સત્ય વ્યક્તિ પર નિર્ભર નથી. પરંતુ સત્ય જ્યારે વાસણમાં પ્રતિબિંબિત થાય છે ત્યારે તેનું રૂપ જુદું જુદું હોય છે.

## નદી એક, ઘાટ અનેક

નદી તો એક છે પરંતુ ઘાટ અનેક હોય છે. જે જે ગામો પાસેથી નદી વહે છે, ત્યાં ત્યાં ઘાટ બને છે. ગંગોત્રીથી શરૂ થયેલી ગંગા, ગંગાસાગરમાં ભળે તે પહેલાં હજારો માઈલોની યાત્રા કરે છે અને તેમાં કેટલાય ઘાટનું નિર્માણ થાય છે. આ પ્રતીક સમજવા જેવું છે.

ઘાટ માટે 'તીર્થ' શબ્દ પણ વપરાય છે. હિંદુઓના લગભગ બધા તીર્થો ઘાટ પર છે. જૈનો પણ પોતાના આરાધ્યદેવને તીર્થંકર કહે છે. તીર્થંકર એટલે તીર્થના કરનાર, ઘાટના બનાવનાર. જ્યાં નદી છે પણ ઘાટ નથી ત્યાં નદીમાં ઊતરવું કઠિન છે. ઘાટ ઊતરી નાવમાં બેસી નદી સુગમતાથી પાર કરાય. પણ જ્યાં ઘાટ ન હોય ત્યાં આ કઠિન પડે છે. તેથી જેઓએ ઘાટ બનાવ્યા - નદી પાર કરવા માટે, તેઓ તીર્થંકર કહેવાયા - તીર્થને બનાવનારા.

જ્યારે પણ કોઈ વ્યક્તિ આ જગતમાં સત્યને ઉપલબ્ધ થાય છે, તે ઘાટ બનાવે છે. તે ઇચ્છે કે ન ઇચ્છે, ઘાટ બની જ જાય છે. કારણ કે જે રીતે તે વ્યક્તિ નદીમાં ઊતરી, તેની પાછળ પાછળ અનેક લોકો ઊતરવા લાગે છે. ધીમે ધીમે પગથિયાં બને છે, રંગરોગાન થાય છે અને ઘાટ નિર્મિત થાય છે.

આ ઘાટ નિર્મિત થાય છે તે ખરાબ પણ નથી. ખરાબ તો ત્યારે થાય કે જ્યારે ઘાટને નદી સમજવામાં આવે! ક્યાં

ઘાટ અને ક્યાં નદી? એક પથ્થરનું બનેલું, એક પાણીનું! એક અટકેલું - સ્થગિત તો બીજું વહેતું - ગતિશીલ! નદી પર ઘાટ બને છે પરંતુ ઘાટ એ નદી નથી અને નદી એ ઘાટ નથી. આટલું સ્મરણ રહે તો ઘાટ ઉપયોગી નીવડે છે. જે ઘાટથી સરળ પડે તેનાથી ઊતરો. ઘાટનો મોહ કર્યા વિના ઘાટ દ્વારા નદીમાં ઊતરો અને પાર થાઓ. ઘાટ સાથે શત્રુતા નથી કરવાની પરંતુ તેનો મોહ પણ નદીમાં ઊતરવામાં બાધક બને છે. તેથી તેનો સમ્યક્ ઉપયોગ કરો - નદીમાં ઊતરવા માટે તેનો પ્રયોગ કરો.

## ઘાટનો સમ્યક્ ઉપયોગ

ઘાટને છોડવો પડશે પ્રયોજન સિદ્ધ કરવા. પરંતુ એનો અર્થ એ નથી કે ઘાટ ખરાબ છે. ઘાટ છોડવો પડે છે એટલે ઘાટ ખરાબ હશે એમ નથી. ઘાટમાં કોઈ ખરાબી નથી. તમારી પકડમાં ખરાબી છે.

કેટલાક લોકો નદી પાર કરવા નાવમાં બેઠા. નાવ બીજા કિનારે પહોંચી. પણ હવે તેઓ નાવ છોડવા તૈયાર નથી. નાવે ઘણી કૃપા કરી છે, કેમ છોડાય? મહાન ઉપકાર છે, કેમ છોડાય? બહુ ઉપાય કર્યા ત્યારે નાવમાંથી નીકળી કિનારે આવ્યા, પરંતુ હવે નાવને માથા ઉપર ઊંચકી બજારમાં ગયા. બધા આશ્ચર્ય પામ્યા. પૂછ્યું તો કહે કે આ નાવનો અમારા પર ઘણો ઉપકાર છે. અનુગ્રહ દર્શાવવા અમે એને માથે જ રાખીએ છીએ! હૃદયમાં તેનો બોધ રાખવો એ એક વાત છે

અને માથે રાખ્યા કરવું એ બીજી વાત છે.

ઘાટનો અર્થ છે જે આપણને નદી સાથે જોડે તે. ઘાટ આપણને નદી સુધી પહોંચવામાં સરળતા કરી આપે છે, સુવિધા આપે છે. પથ્થરના પગથિયાંવાળો ઘાટ આપણને નદી સુધી પહોંચાડી દે છે!

તેમ, આ સત્શાસ્ત્રો ઘાટ સમાન છે. સત્શાસ્ત્ર આત્મા સુધી પહોંચવામાં સુવિધા કરી આપે છે, સાધનાની નાવમાં બેસી પાર થવામાં મદદરૂપ બને છે. તેના દ્વારા નાવમાં બેસવાનું છે. એ જ તેનો ઉપકાર છે. તેનો અનુગ્રહભાવ તો રહેશે જ. ઘાટ વિના નદી સુધી કઈ રીતે પહોંચતે? તેથી અનુગ્રહ-ભાવ તો રહેશે જ. પણ તેનો અર્થ એ નથી કે ઘાટ પર જ બેઠા રહેવું. નદી સુધી જવાય તો ઘાટ સાધક, નહીં તો ઘાટ બાધક! વાસ્તવમાં ઘાટ બાધક નથી પણ ઘાટ પ્રત્યેની આપણી સમજ, આપણી પકડ બાધક છે. લક્ષ્ય ભુલાય, સાધ્ય ભુલાય, સાધનને જં સાધ્ય માની લેવાય તો તે બાધક બની જાય છે. જો પગથિયા પર જ બેસી રહો તો અટકી જવાય અને તે દ્વારા જો નદી સુધી પહોંચો તો તરી જવાય.

## શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર – એક સરળ ઘાટ

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર એક એવો ઘાટ છે કે જેના દ્વારા નદીનો મેળાપ સરળતાથી થઈ શકે, અત્યંત ગંભીર કાર્ય અત્યંત સરળ રીતે થઈ શકે. જે જે સાધક આ ઘાટ ઉપર

ગયા - નદીમાં ઊતરવા માટે, તેઓએ તેની પ્રશંસા કરી, ભક્તિ કરી કારણ કે તેનો અનહદ ઉપકાર વેદાયો.

આ વચનો અમૃતરૂપ છે. માત્ર સાંભળવા માટે નહીં પણ વિચારવા માટે, માત્ર વિચારવા માટે નહીં પણ તે પ્રમાણે જીવવા માટે! આ શાસ્ત્ર મોક્ષમાર્ગનું દર્શન છે, સર્વ શાસ્ત્રોનો સાર છે. કંઈ બચાવ્યું નહીં, છુપાવ્યું નહીં, કહેવામાં બાકી રાખ્યું નહીં. મુઠ્ઠી પૂરી ખોલી દીધી. **'ભાખ્યો અત્ર અગોપ્ય'** - બધું પ્રગટ કરી દીધું. સૌભાગ્યશાળી છે તેઓ કે જેમણે એ રહસ્યો પોતાની ઝોળીમાં ભરી દીધાં.

સદ્‌ગુરુ તો સદા આપે જ છે પણ લેવાવાળા જ લે છે. બધા લેતા નથી, ચૂકી પણ જાય છે. જે ચૂકે છે તે આ દુનિયાનો સૌથી મોટો દુર્ભાગી કહેવાય. ગુરુને ચૂક્યો તે પરમાત્માને ચૂક્યો. બીજો કોઈ સેતુ નથી આત્મા - પરમાત્મા સુધી પહોંચવા. અજ્ઞાન, આસક્તિ, અહંકાર કે આગ્રહના કારણે જે ચૂક્યો તે ભટક્યો. અહંને બચાવવામાં પોતે મર્યો.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના શબ્દો હૃદય પર ચોટ કરે છે. તે તીર જેવા છે - જો હૃદયનાં દ્વાર ખુલ્લાં હોય તો ચોટ કરે તેવા છે. ભાવ કાયમ રહી જાય અંતસ્તલમાં. બીજની જેમ પેસી જશે, અંકુરિત થશે, ફલિત થશે.....વસંત લાવશે, ઉત્સવ લાવશે જીવનમાં. હજાર હજાર ફૂલ (ગુણ) ઊગશે જીવનમાં. એમાં પ્રજ્ઞાના સૂર છે, અધ્યાત્મનો સાર છે અને છતાં સરળ, હૃદયને સ્પર્શે એવું સામર્થ્ય છે.

## મૃણ્મયમાં ચિન્મય

એક કળા છે જે પથ્થરમાં છુપાયેલી મૂર્તિને પ્રગટ કરે છે. એક કળા છે જે શબ્દમાં પડેલા છંદને મુક્ત કરે છે. એક કળા છે જે વીણામાં સૂતેલા સંગીતને જગાડે છે. અને એક કળા છે જે મનુષ્યમાં સૂતેલા બ્રહ્મને ઉઠાડે છે.

મનુષ્યની માટીમાં અમૃત છુપાયેલું છે. મનુષ્યના કીચડમાં કમળ છુપાયેલું છે. આ કળાને જેણે જાણી તેણે ધર્મને જાણ્યો. હિંદુ-મુસલમાન-જૈનરૂપે જનમવાથી કોઈ ધાર્મિક નથી બનતું. મંદિર-મસ્જિદ-દેરાસરમાં પૂજા-પ્રાર્થના કરવાથી કોઈ ધાર્મિક નથી બની જતું. જ્યાં સુધી પોતાના મૃણ્મય દેહમાં ચિન્મયનો આવિષ્કાર ન થાય, ત્યાં સુધી કોઈ ધાર્મિક નથી. જ્યાં સુધી સ્વયંનો દેહ મંદિર ન બને એ દેવતાનું, જ્યાં સુધી પોતાની ભીતર શોધાય નહીં એ ખજાનો અને સામ્રાજ્ય.....ત્યાં સુધી કોઈ ધાર્મિક નથી હોતું.

## કળા અને કલાકાર

ધર્મ એ સૌથી મોટી કળા છે, કારણ કે આ જગતમાં સૌથી મોટી ખોજ બ્રહ્મની ખોજ છે. જે બ્રહ્મની શોધ કરી લે છે તે જ જીવે છે. બીજા બધા માત્ર ભ્રમમાં છે - જીવવાના ભ્રમમાં. દોડાદોડ છે પણ જીવન ક્યાં છે? જીવન તો થોડા લોકોને જ મળે છે. જીવનનો રસ એ થોડા લોકોમાં જ વહે છે કે જે શોધી લે છે એને જે ભીતર છુપાયેલ છે, જે જાણી

લે છે કે પોતે કોણ છે.

પરમકૃપાળુદેવ એ થોડા કલાકારોમાંથી એક છે કે જેમણે બ્રહ્મને જાણ્યો. વળી આત્માને જાણવું એ એક વાત છે અને તેને જણાવવું એ બીજી. બધા જાણવાવાળા જણાવી નથી શકતા. કરોડોમાં એકાદ જાણે છે અને સેંકડો જાણવાવાળા-ઓમાંથી કોઈ એકાદ જણાવી શકે છે. પરમકૃપાળુદેવ એ થોડા જ્ઞાનીઓમાંના એક છે કે જેમણે નિઃશબ્દને શબ્દમાં ઉતાર્યું; અપરિભાષ્યની પરિભાષા કરી, અગોચરને ગોચર બનાવ્યું, અરૂપને રૂપ આપ્યું. પરમકૃપાળુદેવ એવા થોડા સદ્‌ગુરુઓમાંથી એક છે. તેમના એક એક શબ્દમાં અંગારા છુપાયેલા છે. તેની એક ચિનગારી તમારા જીવનમાં પડી જાય તો તમારું જીવન ભભકી ઊઠે પરમાત્માથી! તમારી ભીતર વિરાટનો આવિર્ભાવ થઈ જાય! પડ્યું તો છે વિરાટ, પણ જગાડવાવાળી કોઈ ચિનગારી જોઈએ.

## અદ્‌ભુત વાણી

ચકમક પથ્થરમાં આગ છુપાયેલી છે. તેથી બે પથ્થર ટકરાય ત્યાં આગ પ્રગટ થાય છે. પરમકૃપાળુદેવની વાણી સાથે જો તમારી મુમુક્ષુતા ટકરાય તો જ્યોતિનો જન્મ થાય છે. જેની જ્યોતિ પ્રગટેલી છે તે જ બીજાના જીવનમાં જ્યોતિ પ્રગટાવી શકે છે. પ્રગટેલા દીપક પાસે જો અપ્રગટેલો દીપક આવે તો તે પ્રજ્વલિત બની જાય. અપ્રગટેલા દીપકમાં સામર્થ્ય છે પ્રગટવાનું પરંતુ કોઈ લપટ જોઈએ. પ્રગટેલા

દીપકથી મળી જાય છે એ લપટ. પ્રગટેલા દીપકનું કંઈ ઓછું થતું નથી અને અપ્રગટેલા દીપકને બધું મળી જાય છે, સર્વસ્વ મળી જાય છે!!

અધ્યાત્મમાં સાધારણ અર્થશાસ્ત્રનો નિયમ કામ નથી લાગતો. સાધારણ અર્થશાસ્ત્ર કહે છે કે જે તમારી પાસે છે, એ જો બીજાને આપો તો ઓછું થઈ જાય. તેથી જે તમારી પાસે છે તે બચાવો. અધ્યાત્મશાસ્ત્ર કહે છે કે જે તમારી પાસે છે તેને જેટલું વહેંચો તેટલું વધે. દાન એ વૃદ્ધિનો જ ઉપાય છે. આપવું અને વહેંચવું એ જ વિસ્તાર છે. રોકવું એ મૃત્યુ છે. તેથી જેના જીવનમાં જ્યોતિ પ્રગટે છે તે બીજાને આપે છે, વહેંચે છે. અનેક જ્યોતિ પ્રગટી તેમની વિદ્યમાનતામાં. પરંતુ આ પુરુષની કરુણા તો જુઓ - એવું સર્જન કરી ગયા કે સદીઓ સુધી એમાંથી કંઈ કેટલાય દીપક પ્રગટતાં રહેશે!!! શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રથી અનેક દીપક પ્રગટ્યા છે અને પ્રગટશે.

## ચૂકી ન જતા

આ અપૂર્વ વચનોને માત્ર સાંભળવાના નથી. જેમ તમે બીજી વાતો સાંભળો છો તેમ જો આને સાંભળશો તો કંઈ નહીં પામો. જાણે સાંભળ્યું જ નથી એમ થશે. આ ગ્રંથ વિચારવા માટે છે - **'વિચારવા આત્માર્થીને'**. એ માત્ર કાન કે આંખથી ગ્રહણ નહીં કરતાં જો હૃદય જોડીને સાંભળશો-વાંચશો તો જ લાભ થશે. જો આ રીતે અધ્યયન કરશો તો

અવશ્ય જીવનમાં જાગરણ સધાશે. જો મુમુક્ષુ બનીને આનો ઉપયોગ કરશો તો તમે જ્યોતિર્મય બની જશો - જ્યોતિની શિખા બની જશો.

પરંતુ આ તમારા ઉપર નિર્ભર છે. જો તમારે જ્યોતિર્મય બનવું હોય તો તમારો સહયોગ જોઈશે, તમારી મુમુક્ષુતા જોઈશે, તમારી શ્રદ્ધા જોઈશે, તમારા સાથની જરૂર પડશે. નહીં તો અનેક મહાપુરુષો આવ્યા અને ગયા પરંતુ તમે તેવા ને તેવા જ રહ્યા. અંધારું એવું ને એવું જ રહ્યું. તમારું જીવન અમાસની રાત જેવું હતું અને એવું જ રહ્યું. સવાર થઈ જ નહીં. કેટલાય અવસર આવ્યા પણ આ જીવ ચીકણા ઘડાની જેમ, વર્ષા થવા છતાં ભીંજાયો જ નહીં.

ચારે બાજુ રોશની હોય છતાં જીવ આલોકિત - પ્રજ્વલિત થતો નથી, જેવો છે તેવો જ રહી જાય છે. અનેક મહાપુરુષો અને અનેક મહાગ્રંથોનો યોગ થવા છતાં તે એવો ને એવો જ રહી જાય છે.

## સત્સંગ-સત્શાસ્ત્રથી લાભ

જ્ઞાની માર્ગ બતાવે છે પણ ચાલવું તો પડે છે જીવે જ. જ્ઞાની ભોજનની વાત કરે છે પણ તેનાથી કંઈ પેટ નથી ભરાઈ જતું. જળની ચર્ચા કરવાથી પ્યાસ તો બુઝાતી નથી. જળની ચર્ચા માત્ર તમને જળની શોધ કરવામાં પ્રેરિત કરી શકે, એ શોધમાં પ્રગાઢતા લાવી શકે. તમારી ભૂખને

એટલી પ્રચંડ કરી દે કે તમે બધું છોડીને માત્ર ભોજનની જ શોધ કરો. આ જ સત્સંગનું પ્રયોજન છે.

સદ્‌ગુરુનો સત્સંગ અને સત્શાસ્ત્રનો અભ્યાસ કરવાથી એ લાભ થાય છે કે પરમાત્માની શોધની અપૂર્વ આકાંક્ષાનો જન્મ થાય છે - એવી પ્રગાઢ અભિલાષા કે બધી વાસના એમાં વિસર્જિત થઈ જાય; માત્ર આ એક જ અભીપ્સા, અભિલાષા, ઇચ્છા રહી જાય; બધી જ ઊર્જા આ એક ઇચ્છારૂપ જ બની જાય.

## અંતર્મુખ યાત્રા

પરમાત્માની શોધમાં જ સર્વ શક્તિ અને સમય લાગી જાય. 'પરમાત્મા' શબ્દમાં આગળ 'પર' છે પણ તે પરના વિસર્જન માટે છે. પરમાત્માની શોધ એ પરની શોધ નથી, સ્વની શોધ છે - આત્માની શોધ છે. આ ખોજ આંતરિક છે. દૃષ્ટિ ભીતર વળે છે. આ યાત્રા અંતર્મુખી છે. આંખ ખોલીને બહુ શોધ્યું. હવે આંખ બંધ કરીને શોધ શરૂ થાય છે. બહુ સાંભળ્યું બહારનું સંગીત. હવે ભીતરનું સાંભળવામાં પૂરો પુરુષાર્થ આરંભાય એ જ આ ગ્રંથની ફળશ્રુતિ છે.

## સાહસ

અંતર્યાત્રાનું સાહસ જોઈશે. ભીતરમાં ઊતરવાનું સાહસ

જોઈશે. અજ્ઞાતમાં ઊતરવાનું સાહસ જોઈશે. ધર્મ તો સાહસથી ઉત્પન્ન થાય છે. સાહસ જ્યારે સાચી દિશામાં ગતિ કરે છે તો ધર્મ ઉત્પન્ન થાય છે અને સાહસ જ્યારે ખોટી દિશામાં ગતિ કરે છે તો અધર્મ ઉત્પન્ન થાય છે. સાહસ જ્યારે અહંકારથી રહિત બનીને યાત્રા કરે છે તો પરમાત્મા સુધી પહોંચાડી દે છે અને સાહસ જ્યારે અહંકારની સાથે યાત્રા કરે છે તો નરક સુધી પહોંચાડી દે છે.

ખરાબ કાર્યો માટે પણ સાહસ અવશ્ય જોઈએ છે અને આના કારણે ઘણી વાર અપૂર્વ ઘટના પણ ઘટે છે, આશ્ચર્યજનક ઘટના પણ ઘટે છે. પાપી અને અપરાધી ક્ષણમાં ધાર્મિક થઈ જાય છે, કારણ કે તેમની પાસે એક ચીજ તો તૈયાર છે - સાહસ! અંગુલિમાલ હત્યારો ક્ષણમાં સંન્યાસી બની જાય છે, વાર લાગતી નથી, કારણ કે એક વાત તો તૈયાર છે - સાહસ!

## રૂપાંતરણ

અંગુલિમાલે એક હજાર લોકોની હત્યા કરવાનો નિર્ણય કર્યો હતો અને ૯૯૯ લોકોને તેણે મારી નાંખ્યા હતા. જેની હત્યા કરતો એની ટચલી આંગળી તે પોતાના ગળામાં રહેલી માળામાં ગૂંથતો, તેથી તેનું નામ અંગુલિમાલ પડ્યું હતું. બધા તેનાથી ભયભીત હતા. આખો પ્રદેશ તેના નામથી કાંપતો હતો. તે રહેતો એ પહાડ તરફ કોઈ જતું ન હતું. એ પ્રદેશનો રાજા બિંબિસાર પણ તેનાથી ભયભીત

હતો. સ્વયં અંગુલિમાલની મા પણ તેને મળવા જતી ન હતી, કારણ કે તેણે નિર્ધારિત કરેલ સંખ્યામાં હવે એક જ હત્યા બાકી હતી. તેથી તેની માને પણ ડર હતો કે આ તો એવો ક્રૂર છે કે પોતાનો નિર્ણય પૂરો કરવા પોતાની માને પણ મારી નાંખતા નહીં અચકાય.

આવો માણસ ક્ષણમાં રૂપાંતરિત થઈ ગયો. સાહસ તો હતું પણ સાહસ અહંકાર સાથે જોડાયેલું હતું. બુદ્ધે એની દિશા બદલી. બુદ્ધે તેના અહંકારને તોડ્યો. આ જે ઘટના ઘટી - બુદ્ધ દ્વારા બદલવાની, તે સમજવા જેવી છે. બુદ્ધે માત્ર એટલું કાર્ય કર્યું કે તેના અહંકારને તોડ્યો પણ તેના સાહસને રહેવા દીધું. અને આ સાહસે દિશા બદલાતાં અંગુલિમાલને ભિક્ષુ બનાવી દીધો.

બુદ્ધ જ્યારે પહાડ પાસે ગયા તો લોકોએ તેમને અટકાવ્યા કે આ પહાડ ઉપર નહીં જાઓ. અંગુલિમાલ ખૂબ ક્રૂર છે, પાપી છે. તે સંતોનો પણ વિનય રાખતો નથી. તેણે અનેક સંતો, મુનિઓ, ભિક્ષુઓની પણ હત્યા કરી છે. માટે તે તમને પણ નહીં છોડે. બુદ્ધે કહ્યું, 'જો તે આટલી ક્રૂરતા ધરાવે છે તો તેને મારી સર્વાધિક જરૂર છે. આ સાંભળ્યા પછી તો હું અવશ્ય તેની પાસે જઈશ. તેને મારી જરૂર છે. તેનામાં સાહસ છે એટલે તે જરૂર કંઈક કરી શકશે. વળી, મને એ સમજ નથી પડતી કે મારે તેનાથી ડરવું જોઈએ કે તેણે મારાથી ડરવું જોઈએ? તે હત્યારો છે તો હું પણ હત્યારો જ છું ને! તે લોકોના શરીરની હત્યા કરે છે તો હું

લોકોના અહંકારની હત્યા કરું છું!!'

બુદ્ધ એ પહાડ તરફ જાય છે. અંગુલિમાલ એક પથ્થર ઉપર બેઠો હોય છે અને પોતાની કુહાડીની ધાર ઘસતો હોય છે. બુદ્ધને પોતાની તરફ આવતાં જોઈને અંગુલિમાલનો અહંકાર ઓગળવા લાગે છે. તેણે આવી ખુમારીથી પોતાની તરફ કોઈને આવતાં જોયા જ ન હતા. તેથી તે બુદ્ધને ભાગી જવાની સલાહ આપે છે. પણ બુદ્ધ તો શાંત ગતિએ તેના તરફ આગળ વધે છે. અંગુલિમાલ હવે ભયભીત થાય છે. તેજપુંજને પોતાની નિકટ આવતા ભાળી, શાંતિના ધામને પોતાની પાસે આવતા દેખી, કરુણાની મૂર્તિને પોતાની પાસે આવતી જોઈ તે ભયભીત થાય છે. તે જોરથી બૂમ પાડે છે અને બુદ્ધને ભાગી જવાનું કહે છે - બુદ્ધને બચાવવા માટે નહીં પણ ખુદને બચાવવા માટે! તેના અહંકારને ઠોકર લાગી હતી તેથી તે વારંવાર બુદ્ધને અટકવાનું કહે છે.

બુદ્ધે શાંત ગતિથી તેની તરફ જવાનું ચાલુ રાખ્યું. તે બોલ્યો કે શું તમે બહેરા છો કે અટકવાનું કહું છું તોપણ અટકતા નથી? બુદ્ધે કહ્યું કે હું ક્યાં ચાલી રહ્યો છું કે અટકવાની વાત આવે! અંગુલિમાલને હસવું આવ્યું કે આ વ્યક્તિથી ગભરાવાની જરૂર નથી, કારણ કે આ તો પાગલ લાગે છે! ચાલે છે છતાં પણ ચાલતો નથી એમ માને છે-કહે છે. બુદ્ધ તેને સમજાવે છે કે જ્યારથી બોધિની પ્રાપ્તિ થઈ છે ત્યારથી ભીતર બધું શાંત થઈ ગયું છે. ભીતર કોઈ ગતિ નથી, કોઈ કંપન નથી, કોઈ હલનચલન નથી. ભીતરની જ્યોતિ

બિલકુલ સ્થિર થઈ ગઈ છે. ભીતર બધું સ્થિર થઈ ગયું છે. આ દેહ ચાલે છે પણ હું નહીં; જ્યારે તારો દેહ સ્થિર છે પણ મન ભટકી રહ્યું છે. તું જરા તારા મન તરફ જો.

અંગુલિમાલને આ વાત જચી પણ તે બુદ્ધથી ગભરાયો હતો. અંતે અકળાઈને અંગુલિમાલ કહે છે કે મને લાગે છે કે મારે તમારી હત્યાનું પાપ કરવું જ પડશે. બુદ્ધે કહ્યું કે તારે જે કરવું હોય તે કર. પણ મને મારી નાંખે એની પહેલાં શું તું મારી એક ઇચ્છા પૂરી કરીશ? અંગુલિમાલ હર્ષથી કહે છે કે જરૂર. બુદ્ધ કહે છે કે સામે જે વૃક્ષ છે તેનાં થોડાં પાંદડાં મને તોડીને આપ. અંગુલિમાલ આખી શાખા તોડીને બુદ્ધને આપે છે. બુદ્ધે કહ્યું કે મારી અડધી ઇચ્છા પૂરી થઈ ગઈ. હવે બાકીની અડધી પણ પૂરી કર. આને પાછી ત્યાં જોડી દે. પછી ભલે મને મારી નાંખ.

અંગુલિમાલે કહ્યું કે આપ હોશમાં તો છો ને? તૂટેલી ડાળ પાછી કોણ જોડી શકે? બુદ્ધે કહ્યું કે તોડવું તો બાળકો પણ કરી શકે. આ કંઈ મોટી સાહસની વાત નથી. જોડવાની વાત એ સાહસની વાત છે, તોડવાની નહીં. આટલી વ્યક્તિઓની ગરદન તેં તોડી, તો શું તું એને જોડી શકે છે? જો કંઈ કરવું હોય તો જોડવાની કળા શીખ! બુદ્ધે કહ્યું કે હવે તું મને મારી શકે છે. પરંતુ હવે મારવું મુશ્કેલ થઈ ગયું. કુહાડી હાથમાંથી નીચે પડી ગઈ. અહંકાર તો ખંડિત થઈ ગયો હતો, હવે અજ્ઞાન પણ ખંડિત થયું. તેને ભાન થયું કે તેની શક્તિ સર્જનાત્મક બની શકે છે. બુદ્ધનાં

ચરણોમાં પડ્યો. સર્વ સમર્પણ કર્યું. બુદ્ધે કહ્યું, 'ઊઠ, ભિક્ષુ!' અંગુલિમાલ રૂપાંતરિત થઈ ગયો.

## ભયથી કે ભીતરથી?

અંગુલિમાલમાં રૂપાંતરણ થયું કઈ રીતે? સાહસ તો હતું. આ જગતમાં જે મહા અપરાધી છે તેની ભીતર મહાન સંત બનવાની પણ સંભાવના છે. ખરી કઠિનાઈ તો તેની છે કે જેનામાં કશું સાહસ જ નથી, કોઈ પણ પ્રકારનું સાહસ નથી. તથાકથિત સજ્જનો પાપ કરતા નથી તેનું કારણ છે સરકારનો ભય, સમાજનો ભય, ભગવાનનો ભય, નરકનો ભય! તેમની સજ્જનતાનો આધાર ભય છે. અને જો તેઓ ભયના કારણે સજ્જન રહેતા હોય તો તેમની સજ્જનતા બહુ ઊંડી નથી - ઉપલક છે, છાલ જેવી છે. એમાં હાર્દ નથી, આત્મા નથી. આવા લોકોમાં સહેલાઈથી ક્રાંતિ થઈ શકતી નથી, કારણ કે તેમના જીવનમાં ક્રાંતિ કરનારું મૌલિક તત્ત્વ જ નથી. તેમના જીવનમાં અહંકાર તો ખૂબ છે પણ સાહસ બિલકુલ નથી.

## ક્રાંતિ સરળ બને સાહસથી

આ વાતને સમજીએ. જેની પાસે સાહસ છે અને અહંકાર છે તેનો અહંકાર તોડી શકાય છે - તેના જીવનમાં સહેલાઈથી ક્રાંતિ લાવી શકાય છે અને તેના સાહસને ભીતર વાળી

શકાય છે. પરંતુ જેના જીવનમાં અહંકાર ખૂબ છે પણ સાહસ નથી તેને બદલવો કઠિન છે, કારણ કે સાહસ નહીં હોવાથી તેના અહંકારને તોડવાનો કોઈ ઉપાય નથી, વ્યવસ્થા નથી. તેનામાં સાહસનો અગ્નિ નથી કે જે વડે અહંકારને બાળી શકાય.

તેથી સાહસ નિર્ણાયક છે. તમે ખરાબ માણસ હો પણ સાહસી હો તો સંભાવના છે. ભલો માણસ હોય અને સાહસી હોય તોપણ સંભાવના છે. પણ જ્યાં સાહસ જ નથી ત્યાં કાર્ય ખૂબ કઠિન છે. અસત્ય માટે કે સત્ય માટે તે દાવ પર કંઈ લગાવી શકતો નથી. દાવ પર લગાવવા માટે પણ સાહસ જોઈએ, પછી ભલે એ જુગાર હોય કે સંન્યાસ! જેની પાસે સાહસ જ નથી તે દાવ પર લગાવી શકતો નથી.

## પરિણામ નહીં, કૃત્ય અગત્યનું

સાહસિક તે છે કે જેના મનમાં પરિણામનું કોઈ મૂલ્ય નથી. તેને કૃત્યનું મૂલ્ય છે, ફળનું નહીં. ફલાશા વિના તે કૃત્ય કરે છે. ફળની આકાંક્ષા કે ભય તેને હોતાં નથી. સાહસી વ્યક્તિ તો કૃત્ય કરે છે. જે કૃત્ય સામે આવ્યું તેને સમગ્રતાથી કરે છે - પરિણામની ચિંતા કર્યા વિના!

પરિણામની ફિકર મહાપાપી મનુષ્ય પણ કરતો નથી અને સંત પણ કરતા નથી, કારણ કે બન્ને સાહસી છે. ફરક માત્ર

દિશાનો છે. સંત સો ટચનું સોનું છે. પાપીમાં પણ સંભાવના છે. એમ સમજો કે એક વીણા છે. જો વગાડતાં આવડે તો એમાંથી પરમ સંગીત પેદા થાય છે અને જો વગાડતાં ન આવડે તો તાર છેડવાથી એમાંથી બેસૂરા સૂર નીકળે છે. સાહસ સવળી દિશામાં હોય તો સંગીત પેદા થાય અને અવળી દિશામાં હોય તો બેસૂરા સૂર; પણ જે તાર જ છેડે નહીં, તેનામાંથી તો કંઈ જ નીકળતું નથી.

## સાહસનો સદુપયોગ-દુરુપયોગ

સાહસમાં અધર્મ પણ છુપાયેલો છે, ધર્મ પણ છુપાયેલો છે. તમારા ઉપર નિર્ભર છે કે સાહસનો તમે કઈ રીતે ઉપયોગ કરો છો. સિકંદર પણ સાહસિક હતો અને ડાયોજીનીસ પણ. ડાયોજીનીસનું સાહસ પોતાને જાણવા અને જીતવામાં પ્રવૃત્ત થયું, જ્યારે સિકંદરનું સાહસ બીજાને જાણવા અને જીતવામાં પ્રવૃત્ત થયું. તેથી બન્નેનાં પરિણામ જુદાં આવ્યાં. ડાયોજીનીસ અને સિકંદર - બન્નેએ ધ્યેયપ્રાપ્તિ માટે ઘરનો ત્યાગ કર્યો હતો, સ્ત્રીસુખ વગેરેનો ત્યાગ કર્યો હતો. આ રીતે બન્નેની તપસ્યામાં સમાનતા હતી પરંતુ બન્નેની દિશા જુદી હોવાને કારણે પરિણામ જુદાં આવ્યાં.

ડાયોજીનીસે ગૃહત્યાગ કર્યો હતો. વસ્ત્રનો પણ ત્યાગ કર્યો હતો. નગ્ન અવસ્થામાં રહેતા હતા. પાણી પીવા માટે એક કમંડળ સિવાય કોઈ વસ્તુ પોતાની પાસે રાખી ન હતી. એક દિવસ કૂતરાને નદીમાંથી પાણી પીતાં જોઈને તેમને

થાય છે કે જો કૂતરાને કમંડળની જરૂર નથી, તો મને પણ શી જરૂર? એમ વિચારી કમંડળનો પણ ત્યાગ કરે છે. એક દિવસ ડાયોજીનીસ અને કૂતરો નદીના તટ પર આડા પડ્યા હોય છે અને સિકંદર આવીને તેમને વિનંતી કરે છે કે મારે તમને કાંઈ ભેટ આપવી છે. તેઓ કહે છે કે મને કશાનો ખપ નથી, છતાં સિકંદર આગ્રહ કરે છે તો તેઓ કહે છે કે જો તારે મને કંઈક આપવું જ હોય તો એક કામ કર. હું સૂર્યસ્નાન કરી રહ્યો હતો. તું સામે ઊભો છે તો સૂર્યનો પ્રકાશ આવતો અટકે છે. જો તારે મને કંઈ આપવું જ હોય તો જરા બાજુ પર ખસ અને સૂર્યપ્રકાશ આવવા દે!

ડાયોજીનીસની આવી ખુમારી જોઈને સિકંદર પ્રભાવિત થાય છે અને કહે છે કે મારે પણ તમારી જેવી ખુમારી જોઈએ છે. આ સાંભળી ડાયોજીનીસ કૂતરાને કહે છે કે જરા બાજુ પર ખસ, આના માટે જગ્યા કર. અને સિકંદરને પોતાની બાજુમાં બોલાવી લે છે. સિકંદર કહે છે કે મારે થોડાં કામ પતાવવાનાં હજી બાકી છે. એ પતાવીને પછી તમારી સાથે જ રહેવું છે. ડાયોજીનીસ કહે છે કે હજી સુધી કોઈનાં બહારનાં કામ પૂરાં થયાં જ નથી. જે ભીતરનું કામ કરે છે તેનું જ કાર્ય પૂરું થાય છે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના અધ્યયનથી સહુ જીવો અંતર્યાત્રામાં પદાર્પણ કરે અને પરમકૃપાળુદેવના યોગબળથી એમાં સફળ થાય એ જ મંગળ ભાવના.

* * *

શ્રીમદ્ રાજચંદ્ર મિશન
ધરમપુર

# સંક્ષિપ્ત પરિચય



# શ્રીમદ્ રાજચંદ્રજી

શ્રી મહાવીર ભગવાનપ્રણીત વીતરાગ ધર્મના પ્રબળ પ્રભાવક શ્રીમદ્ રાજચંદ્રજી પોતાની અસાધારણ પ્રતિભા, ઉચ્ચ આધ્યાત્મિક દશા, અદ્ભુત સાહિત્યસર્જન આદિના કારણે ઉચ્ચ આદરને પામ્યા છે.

શ્રીમદ્જીનો જન્મ વિ.સં. ૧૯૨૪ની કાર્તિક પૂર્ણિમા અર્થાત્ તા. ૯.૧૧.૧૮૬૭ના શુભ દિને વવાણિયા(ગુજરાત, ભારત)માં થયો હતો. ૨૩ વર્ષની વયે તેઓશ્રીને શુદ્ધ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. સ્વરૂપની મસ્તીમાં ડૂબેલા રહી તેઓ જંગલો અને પહાડોમાં મહિનાઓ પર્યંત નિવૃત્તિ સેવતા. વિશ્વ સમસ્ત પ્રત્યે વહેતી આ પરમ જ્ઞાનીની કરુણા, તત્ત્વજ્ઞાનના સાહિત્યની એક અત્યુત્તમ કૃતિરૂપ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના રૂપમાં છલકાઈ ઊઠી છે. ૩૩ વર્ષની વયે, વિ.સં. ૧૯૫૭ની ચૈત્ર વદ પાંચમ(તા. ૯.૪.૧૯૦૧)ના રોજ તેમણે રાજકોટ-મધ્યે પૂર્ણ જાગૃતિપૂર્વક પાર્થિવ દેહનો ત્યાગ કર્યો.

૩૩ વર્ષના અલ્પ આયુષ્યમાં આ અપ્રમત્ત યોગીશ્વર પોતે તો આત્મકલ્યાણ સાધી ગયા, અન્ય અનેકને પણ આત્મ-કલ્યાણનો રાજમાર્ગ ચીંધતા ગયા. તેમનો બોધ 'શ્રીમદ્ રાજચંદ્ર' શીર્ષકથી એક મહામૂલા ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયેલ છે, જે આજે પણ સત્સાધકોની પિપાસા બુઝાવે છે.

મહાત્મા ગાંધીજી કહે છે – **'આ પુરુષે ધાર્મિક બાબતમાં મારું હૃદય જીતી લીધું અને હજુ સુધી કોઈ પણ માણસે મારા હૃદય ઉપર તેવો પ્રભાવ પાડ્યો નથી.'** (મૉડર્ન રિવ્યૂ, જૂન ૧૯૩૦)

# પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત તથા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈને પ્રેમાદરપૂર્વક 'ગુરુદેવ', 'સાહેબ' અથવા 'બાપા' તરીકે સંબોધવામાં આવે છે. અધ્યાત્મમૂર્તિ પૂજ્યશ્રી ગુરુદેવે વિશ્વભરમાં અનેકાનેક વ્યક્તિઓની જિંદગી ઉજાગર કરી છે.

તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના મંગળ દિને મુંબઈમાં જન્મેલા આ મહાત્મામાં અત્યંત બાળવયથી જ દિવ્ય લક્ષણો દૃષ્ટિગોચર થતાં હતાં. આઠ વર્ષની વયથી તેઓ ગહન ધ્યાન, દીર્ઘકાળનું મૌન આદિ ધર્મારાધનામાં મસ્ત રહેતા, જેના પરિપાકરૂપે તેઓશ્રીએ આત્મસાધનાનાં ઉચ્ચ સોપાન સર કર્યાં છે. પોતાની અસાધારણ તેજસ્વિતાના બળે ગહન શાસ્ત્રોનો અભ્યાસ તેમણે અલ્પ સમયમાં સંપન્ન કર્યો છે. શ્રીમદ્જીના સર્વશ્રેષ્ઠ સાહિત્યસર્જન 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉપર તેમના દ્વારા રચાયેલ વિસ્તૃત વિવેચનાત્મક શોધપ્રબંધ માટે તેમને પીએચ.ડી.ની પદવી એનાયત થઈ છે.

પૂજ્યશ્રી ગુરુદેવની અસીમ કરુણા ઈ.સ. ૨૦૦૧માં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરના ભવ્ય રૂપે અભિવ્યક્તિ પામી, કે જ્યાં હજારો મુમુક્ષુઓ એકત્રિત થઈ પૂજ્યશ્રી ગુરુદેવના બોધનું અમૃતપાન કરી પોતાની ભાવદશાને ઉન્નત કરે છે. તેઓશ્રીની સર્વમંગલની ઉદાત્ત ભાવનાથી પ્રારંભાયેલ 'શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કેર' યજ્ઞથી સંખ્યાબંધ અભાવગ્રસ્ત લોકો લાભાન્વિત થયા છે.

## શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર એ સાધકોના આત્મવિકાસની વૃદ્ધિ તથા સમાજોત્થાન અર્થે કાર્યરત વિશ્વવ્યાપી યજ્ઞ છે.

**મિશન સ્ટેટમેન્ટ :** **પોતાનું સત્ય સ્વરૂપ ઓળખો અને અન્યની નિષ્કામ સેવા કરો.**

### સાધનાપ્રવૃત્તિઓ

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ એ મિશનનું આંતરરાષ્ટ્રીય મુખ્ય મથક છે. પ્રતિક્ષણ પવિત્રતાનાં પ્રબળ સ્પંદનો રેલાવતો આ આશ્રમ ધરમપુરના પાદરે મોહનગઢ ટેકરી ઉપર ૨૨૩ એકરના વિશાળ અને ઉન્નત પ્રદેશમાં ફેલાયેલો છે. આશ્રમનું પ્રધાન પ્રયોજન છે સાધકોને તેમના આત્મસાક્ષાત્કારના ધ્યેય તરફ આગળ વધવામાં સહાયભૂત થવું. આ પ્રયોજનની પૂર્તિ માટે આશ્રમમાં વિવિધ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ જેમ કે શિબિરો, મહોત્સવ, વર્કશૉપ અને ધ્યાન રિટ્રીટ આદરવામાં આવે છે.

પૂજ્યશ્રી ગુરુદેવનાં મુંબઈમાં યોજાયેલ પાક્ષિક પ્રવચનો અને પર્યુષણ પ્રવચનમાળાથી આધ્યાત્મિક ખોજ પર નીકળેલ પ્રારંભિક અને અભ્યાસુ બન્ને પ્રકારના હજારો જિજ્ઞાસુઓને પોતાની યાત્રા વેગીલી બનાવવાની પ્રેરણા મળે છે. તેમના અસીમ અનુગ્રહ તથા અલૌકિક માર્ગદર્શનથી મિશનનો વ્યાપ વિશ્વભરમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. આજે વિશ્વભરમાં

વ્યાપેલાં ૬૨ કેન્દ્રો થકી મિશન હજારો લોકોનાં જીવનનું સુંદર ઘડતર કરી એમના આમૂલ રૂપાંતરણમાં પ્રધાન ફાળો અર્પી રહ્યું છે.

## યુવાપ્રવૃત્તિઓ

પૂજ્યશ્રી ગુરુદેવનું પ્રભાવક વ્યક્તિત્વ અને જીવંત આધ્યાત્મિકતા તરુણોને વિપુલ સંખ્યામાં ઉચ્ચતર ધ્યેય સહિતના સાર્થક જીવન પ્રત્યે આકર્ષે છે. મિશનની આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં યુવાવર્ગની વધતી જતી સહભાગિતાને કારણે પૂજ્યશ્રી ગુરુદેવને યોગ્ય રીતે જ 'યુવાવર્ગના રાહબર' તરીકે સંબોધવામાં આવે છે. આ યુવાપ્રવૃત્તિઓ મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે - સાધના, સેવા અને સંસ્કૃતિ. પૂજ્યશ્રી ગુરુદેવની પ્રેરણાથી મુંબઈ, ભારતનાં બીજા શહેરો તેમજ વિદેશમાં યુ.એસ.એ., કેનેડા, યુ.કે. વગેરે સ્થળોએ યુવાજૂથોની સ્થાપના થઈ છે.

## બાળપ્રવૃત્તિઓ

શ્રીમદ્ રાજચંદ્ર ડિવાઈનટચ એ બાળકો માટે ભીતરી જાગરણની એક રસમય યાત્રા છે. સંતોના બોધના અનુસરણ થકી આંતરિક વિકાસ સાધી વધુ સમૃદ્ધ જીવન જીવવા બાળકોને બળ અને પ્રેરણા અર્પતો અભિક્રમ એટલે શ્રીમદ્ રાજચંદ્ર ડિવાઈનટચ. બાળકના વિકાસના વિભિન્ન

તબક્કાઓને લક્ષમાં લઈને એનો અભ્યાસક્રમ ત્રણ સ્તરમાં ઘડવામાં આવ્યો છે. મેજિકટચ - મૂલ્ય-આધારિત શિક્ષણ - ૪ થી ૮ વર્ષના બાળકો માટે, અર્હત્ટચ - જૈન પરંપરા આધારિત શિક્ષણ - ૯ થી ૧૨ વર્ષના કિશોરો માટે, સ્પિરિચ્યુઅલટચ - સ્વવિકાસ અભ્યાસક્રમ તેમજ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન તથા કવનના અવલંબને આધ્યાત્મિક શિક્ષણ - ૧૩ થી ૧૬ વર્ષના કુમારો માટે.

## સેવાપ્રવૃત્તિઓ

'શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કેર' એ જીવમાત્રને શાતા અને સેવા પહોંચાડવાનું અભિયાન છે. આ અભિક્રમમાં મનુષ્ય-જાતિ, પ્રાણીજગત અને પર્યાવરણ સંબંધી દસ પ્રકારની સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વળી, દરેક સેવા અંતર્ગત પાંચ પાંચ મુખ્ય યોજનાઓ ઘડવામાં આવી છે કે જેથી સૌ કોઈ સુધી આ સેવાનો લાભ વિસ્તરી શકે. પૂજ્યશ્રી ગુરુદેવની સમર્થ નિશ્રામાં આ સેવાયજ્ઞ થકી વિશ્વ-કલ્યાણની દિશામાં સુંદર પ્રગતિ સધાઈ રહી છે.

૧. આરોગ્યસેવા
૨. શૈક્ષણિક સેવા
૩. બાળસેવા
૪. મહિલાસેવા
૫. આદિવાસી સેવા
૬. સમાજસેવા
૭. માનવીય સેવા
૮. સંકટ-સહાય-સેવા
૯. પ્રાણીસેવા
૧૦. પર્યાવરણ-સુરક્ષા

# પ્રકાશન

- **શ્રીમદ્ રાજચંદ્ર જીવન અને કવન**
  (ગુજરાતી) - શ્રીમદ્ રાજચંદ્રજીનાં જીવન
  અને કૃતિ ઉપર પુસ્તક
- **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર વિવેચન**
  (ગુજરાતી) - શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર
  વિસ્તૃત વિવેચન
- **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સંક્ષિપ્ત અર્થ**
  (ગુજરાતી) - શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર
  સંક્ષિપ્ત વિવેચન
- **પ્રવચન પુસ્તિકા** (ગુજરાતી, હિન્દી,
  અંગ્રેજી) ૨૦૦૧ થી ૨૦૧૧
- **આરંભ કરીએ આજથી અંતર્યાત્રા**
  (ગુજરાતી, હિંદી, મરાઠી, બંગાળી, તામિલ,
  અંગ્રેજી, સ્પેનિશ, ફ્રેંચ, જર્મન, માડરીન)
  -આત્મનિરીક્ષણ થકી જીવનમાં રૂપાંતરણની
  પ્રેરણા આપતા પ્રવચનોનો સંગ્રહ
- **મોક્ષમૂલં ગુરુકૃપા** (ગુજરાતી) - ગુરુ
  પ્રત્યેના સમર્પણ ઉપરનાં પસંદ કરેલાં
  પ્રવચનોનો સંગ્રહ
- **શુભ દેહ માનવનો મળ્યો** (ગુજરાતી, અંગ્રેજી)
  -મનુષ્ય જીવનને સાર્થક કરવા પ્રેરણા આપતા
  પ્રવચનોનો સંગ્રહ
- **આજ્ઞાભક્તિ** (ગુજરાતી) - પ્રાતઃકાળ અને
  સાંયકાળનો ભક્તિક્રમ
- **આત્મનિવેદન - અંતરમંથન**
  (ગુજરાતી) - પ્રાર્થનાસંગ્રહ
- **શરણાગતિ** (હિંદી) - પ્રાર્થનાસંગ્રહ
- **જિનપૂજા** ( અંગ્રેજી) - જિનપૂજાની વિધિ,
  સરળ અર્થ સહિત
- **જિનસ્તવના** (ગુજરાતી) - જિનેશ્વર ભગવાનનાં
  સ્તવનોનો સંગ્રહ
- **રાજ ભજના** (ગુજરાતી) - શ્રીમદ્ રાજચંદ્રજીના
  ભજનોનો સંગ્રહ
- **સદ્ગુરુ એકોઝ** (ગુજરાતી-હિંદી-અંગ્રેજી)
  - મિશનનું માસિક સામયિક



# ઑડિયો-વિડિયો (CD, MP3, DVD)

## ૧. પ્રવચન

**શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી પર પ્રવચન**

- વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧

**અન્ય ધર્મગ્રંથો પર પ્રવચન**

- શ્રી આનંદઘનજી ચોવીસી
- શ્રીમદ્ દેવચંદ્ર ચોવીસી
- ભક્તામર સ્તોત્ર
- જ્ઞાનસાર
- શ્રીમદ્ ભગવદ્ ગીતા
- અષ્ટાવક્ર ગીતા
- નારદ ભક્તિ સૂત્ર
- ગંગાસતી એમ બોલિયાં રે
- સામ્યશતક
- હૃદયપ્રદીપ
- સમાધિતંત્ર
- યોગસાર
- ઈષ્ટોપદેશ
- આત્માનુશાસન
- અનુભવપ્રકાશ
- તત્ત્વજ્ઞાનતરંગિણી
- સમ્યગ્જ્ઞાનદીપિકા

## ૨. ભજન

- આજ્ઞાભક્તિ
- વંદે જિનેન્દ્રમ્
- નમામિ રાજચંદ્રમ્
- બૈરાગી
- પ્રભુતા
- નિજાનંદ
- ધમ્મો મંગલમ્
- કૃપાનિધાન
- મેરે ગુરુદેવ
- નૈવેદ્યમ્
- ઈન ટ્યુન વિથ ધ ડિવાઈન
- ઈન ટ્યુન વિથ ધ અર્હત્

## ૩. પ્રાર્થના

- હે દેવ

## ૪. આધ્યાત્મિક નાટક

- ભરતેશ્વર બાહુબલી
- મહાસતી ચંદનબાળા
- નળ દમયંતિ
- આપનો અંબાલાલ

---

પ્રાપ્તિ સ્થાન : શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, મોહનગઢ, ધરમપુર-૩૯૬૦૫૦, જિલ્લો વલસાડ, ગુજરાત, ભારત. ✆+૯૧ ૨૬૩૩ ૨૪૧૬૦૦

મુંબઈ કેન્દ્ર : બોમ્બે માર્કેટ એપાર્ટમેન્ટ, તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪, ભારત. ✆+૯૧ ૨૨ ૨૩૫૧૧૩૫૨

Website: www.shrimadrajchandramission.org
Email: divineshop@shrimadrajchandramission.org

---



## પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ

ભગવાન મહાવીર પ્રણીત પંથના પ્રરૂપક, શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના પ્રણેતા પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ આધુનિક યુગના આધ્યાત્મિક આર્ષદૃષ્ટા છે. જાગૃતિ પ્રેરક પ્રવચનો તથા વિવિધ ધ્યાન શિબિરો દ્વારા તેઓશ્રીનો અકારણ સ્નેહ વિશ્વભરના હજારો ખોજી જીવોને આત્મસામર્થ્ય બક્ષી રહ્યો છે. તેઓશ્રીની દિવ્ય કરુણા સ્વમંગલ અને સર્વમંગલના માધ્યમથી અનેક અભાવગ્રસ્ત જીવો પ્રત્યે વહી રહી છે.

'આત્મસિદ્ધિ ગ્રંથ ચૌદ પૂર્વનો સાર હોય તેવો જણાય છે.....ઘણો આનંદ આવે છે. ફરી બીજા ગ્રંથની માગણી કરીએ એવું રહ્યું નથી.'

- પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ

'તે વાંચતા.....મારા આત્મામાં આનંદના ઊભરા આવતા. એક એક પદમાં અપૂર્વ માહાત્મય છે એમ મને લાગ્યા કરતું.'

- પૂજ્ય શ્રી લલ્લુજી મુનિ

'મારા ત્રિકરણ જોગ.....તે પરમોત્કૃષ્ટ શાસ્ત્ર વિચારવાથી સહજ સ્વભાવે પણ આત્મવિચારમાં, સદ્‌ગુરુચરણમાં પ્રેમયુક્ત સ્થિરભાવે રહ્યા કરતા હતા.'

- પૂજ્ય શ્રી અંબાલાલભાઈ

'આત્મસિદ્ધિ ગ્રંથ ક્ષુધાતુરને જેમ ભોજન મળે તેવો વાંચતા આનંદ પ્રાપ્ત થયો છે.'

- શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરી

શ્રીમદ્‌ રાજચંદ્રજીની સર્વોત્કૃષ્ટ કૃતિ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની પ્રથમ પ્રત પ્રાપ્ત કરનાર પરમ પાત્ર એવા ચાર મહાન ભવ્યાત્માઓ ઉપર આત્મસિદ્ધિનો માર્ગ દર્શાવતી એ અમૃતકૃતિનો શું પ્રભાવ પડ્યો, એ અંગે તેમનો પ્રતિભાવ શું હતો તેના આધારે આત્મકળાનાં નિગૂઢ રહસ્યો ખુલ્લા કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈનાં ચાર આત્મપ્રભાવક પ્રવચનોનું આ સંકલન વાંચો, વિચારો, આત્મસાત્‌ કરો અને ચોક્કસ આત્મસિદ્ધિ એ તમારી અનુભૂતિ બની જશે.

શ્રીમદ્‌ રાજચંદ્ર મિશન
ધરમપુર

MBS-GUJ Rs 200/-
AA00086